

સમયસાર

નિશ્ચય
અને
વ્યવહારની
યાત્રા

યુવાચાર્ય મહાપ્ર

સમયસાર

નિશ્ચય અને વ્યવહારની યાત્રા

●

યુવાચાર્ય મહાપ્રજ્ઞ

અનેકાન્ત ભારતી પ્રકાશન, અમદાવાદ-૧૫

હિન્દી આવૃત્તિ
સંપાદક : મુનિ દુલહરાજ
તથા મુનિ ધનંજયકુમાર

ગુજરાતી આવૃત્તિ

સંપાદક : ***રોહિત શાહ***
પ્રબંધ સંપાદક : ***શુભકરણ સુરાણા***
અનુવાદ : ***નટવરલાલ યાજ્ઞિક***

પ્રથમ આવૃત્તિ
દશેરા : ૧૯૯૨

●

કિંમત
ત્રીસ રૂપિયા

પ્રકાશક :
સંતોષકુમાર સુરાણા
નિર્દેશક, પ્રેક્ષાધ્યાન એકેડેમી સંચાલિત
અનેકાન્ત ભારતી પ્રકાશન
ઈ/ચારુલ, સહજાનંદ કોલેજ પાસે,
ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ માર્ગ,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫

લેસર કંપોઝ
મારુતિ પ્રિન્ટર્સ
એન.આર. એસ્ટેટ, અભય એસ્ટેટ સામે,
તાવડીપુરા, શાહીબાગ, અમદાવાદ-૪
ફોન : ૩૧૨ ૩૧૨ - ૩૪૫ ૫૫૯

મુદ્રણ :
સુહાસ પ્રિન્ટેક પ્રા. લિ.
ઈસનપુર,
અમદાવાદ-૩૮૦ ૦૪૩

પ્રસ્તુતિ

ચેતનાના સ્તર અનેક છે. મોહ દ્વારા પ્રભાવિત ચેતના પદાર્થમાં આસક્ત બને છે. આસક્તિ ચેતનાના એક સ્તરનું નિર્માણ કરે છે. તેનું નામ છે : બહિરાત્મા, બાહ્ય વિષયોમાં અટવાયેલી ચેતના. મોહનો વિલય અથવા તેનું ઉપશમન ચેતનાના દૃષ્ટિપક્ષ-સ્તરનું નિર્માણ કરે છે. તેનું નામ છે : અંતરાત્મા. ચેતનાની ગતિ બદલાય છે. તે બહારથી અંદરની તરફ થઈ જાય છે. મોહવિલય અથવા તો તેના ઉપશમનનું પ્રમાણ વધુ વિકસતાં ચેતનાના ચરિત્રપક્ષ-સ્તરનું નિર્માણ થાય છે. તેનું નામ છે : પરમાત્મા. આ કહેણી-કરણી વચ્ચેના અંતરની સમાપ્તિનું પ્રારંભબિન્દુ છે.

સમય એટલે આત્મા. તેનો સાર એટલે બહિરાત્માનું અતિક્રમણ કરીને અંતરાત્મા અને પરમાત્મા તરફ પ્રસ્થાન કરવું. આ પ્રસ્થાન એ જ અધ્યાત્મ છે. આચાર્ય કુન્દકુન્દ અધ્યાત્મના મહાન પ્રવક્તા તેમજ માર્ગદર્શક હતા. તેમનું માર્ગદર્શન 'સમયસાર'માં પ્રતિબિમ્બિત અને પ્રતિધ્વનિત થઈ રહ્યું છે.

'સમયસાર' અધ્યાત્મ ક્ષેત્રે વિશિષ્ટ ગ્રંથ છે. વિશ્વસાહિત્યમાં અધ્યાત્મ વિષયક જે ગ્રંથો છે, તે પૈકીના પ્રથમ પંક્તિના ગ્રંથોમાં સ્થાન પામતો આ ગ્રંથ છે. તેના ઊંડાણ સુધી પહોંચવું સરળ નથી. કઠિનને સરળ બનાવવાનું અપેક્ષિત છે. પ્રાચીન ભાષા અને પરિભાષાને નવા સંદર્ભો મળે તો તે સહજ સુગમ અને સુપાચ્ય બની શકે છે. પ્રસ્તુત ગ્રંથમાં તેનો એક પ્રયોગ જોવા મળશે.

ઈ.સ. ૧૯૮૭માં એલાચાર્ય વિદ્યાનંદજી અણુવ્રત ભવનમાં પધાર્યા. તેઓ દિલ્હીથી પ્રસ્થાન કરીને દક્ષિણની યાત્રા માટે જઈ રહ્યા હતા. આચાર્યશ્રીની સાથે સંવાદ ચાલી રહ્યો હતો. તેમણે કહ્યું, આચાર્ય કુન્દકુન્દની દ્વિસહસ્રાબ્દી ઉજવાઈ રહી છે, ત્યારે 'સમયસાર' ઉપર કંઈક લખવું જોઈએ. તેમની આ ભાવના આચાર્યપ્રવરે સ્વીકારી લીધી. તે સ્વીકૃતિનું પરિણામ છે પ્રસ્તુત ગ્રંથ : સમયસાર : નિશ્ચય અને વ્યવહારની યાત્રા.

પ્રસ્તુત કૃતિમાં સમયસારની ક્રમબદ્ધ વ્યાખ્યા આપી નથી, પરંતુ તેનાં કેટલાંક પદ્યોના હાર્દનો સ્પર્શ કરવામાં આવ્યો છે. આજના વાચકો ભાષા અને પરિભાષાની જટિલતાથી દૂર રહીને જાણવા ઇચ્છે છે. પરિભાષાથી મુક્ત ભાવાભિવ્યક્તિ માટે વ્યાપક દષ્ટિકોણ, ઉદાર ભાવના અને ઊંડી ડૂબકી વગેરે આવશ્યક છે.

અનેક વિદ્વાનોએ આચાર્ય કુન્દકુન્દને નિશ્ચયનયની સીમામાં બાંધવાનો પ્રયત્ન કર્યો છે. તેમનો દષ્ટિકોણ સંકુચિત છે, એવું કહેવાનો મારો આશય નથી પરંતુ અનેકાન્તની સીમાનું અતિક્રમણ કરી રહ્યા છે એમ કહેવામાં મને કાંઈ જ મુશ્કેલી નથી. આચાર્ય કુન્દકુન્દે નિશ્ચય અને વ્યવહાર બન્ને નયો-ને તેમની પોતપોતાની સીમામાં અવકાશ આપ્યો છે. માત્ર સૂક્ષ્મ પર્યાય જ સત્ય નથી, સ્થૂળ પર્યાય પણ સત્ય છે. આપણો વ્યવહાર સ્થૂળ પર્યાયોના આધારે નભે છે. શું સત્યની એક બાજુનો નકાર કરીને, અસત્યને આમંત્રણ આપવામાં આવી રહ્યું નથી ? આ વિષય ઉપર ચર્ચા આવશ્યક છે. પ્રસ્તુત કૃતિમાં કેટલાંક બિન્દુઓ ઉપર સહજ-સરળ ચર્ચા થઈ છે. ચિંતનનાં નવાં બિન્દુઓને રેખામાં રૂપાંતરિત કરવાનો આ નાનકડો પ્રયત્ન છે. આ પ્રયત્ન ક્યારેક વિશદ અને વ્યાપક સ્વરૂપ ધારણ કરી શકે છે.

મુનિ દુલહરાજજી સાહિત્ય-સંપાદનના કાર્યમાં પ્રારંભથી સક્રિય રહ્યા છે. તેઓ આ કાર્યમાં કુશળ છે. આ ગ્રંથના સંપાદનમાં મુનિ ધનંજયકુમારે નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કર્યો છે.

– યુવાચાર્ય મહાપ્રજ્ઞ

૯ એપ્રિલ : ૧૯૯૧
ગ્રીનહાઉસ, સી સ્કીમ,
જયપુર.

સમયસાર : સર્વોત્કૃષ્ટ પરમાગમ

અધ્યાત્મ-પરંપરામાં આચાર્ય કુન્દકુન્દનું સ્થાન ગરિમાપૂર્ણ છે. 'સમયસાર' તેમનો સર્વોત્કૃષ્ટ પરમાગમ કહેવાય છે.

સાંપ્રતના પ્રકાંડ વિદ્વાન, વિદ્યાભૂષણ એલાચાર્ય વિદ્યાનંદજીનું આચાર્ય-પરંપરામાં વિશિષ્ટ સ્થાન છે. તેઓશ્રીની પ્રેરણાથી અમૃત પુરુષ આચાર્ય શ્રી તુલસીએ પ્રેક્ષાપુરુષ યુવાચાર્યશ્રી મહાપ્રજ્ઞને 'સમયસાર' વિશે વર્તમાન ભાષામાં વિવેચન કરવાનો સંકેત કર્યો અને તેના ફળસ્વરૂપ છે : સમયસાર. નિશ્ચય અને વ્યવહારની ભૂમિકા ઉપર વિશુદ્ધ આત્મતત્ત્વનું મૂળગ્રાહી વિસ્તૃત વિવેચન.

પ્રજ્ઞાપુરુષ યુવાચાર્યશ્રી મહાપ્રજ્ઞજી દ્વારા પ્રસ્તુત 'સમયસાર' ગ્રંથનો ગુજરાતી અનુવાદ ગૂર્જર સાહિત્યનો અણમોલ નિધિ તો બનશે જ, સાથોસાથ દિગંબર-શ્વેતાંબર મતમતાંતરમાં અંતર મીટાવનારો માઈલસ્ટોન પણ બનશે તેમજ અધ્યાત્મ-સાધનાનાં સાધકોને માટે પ્રકાશસ્તંભ બનશે. આ અવસરે કીર્તિનિકુંજ આચાર્ય કુન્દકુન્દ, સિદ્ધાંત-ચક્રવર્તી શ્રી વિદ્યાનંદજી, સહિષ્ણુતા અને સમન્વયના મહાન ઉદ્‌ઘોષક આચાર્યશ્રી તુલસી તથા જૈન આગમની અર્હત્ વાણીનું વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરનાર અલૌકિક પ્રજ્ઞાવાન યુવાચાર્ય મહાપ્રજ્ઞનાં ચરણોમાં અનેકાન્ત ભારતી પ્રકાશન પરિવારની શતશત વંદના.

ત્વરિત અને સુંદર અનુવાદ માટે શ્રી નટવરલાલ યાજ્ઞિકના સૌજન્યનો સ્વીકાર કરીએ છીએ. શ્રી નવનીતભાઈ સી. પટેલ પ્રેક્ષાધ્યાન એકેડેમીના ઉપક્રમે આવા મૂલ્યવાન ગ્રંથોના પ્રકાશનમાં સતત ઉત્સાહ અને હૂંફ આપતા રહે છે, તે બાબતનો પણ ઋણસ્વીકાર કરીએ છીએ.

વિજયાદશમી : ૧૯૯૨

– શુભકરણ સુરાણા
[પ્રબંધ સંપાદક]
– રોહિત શાહ

● સંપાદકીય ●

● **સમયનું મૂલ્ય આંકીએ**
'સમયસાર'ના સંદર્ભમાં આ ઘોષ (નાદ),
પ્રગટાવી રહ્યો છે એક નવો ઉદ્‌ઘોષ.
સમયની સાર્થકતા છે સમયના મૂલ્યાંકનમાં
જીવનનો સાર છે એ તરફના પ્રસ્થાનમાં.
આ સચ્ચાઈ બને વ્યક્તિનું જીવન-દર્શન
એ હેતુથી પ્રસ્તુત છે મહાપ્રજ્ઞનું ચિંતન-મંથન

● એ સત્ય છે -
વ્યવહાર જરૂરી છે જીવનયાત્રાના નિભાવ માટે,
સામાજિકતા અને સામાજિક સંબંધોને નિભાવવા માટે
આથી પણ મોટું સત્ય છે-
નિશ્ચય છે વ્યવહારને પવિત્ર બનાવવા માટે,
સામાજિક સંબંધોના સફળ આયોજન માટે.

● સમસ્યા આ છે :
આપણે વ્યવહાર-વિશ્વથી અતિ-પરિચિત છીએ,
નિશ્ચયની દુનિયાથી સર્વથા અપરિચિત છીએ.
સમયસાર : વ્યવહાર અને નિશ્ચયની યાત્રા એક સમાધાન છે.
વ્યવહાર અને નિશ્ચયના સંતુલનનું અનુપમ નિધાન છે.

● આચાર્ય કુન્દકુન્દ દ્વિસહસ્રાબ્દી સમારોહનો પ્રસંગ
આચાર્યશ્રી વિદ્યાનંદજીનું ચિંતન
આચાર્ય શ્રી તુલસીનો નિર્ણય
યુવાચાર્યશ્રી મહાપ્રજ્ઞ દ્વારા તેની ક્રિયાન્વિતિ.

પ્રસ્તુત છે- **સમયસાર : નિશ્ચય અને વ્યવહારની યાત્રા**

૧૧ એપ્રિલ, ૧૯૯૧
ગ્રીનહાઉસ, સી-સ્કીમ,
જયપુર.

મુનિ ધનંજયકુમાર

●

અર્થ સૌજન્ય

રજતજયંતી વર્ષ નિમિત્તે

તેરાપંથ મેવાડ મંડળ

૩૧૩, સહજાનંદ શોપિંગ સેન્ટર,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

...તરફથી...

ક્રમ

૧.	તમને પોતાને ઓળખો	11
૨.	જ્ઞાન જીવનમાં નવા પ્રદેશો ઉઘાડે છે	27
૩.	બંધન અંતે બંધન છે	41
૪.	દિવસ અને રાત્રીનો વિરોધ	53
૫.	જાગૃતિ અને નિદ્રાનો સંઘર્ષ	65
૬.	સત્યની શોધના બે દષ્ટિકોણ	79
૭.	કર્મફળ ભોગવવાની કલા	93
૮.	કુટુંબની સાથે કેમ રહેવું ?	105
૯.	શાંતિપૂર્ણ સહવાસ કેવી રીતે થાય ?	113
૧૦.	સામંજસ્ય કઈ રીતે વધારવું ?	121
૧૧.	સુધારો; લડો નહિ	129
૧૨.	ધ્યાન શા માટે કરવું ?	137
૧૩.	મૂળભૂત મનોવૃત્તિઓ	145
૧૪.	વૃત્તિસુધારનો દ્રષ્ટિકોણ	153
૧૫.	હિંસાનું મૂળ કારણ શું છે ?	161
૧૬.	આત્માને કઈ રીતે જોવો ?	167
૧૭.	પોતાના ભાગ્યનો દોર પોતાના હાથમાં	173

• • •

સંકલિકા - ૧

- अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो ।
  कह होदि संमदिट्ठि जीवाजीवे अयाणंतो ।। (સમયસાર-૨૦૨)
- जइ जिणमयं पवज्जह, मा ववहारणिच्छयं मुयह ।
  ववहारस्स उच्छेये, तित्थुच्छेवो हवई वस्सं ।।
- जो जीवे वि न याणाइ, अजीवे वि न याणई ।
  जीवाजीवे अयाणन्तो, कहं सो नाहिइ संजमं ।।
- अत्यन्तं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च
  प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसंचेतनायाः ।
  पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसंचेतनां स्वां,
  सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु ।।
- भावयेद् भेदविज्ञानमिदमच्छिन्नधारया ।
  तावद् यावत् पराच्च्युत्वा, ज्ञानं ज्ञाने प्रतिष्ठते ।।

  (સમયસાર કલશ-૨૩૩, ૧૩૦)
- આચાર્ય કુન્દકુન્દ : અધ્યાત્મની વ્યાખ્યા.
- નિશ્ચય પર ભાર શા માટે ?
- અપરાવિદ્યા : પરાવિદ્યા.
- ત્રણ ચેતનાઓ
  જ્ઞાન ચેતના, કર્મ ચેતના, કર્મફલ ચેતના.
- પહેલો નિર્ણય : સમ્યગ્ દષ્ટિકોણનો વિકાસ.

૧. તમને પોતાને ઓળખો

પ્રેક્ષાધ્યાનનો પ્રયોગ આરંભાય ત્યારે પહેલો આ સ્વર ગૂંજે છે : 'સંપિક્ખએ અપ્પગમપ્પએણં'- પોતાના વડે (પોતે જ) પોતાને જુઓ. આવી દૃષ્ટિ નિર્માણ ના કરીએ તો પ્રેક્ષાધ્યાનની કોઈ વાત સમજાય નહિ. પ્રેક્ષાધ્યાનનું એક સમ્યગ્ દર્શન છે, તે છે પોતે પોતાને જાણવો. પદાર્થોને જાણનાર ઘણા છે. દરેક મનુષ્ય પદાર્થને જાણે છે; પણ બહુ ઓછા માણસો પોતાને જાણનાર હોય છે. પોતાને ન ઓળખવો એટલે અનેક પ્રશ્નોને નોતરવા.

ભારતીય અધ્યાત્મની પરંપરામાં એવા ઘણા આચાર્યો થઈ ગયા છે જેમણે અધ્યાત્મની વાતને મહત્ત્વ આપ્યું હોય. 'અધ્યાત્મ' એ એક મહત્ત્વનો શબ્દ છે. અધ્યાત્મ એટલે આત્માની અંદર પહોંચવું, બહારથી અંદર આવી જવું. બહાર રહેવું એ ભૌતિકતા છે અને અંદર આવવું એ અધ્યાત્મ છે. બહાર અને અંદરમાં ઘણુંબધું અંતર છે.

મહત્ત્વનો પ્રશ્ન :

એક ભિખારી ફરતો હતો. ફરતાં ફરતાં તે શહેરની બહાર પહોંચ્યો. શહેરની બહાર એક મઠ હતો. ભિખારીએ જોયું તો મઠની બહાર પીળા રંગની એક વસ્તુ ચમકતી હતી. એના મનમાં પીળા રંગનું અને ચમકનું એ બેય વાતોનું આકર્ષણ થયું. એને થયું. આ સોનું હોવું જોઈએ. જ્યાં સોનાની વાત આવે ત્યાં બધુંય આવી જાય. જગતમાં એનાથી મોટું કોઈ આકર્ષણ નથી. તે એ તરફ ગયો તો એને સોનાનો વાડકો મળ્યો. એને થયું. સોનાનો વાડકો કોઈ એમ જ ફેંકી દે એમ તો ન બને. સામાન્ય વસ્તુ ફેંકી દેવાય, પણ સોનું ય ફેંકી દેવાય એ વાત એને ન સમજાઈ. એ ગૂંચવાઈ ગયો. એણે એ વાડકો લીધો અને જોયું કે એ સોનાનો જ વાડકો હતો. ભિખારી આશ્ચર્યમાં પડી ગયો. એના મનમાં પ્રશ્ન થયો. શી વાત હશે ? સોનાનો જ હતો તો આ વાડકો ફેંકાયો કઈ રીતે ? અને જો ફેંક્યો જ છે તો એ સોનાનો કઈ રીતે હોય ?

આકર્ષણનું કારણ :

સોનાનું આકર્ષણ ત્યાં સુધી જ હોય, જ્યાં સુધી આપણે બહાર જોતા હોઈએ. એક છે અંદરનું જગત અને એક છે બહારનું જગત. આંતરિક

જગતમાં બાહ્ય આકર્ષણો સમાપ્ત થઈ જાય છે (મટી જાય છે). બહારના જગતમાં આત્માભિમુખતાનું એવું કોઈ સાધન નથી જે બહારના આકર્ષણને મટાડી શકે. મોહ અને મૂર્છાને ઘટાડવાનો કોઈ ઉપાય બહારની દુનિયામાં નથી. એને ઘટાડવાનો માત્ર એક જ ઉપાય છે પોતાના આત્માની અંદર જતા રહેવું. જેઓ પોતાના આત્માની અંદર ગયા છે તેમનું બાહ્ય આકર્ષણ છૂટ્યું છે. અધ્યાત્મમાં મહત્ત્વનો શબ્દ છે સમ્યગ્ દૃષ્ટિ. સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ માટેનું સૂત્ર છે આત્માભિમુખી થવું તે. આત્માને જાણ્યા વિના, અધ્યાત્મમાં પ્રવેશ કર્યા વિના કોઈ પણ મનુષ્ય સમ્યગ્ દૃષ્ટિ થઈ શકે નહિ. આત્માનું જ્ઞાન જ્યાં સુધી નહિ હોય ત્યાં સુધી મિથ્યા દૃષ્ટિકોણ રહેવાનો.

સમ્યગ્દૃષ્ટિ કોણ

સમયસારમાં કહેવાયું છે કે-

अप्पाणमयाणंतो, अणप्पयं चावि सो अयाणंतो ।
कह होदि सम्मदिट्ठि, जीवाजीवे अयाणंतो ।।

જે કોઈ આત્માને ન જાણે, અનાત્માને ન જાણે તે સમ્યગ્દૃષ્ટિ કઈ રીતે થઈ શકે ?

દશ વૈકાલિક સૂત્રમાં પણ આવું જ એક પદ્ય મળે છે-

जो जीवे वि न याणाइ अजीवे वि न याणई ।
जीवाजीवे अयाणन्तो, कहंसो नाहिइ संजमं ।।

જે કોઈ જીવને ન જાણે, અજીવને ન જાણે, જીવ અને અજીવ એ બેયને ન જાણે તે સંયમને શી રીતે જાણી શકે ?

જીવ અને અજીવને ન જાણવો, આત્મા અને અનાત્માને ન જાણવો એ તો માત્ર બહિર્મુખી હોવું જ કહેવાય. બહિર્મુખી હોવાનો અર્થ થાય માત્ર ભૌતિક જીવન જીવવું તે. (બહિર્મુખી હોવું એટલે માત્ર ભૌતિક જીવન જીવવું તે.) ભૌતિક અને આધ્યાત્મિક મનુષ્યની વ્યાખ્યા (ઓળખ)આમ છે. જે માણસ (બાહ્ય) પદાર્થમાં રચ્યોપચ્યો રહે છે એનો દૃષ્ટિકોણ ભૌતિક (બાહ્ય પદાર્થને જાણવા પૂરતો જ) હોય છે. અને જે વ્યક્તિ આત્માનો અનુભવ કરતી જીવે છે એનો દૃષ્ટિકોણ (વિચારવાની, જોવાની રીત) આધ્યાત્મિક હોય છે. આધ્યાત્મિક વ્યક્તિ (બાહ્ય)પદાર્થનો ઉપભોગ નથી કરતી એમ નથી. એ પદાર્થનો ઉપયોગ કરે છે, પણ તેમાં આસક્ત થતી નથી, એમાં ફસાયેલી રહેતી નથી. એની ચેતના (આંતરિક જાગૃતિ) પદાર્થ કરતાં ઘણી આગળ હોય છે.

જે વ્યક્તિ આત્માને જાણતી નથી તે માત્ર પદાર્થમાં જ મગ્ન થઈ જાય છે. એ ફક્ત ભૌતિક જ હોય છે, બાહ્ય દૃષ્ટિ (સ્થૂલ દૃષ્ટિ) વાળી જ હોય છે.

મૂળભૂત રોગ છે રાગ

જેના મનમાં થોડોક વિરાગ પેદા થયો હોય, જે આસક્તિ (રાગ)ના જગતમાંથી છૂટીને વિરાગના જગતમાં જવા ઈચ્છતો હોય એવા મનુષ્ય માટે આચાર્ય કુન્દકુન્દે જે દૃષ્ટિકોણ (વિચારવાની રીત)બતાવ્યો છે તે ઘણો મૂલ્યવાન છે. એ દૃષ્ટિકોણ માત્ર તેના માટે જ નથી, પણ રાગ (આસક્તિ)ના જગતમાં જીવનારાઓ માટે પણ ઘણો જ મૂલ્યવાન છે. આજે તો આસક્તિની અધિકતાને લીધે અનેક માનસિક રોગોનો જન્મ થયો છે. આયુર્વેદમાં આસક્તિને અનેક માનસિક રોગોનું કારણ માનવામાં આવે છે. એનો અર્થ એ છે કે માનસિક રોગની પાછળ કામ, ભય, ક્રોધ વગેરે-વગેરે કારણો કામ કરતાં હોય છે. આ બધાંય રાગ (આસક્તિ)નાં જ સંતાનો છે. મૂળમાં રોગ તો એક જ છે. તે છે રાગ (આસક્તિ). રાગ હોય તો દ્વેષ હોય. પ્રેમ (પ્રિયતા) હોય તો કોઈ માટે અપ્રિયતા પણ હોવી જરૂરી છે. અપ્રિય ન હોય તો કોઈના ઉપર પ્રિયતાનો ભાવ ન હોઈ શકે. રાગ હોય તો દ્વેષ પણ આવશે. રોગનું મૂળ છે રાગ. રાગમાં જ જીવનાર લોકો માટે અધ્યાત્મની વાત બહુ જ જરૂરી છે.

અધ્યાત્મનું મહત્ત્વનું સૂત્ર : ભેદ-વિજ્ઞાન :

અધ્યાત્મની વ્યાખ્યામાં આચાર્ય કુન્દકુન્દે જે સૂત્રો આપ્યાં છે તે ઘણાં મહત્ત્વનાં છે. એ બધામાં સૌથી પહેલું સૂત્ર છે- ભેદવિજ્ઞાન. આત્મા અને શરીર એક નથી. આત્મા જુદો છે અને શરીર જુદું છે. સામાન્યપણે વ્યક્તિ માને છે કે પદાર્થ અને હું- બે (ભિન્ન) નથી. શરીર અને હું-બે (ભિન્ન) નથી. શરીર પ્રત્યે માણસની કેટલી બધી આસક્તિ છે! આપણો સઘળો વ્યવહાર શરીરના આધારે ચાલે છે. કોઈ માણસ બીજા કોઈ માણસને જુએ તો સૌથી પહેલાં જોશે કે એનું કદ કેવું છે ? લાંબો છે કે ઠીંગણો ? ગોરો છે કે કાળો ? પછી જોશે કે એની ચામડી કેવી છે ? આંખો કેવી છે ? હાથ કેવા છે ? આ બધામાં એ ગૂંચવાઈ જશે. એ ફક્ત શરીરને જ જોશે. એ નહિ જુએ કે એનું મસ્તિષ્ક (ભેજું) કેવું છે ? જો એ મસ્તિષ્કને જુએ તો એ અધ્યાત્મમાં ચાલ્યો જાય. અંદર ઊતરી જાય. મસ્તિષ્ક જોવા માટે પણ અધ્યાત્મની નજર જોઈએ. એટલે જ ઘણા બધા લોકો રંગ અને રૂપને

જ જુએ છે, માત્ર બહારના દેખાવનું જ દર્શન કરે છે, અને એને આધારે જ નિર્ણય કરે છે. બહિર્દર્શન એ તો મિથ્યાદષ્ટિ છે. એનું પરિણામ હોય છે લડાઈ અને ઝગડો, કજિયો અને ખેંચતાણ, લૂંટ-પડાવી લેવું, હત્યા અને ભય. સમાજ જ્યાં સુધી આત્મદર્શન કરનાર નહિ થાય. અંદર જોનાર નહિ થાય, અંદર જઈને નહિ જુએ ત્યાં સુધી હિંસાની આ સમસ્યાઓને કદીય રોકી શકાશે નહિ. એ બધાં હિંસાનાં સ્વાભાવિક પરિણામો છે. અંતર્દર્શન એ હિંસાને અટકાવવાનો ઉપાય છે અને હિંસાને વધારવાનો ઉપાય છે બાહ્ય દષ્ટિ.

નિશ્ચયનય : વ્યવહાર-નય :

આ બધાય પ્રશ્નોને અધ્યાત્મના ઉપદેશક આચાર્યોએ બે શબ્દોમાં સમાવી દીધી છે- બહારનું દર્શન અને અન્તર્દર્શન કે આત્મદર્શન. એમણે કહ્યું કે, જો તમારે પ્રશ્નોનું સમાધાન જોઈતું હોય તો અન્તર્દર્શનમાં આવો. પ્રશ્નો વધારવા ઈચ્છા હોય તો બહારના દર્શનમાં જાઓ. આત્મદર્શનની વાત દુર્બોધ છે. જો માણસ અંતર્દર્શન તરફ વળે તો જીવન-યાત્રાના પ્રશ્નો કઈ રીતે ઉકલે ? બેય તરફ ગૂંચવણભર્યો પ્રશ્ન છે. આ પ્રશ્નનું સમાધાન ભગવાન્ મહાવીરે નિશ્ચયનય અને વ્યવહારયનય એ શબ્દોમાં આપ્યું. આચાર્ય કુન્દકુન્દે પણ નિશ્ચયનય અને વ્યવહારનયના આધારે આ પ્રશ્નનું સમાધાન આપ્યું. નિર્યુક્તિ સાહિત્યમાં એક ગાથા છે. આચાર્ય અમૃતચન્દ્રે સમયસારની ટીકામાં પણ એ ટાંકી છે-

जइ जिणमयं पवज्जह, मा ववहारणिच्छयं मुयह ।
ववहारस्स उच्छेये, तित्थुच्छेवो हवई वस्सं ।।

જો તમે વીતરાગનો માર્ગ સ્વીકારવા ઈચ્છતા હો, જિનમાર્ગ સ્વીકારવા ઈચ્છતા હો, અધ્યાત્મનો માર્ગ સ્વીકારવા ઈચ્છતા હો તો નિશ્ચય અને વ્યવહાર એ બેમાંથી એકેય માર્ગ છોડશો નહિ. જો નિશ્ચય નહિ હોય તો સચ્ચાઈ જતી રહેશે. જો વ્યવહાર નહિ હોય તો તીર્થ જતું રહેશે. વ્યવહાર વિના તીર્થ, શાસન કે સંગઠન ન ચાલે. નિશ્ચય વિના સચ્ચાઈ ન મળે. સચ્ચાઈને જાણવા માટે નિશ્ચય બહુ જ જરૂરી છે. નિશ્ચય વિના વાસ્તવિકતા સુધી જવું, અધ્યાત્મમાં જવું, મૂળ વસ્તુ સુધી પહોંચવું અને છેક અંદર સુધી જવું સંભવ નથી. વ્યવહાર ચલાવવા માટે તીર્થ અને શાસન માટે વ્યવહાર જરૂરી છે. માત્ર નિશ્ચયના આધારે કોઈ શાસન ન ચાલી શકે. એકલો માણસ સત્યની શોધ કરી શકે પણ તે બીજાઓને સાથે રાખીને ન ચાલી

શકે. વ્યવહાર અને નિશ્ચય એ બે આંખો છે. બન્નેય વડે જોવાય એ જ પૂર્ણ- દર્શન છે.

નિશ્ચયની સાથે વ્યવહાર :

એક ભિખારી ચૌટામાં બેઠો હતો. એક માણસ ત્યાંથી પસાર થયો. ભિખારીએ કહ્યું, 'શેઠજી, આ આંધળાને એક રૂપિયો આપો. પેલા માણસે ભિખારીને ધ્યાનથી જોઈને કહ્યું, 'અરે ભાઈ, તારી એક આંખ તો સારી છે.' ભિખારીએ કહ્યું, 'કંઈ વાંધો નહિ. પચાસ પૈસા આપો.' એક આંખના પચાસ પૈસા થાય, અને બેય આંખોનો એક રૂપિયો થાય. આ વિચિત્ર વાત છે.

નિશ્ચય અને વ્યવહાર બેય દૃષ્ટિઓ મળે ત્યારે પૂર્ણતા આવે છે. પરિપૂર્ણતા માટે બન્નેયને સાથે રાખવા જરૂરી છે. આચાર્ય કુન્દકુન્દે નિશ્ચય વિશે ઘણું કહ્યું, અધ્યાત્મને સમજવા ઉપર ઘણો ભાર મૂક્યો. પણ સાથે સાથે એમણે નિશ્ચયની સાથે સાથે વ્યવહારને પણ બરાબર રાખ્યો. એમણે વ્યવહાર છોડ્યો નહિ. સચ્ચાઈ જાણવા માટે નિશ્ચયની દૃષ્ટિ છે. અને જીવનયાત્રા ચલાવવા માટે વ્યવહારની દૃષ્ટિ છે. જીવનયાત્રાનો ત્યાગ કરીને, વ્યવહારને છોડીને સચ્ચાઈ પ્રાપ્ત કરવાની વાત કરવી એ હવાઈ તરંગ છે. જીવન જ ન હોય તો સચ્ચાઈ કઈ રીતે મળે ? બન્નેય વાતો સાથે સાથે જ ચાલે છે.

પરાવિદ્યા : અપરાવિદ્યા

અધ્યાત્મ શ્રેષ્ઠ વિદ્યા છે. ગીતામાં કહ્યું છે કે 'અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ઠ વિદ્યા છે'. ઉપનિષદ્‌માં એને પરા વિદ્યા કહી છે. બે પ્રકારની વિદ્યાઓ મનાઈ છે- અપરા વિદ્યા અને પરા વિદ્યા. વ્યાકરણ, કાવ્ય, ગણિત, શિક્ષા, છન્દ-શાસ્ત્ર વગેરે બધી લૌકિક વિદ્યાઓ છે. અપરા વિદ્યાઓ છે- આત્મવિદ્યા એ પરાવિદ્યા છે. પહેલાં એક સમતોલપણું હતું કે- અપરા વિદ્યા પણ ભણાવાતી અને પરા વિદ્યા પણ ભણાવાતી. ઉપનિષદોનાં પ્રકરણો જુઓ. કોઈ પણ વ્યક્તિ ભણીને આવે ત્યારે ગુરુ કે પિતા એને સૌથી પહેલું એ પૂછતા કે, 'તું શું ભણ્યો ?' જો એને પરાવિદ્યા ન આવડતી તો એને કહેતા, 'તું કશુંય જાણતો નથી. જેને જે જાણે છે એને ન જાણ્યું તો તું ભણ્યો શું ? કેટલો મહત્ત્વનો છે આ નિયમ - જે જાણે છે એને તું જાણતો નથી. જાણનાર છે આત્મા, જાણનાર છે આપણી ચેતના. બધુંય ભણી લીધું પણ પેલાં આત્મા અને ચેતના- જે જાણનાર છે,

તેને જ ન જાણ્યાં એનો અર્થ કશુંય ન જાણ્યું એમ થાય. જે જાણવાનું ન હતું તે જાણી લીધું, અને જે જાણવાનું હતું તે ન જાણ્યું. જ્ઞાતા અને દષ્ટાને ન જાણ્યા. માત્ર જ્ઞેયને જાણ્યું, પદાર્થને જાણ્યો તે તો આંખો બંધની બંધ જ રહી. ઊઘડી નહિ.

પરમ : અપરમ

જીવન ચલાવવા માટે છે અપરા વિદ્યા અને પરા વિદ્યા છે સત્યને જાણવા માટે. જૈનદર્શનમાં બે શબ્દો છે - અપરમ અને પરમ. આચારાંગ સૂત્રમાં પરમ શબ્દનો પ્રયોગ મળે છે. આચાર્ય કુન્દકુન્દે પણ અપરમ અને પરમ શબ્દોનો ઘણો પ્રયોગ કર્યો છે. માણસો બે પ્રકારના હોય છે. પરમમાં સ્થિત અને અપરમમાં સ્થિત. પરમમાં સ્થિત હોવું, પરમને જોવું એ વાસ્તવિક સત્યને જોવું કહેવાય. અપરમમાં જ રહી જવું એ નીચે રહી જવું છે. વ્યવહારની ભૂમિ પર સ્થિત થવું છે. પરમનો એક અર્થ છે નિર્વાણ. એનો એક અર્થ છે પરમાર્થ. એનો એક નવો અર્થ છે પારિણામિક ભાવ. ભાવ પાંચ છે. તેમાંનો એક ભાવ છે પારિણામિક ભાવ. એક બીજો ભાવ છે ઔદયિક. કર્મનો ઉદય થાય અને તેના ઉદયને લીધે આપણી અનેક અવસ્થાઓ થાય. કર્મને લીધે થતી અવસ્થા ઔદયિક ભાવ છે. બીજો એક ભાવ છે ક્ષાયોપશમિક ભાવ. જ્યારે કર્મનો ઉદય ઓછો થાય, પ્રકૃતિ ક્ષીણ થાય ત્યારે ક્ષયોપશમનો ભાવ હોય છે. એથી થોડું જ્ઞાન પ્રગટ થાય છે, ચેતના જાગે છે. આપણા જ્ઞાનની ચેતના જાગે છે, દર્શનની ચેતના જાગે છે.

આપણું અસ્તિત્વ : પારિણામિક ભાવ

ઔદયિક ભાવ અને ક્ષાયોપશમિક ભાવ એ બન્ને કર્મની સાથે સંકળાયેલા છે. ઔદયિક ભાવ પૂર્ણ કર્મ સાથે સંકળાયેલો છે અને ક્ષાયોપશમિકભાવ પણ કર્મ સાથે સંકળાયેલો છે. પારિણામિક ભાવ એક એવો ભાવ છે જેમાં કર્મનો કોઈ સંબંધ નથી. કોઈ પ્રયોજન નથી. પારિણામિક ભાવ એ આપણું અસ્તિત્વ છે, અર્થાત્ 'હું છું. મારો આત્મા છે.' જો ઔદયિક ભાવ હોત તો આત્મા બિલકુલ દબાઈ જાત. આપણી અંદર પારિણામિક ભાવની એક આગ સળગી રહી છે, એક જ્યોત જલી રહી છે. તે અસ્તિત્વને કદીય આમ તેમ થવા દેતી નથી. એને આધારે જ આપણું અસ્તિત્વ ટકી રહ્યું છે. નહિ તો કર્મના પરમાણુઓનું સખત આક્રમણ આત્માને ક્યારનોય ખતમ કરી નાખત. આટલો લાંબો સમય વીતી ગયો.

હજારો હજારો વર્ષ, લાખો વર્ષ વીતી ગયાં અને કહેવાય છે કે કર્મના આઘાતો સહેતાં સહેતાં, એની સાથે સંઘર્ષ કરતાં કરતાં અનંત કાળ વીતી ગયો. આટલો લાંબો સમય વીતી જવા છતાં અસ્તિત્વનો દીવો ઓલવાયો નથી. શાથી આ અસ્તિત્વનો દીપ ઓલવાયો નહિ ? અસ્તિત્વનો આ દીપ કંપ્યા વિનાનો (સ્થિર) શી રીતે રહ્યો ? માટીનો દીવો તો થોડોક પવન આવે કે ઓલવાઈ જાય. પણ આ અસ્તિત્વનો દીપ કેમ ન બૂઝાયો ?

એનું કારણ છે પારિણામિક ભાવ, એણે એવી છત્રછાયા બનાવી રાખી છે કે એમાં સુરક્ષિત રહેલું અસ્તિત્વ બધાં વિઘ્નોને સહી રહ્યું છે, તોફાનોને સહી રહ્યું છે, પવનના ઝપાટાઓને સહી રહ્યું છે. એ પોતાના અસ્તિત્વની સુરક્ષા અને અભિવ્યક્તિ કરવામાં સમર્થ થયેલું છે. એને કોઈ બુઝાવી શકે નહિ. જે લોકો પારિણામિક ભાવને સમજ્યા છે તેઓ પોતાના અસ્તિત્વને સમજી શક્યા છે. જેઓ પારિણામિક ભાવને જાણતા નથી તે પોતાના અસ્તિત્વને પણ જાણતા નથી.

ભ્રમભરી વિચારસરણી :

કર્મોને લીધે સુધરે કે બગડે એવું આપણું અસ્તિત્વ નથી. આપણી ભ્રમપૂર્ણ વિચારસરણીને કારણે આપણે બધો ભાર કર્મ ઉપર નાખી દઈએ છીએ. ઈશ્વરવાદી દર્શનોએ જે મૂલ્ય ઈશ્વરનું આંક્યું, તેવું જ મૂલ્ય જૈન દર્શને કર્મનું આંક્યું. ફેર માત્ર એટલો જ પડ્યો કે આપણે ઈશ્વરવાદના સ્થાને કર્મવાદને બેસાડી દીધો. માત્ર વ્યક્તિ જ બદલાઈ, બાકી કંઈ ન બદલાયું. આજ સુધી જે પ્રમુખ હતો એને દૂર કર્યો અને એને સ્થાને નવો પ્રમુખ લાવીને બેસાડ્યો. એક નવા મુખ્ય મંત્રીને ચૂંટી કાઢ્યા અને મુખ્ય પ્રધાનના આસન પર બેસાડી દીધા. એથી તો ફક્ત વ્યક્તિ બદલાઈ પણ બીજો કશો ફેર પડ્યો નહિ.

આત્મ કર્તૃત્વવાદ એ જૈન દર્શનનો એક મહાન સિદ્ધાંત છે. જૈનદર્શને એને જેટલો વિકસાવ્યો છે એટલો, કદાચ, બીજા કોઈ દર્શને વિકસાવ્યો નથી. અનેક દર્શનોએ કર્મનું ઘણું વધારે મૂલ્ય આંક્યું છે. જૈનદર્શનને માનનારાઓ પણ આ પ્રવાહમાંથી પોતાને બચાવી શક્યા નથી. અમે કંઈ કર્મનો એકદમ અસ્વીકાર કરતા નથી. એનું જેટલું (યથાર્થ) મૂલ્ય હોય તેટલું એને આપી શકાય પણ એને જ સર્વેસર્વા ન માની શકાય. આપણા જીવનના બનાવોમાં કર્મનું સ્થાન વીસ-પચીસ ટકા હોઈ શકે. પણ એ બનાવોનું સોએ સો ટકા કારણ કર્મને જ માની લેવાય એ ઉચિત લાગતું

નથી.

આપણો વિશ્વાસ કામ લાગે છે

આપણા જીવન પર પ્રભાવ પાડનારાં ઘટકતત્ત્વો અનેક છે. એમાંનું એક કર્મ પણ છે. પરંતુ એ જ સર્વસ્વ નથી. કર્મ સિવાય બીજાં પણ મહત્ત્વનાં અનેક તત્ત્વો છે, જેનો આપણા પર પ્રભાવ પડે છે. જૈન દર્શનમાં જીવનનું પરિવર્તન થવામાં અનેક તત્ત્વોનું મહત્ત્વ સ્વીકાર્યું છે. દરેક ઘટના સાથે કાલનું પણ એક પોતાનું તત્ત્વ જોડાયેલું છે. અદૃષ્ટ (ભવિતવ્યતા)નું પણ પોતાનું આગવું મહત્ત્વ છે. પ્રકૃતિનું પણ પોતાનું મહત્ત્વ છે. સ્વભાવનું પણ પોતાનું મહત્ત્વ છે. પુરુષાર્થ (પુરુષ પ્રયત્ન)નું પણ પોતીકું મૂલ્ય છે. છતાં કંઈક એવું થયું કે આ સર્વને એકદમ અસમતોલ બનાવી દેવાયાં. બધાંને પડદા પાછળ ધકેલી દેવાયાં અને કર્મને બધાંનો સર્વોપરિ નેતા બનાવી દેવાયો. આ એક મોટી ભૂલ થઈ ગઈ છે. આ કારણે જ કર્મવાદીનો સાવ કોરો અર્થ ભાગ્યવાદી એમ થઈ ગયો. પુરુષાર્થ તો કંઈ છે જ નહિ. બધુંય ભાગ્યને ભરોસે છે. ઘણી ટ્રક ગાડીઓ પર લખેલું હોય છે- રામ ભરોસે. જ્યારે જ્યારે હું આ વાક્ય જોઉં છું ત્યારે મનમાં થાય છે કે રામ ભરોસે કેમ લખ્યું ? મારે ભરોસે એવું કેમ ન લખ્યું ? જો કોઈ માણસ દારૂ પીને ટ્રક ન ચલાવે તો ટ્રક સારી રીતે ચાલશે અને એને દારૂ પીને ચલાવશે તો રામ ભરોસોયે કામ નહિ લાગે અને પોતાનો ભરોસો પણ છેતરી જશે. ભરોસો તો સૌથી પહેલો પોતાની જાત પર કરવો જોઈએ.

બીજાઓને આધારે પ્રગતિ કરવી એ ભયજનક છે

જે માણસ પોતાના ઉપર વિશ્વાસ નથી કરતો તેને ભગવાનનો ભરોસો, ગુરુનો ભરોસો અને ધર્મનો ભરોસો કંઈ જ કામ લાગતો નથી. આ બધા ભરોસા પણ એવા માણસને જ કામ લાગે છે જે પોતાની જાત પર ભરોસો કરી જાણે છે.

આચાર્યશ્રી મુંબઈમાં ચાતુર્માસ કરી રહ્યા હતા. એક દિવસ તેમણે કહ્યું કે સમુદ્રાષ્ટક લખો. સમુદ્ર વિશે અષ્ટક (આઠ પદ્યો) લખો. મેં સમુદ્રાષ્ટક લખ્યું. એની એક પંક્તિ આમ છે. '**અન્યાલમ્બનતો યદૂર્ધ્વગમનં તન્નાસ્તિ રિક્તં ભયાત્** । બીજાઓને આધારે જે ઊર્ધ્વગમન (પ્રગતિ) થાય તે ભય વિનાનું હોતું નથી.

બીજાનો આધાર લેવાની વાત બીજે નંબરે છે. પહેલા નંબરની વાત

છે- પોતાનો આધાર લેવો. પોતાનો વિશ્વાસ કરવો, પોતાની કાર્યશક્તિ પર વિશ્વાસ કરવો, પોતાના ભાગ્યની લગામ પોતાના હાથમાં રાખવી. આવી સ્થિતિ તો ત્યારે જ હોય જ્યારે આપણે અધ્યાત્મને સમજીએ, આત્માને સમજીએ. **'સંપિક્ખએ અપ્પગમપ્પએણં'**- આ સત્યને સમજીએ. 'આત્મા દ્વારા આત્માને જોઈએ' એ સૂત્ર સમજ્યા વિના આ સ્થિતિ ન સમજાય, અને તેથી જ ઘણી ગેરસમજ થાય છે. કોઈ કહે છે- મારા ભાઈએ મને ઘણો છેતર્યો. કોઈ કહે છે- મારી પત્નીએ મને છેતર્યો. કોણ જાણે કેટલીય વાર આપણે આવી વાતો સાંભળતા હોઈએ છીએ. માણસ બીજા ઉપર છેતરામણી કરવાનો આરોપ કરી પોતે બચી જવા માગે છે. પણ એને એવો વિચાર નથી આવતો કે 'સૌથી મોટી છેતરામણી તો મેં મારી જાતની કરી છે'. જે માણસ પોતાની જાતને છેતરતો નથી એને બીજો કોઈ છેતરી શકતો નથી. જે માણસ પોતાની જાતને જ છેતરે એને બીજાઓ કેમ ન છેતરે ?

નિશ્ચય પર ભાર શા માટે ?

આપણે મુદ્દા ઉપર આવીએ. મુદ્દા ઉપર આવવું એટલે આત્માને જાણવો. આત્માને જાણવો એનો અર્થ છે- બધા પ્રશ્નોને જાણવા. આત્માને જાણવો એટલે પોતાના ભાગ્યની લગામ પોતાના હાથમાં પકડી રાખવી. આત્માને જાણવો એટલે જગતની બધી છેતરામણીઓથી બચવું, ખોટાં છલ અને પ્રપંચોથી બચવું. આત્માને જાણવો એટલે પોતાની મિથ્યા વિચારસરણીને સુધારવી. આચાર્ય કુન્દકુન્દે આત્માને જાણવાની વાત પર વધારે ભાર મૂક્યો. પણ એનો અર્થ એ નથી કે એ વ્યવહારના સત્યથી અજાણ હતા. એ જાણતા હતા કે વ્યવહાર વિના કામ શી રીતે ચાલે ? એ જાણતા હતા કે માણસ વ્યવહારમાં જ જીવી રહ્યો છે. એને વ્યવહાર સમજાવવાની જરૂર જ શી છે ? એ જેને જીવી રહ્યો નથી એ તરફ એને લઈ જવાની જરૂર છે. તેથી જ કુન્દકુન્દે કહ્યું કે તમે નિશ્ચય પર આવો, આત્માને જુઓ, આત્માને સમજો અને આત્મા સાથે સંવાદ (વાતચીત) કરો. જ્યારે તમે આત્મા સાથે સંવાદ કરવા લાગશો ત્યારે મૌન એની મેળે થઈ જશે. જ્યાં સુધી આપણે આત્મા સાથે સંવાદ કરવાનું જાણતા નથી ત્યાં સુધી મૌન બરાબર થતું નથી. જ્યાં સુધી આપણને પોતાને જોવાનું આવડ્યું નથી ત્યાં સુધી ધ્યાન બરાબર લાગતું નથી. પોતાને જોવું, પોતાની સાથે સંવાદ કરવો અને પોતાને કામમાં લેવું. એનો અર્થ છે નિશ્ચયમાં જીવવું.

ચેતનાના ત્રણ પ્રકાર

આચાર્ય કુન્દકુન્દે અધ્યાત્મનું જે વિવરણ કર્યું છે તેનું મહત્ત્વનું સૂત્ર છે- ભેદવિજ્ઞાન. અધ્યાત્મનું સૌથી મહત્ત્વનું સૂત્ર છે ભેદવિજ્ઞાન. આપણી ચેતના ત્રણ પ્રકારની હોય છે- જ્ઞાનચેતના, કર્મચેતના અને કર્મફલ ચેતના. કર્મની ચેતનાને આખી દુનિયા જાણે છે, કર્મફલની ચેતનાને જાણે છે, પણ જ્ઞાનની ચેતનાને જાણતી નથી. જેટલી આસ્રવની ચેતના છે, રાગ અને દ્વેષની ચેતના છે તે બધી ય કર્મની ચેતના છે. રાગપૂર્ણ જીવન ન જીવતો હોય, દ્વેષપૂર્ણ જીવન ન જીવતો હોય એવો કોઈ માણસ છે ?

કર્મની ચેતના :

આપણી સમગ્ર જીવનયાત્રા પ્રિય અને અપ્રિય એ બે સંવેદનોમાં ચાલે છે. કોઈ માણસ જમવા બેસે. જો ભોજન સારું બન્યું હોય તો કહેશે, 'કેટલું સારું ખાવાનું બન્યું છે ! સ્વાદિષ્ટ છે, મજા આવી ગઈ.' જો બરાબર ન થયું હોય તો કહેશે 'કેવી રસોઈ બનાવી છે ? કેટલી ખરાબ છે ! આવું ખાવાનું ન ખાધું હોત તો સારું થાત ! આમ ભોજન સાથે બે વાતો જોડાઈ- રાગની ચેતના, દ્વેષની ચેતના યાને કે કર્મની ચેતના. એને લીધે સંસ્કારનો બંધ (સંસ્કારનું સ્વરૂપ બંધાવું) થઈ ગયો. સારું મકાન જોઈ માણસ કહેશે, 'કેટલું સરસ મકાન થયું છે !' એની પ્રશંસા કરતાં એ થાકશે નહિ. જો મકાન ન ગમ્યું તો કહેશે- 'કેટલું ખરાબ મકાન બાંધ્યું છે ! મકાન બનાવવાનું જાણતો જ નથી. આ મકાન બનાવનાર અણસમજુ છે'

માત્ર ભોજન કે મકાનની જ વાત નથી. દુનિયાના જેટલા પદાર્થો છે એમને માટે કાં તો રાગની વાત આવશે અને કાં તો દ્વેષની વાત આવશે. કોઈ માણસ કોઈનું સ્વાગત સારી રીતે કરે તો સ્વાગત પ્રાપ્ત કરનાર માણસ કહેશે,- કેટલો સજ્જન છે ! કેવો સરસ સત્કાર કર્યો ! જો સ્વાગત કે સંમાન સારું ન થયું હોય તો કેટલીય ટીકા થાય. દુનિયાનો આ બધો ય વ્યવહાર રાગ અને દ્વેષની ચેતનાના આધારે ચાલી રહ્યો છે. રાગ અને દ્વેષનો ભાવ દરેક પદાર્થ અને ઘટના સાથે સંકળાયેલો છે. આ બન્નેથી અલગ કર્મની ચેતના કરતાં આગળ (પર) જે વીતરાગની ચેતના છે તે શુદ્ધ ચેતના છે. એને સમજવી બહુ કઠણ છે. કદાચ થોડાક જ લોકો એવા છે જે ચેતનાને સમજતા હોય.

કર્મફલની ચેતના

બીજી ચેતના છે કર્મફલની. દરેક માણસ ઇચ્છે છે કે સારું ખાવાનું

મળે, સારું રહેઠાણ મળે, બધી સગવડો મળે, બધુંય મળે. આ કર્મફલની ચેતના છે. માણસ ઇચ્છે છે કે કર્મનું ફળ મળે. સારું ફળ મળે. એ ઇચ્છે છે કે પુણ્યનું ફળ મળે, ભાગ્ય ખીલી ઊઠે. માણસ જ્યોતિષી પાસે જાય. એને કુંડળી બતાવે, હાથની રેખાઓ બતાવે અને પૂછે- મારું ભાગ્ય કેવું છે ? હું શું થઈશ ? મોટો શેઠ થઈશ કે કરોડપતિ થઈશ કે કોઈ અધિકારી થઈશ ? આ બધા પ્રશ્નો કર્મફલની ચેતના સાથે જોડાયેલા છે.

પરિવાર નિયોજનના એક અધિકારી એક શેઠ પાસે ગયા. પોતાનો પરિચય આપતાં તેમણે કહ્યું, 'શેઠ સાહેબ, આપને કેટલાં સંતાન છે ?'

શેઠે કહ્યું, 'સાત.'

'તો હવે આપ પરિવાર નિયોજન કરાવી લ્યો.'

'ના.'

'આપ પરિવાર નિયોજન કેમ કરાવતા નથી ? અમારે એનું કારણ જાણવું છે.'

શેઠે કહ્યુ, 'મારો નવમો પુત્ર પ્રધાન બનશે એમ જ્યોતિષીએ કહ્યું છે. એટલે હું પરિવાર નિયોજન કઈ રીતે કરાવી શકું ?

કર્મફલની આ ચેતના બહુ તીવ્ર છે. માણસ કર્મની ચેતના અને કર્મફલની ચેતના એ બંનેમાં ફસાયેલો છે. જ્ઞાનની જે ચેતના છે ત્યાં સુધી કોઈ જતું જ નથી. ત્યાં સુધી પહોંચવાનો કોઈ માણસ ઉપાય જ કરતો નથી.

જ્ઞાનની ચેતના

માણસ જ્ઞાનની ચેતનામાં ક્યારે જઈ શકે ? આચાર્ય અમૃતચંદ્રે એની બહુ સુંદર ચર્ચા કરી છે-

भावयेद् भेदविज्ञानमिदमच्छिन्नधारया ।
तावद् यावत् पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ।।

ભેદવિજ્ઞાનની ભાવના અવિચ્છિન્ન ધારાથી ત્યાં સુધી કરવી કે જ્યાં સુધી જ્ઞાન પદાર્થ-ચેતનામાંથી છૂટીને જ્ઞાનમાં સ્થિર ન થઈ જાય.

આત્મા જુદો છે અને શરીર જુદું છે એટલું કહેવા માત્રથી કશુંય થતું નથી. હું જુદો છું અને શરીર જુદું છે એવી અનુભૂતિ જો થઈ જાય તો સમજી લેવું કે જ્ઞાનચેતનાનું દ્વાર ઊઘડી ગયું છે. દશવૈકાલિક સૂત્રમાં એક વાતનો ઉલ્લેખ છે કે-

એક મુનિ પહેલાં પરણેલા હતા, અને પત્નીને છોડી સાધુ બની

ગયા. જો, હવે એના મનમાં પોતાની સ્ત્રી પ્રત્યે રાગ જાગી ઊઠે તો એણે શું કરવું જોઈએ ? એનો પહેલો નિયમ છે- ભેદવિજ્ઞાન. રાગ ઉત્પન્ન થાય ત્યારે મુનિએ વિચારવું કે- એ મારી નથી અને હું તેનો નથી. આ વિચારનો અભ્યાસ કરવાથી તેને સ્ત્રી પ્રત્યે જે રાગ (આસક્તિ) છે તે અટકી જશે. જો આ સંકલ્પ માત્ર શબ્દ બોલવા પૂરતો જ મર્યાદિત રહ્યો અને અનુભવમાં ન પરિણમ્યો તો વિપરીત પરિણામ પણ આવી શકે. એક મુનિએ આવો જ પ્રયત્ન કર્યો હતો. એણે બોલવું જોઈતું હતું કે હું તેનો નથી અને તે મારી નથી. પણ આસક્તિવશ એ બોલતો ગયો- એ મારી છે, અને હું તેનો છું.

આ જ અધ્યાત્મ છે

લુખ્ખા શબ્દોમાં માણસ ફસાઈ જાય છે. જો એવી અનુભૂતિ જાગી જાય કે તે મારી નથી. અને હું તેનો નથી, તો રાગાત્મક ચેતનામાં પરિવર્તન થઈ શકે. ભેદવિજ્ઞાનનો આ નિયમ ઘણો સફળ થઈ શકે છે. ભેદ-વિજ્ઞાનની આ ધારા (સાતત્ય) જો અવિચ્છિન્ન થઈ જાય, નિરંતર આવી આત્માનુભૂતિ જાગી જાય કે- આ શરીર મારું નથી અને હું એનો નથી. આ પદાર્થ મારો નથી, અને હું તેનો નથી. આ કામ મારું નથી, અને હું તેનો નથી. મકાન પડ્યું રહેશે અને માણસ જતો રહેશે. શરીર એ શરીર જ છે. શરીર પડ્યું રહેશે અને માણસ જતો રહેશે. આ સત્યનો અનુભવ કરવો એ જ ભેદવિજ્ઞાન છે. જ્યારે આ વિચારધારા અવિરત થઈ જશે, ત્યારે આપણું જ્ઞાન પદાર્થમાંથી છૂટીને જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત (સ્થિર) થઈ જશે. એવી સ્થિતિમાં જ્ઞાન માત્ર જ્ઞાન રહેશે. રાગની ચેતના નહિ રહે, કે દ્વેષની ચેતના પણ નહિ રહે. અને આ જ છે અધ્યાત્મ. અધ્યાત્મ શબ્દનો શાબ્દિક અર્થ છે- અંદર જવું. પણ તેનો તાત્પર્યાર્થ છે- માત્ર શુદ્ધ જ્ઞાન હોવું, પદાર્થ જ્ઞાન છૂટી જવું, કર્મની ચેતના અને કર્મફલની ચેતના છૂટી જવી.

अत्यन्तं भावयित्वा विरतमविरतं कर्मणस्तत्फलाच्च,
प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसंचेतनायाः ।
पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसंचेतनां स्वां,
सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु ।।

આચાર્ય કુન્દકુન્દનું પ્રતિપાદન : પહેલો નિષ્કર્ષ

સોક્રેટીસને મૃત્યુદંડ મળ્યો તે વખતે કહેવામાં આવ્યું કે 'તમે જો સત્યનો પ્રચાર કરવો છોડી દો તો તમને માફ કરી દેવામાં આવશે.'

સોક્રેટીસે કહ્યું, હું સત્યનો ત્યાગ કરીને જીવવા ઇચ્છતો નથી. મૃત્યુનો સ્વીકાર કરવાનું હું પસંદ કરીશ. સત્યને છોડીશ નહિ. આ છે નિશ્ચયની વાત, ભેદ-વિજ્ઞાનની વાત. પરંતુ એની સાથે વ્યવહાર પણ છે. સોક્રેટીસના શિષ્યોએ એને (કારાવાસમાંથી) નસાડી મૂકવાની બધી વ્યવસ્થા કરી લીધી. પછી શિષ્યો સોક્રેટીસ પાસે જઈ કહે, 'અમે બધી ગોઠવણ કરી લીધી છે. અમે આપને જેલમાંથી નસાડી લઈ જવા ઇચ્છીએ છીએ.

એમણે કહ્યું, 'હું મરવું પસંદ કરીશ પણ નાગરિક ફરજથી વિમુખ થવાનું પસંદ નહિ કરું.'

આ કહેવાય વ્યવહાર.

ન તો સત્યને છોડવું અને ન તો વ્યવહારને છોડવો-આ પ્રકારની વિચારસરણી સમ્યગ્ દૃષ્ટિ છે. સમ્યગ્ દૃષ્ટિનો વિકાસ એટલે અધ્યાત્મનો વિકાસ. અધ્યાત્મના વિકાસ વિના સમ્યગ્ દૃષ્ટિ વિકસતી નથી અને સમ્યગ્ દૃષ્ટિ વિકસ્યા વિના અધ્યાત્મનો વિકાસ થતો નથી.

★ ★ ★

સંકલિકા - ૨

- परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स ।
  ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि ।।
- अपरिग्गहो अणिच्छो भणिदो, णाणी य णेच्छदे धम्मं ।
  अपरिग्गहोदु धम्मस्स जाणगो, तेण सो होदि ।।
- उप्पण्णोदय भोगो वियोग बुद्धिए तस्स सो णिश्चं ।
  कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी ।।
- णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो ।
  णो लिप्पदि रजएण दु कद्दम मज्झे जहा कणयं ।।
- अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो ।
  लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं ।।

(સમયસાર-૨૦૧, ૨૧૦, ૨૧૫, ૨૧૮, ૨૧૯)

- જ્ઞાનીની વ્યાખ્યા
- જ્ઞાની હોવાનો અર્થ
- જ્ઞાનીનું લક્ષણ
  ઉપચાર બુદ્ધિ
  અનિચ્છા
  અલેપ
- જ્ઞાન અને અજ્ઞાનની ભેદરેખા
- જ્ઞાન અને ધ્યાનનું અંતર મટવું.

૨. જ્ઞાન જીવનમાં નવા પ્રદેશો ઉઘાડે છે

જ્ઞાન અને ધ્યાન આ બે શબ્દો બહુ પ્રચલિત છે. અધ્યાત્મ શાસ્ત્ર અને સામાન્ય વ્યવહારમાં જ્ઞાનને ચંચળ (અસ્થિર) માનવામાં આવે છે. ધ્યાન એટલે મનની એકાગ્રતા. સંસ્કૃતનું એક પ્રસિદ્ધ સુભાષિત છે. चलं चित्तं ज्ञानं, स्थिरं चित्तं ध्यानम् ।(મન) જે ચંચલ છે તે જ્ઞાન છે. અને જે (મન) સ્થિર છે તે ધ્યાન છે. જ્ઞાન અને ધ્યાનમાં એક પ્રકારનું અંતર છે. આચાર્ય કુન્દકુન્દે અધ્યાત્મના વિષયમાં આ અંતરને ઓછું કરી નાખ્યું. એમની ભાષામાં જ્ઞાન અને ધ્યાન બે (જુદાં) નથી. જે જ્ઞાન છે તે ધ્યાન છે. જે ધ્યાન છે તે જ્ઞાન છે.

જ્ઞાની કોને કહેવાય ?

બધાંય શાસ્ત્રો અને ગ્રંથો વાંચી લેનાર જ્ઞાની હોતો નથી. કોઈ માણસ બધાંય શાસ્ત્રોનો જ્ઞાતા હોય, પણ જો તે રાગી (આસક્તિવાળો) હોય તો તે જ્ઞાની નથી. જ્ઞાની તો તે કહેવાય, જે આત્માને જાણતો હોય. રાગરહિત માણસ જ આત્માને જાણી શકે છે.

परमाणुमित्तयं पि हु, रागादीणं तु विज्जदे जस्स ।
ण वि सो जाणदि अप्पाणयं तु, सव्वागमधरो वि ।।

અધ્યાત્મમાં જ્ઞાની અને અજ્ઞાનીની વ્યાખ્યા બદલાઈ જાય છે. લૌકિક ભાષામાં જે ભણ્યો-ગણ્યો હોય તે જ્ઞાની ગણાય છે. જે અભણ છે તે અજ્ઞાની છે. અધ્યાત્મની દૃષ્ટિએ જ્ઞાની તેને કહેવાય જે રાગરહિત હોય, વિરાગી હોય અને અજ્ઞાની તે કહેવાય જે રાગમાં ખરડાયેલો હોય.

જ્ઞાનને મોક્ષનું એક કારણ માન્યું છે. કેટલાંક દર્શનો ક્રિયાવાદી છે, કર્મકાંડવાદી છે, અને કેટલાંક દર્શનો જ્ઞાનવાદી છે. જ્ઞાનવાદી દર્શન કહે છે કે જ્ઞાન જ મોક્ષનું સાધન છે. જ્ઞાન હોવું આવશ્યક છે. કર્મનું કંઈ મૂલ્ય નથી. જ્ઞાન મુખ્ય છે. કર્મ મુખ્ય નથી. આચાર્ય કુન્દકુન્દે કર્મનો અસ્વીકાર ન કર્યો, પણ જ્ઞાનને એમણે ઘણી પ્રધાનતા આપી.

ઓળખાણનું સાધન

આજે તો જ્ઞાન પદાર્થમાં આવીને અટક્યું છે. એ જ્ઞાનમાં પ્રતિષ્ઠિત નથી. બે પ્રસિદ્ધ શબ્દો છે : ઑબ્જેક્ટ (પદાર્થ) અને સબ્જેક્ટ (આત્મા). માણસનું ધ્યાન ઓબ્જેક્ટ પર, પદાર્થ કર્મ કે વિષય પર અટકી ગયેલું છે.

સબ્જેક્ટ પર એનું ધ્યાન નથી. માણસનો બધોય બોધ પદાર્થ સાથે સંકળાયેલો છે. આપણી બધી ઓળખાણ પણ પદાર્થ દ્વારા થતી હોય છે. આ માણસ ધનવાન છે એમ કહેવાય છે. એટલે કે ધન સાથે ઓળખાણ જોડાઈ ગઈ. અમુક માણસ સરકારી અધિકારી છે, પ્રોફેસર છે, વકીલ છે, વિદ્વાન છે એમ કહેવાય છે. આ બધા પરિચયો પદાર્થ સાથે જોડાયેલા છે. આ જગતમાં આપણે પદાર્થ દ્વારા ઓળખાઈએ છીએ. આપણી પોતાની કોઈ ઓળખાણ નથી. આ માણસ કેવો છે ? એનો કોઈ બોધ નથી હોતો. જો કે માણસનું મૂલ્ય બધા કરતાં ચઢિયાતું છે. ચૈતન્યનું મૂલ્ય સર્વોપરિ છે, પણ એના દ્વારા આપણી કોઈ ઓળખાણ થતી નથી. આપણી ઓળખાણનું માધ્યમ પદાર્થ છે અને એ જ આપણી પોતાની ઓળખાણમાં મોટું વિઘ્ન છે.

જ્ઞાન અને જીવનવ્યવહાર :

આપણી સામે એ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે- જો જ્ઞાન એટલું શુદ્ધ થઈ જાય અને જ્ઞાન જ્ઞાનમાં પ્રતિષ્ઠિત થઈ જાય તો જીવનવ્યવહાર કઈ રીતે ચાલે ? જો રાગ ન રહે, આકર્ષણ ન રહે તો જીવનનો વ્યવહાર કઈ રીતે સંભવિત બને ? જ્ઞાની આદમી શું ખાવાનું નહિ ખાય ? શું જ્ઞાની આદમી માંદો પડશે ત્યારે ઔષધોપચાર નહિ કરાવે ? દવા નહિ ખાય ? શું જ્ઞાની આદમી મકાનમાં નહિ રહે ? જો એને પદાર્થ સાથે સંબંધ ન હોય, તેનું આકર્ષણ ન હોય અને એ માત્ર જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત હોય તો તો એના જીવનના બધા વ્યવહાર પૂરા નહિ થઈ જાય ?

આચાર્યે આ પ્રશ્નનું સમાધાન કરતાં કહ્યું કે- જ્ઞાની જ્ઞાનમાં પ્રતિષ્ઠિત હોય તો પણ એના જીવનવ્યવહાર પૂરા નહિ થઈ જાય. જ્ઞાની માણસ ખાશે પણ ખરો, પાણી પણ પીશે અને માંદો પડતાં દવા પણ લેશે.

આચાર્ય કુન્દકુન્દે આ સત્યને બહુ સ્પષ્ટપણે સમજાવ્યું કે- જ્ઞાની હોવાનો અર્થ પદાર્થ તજવા એવો નથી, જ્ઞાની માણસ પદાર્થનો ઉપભોગ કરશે પણ એનો દષ્ટિકોણ બદલાઈ જશે.

ઘટના એક જ, દષ્ટિકોણ બે :

જ્ઞાનીને ભૂખ લાગશે ત્યારે તે ભોજન તો કરશે, પણ એના તરફ એની સમજણ માત્ર ઔપચારિક હશે. એ એમ વિચારશે કે ભૂખ એક રોગ છે. એનો ઉપચાર કરવામાં ભોજન કરવાનું છે. સંસ્કૃતમાં ભૂખનું નામ જઠરાગ્નિની પીડા (જઠરાગ્નિને લીધે થતી પીડા) એમ છે. ભૂખ એક

વ્યાધિ છે, પીડા છે, રોગ છે. એનો ઉપચાર કરવાનો છે. આમ એક સાધક કે જ્ઞાની માણસનો ભોજન પ્રત્યેનો દૃષ્ટિકોણ માત્ર ચિકિત્સાત્મક હશે. જ્યારે એક સામાન્ય માણસ કે અજ્ઞાની માણસનો ભોજન તરફનો દૃષ્ટિકોણ રચનાત્મક હોય છે. એ વિચારે છે- ભોજન કેટલું સ્વાદિષ્ટ છે, કેટલું મીઠું છે ! આમ વાત એક જ હોય છે પણ દૃષ્ટિકોણ બે થઈ જાય છે. એક જ્ઞાની પણ ભોજન કરે છે અને અજ્ઞાની પણ ભોજન કરે છે, છતાં ભોજન તરફનો એમનો જે દૃષ્ટિકોણ હોય છે તે બિલકુલ ભિન્ન હોય છે. એક માણસનો દૃષ્ટિકોણ સ્વાદનો, પોષણનો, શરીરને પુષ્ટ કરવાનો હોય છે, જ્યારે બીજાનો દૃષ્ટિકોણ માત્ર ચિકિત્સા કરવાનો જ હોય છે.

ઉપચાર-બુદ્ધિ

છેદસૂત્રોમાં મુનિ માટે વિધાન કરાયું છે કે- શોભા વધારવા સારુ, શરીરનું સૌન્દર્ય વધારવા સારુ ભોજન ન કરવું જોઈએ. તો પછી પ્રશ્ન થયો કે- મુનિ શા માટે ભોજન કરે ? ભોજનનો ઉદ્દેશ્ય શો હોવો જોઈએ? આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાયું કે- માત્ર શરીર ટકાવવા માટે. શરીરનો નિર્વાહ થાય તે માટે. સંયમપૂર્ણ જીવનના નિર્વિઘ્ન પાલન માટે અને વેદના શાંત કરવા માટે. મુનિએ ભોજન દૃષ્ટિકોણનું આવું પરિવર્તન જ્ઞાનની પ્રતિષ્ઠા (સ્થિરતા)થી જ સંભવિત બને.

પરિવર્તનનો પહેલો નિયમ છે- ઉપચારબુદ્ધિ. માણસમાં જ્યારે જ્ઞાન જાગે છે અને માણસ જ્ઞાની થાય છે ત્યારે તેનામાં જે બુદ્ધિ જાગે છે તે ઉપચારબુદ્ધિ હોય છે. જ્ઞાની માણસ મકાનમાં રહે પણ એના વિચારની દિશા હશે જીવનમાં આવનારી તકલીફો ઓછી કરવાની, સાધનાનો માર્ગ નિર્વિઘ્ન બનાવવાની. શરીરમાં રોગ પેદા થતાં તે દવા પણ લે, પણ તેનો ઉદ્દેશ્ય હોય છે- સાધના માટે શરીરને સ્વસ્થ રાખવું.

તફાવત છે માત્ર દૃષ્ટિકોણનો :

આચારાંગ સૂત્રનું એક મહત્ત્વનું સૂત્ર છે- અણ્ણ હા ણં પાસહ પરિહરેજ્જા । જે પશ્યક્ છે, દૃષ્ટા છે, જ્ઞાની છે તે ભોગ ભોગવે, ખાવું-પીવું સૂવું વગેરે તમામ વ્યવહારો જીવનમાં કરતો હોય, પણ એ બધા તરફ એનો દૃષ્ટિકોણ કંઈ જુદા પ્રકારનો હોય છે. એક સામાન્ય માણસ કે અજ્ઞાની માણસ જે પ્રમાણે વર્તે છે તેથી જુદી જ રીતે અન્યથા જ્ઞાની માણસ વર્તે છે. આચારાંગ સૂત્રના આ સુભાષિતમાંથી નિષ્પન્ન થાય છે તે જ વાત આચાર્ય કુન્દકુન્દના આ દૃષ્ટિકોણથી પુરવાર થાય છે. આ અન્યથાનો

દષ્ટિકોણ અથવા ઉપચારનો દષ્ટિકોણ જ્ઞાન અને જીવન વ્યવહારમાં યોગ્યતા (ઉચિતપણું) સ્થાપે છે. જ્ઞાન અને વ્યવહાર વચ્ચેનું અંતર મટાડી દે છે.

પરિગ્રહી કોને કહેવાય ?

પ્રશ્ન થયો કે- શું જ્ઞાની માણસ પરિગ્રહ નથી કરતો ? ઉત્તર હતો. જ્ઞાની માણસ પરિગ્રહ કરતો નથી. ભોજન એ પરિગ્રહ ન કહેવાય ? મકાનમાં રહેવું એ પરિગ્રહ ન કહેવાય ? આ પ્રશ્નો વિશે આચાર્ય કુન્દકુન્દના વિચારો બહુ મહત્ત્વના છે. પરિગ્રહી તે કહેવાય જેના મનમાં ઈચ્છા હોય. જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે ભેદરેખા દોરતાં આચાર્યે કહ્યું- જેના મનમાં ઈચ્છા ઉત્પન્ન થતી હોય તે અજ્ઞાની છે-

अपरिग्गहो अणिच्छो भणिदो, णाणी य णेच्छदे धम्मं ।
अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि ।।

ઈચ્છા અને અજ્ઞાન, અનિચ્છા અને જ્ઞાન એ એક વિચિત્ર રેખા છે. પ્રશ્ન એ થાય કે- શું જ્ઞાની માણસ ઈચ્છા કરતો નથી ? શું જ્ઞાની માણસને ભૂખ ન લાગે ? ભૂખ લાગે ત્યારે શું તે ભોજનની ઈચ્છા ના કરે ? માણસને જ્યારે ઈચ્છા થાય ત્યારે જ તે ભોજન કરે છે. આચાર્ય કુન્દકુન્દે 'ઈચ્છા' શબ્દને સામાન્ય અર્થમાં પ્રયોજ્યો નથી. એમના કહેવાનું તાત્પર્ય એ છે કે- તે ઈચ્છા ઈચ્છા જ નથી જે ઇચ્છા સાથે કોઈ આસક્તિ ન હોય, આકર્ષણ ન હોય. આકર્ષણ કે આસક્તિ સાથે જે માગણી ઉત્પન્ન થાય તે ઈચ્છા કહેવાય.

ઈચ્છા - અનિચ્છા :

આ વાતને આપણે ઉદાહરણથી સમજીએ. બુદ્ધિમાં મહેલ રહે તે ઈચ્છા અને મહેલમાં માણસ રહે તે અનિચ્છા. કેટલો બધો ફેર છે. માણસ મહેલમાં રહે એ એક વાત અને બુદ્ધિમાં મહેલ રહે એ બિલકુલ જુદી વાત છે. દિમાગમાં ભોજન રહે એ અનિચ્છા નથી, જ્ઞાન નથી. ભોજન જો માત્ર હાથથી મોઢામાં જાય તો એ જ્ઞાનીનું ભોજન છે અને ભોજન દિમાગમાં રહે તો તે અજ્ઞાનીનું ભોજન છે. માણસ કેટલા મનસૂબા કરે છે ! એ વિચારે કે આજે ઋતુ બહુ સારી છે. શીરો ખાવો જોઈએ. વડાં-પકોડાં (ભજિયાં) થવાં જોઈએ. આ થવું જોઈએ, તે થવું જોઈએ. એનો અર્થ એ કે એના ભેજામાં ભોજન રહે છે. કોઈ કોઈ વખત માણસ ઉપવાસ કરે છે. દિવસ જતો જાય તેમ ઉપવાસની અસર થવા માંડે. રાત્રે ઊંઘ ન આવે, એ પારણાનો વિચાર કરે કે- ઉપવાસનાં પારણાંમાં શું ખાઈશ ? પારણાં વખતે

શું શું ખાવું જોઈએ ? આવા બધા વિચાર એ ઉપવાસના દિવસે કરે છે. માણસનું આ અજ્ઞાન છે.

વિચિત્ર પ્રશ્ન :

ઈચ્છા અને અનિચ્છાને આધારે જ્ઞાની અને અજ્ઞાનીની એક વ્યાખ્યા થઈ ગઈ. કોઈ કોઈ વખત વ્યાખ્યાઓ પણ નિશ્ચિંત હોય છે.

એક ડોકટરે જમણવાર ગોઠવ્યું. મોટા મોટા અનેક નાગરિકોને એ જમણવારમાં નિમંત્ર્યા હતા. દરેકની પ્લેટમાં ભોજન પિરસાઈ ગયું. ડોકટરે કહ્યું, હવે આપણે ભોજન શરૂ કરીએ. મારે આપ સૌને એક પ્રશ્ન પૂછવો છે. આપ માણસની જેમ ભોજન કરશો કે પશુની જે ખાશો ? બધાઓએ કહ્યું, ડોકટર સાહેબ, આપનો પ્રશ્ન ઘણો વિચિત્ર છે. અમે માણસ છીએ, માણસની જેમ ખાઈશું. પશુની જેમ કઈ રીતે ખાઈએ ? આપના આ પ્રશ્નનો તાત્પર્યાર્થ શો છે ? ડોકટર સાહેબે પોતાની વાત સ્પષ્ટ કરતાં કહ્યું કે- માણસ ભોજન કરવા બેસે અને સારી વાનગી સામે થાળીમાં હોય તો તે ખાતો જ જાય છે. પશુ પણ ખાય છે પણ તે જેટલી ભૂખ હોય તેટલું જ ખાય છે. હવે આમ વિચારો કે ભોજન પશુની જેમ કરશો કે માણસની જેમ ?

માણસની જેમ ખાવું એ અજ્ઞાનીનું ભોજન છે અને પશુની જે ખાવું એ જ્ઞાનીનું ભોજન છે. આ વાત ઊલટી લાગે. પશુ (રસોઈ) બનાવતું નથી પણ તે પશુની જેમ ખાય છે. પશુની આ સારી વાત કેમ ન લેવી ? સારી વાત ગમે ત્યાંથી મળે તે સ્વીકારી લેવી જોઈએ.

જ્ઞાનીનો વ્યવહાર (આચરણ) :

જ્ઞાનીનું આચરણ સાવ જુદું હોય છે, અજ્ઞાનીનું આચરણ (તેનાથી) સાવ જુદું હોય છે. જ્યારે જ્ઞાન બુદ્ધિ જાગે છે ત્યારે પદાર્થ બુદ્ધિ, અહંકાર અને મમતની બુદ્ધિ ઓછી થતી જાય છે. જીવનનો આખો વ્યવહાર બદલાઈ જાય છે.

એક સાધક પાસે એક માણસ આવ્યો અને ગાળો દેવા લાગ્યો. એણે ઘણી ગાળો દીધી. સામાન્યપણે તો એમ બને કે- ઈંટનો જવાબ પથ્થરથી અપાય. સામાન્ય માણસ ગાળ સામે ગાળનો પ્રયોગ કરે. લાકડી કે પથરાનો પ્રયોગ પણ કરી લે, પણ એક જ્ઞાનીનું આચરણ એનાથી જુદું હોય. પેલા સાધકને ગાળો સાંભળીને પણ દુઃખ ન થયું. એ પ્રસન્ન હતો. પોતાની મસ્તીમાં મગ્ન હતો. પેલા માણસને થયું- આ કંઈ વિચિત્ર માણસ છે !

મેં ગાળો દીધી તોય આ તો હસી રહ્યો છે. એને ગુસ્સો નથી આવતો. કોઈ માણસ ગાળો દે અને સામા માણસને ગુસ્સો ન આવે તો એને સંતોષ ન થાય. કોઈ ગાળો દે અને સામો માણસ ગુસ્સે ભરાઈ જાય, એનો ચહેરો લાલ-પીળો થઈ જાય તો તેને મજા આવે. પેલા માણસથી રહેવાયું નહિ. એણે કહ્યું, મહાશય, મેં ગાળો દીધી અને તમારા ઉપર કોઈ અસર ન થઈ એમ કેમ ? સાધકે હસતાં કહ્યું, 'તમે ગાળો દીધી પણ મેં નથી લીધી. જો એ ગાળો હું સ્વીકાર કરત તો હું નારાજ થાત.

વ્યવહારમાં પરિવર્તન થવાનું કારણ :

હવે આપણે જોઈએ. જગતમાં જેટલા મહાપુરુષો થયા છે. જેટલા મોટા મોટા માણસો થયા છે તેમનું આચરણ સામાન્ય માણસ કરતાં કંઈક જુદુ દેખાય છે. એનું કારણ છે કે- જે માણસમાં થોડા પ્રમાણમાં પણ જ્ઞાન જાગે, જ્ઞાનનું એક કિરણ ઊગે તેનું આખુંય આચરણ બદલાઈ જાય છે. આપણને લાગે કે એ મોટો માણસ છે. એની નિંદા કરવા છતાંય એણે સારો વ્યવહાર કર્યો. એને કષ્ટ આપ્યું તો પણ તેણે સારો વ્યવહાર કર્યો. આપણને તો આ બહુ મોટી વાત લાગે પણ આમ બનતું હોય છે. જ્યારે અજ્ઞાન મટી જાય, જ્ઞાનનો દીવો પ્રગટી ઊઠે ત્યારે માણસ બદલાઈ જાય છે.

મહત્ત્વપૂર્ણ સૂત્ર :

જ્ઞાનનું મહત્ત્વનું સૂત્ર છે- ઈચ્છા પરિવર્તન, અનિચ્છા જાગવી તે. અનુરાગવાળી ઈચ્છા ન થવી તે. તો એક પ્રશ્ન થઈ શકે કે- આપણે કર્મો કર્યા છે. એ કર્મોનું ફળ મળે છે. અને ઘણા બધા પદાર્થો અને સામગ્રી મળે છે. આ સ્થિતિમાં જ્ઞાની શું કરે ? આચાર્યે કહ્યું- અજ્ઞાની માણસ વર્તમાનમાં એ સામગ્રી ભોગવશે અને પદાર્થ તરફ અનુરાગ કરશે અને ભવિષ્ય માટે ઈચ્છા કરશે કે- આજ મને ઘણું સુખ મળ્યું છે. આવતીકાલે પણ આવું જ સુખ મળવું જોઈએ. આમ ભવિષ્ય માટેની આકાંક્ષા અને વર્તમાન પ્રત્યે અનુરાગ કરશે. જ્યારે જે માણસ જ્ઞાની છે તે વર્તમાનમાં મળતા પદાર્થને કામમાં લેશે પણ એના તરફ અનુરાગ નહિ કરે. આ 'કામમાં લેવું' અને 'અનુરાગ ન કરવો' એમાં ઘણો સૂક્ષ્મ ભેદ છે. ન તો વર્તમાનમાં રાગ અને ન તો ભવિષ્ય માટેની આકાંક્ષા કરવી.

उप्पणोदय भोगे वियोगबुद्धिए तस्स सो णिच्चं ।
कंखायणारादस्स य, उदयस्स ण कुव्वदे णाणी ।।

ચાલો ત્યારે, આપણે અધ્યાત્મની ભાષા ઉકેલીએ. બે પ્રકારનાં કર્મ નાય છે- લુખ્ખું અને ચિકણું કર્મ. બીજું એક છે અકર્મ. પ્રવૃત્તિ સાથે કર્મનું બંધન હોય છે. જો એ બંધન લુખ્ખા કર્મનું હોય તો એનો ઉદય તો થશે પણ એનો વિપાક (પરિણામ) ઊંડો નહિ હોય. જો પદાર્થ તરફ અનુરાગ-વાળી ઈચ્છા ન હોય તો કર્મનું બંધન હલકું હશે. એ એની મેળે ઉદયમાં આવીને ક્ષીણ થઈ જશે. જો દઢ રાગવાળી ઈચ્છાવૃત્તિ હોય તો કર્મનું બંધન ગાઢ હશે, ચિકણું હશે અને એનું ગંભીર પરિણામ ભોગવવું પડશે. અનુરાગને લીધે કર્મ વિપાકમાં ઘણો ફેર પડી જાય છે. વર્તમાનમાં મળેલ પદાર્થ પ્રત્યે અનુરાગ ન હોવો તેમજ ભવિષ્ય માટેની આકાંક્ષા ન હોવી એ જ્ઞાનીનું લક્ષણ છે.

અલેપ (અલિપ્તતા)

જ્ઞાનીનું એક લક્ષણ છે. અલેપ (લેપાવું નહિ તે). જ્ઞાનીને લેપ (આસક્તિ) હોતો નથી. જ્ઞાની અલેપ થઈ જાય છે. માટીનો લેપ થાય. કાદવનો લેપ થાય. ખંજનનો લેપ થાય. આ જ પણ અનેક પ્રકારના લેપ અને ચોપડવાના પદાર્થો પ્રચલિત છે જે ચોંટી જાય છે. જ્ઞાનીને લેપ ચોંટતો નથી (વળગતો નથી.) આચાર્ય કુન્દકુન્દે આ વાત બહુ સ્પષ્ટ કરી છે. એક જ્ઞાની માણસ કર્મોની વચ્ચે રહે છે પણ એ તેમનાથી ખરડાતો નથી. આચાર્ય કુન્દકુન્દે ઘણું સુંદર ઉદાહરણ આપ્યું છે.

णाणी रागप्पजहो, सव्व दव्वेसु कम्ममज्झगदो ।
णो लिप्पदि रजएण दु, कद्दममज्झे जहा कणयं ।।
अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो ।
लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं ।।

લોઢું અને સોનું બન્ને કાદવમાં પડ્યો છે. બન્નેનો સ્વભાવ જુદો છે. કાદવમાં પડેલા સોનાને કાટ નહિ લાગે. એ બિલકુલ સાફ રહેશે. પણ લોઢા પર કાટ ચઢી જશે. જેમ સોના અને લોઢાનો સ્વભાવ ભિન્ન છે, તેમ જ્ઞાની અને અજ્ઞાનીનો સ્વભાવ જુદો જુદો હોય છે. અજ્ઞાની માણસ કર્મની વચ્ચે રહે તો તે એમાં ખરડાઈ જાય છે. જ્ઞાની માણસ એ જ ઘટનામાં રહેવા છતાં તેમાં ખરડાતો નથી. ઘટના એક જ છે, પણ એક એમાં ખરડાઈ જાય છે અને બીજો અલિપ્ત જ રહે છે.

યુદ્ધનું મૂળ કારણ :

રાજર્ષિ પ્રસન્નચંદ્ર ધ્યાનની મુદ્રામાં ઊભા હતા. ત્યાં એક અવાજ

સંભળાયો- 'રાજપાટ છોડીને મુનિ બની ગયો. ધ્યાન કરે છે, ત્યાં પુત્ર પર શત્રુઓએ આક્રમણ કરી દીધું છે. એ બિચારો માર્યો જાય છે. આ સાંભળતાં જ રાજર્ષિની જ્ઞાનચેતના અટકી ગઈ. અજ્ઞાન પ્રગટ થઈ ગયું. ધ્યાન મુદ્રામાં ઊભા ઊભા મુનિ યુદ્ધ કરવા મંડી પડ્યા. એ યુદ્ધ ભૂમિ પર ન ગયા. મોરચા ઉપર ન ગયા. પણ તેમનું ધ્યાન યુદ્ધની ભાવનામાં બદલાઈ ગયું. કાયોત્સર્ગની સ્થિતિમાં રાજર્ષિનો યુદ્ધભાવ વધારે ને વધારે તીવ્ર થતો ગયો. એ એટલું તો લડ્યા કે લડતાં લડતાં સાતમી નારકી સુધી જઈ પહોંચ્યા, એવી લડાઈ શરૂ કરી દીધી.

જ્યારે અજ્ઞાન જાગી ઊઠે છે ત્યારે અંદરની લડાઈ શરૂ થઈ જાય છે. અંતર (મન)માં યુદ્ધ અને સંઘર્ષ શરૂ થઈ જાય છે. જેટલા રાષ્ટ્રીય કલહો છે, સામાજિક અને સંસ્થાકીય કલહો છે તે બધા વ્યક્તિના અંતર મનથી શરૂ થાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘનું આ કથન કે- "યુદ્ધની શરૂઆત માણસના ભેજામાં થાય છે." એ નવું નથી. હજારો વર્ષ પહેલાં આ વાત કહેવાઈ હતી કે- યુદ્ધ પહેલાં માણસના મસ્તિષ્કમાં ઉત્પન્ન થાય છે અને પછી યુદ્ધ-ભૂમિ પર લડાય છે. રણભૂમિ પર લડાતા યુદ્ધનું મૂળ કારણ મનુષ્યના મસ્તિષ્કમાં છે. અજ્ઞાની માણસના ભેજામાં લડાઈઓ, ઝઘડા, કલહ, આંતર્દ્વન્દ્વ ચાલ્યા જ કરતાં હોય છે. જ્ઞાની માણસના મસ્તિષ્કમાં કંઈ પણ હોતું નથી. એ આ બધાથી અલિપ્ત રહે છે.

જ્ઞાની શુષ્ક હોય છે :

ઉપચારબુદ્ધિ, અનિચ્છા અને અલેપ આ ત્રણ એવાં તત્ત્વો છે જે જ્ઞાનીની જીવનયાત્રામાં ઉચિતતા સ્થાપે છે, અને જ્ઞાની તથા અજ્ઞાની વચ્ચે ભેદરેખા પણ દોરે છે.

પ્રશ્ન છે કે- જ્ઞાની થવું એ શું બધા માટે જરૂરી હોય છે ? અજ્ઞાનીનું પણ જીવન ચાલે છે. નિર્ભય રીતે ચાલે છે. એક અજ્ઞાની માણસ પદાર્થને જેટલો ભોગવે છે એટલો જ્ઞાની ભોગવતો નથી. અજ્ઞાની માણસ જીવનનો જેટલો રસ લે છે એટલો જીવનરસ જ્ઞાની લેતો નથી. મહાવીરની ભાષામાં જ્ઞાની માણસ શુષ્ક હોય છે. એટલા માટે જ અજ્ઞાન તરફ જેટલું આકર્ષણ (લોકોને થાય) છે તેટલું જ્ઞાન પ્રત્યે થતું નથી. પણ અજ્ઞાની માણસ જીવનમાં સમસ્યાઓ ઘણી આવે છે. એ સમસ્યાઓથી છૂટકારો મેળવવા માટે વ્યક્તિના મનમાં જ્ઞાની થવાની ઈચ્છા જાગે છે, એક અંતઃપ્રેરણા જાગે છે કે જ્ઞાની થવું જોઈએ. અજ્ઞાન મટાડવું જોઈએ, જ્ઞાન મેળવવું જોઈએ.

અકાળ મૃત્યુના સંદર્ભમાં :

સંસારમાં જેટલી સમસ્યાઓ છે તે બધી અજ્ઞાનજનિત છે. અજ્ઞાન ઘણી બધી સમસ્યાઓ ઉત્પન્ન કરે છે. આ સત્ય આપણે અકાળે થતા મૃત્યુના સંદર્ભમાં જોઈએ. જે જન્મે છે તે મરે છે એ વાત નિશ્ચિંત છે. પણ પ્રશ્ન એ છે કે જે બધા મરે છે તે સૌ સ્વાભાવિક મૃત્યુથી મરે છે કે અકાલ મૃત્યુથી ? એનો ઉત્તર છે- થોડાક જ માણસો સ્વાભાવિક મોતથી મરતા હોય છે. અકાલ મૃત્યુથી મરનાર ઘણા છે. અજ્ઞાની માણસ અકાલ મૃત્યુથી મરે છે. ભગવાન મહાવીરે અકાલ મૃત્યુનાં સાત કારણ બતાવ્યાં છે. એમાંનું પહેલું કારણ છે, તીવ્ર અધ્યવસાય (નિશ્ચય). નિશ્ચયની તીવ્રતા અકાલ મૃત્યુનું એક કારણ છે. જે માણસમાં રાગ-દ્વેષની તીવ્રતા છે તે પોતાના મોતે મરતો નથી. સ્વાભાવિક મોતે મરતો નથી. એ અકાલ મૃત્યુથી મરે છે.

લોભ : પરિણામ

આયુર્વેદમાં શરીરના સમસ્ત અવયવોનું આયુષ્ય બતાવેલું છે. હાથનું આયુષ્ય ત્રણસો વર્ષ, મૂત્રપિંડનું આયુષ્ય ત્રણસો વર્ષ અને હાડકાનું આયુષ્ય તેના કરતાંય વધારે છે. શરીરના અવયવોનું આયુષ્ય ત્રણસો-ચારસો વર્ષ અને માણસ સો વર્ષ પણ ન જીવે, સિત્તેર વર્ષ પણ પૂરાં ન કરી શકે એનો અર્થ એ કે માણસ અકાલ મૃત્યુને બોલાવે છે. એનું કારણ છે અધ્યવસાયની તીવ્રતા, રાગ-દ્વેષની તીવ્રતા, ભય અને આકાંક્ષાની તીવ્રતા. વળી આજના યુગમાં લોભ પણ ખૂબ વધ્યો છે. પહેલાંના સમયમાં લોભ ન હતો એમ તો ન કહી શકાય. પણ લાગે છે કે આજે એ વધારે છે. લોભ વધે તો ભય વધે. ભય વધે તો અનેક પ્રશ્નો ઊભા થાય. આયુર્વેદ અનુસાર લોભનું પરિણામ છે મંદાગ્નિ. જે માણસમાં લોભ વધારે હોય તેનો જઠરાગ્નિ મંદ થઈ જાય છે. અને ભૂખ લાગવી ઓછી થઈ જાય છે.

આચાર્યશ્રી એક મોટા ઉદ્યોગપતિના ઘરે પ્રવાસ (નિવાસ) કરી રહ્યા હતા. પાંચ-છ દિવસ થઈ ગયા. એક દિવસ આચાર્યશ્રીએ કહ્યું- કેવું છે આપનું જીવન ? શાંતિથી ભોજન પણ કરી શકતા નથી ! ભોજન કરતાં પણ દસ-દસ વખત ફોન કરો છો. રાત-દિવસ ફોનની ઘંટડીઓ વાગ્યા જ કરે છે. નથી શાંતિથી સૂઈ શકતા કે નથી શાંતિથી ખાઈ શકતા. ઉદ્યોગપતિ બોલ્યા- મહારાજ આપ સાચું કહો છો. હું કશું ય ખાઈ શકતો નથી. હું એક નાનો ફૂલકો-ફાફડો ખાઉં છું. એ પણ પૂરો ખાઈ શકતો નથી. મને

ભૂખ જ લાગતી નથી.

લોભ ઘણો બળવાન છે

દુનિયા ઘણી વિચિત્ર છે. જેમની પાસે ધનના ઢગલા છે એમનો અગ્નિ મંદ છે. જેમનો અગ્નિ તીવ્ર છે એમને ખાવાનું મળતું નથી. આ જગતમાં આવા વિરોધાભાસો ચાલે છે. આજકાલ હાર્ટફેઈલથી મરનારાઓની સંખ્યા વધી રહી છે. એનું સૌથી મોટું કારણ એ જ લાગે છે- લોભની પ્રબળતા. માણસનો લોભ બહુ જ બળવાન છે. એ બધુંય ધન પચાવી લેવા ઈચ્છે છે. પણ એ બધુંય પચાવી શકાતું નથી. લોભ સાથે ભય પણ વધ્યો છે. લોભ અને ભય વધે તો હાર્ટ-એટેકની સંભાવનાઓ કેમ પ્રબળ ન થાય ? એનાથી સ્વાભાવિક જ અકાલ મૃત્યુને નિમંત્રણ મળી જાય છે. જો મરનાર માણસોનો હિસાબ કરાય તો સોમાંથી એક માણસ પણ ભાગ્યે જ એવો મળે જેણે પૂરું જીવન જીવ્યું હોય ! દરેક માણસ અકાલ મૃત્યુનો કોળિયો થઈ રહ્યો છે. આ સમસ્યા અજ્ઞાનને લીધે ઊભી થઈ છે. માણસ જો જ્ઞાની ન થાય તો તે પૂરું જીવન જીવી શકતો નથી.

ત્રિકોણ :

આચાર્ય અમૃતચંદ્રે સમયસાર કલશમાં ઘણી સરસ વાત કરી છે. 'एकमेवहि तत् स्वाद्यं विपदामापदं पदं । અજ્ઞાન વિપત્તિઓનું સ્થાન છે. બધીય વિપત્તિઓ અને આપત્તિઓ અજ્ઞાનને લીધે આવે છે. જ્ઞાન એ વિપત્તિઓથી મુક્ત છે. એમાં કોઈ આપત્તિ આવતી નથી. અજ્ઞાનને લીધે ઉત્પન્ન થનારી પહેલી આપત્તિ છે- અધ્યવસાય (નિશ્ચય-સંકલ્પ)ની તીવ્રતા. અકાલ મૃત્યુ. બીજી આપત્તિ છે- લોભ. ત્રીજી આપત્તિ છે- સ્વાર્થ, ચોથી આપત્તિ છે- ક્રૂરતા. અજ્ઞાની માણસ સ્વાર્થી બની જાય છે. એ માત્ર પોતાની વાતનો જ વિચાર કરે છે. સ્વાર્થ, લોભ અને ક્રૂરતા એ એક ત્રિકોણ છે. જે લોભી હોય તે સ્વાર્થી હોવાનો. જે સ્વાર્થી છે તે લોભી હોવાનો. લોભ અને સ્વાર્થ એ બે જોડાયેલા છે. જે સ્વાર્થી અને લોભી હોય તે બીજાઓ તરફ ક્રૂર બની જાય છે. એ બીજાની ચિંતા કરતો નથી. એના આચરણ અને વ્યવહારને લીધે બીજાની શી સ્થિતિ થશે એ વાત તરફ એ બિલકુલ બેદરકાર થઈ જાય છે. એનામાં પ્રામાણિકતાનો અભાવ થઈ જાય છે. અનૈતિકતા અને અપ્રામાણિકતાની જે સમસ્યા આજે છે એનું કારણ શોધવું હોય તો એક કારણ મળશે- અજ્ઞાન.

અજ્ઞાન એ બળવાન રાગ (આસક્તિ) છે

અજ્ઞાન શબ્દને પણ આપણે સમજી લઈએ. અજ્ઞાનનો અર્થ અભણ એવો નથી. જે ભણે તે જ્ઞાની અને ન ભણે તે અજ્ઞાની એવી ભેદરેખા શાળાના શિક્ષણને આધારે દોરાય છે, પણ અધ્યાત્મની વ્યાખ્યા એનાથી તદ્દન જુદી છે. અધ્યાત્મની ભાષામાં અજ્ઞાન એટલે પ્રબળ રાગ (બહુ મજબૂત આસક્તિ). રાગને કારણે જ અનીતિનો પ્રશ્ન વ્યાપક બને છે.

એક શેઠ પોતાની દુકાને જઈ રહ્યા હતા. રસ્તામાં એક ભિખારી મળ્યો. કંઈક આપવા માટે એણે શેઠને વિનંતી કરી. શેઠે ગજવામાં હાથ નાખ્યો, સોનાની એક ગીની કાઢી અને ભિખારીના હાથમાં ધરી દીધી. શેઠ આગળ નીકળી ગયા. ભિખારીએ જોયું- આ સોનાની ગીની છે. એની તો કલ્પનામાં જ આવતું ન હતું કે ભિખારીને કોઈ સોનાની ગીની આપી શકે. ભિખારી ખોડંગાતો શેઠની પાછળ ગયો. દુકાને પહોંચ્યો અને કહ્યું, લ્યો શેઠ, આ આપની ગીની. કદાચ ભૂલથી આપે રૂપિયાને બદલે ગીની આપી દીધી હશે. આ સાંભળી શેઠ વિસ્મયચકિત થઈ ગયા. એમને વિચાર આવ્યો કે આ માણસ ભિખારી હોવા છતાં કેટલો ઈમાનદાર છે ! એમણે બીજી એક ગીની કાઢીને ભિખારીને આપી દીધી. ભિખારી તો શેઠના આ વ્યવહાર પર મુગ્ધ થઈ ગયો અને શેઠ ભિખારીની ઈમાનદારી પર.

જ્ઞાન અને ધ્યાન

નૈતિકતા અને ઈમાનદારી ભિખારી પાસે પણ હોય. ક્યારેક ભિખારી જેટલો ઈમાનદાર, જેટલો પ્રામાણિક હોય છે એટલો એક સંપન્ન માણસ નથી હોતો. જેના મનમાં લોભ અને સ્વાર્થ પ્રબળ ન હોય તેવો દરેક માણસ ઈમાનદાર અને નૈતિક હોઈ શકે. બેઈમાન, અનૈતિક અને અપ્રામાણિક તો તેવો માણસ જ હોય જે સ્વાર્થી અને લોભી હોય. સ્વાર્થ અને લોભને લીધે ક્રૂરતા જન્મે છે. જેના મનમાં ક્રૂરતા રહેલી છે તે સમાજના નિર્માણનું નહિ પણ સંહારનું કારણ બની શકે છે.

આ બધી સમસ્યાઓના મૂળમાં અજ્ઞાન છે, તેથી આચાર્યે એ વાત પર ભાર મૂક્યો કે, જ્ઞાની થાઓ. જ્ઞાન એ એક જ એવો માર્ગ છે જેનાથી સમસ્યાનું સમાધાન કરી શકાય છે. આ વાતને સ્પષ્ટ રીતે સમજીએ- જ્ઞાન અને ધ્યાન એ બે જુદી વાતો નથી. જે સમયે મનમાં રાગ અને દ્વેષનો ભાવ હોતો નથી તે સમયે જ્ઞાન થાય છે, અને તે વખતે જ ધ્યાન થાય છે. રાગ-દ્વેષ રહિત ક્ષણમાં જીવવું એનું નામ જ્ઞાન. જ્ઞાન અને ધ્યાન

વચ્ચેનું અંતર મટાડવું એ એક મોટી આધ્યાત્મિક ભૂમિકા છે. આચાર્ય કુન્દકુન્દે એમાં મોટો ફાળો આપ્યો છે. જ્ઞાન અને ધ્યાનનું અંતર મટવું એ એક મહત્ત્વનો લાભ છે. જેમ જેમ આ જ્ઞાન અને ધ્યાનનું અંતર મટતું જાય છે તેમ તે અજ્ઞાન મટતું જાય છે. ચંચળતા મટતી જાય છે. જીવનની દિશા બદલાતી જાય છે. આ સ્થિતિમાં જીવનમાં અનેક એવા પ્રદેશો ખૂલતા જાય છે, જેની આપણે કલ્પના પણ ન કરી શકીએ !

★ ★ ★

સંકલિકા - 3

- परमट्ठ बाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति ।
  संसारगमणहेदुं वि मोक्खहेदुं अजाणन्ता ।।
- कम्ममसुहं कुसीलं, सुहकम्मं चावि जाणह सुसीलं ।
  कहं तं होदि सुसीलं जं संसारं पवेसेदि ।।
- परमट्ठो खलु समओ, सुद्धो जो केवली मुणी णाणी ।
  तम्हि ट्ठिदा सहावे, मुणिणो पावन्ति णिव्वाणं ।।
- सम्मत्तपडिणिबद्धं, मिच्छत्तं जिणवरेहिं परिकहियं ।
  तस्सोदएण जीवो, मिच्छादिट्ठि त्ति णादव्वो ।।
- णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहिं परिकहियं ।
  तस्सोदएण जीवो, अण्णाणी होदि णादव्वो ।।
- चारित्तपडिणिबद्धं, कसायं जिणवरेहिं परिकहियं ।
  तस्सोदएण जीवो अचरित्तो होदि णादव्वो ।।
- सोवण्णियं पि णियलं बन्धदि कालायसं पि जह पुरिसं ।
  बन्धदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं ।।
- तम्हा दु कुसीलेहि य, रागं मा कुणह मा व संसग्गं ।
  साहीणो हि विणासो, कुसीलसंसग्गरागेण ।।

  (સમયસાર-૧૫૪, ૧૪૫, ૧૫૧, ૧૬૧-૧૬૩, ૧૪૬, ૧૪૭)
- આકર્ષણ : વિકર્ષણ
- સવિકલ્પ ચેતના : નિર્વિકલ્પ ચેતના
- સમસ્યાના ત્રણ હેતુ -
  મિથ્યાત્વ
  અજ્ઞાન
  કષાય
- સમાધાન : આત્માનુભૂતિની દિશામાં પ્રસ્થાન.

૩. બંધન અંતે બંધન છે

જીવનનું તણખલું : આકર્ષણનો પ્રવાહ

આકર્ષણ અને વિકર્ષણ- આ બે શબ્દોની વચ્ચે જીવનની યાત્રા ચાલી રહી છે. કોઈ એક વસ્તુ તરફ આકર્ષણ જન્મે છે અને બીજી કોઈ વસ્તુ તરફ વિકર્ષણ પેદા થાય છે, ધૃણા અને દ્વેષ જાગે છે. વિકર્ષણ એક સમસ્યા (કોયડો) છે, તો આકર્ષણ એનાથીય વધારે ગંભીર કોયડો છે. એકલા આકર્ષણે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. પદાર્થ તરફ આકર્ષણ, સત્તાનું આકર્ષણ, વસ્ત્રનું આકર્ષણ, વ્યક્તિનું આકર્ષણ, ચારે બાજુ આકર્ષણ જ આકર્ષણ. કોણ જાણે કેટલાં આકર્ષણો છે ! એમ લાગે છે કે- જાણે આકર્ષણના પ્રવાહમાં જીવનનું તણખલું તણાતું જાય છે. માણસ વિકર્ષણને સમજી જાય છે અને તેને છોડવાનો પ્રયત્ન કરે છે, પણ આકર્ષણને છોડવું બહુ કઠણ થઈ પડે છે. ધર્મશાસ્ત્રમાં આ બન્ને શબ્દોના પ્રતિનિધિ શબ્દો છે- પુણ્ય અને પાપ. જો ધાર્મિક માણસ પાપ અને પુણ્યના ચક્કરમાં ફસાયેલો રહે તો માની લેવું કે એ ખરા અર્થમાં ધાર્મિક નથી. માણસનો અધ્યાત્મના ક્ષેત્રમાં જેવો પ્રવેશ થાય કે તરત પાપ અને પુણ્ય પડદા પાછળ જતાં રહે છે. જો પાપ અને પુણ્ય પડદા પાછળ ન જતાં રહે તો ખરા અર્થમાં ધર્મનું અવતરણ થતું નથી. અધ્યાત્ની ચેતના જાગતી નથી.

પુદ્ગલ વિજાતીય છે

આચાર્ય કુન્દકુન્દે અધ્યાત્મ અંગેનો એક મહત્ત્વનો નિયમ આપ્યો છે- જેમ પાપ તજવા યોગ્ય છે તેમ જ પુણ્ય પણ હોય છે. પુણ્ય અને પાપ એ બન્નેય સંસારના હેતુઓ (કારણો) છે, મોક્ષના હેતુ નથી.

परमट्ठ बाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति ।
संसारगमणहेदुं वि, मोक्खहेदुं अजाणन्ता ।।

પુણ્ય અને પાપના સ્વરૂપમાં અંતર છે, હેતુમાં અંતર છે, અને અનુભવમાં પણ અંતર છે. પણ બન્નેય બંધનકારક છે. અશુભ પરિણામ એ પાપનો હેતુ છે અને શુભ પરિણામ એ પુણ્યનો હેતુ છે. ખરાબ ફળ આપવું એ પાપનો સ્વભાવ છે, અને સારું ફળ આપવું એ પુણ્યનો સ્વભાવ છે. પાપ અને પુણ્યનો અનુભવ જુદો જુદો હોય છે. એ બન્ને વિજાતીય છે. આત્મ-સાક્ષાત્કાર અને પરમાત્માનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા રાખનાર

માણસની દૃષ્ટિમાં પુણ્ય અને પાપ એ બન્ને ય વિઘ્નરૂપ છે, વિજાતીય છે. એ બન્નેય તેનાં સજાતીય થઈ શકતાં નથી. સજાતીય તો છે જ્ઞાન, દર્શન અને ચારિત્ર. પુદ્‌ગલ વિજાતીય છે. પુણ્ય પણ પુદ્‌ગલ છે અને પાપ પણ પુદ્‌ગલ છે. પુદ્‌ગલ ભલે પુણ્યના રૂપમાં પ્રગટ થાય કે ભલે પાપના રૂપમાં પ્રગટ થાય, પણ પુદ્‌ગલ એ પુદ્‌ગલ છે. અને તે આત્માને બાંધનાર છે, ચેતનાને છાઈ દેનાર (ઢાંકી દેનાર) છે.

પુણ્યનો ભોગ અને પાપનું બંધન

અધ્યાત્મનો મહત્ત્વનો નિયમ છે. માણસને પુણ્યના આકર્ષણમાંથી મુક્ત કરવો. હજારો વર્ષોથી માણસના મનમાં પુણ્ય તરફનું એક મોટું આકર્ષણ રહ્યું છે. માણસ બે વાતો ઇચ્છે છે. પુણ્ય વધતું જાય અને પુણ્યનું ફળ મળતું જાય. આ બે વાતોમાં એ ફસાયેલો રહે છે. માણસ જ્યાં સુધી આ બે વાતોમાં ફસાયેલો રહે ત્યાં સુધી એનામાં ભયની ચેતના જાગશે, આત્માની ચેતના નહિ જાગે. જે દિવસે એને આ વાત સમજાશે કે પુણ્ય પણ કામનું નથી અને પુણ્યના ફલની આકાંક્ષા પણ ન કરવી જોઈએ તે દિવસે અધ્યાત્મની ક્ષણ પ્રાપ્ત થશે. જે માણસ પુણ્યનું ફળ ભોગવવા માંડે છે તે વસ્તુતઃ પાપને એકઠું કરે છે. પુણ્ય ભોગવવાથી પાપના બંધનમાં પડાય છે, અને એ સંસારનો હેતુ છે. એવા માણસને સુશીલ કઈ રીતે કહેવાય ?

कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं ।
कहं तं होदि सुसीलं, जं संसारं पवेसेदि ।।

વિચારનું ચક્ર

ચેતનાના બે પ્રકાર છે- સવિકલ્પ ચેતના (જ્ઞાન) અને નિર્વિકલ્પ ચેતના. જેમાં એક પછી બીજો વિકલ્પ જાગતો રહે, એક પછી બીજો વિચાર આવતો રહે તે છે સવિકલ્પ ચેતના. આખો દિવસ વિચારો અને વિકલ્પોની હારમાળા ચાલ્યા કરે છે. વિકલ્પ જ વિકલ્પ ઊઠતા રહે છે. ક્યાંય વિકલ્પોનો અંત જ આવતો નથી. વિચારોનો તાંતણો અટકતો જ નથી. એક દિવસમાં તો કોણ જાણે કેટલાય વિચાર માણસના માનસપટ પર ઊતરી આવે છે ! કોઈ વખત સારો વિચાર, કોઈ વખત ખરાબ વિચાર, કોઈ વખત લાભદાયક, કોઈ વખત હાનિકારક, કોઈ વખત હર્ષ પેદા કરનાર અને કોઈ વખત શોક પેદા કરનાર વિચાર ઉત્પન્ન થઈ જાય છે. વિચારોનું એક ચક્ર છે. માણસના વિચાર બદલાતા જ જાય છે. જો સવારથી સાંજ સુધીના વિચારોની નોંધ

કરાય તો સંભવ છે કે, એક દિવસમાં એક પુસ્તક ભરાઈ જાય. આ વિચારો કાં તો પાપના હોય છે, ખરાબ હોય છે કે પછી પુણ્યના હોય છે, સારા હોય છે. માણસ પુણ્ય અને પાપના વિચારો અને વિકલ્પોમાં ઘેરાયેલો રહે છે. વિકલ્પની આ ચેતનાએ જ માણસના વિવેકને પણ બુઠ્ઠો બનાવી દીધો છે.

એક વખત એક રાજા ફરવા નીકળ્યો. બહાર જતાં પહેલાં એણે મંત્રીને પૂછ્યું, વચમાં કયાંય વરસાદ તો નહિ આવે ને ?

મંત્રીએ કહ્યું, 'મહારાજ, વરસાદનાં કોઈ લક્ષણ તો દેખાતાં નથી.' આ સાંભળીને રાજા છત્રી વગેરે કશુંય સાથે લીધા વિના ફરવા નીકળી પડ્યો. રસ્તે એક ખેતરમાં એક વૃદ્ધ ખેડૂત વૃક્ષ નીચે બેઠો હતો. રાજાએ એને પૂછ્યું, તમને લાગે છે કે આજે પાણી (વરસાદ) વરસશે ?

ખેડૂતે કહ્યું, 'મને તો ચોક્કસ લાગે છે કે અડધા એક કલાકમાં જ વરસાદ વરસશે'. રાજા આગળ વધ્યો. અર્ધો કલાક પૂરો થયો ન થયો ત્યાં વરસાદ વરસવા લાગ્યો. રાજા પાસે વરસાદથી બચવાનું કોઈ સાધન ન હતું. એ ભીંજાતો ભીંજાતો પાછો આવ્યો. રાજાએ મંત્રીને કહ્યું, 'આપ મંત્રીપદ માટે સ્હેજેય લાયક નથી. તમે એટલું પણ બતાવી શકતા નથી કે વરસાદ વરસશે કે નહિ. તો પછી રાજની આવડી મોટી જવાબદારી કઈ રીતે સંભાળી શકશો ? આપ કરતાં વધારે બુદ્ધિમાન તો પેલો ખેડૂત છે. એણે મને વરસાદની બરાબર માહિતી આપી. હું આપને સ્થાને એને પ્રધાન તરીકે નિમું છું.'

પછી રાજાએ ખેડૂતને બોલાવી કહ્યું, 'તેં મને વરસાદ વરસવાની બરાબર માહિતી આપી. તું સમયને પારખી શકે છે. તેથી હું તને પ્રધાન બનાવું છું.'

ખેડૂતે કહ્યું, 'મહારાજ, મને તો મારા ગધેડાને લીધે વરસાદ વરસવાની ખબર પડી. જ્યારે વરસાદ વરસવાનો હોય છે ત્યારે ગધેડો એના કાન ઝુકાવી દે છે. મેં ગધેડાને જોઈને જ વરસાદ વરસવાની વાત કહી હતી.'

ખેડૂતની વાત સાંભળીને રાજાએ કહ્યું, 'તો તો તારો ગધેડો પ્રધાનપદ માટે વધારે યોગ્ય છે. હું એને મારો મંત્રી બનાવું છું.'

જે માણસ વિકલ્પોમાં ગૂંચવાતો જાય છે તેની સામે ગધેડાને પ્રધાન બનાવવાનો પ્રસંગ પણ આવી પડે છે.

નિર્વિકલ્પ જ્ઞાન

ધર્મ કે અધ્યાત્મ એ નિર્વિકલ્પ જ્ઞાન છે. એમાં કોઈ વિચાર, ચિંતન કે વિકલ્પ હોતો નથી. માત્ર આત્માનો અનુભવ હોય છે. નિર્વિકલ્પ જ્ઞાન હોય છે. આચાર્ય કુન્દકુન્દે આત્મદર્શન પર ઘણું જોર આપ્યું છે, એમણે કહ્યું- 'માત્ર આત્માને જુઓ. આત્મા જ સમય (કાલ) છે. આત્મા જ શુદ્ધ છે. આત્મા જ કેવલી છે. આત્મા જ મુનિ છે. આત્મા જ જ્ઞાની છે. આત્મામાં સ્થિર રહેલા માણસો જ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

परमट्ठो खलु समओ, सुद्धो जो केवली मुणी णाणी ।
तम्हि ट्ठिदा सहावे, मुणिणो पावन्ति णिव्वाणं ।।

મુક્તિના માર્ગની સમસ્યા

પ્રશ્ન થાય છે કે આત્મા ઉપર આટલો ભાર કેમ આપવામાં આવ્યો? આખા જગતની સમસ્યાઓનો અભ્યાસ કર્યો તો ખબર પડી કે- આત્મા વિના આ સંસારમાં આ સમસ્યાઓનું કોઈ સમાધાન નથી. આત્માને જાણીને જ આ સમસ્યાઓનું સમાધાન મેળવી શકાય છે. જે માણસ આત્માને જાણવાની દિશામાં પગલું ભરતો નથી એ સમસ્યાઓના ચક્રમાંથી છૂટી શકતો નથી. એ એક સમસ્યા મટાડે છે અને અનેક સમસ્યાઓ પેદા કરે છે. આત્માનું દર્શન કે આત્માનો સાક્ષાત્કાર એક એવો માર્ગ છે જેના વડે અનેક સમસ્યાઓ એક સાથે ઉકલી જાય છે, મટી જાય છે. 'આત્મા વડે આત્માને જુઓ' એ વાત ઉપર જ ભાર મૂકવામાં આવ્યો છે એમ નથી. વિચારપૂર્વક અને બુદ્ધિપૂર્વક આ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. કહેવાયું છે કે- જો તમારે ઢગલાબંધ સમસ્યાઓનું સમાધાન જોઈતું હોય, જીવનમાં દુઃખ અને ગૂંચવણોથી છૂટવા માગતા હો તો એનો સીધો રસ્તો છે- આત્મદર્શન. જેણે પોતાના આત્માને ઓળખવાનો પ્રયત્ન કર્યો છે એ બધી સમસ્યાઓનો પાર પામી જાય છે.

સમસ્યાનાં ત્રણ કારણ

સમસ્યાઓનાં મુખ્યત્વે ત્રણ કારણો છે- મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાય. આચાર્ય કુન્દકુન્દે આ સંબંધમાં ઘણું સુંદર માર્ગદર્શન આપ્યું છે. એમણે લખ્યું છે- મિથ્યાત્વ સમ્યકત્વને રોકનાર છે. અજ્ઞાન જ્ઞાનનું પ્રતિબંધક છે, અને કષાય ચરિત્રનું પ્રતિબંધક છે.

सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहिं परिकहियं ।
तस्सोदयेण जीवो मिच्छादिट्ठि त्ति णादव्वो ।।

णाणस्स पडिणिबद्धं, अण्णाणं जिणवरेहिं परिकहियं ।
तस्सोदएण जीवो, अण्णाणी होदि णादव्वो ।।
चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहिं परिकहियं ।
तस्सोदएण जीवो, अचरित्तो होदि णादव्वो ।।

મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાય એ ત્રણ આપણા જીવનમાં સૌથી મોટાં વિઘ્નો છે, સમસ્યા અને દુઃખ જન્માવનારાં છે. જ્યાં સુધી માણસનું દષ્ટિબિંદુ બરાબર હોતું નથી ત્યાં સુધી સમસ્યાનું ચક્ર સતત ફરતું રહે છે. જીવનની ઘણી બધી સમસ્યાઓ મિથ્યા દષ્ટિબિંદુને કારણે ઉત્પન્ન થાય છે. માણસનું દષ્ટિબિંદુ બરાબર ન હોય તો તે દરેક વાતને ઊલટી જુએ છે. ખોટા દષ્ટિબિંદુને લીધે માણસ દોરડીને સાપ સમજી બેસે છે. એ ભયભીત થઈને નાસવા માંડે છે. ભયને લીધે ચીસો પાડવા માંડે છે. છીપલી ઉપર સૂર્યનાં કિરણો પડે ત્યારે તે ચમકવા માંડે છે. એને માણસ ચાંદીનો ટૂકડો સમજી બેસે છે અને એને મેળવવાના લોભમાં પડે છે. કિનારાની ભીની રેતી ઉપર સૂર્યનાં કિરણો પડે છે ત્યારે ચારે તરફ પાણી જ પાણી છે એમ લાગે છે. તળાવનું તળાવ છે એમ લાગે છે. જો કોઈ માણસ એ (ઝાંઝવા)ના વિશ્વાસે મુસાફરીએ નીકળે તો શી દશા થાય ? જેમ જેમ માણસ આગળ વધતો જાય તેમ તેમ તળાવ દૂરનું દૂર થતું જતું લાગે. એનું નામ છે મૃગ મરીચિકા (મૃગજળ-ઝાંઝવાંનું જળ). બિચારું હરણ એ રેતી પર પાણીની આશાએ દોડે છે, દોડતું જ જાય છે. અને અંતે તરસથી વ્યાકુલ થઈને તે પોતાનો જીવ ગુમાવે છે, પણ પાણીનું એક ટીપું પણ એને મળતું નથી.

સુખ : તેમાં ત્રણ વિઘ્નો

જ્યાં સુધી દષ્ટિબિંદુ બરાબર ન હોય ત્યાં સુધી આ મૃગજળ માણસને સતાવ્યા કરે છે. એ સુખની લાલસામાં નીકળે છે અને દુઃખ પેદા કરતો જાય છે. જે માણસ પોતાનામાં સ્થિર થઈ જાય છે એમાં કોણ જાણે શુંય રાસાયણિક પરિવર્તન થાય છે કે એ સુખ અનુભવવા માંડે છે. જે માણસે પોતાના શરીરને સ્થિર કરી લીધું હોય. વાણીને સ્થિર કરી લીધી હોય, મનને સ્થિર કરી લીધું હોય તે સુખની દિશામાં પ્રસ્થાન કરી ગયો સમજવો. જ્યારે આ ત્રણેય સ્થિર હોય છે ત્યારે અંદરની ચેતના જાગવા માંડે છે. આત્મા સાથે સાક્ષાત્કાર થવો શરૂ થઈ જાય છે. સુખમાં ત્રણ વિઘ્નો છે- મનની ચંચળતા, વાણીની ચંચળતા અને શરીરની ચંચળતા. જ્યાં સુધી આ ત્રણ વિઘ્નો ટક્યાં છે ત્યાં સુધી કદીય સુખનો અનુભવ થઈ શકે નહિ. સુખ

આપણી અંદર પડ્યું છે. જરૂર છે એને જગાડવાની.

અકલ્પ્ય સુખ

હવાઈ યુનિવર્સિટીમાં પૉલિટિકલ સાયન્સના એક પ્રોફેસર ગ્લેનપેજ છે. તે પ્રેક્ષાધ્યાન શિબિરમાં ભાગ લઈ રહ્યા હતા. એક દિવસે તેમણે રાતમાં ધ્યાનનો પ્રયોગ કર્યો. પ્રયોગ કર્યા પછી તરત જ તે મારી પાસે આવ્યા અને કહે, આજે મેં સુખ અને શાંતિનો જેવો અનુભવ કર્યો છે એવાં સુખ અને શાંતિની કલ્પના અમે અમેરિકન લોકો સ્વપ્નમાં પણ ન કરી શકીએ.

મેં પૂછ્યું, 'આપને ખાવા-પીવામાં એવો કોઈ પદાર્થ મળ્યો જેને લીધે તમને સુખનો અનુભવ થયો ?'

ના.

મેં ફરી પૂછ્યું, 'સુખનું કારણ શું થયું ?' (શું થયું જે કારણે તમને સુખ થયું ?)

ગ્લેનપેજે કહ્યું, ધ્યાન.

'કેવી રીતે મળ્યું ?'

ધ્યાનથી અપૂર્વ સુખ મળ્યું છે એ સત્ય છે. પણ એ કઈ રીતે મળ્યું એનું વિવરણ હું કરી શકતો નથી.

આપણા શરીરની અંદર વિદ્યુત છે. જ્યારે તે કામ કરવા લાગે ત્યારે માણસને બહુ સુખ મળે છે. આપણી સુંદર વિદ્યુતના અનેક તરંગો છે જ્યારે જ્યારે આલ્ફા તરંગો (આલ્ફાવેવ્ઝ) તરંગિત થાય (તરંગોમાં ક્ષોભ-ચંચળતા આવે) ત્યારે માણસને એટલું બધું સુખ મળે છે, જેટલું જગતના કોઈ પણ પદાર્થથી ન મળી શકે. એકાગ્રતા દ્વારા, ધ્યાન દ્વારા, ભક્તિ દ્વારા, આંતરિક ચેતનાના વિકાસ દ્વારા એવાં રસાયણ ઉત્પન્ન થાય છે. અને એમનાથી સુખ મળે તેવું સુખ કોઈ પણ પદાર્થથી ક્યારેય પણ નથી મળતું.

પદાર્થ અને સુખ

સૂત્રકૃતાંગ સૂત્રની ચૂર્ણિ (ટીકા)માં લખ્યું છે કે જ્યારે ઈર્યાપથિકી ક્રિયા (કષાયમુક્ત ક્રિયા) વિકસે છે ત્યારે અનુપમ સુખનો અનુભવ થાય છે. ક્રિયાઓ બે પ્રકારની છે. ઈર્યાપથિકી અને સાંપરાયિકી. ઈર્યાપથિકી ક્રિયા કષાયમુક્ત હોય છે અને સામ્પરાયિકી ક્રિયા કષાય-યુક્ત હોય છે. ઈર્યાપથિકી ક્રિયામાં જે સુખ મળે છે એના લીધે આપણે આંખો મીંચેલી રાખીએ છીએ. જ્યાં સુખ નથી એની પાછળ આપણે દોડ્યા જઈએ છીએ.

આ વિચારસરણી મિથ્યા છે. જ્યાં સુધી આ દષ્ટિકોણ બદલાય નહિ ત્યાં સુધી સુખની કલ્પના સાકાર બનશે નહિ. માણસને પદાર્થ મળી શકે છે. ધન મળી શકે છે, સગવડ મળી શકે છે. પણ સુખ મળી શકે છે કે નહિ એ કહેવું ઘણું કઠણ છે. અમે એવા માણસો જોયા છે જેઓ કરોડપતિ છે. પણ એમના દુ:ખનો કોઈ આરો નથી. મેં મારી નજરે અબજપતિ માણસને રડતો, વિલાપ કરતો જોયો છે. જેનો દષ્ટિકોણ સમ્યક્ થયો નથી તે સર્વ કંઈ મળ્યા પછી પણ ગરીબનો ગરીબ જ રહે છે. અને જેને સમ્યગ્ દર્શન પ્રાપ્ત થઈ જાય તે બાદશાહ બની જાય છે.

ફકીર કોણ છે ?

શહેરમાં એક ફકીર આવેલો હતો. સૌ કોઈ એનાં દર્શને જતા હતા. રાજાએ ફકીર વિશેની વાત સાંભળી. એ પણ ફકીરનાં દર્શન કરવા ગયો. એણે જોયું તો ફકીરના શરીર પર પૂરાં કપડાં પણ ન હતાં. રાજાએ કહ્યું, 'મહારાજ આપ ઘણી ગરીબીમાં જીવો છો. મારા રાજ્યમાં આટલો ગરીબ તો કોઈ માણસ નથી. હું આપને કંઈ ભેટ આપવા ઇચ્છુ છું'. ફકીર મૂંગો રહ્યો. રાજાએ સોનૈયાથી ભરેલા થાળ ફકીરની સામે મૂક્યા અને કહ્યું, 'મહારાજ, આપ મને એવો આશીર્વાદ આપો જેથી મારું રાજ્ય કાયમ રહે, મારું રાજ્ય વધતું જાય, મારું ઐશ્વર્ય સદા વધતું રહે.' ફકીરે કહ્યું, 'મારે કંઈ જ જોઈતું નથી. તું મારી સામેથી જતો રહે. તું એ કહે કે- 'જે માગે એ ગરીબ કહેવાય કે જે ન માગે તે ગરીબ કહેવાય ?' આ સાંભળીને રાજા તો સ્તબ્ધ જ થઈ ગયો.

દુ:ખ-મુક્તિનો પહેલો નિયમ : સમ્યગ્ દર્શન :

જે વ્યક્તિમાં સમ્યગ્ દષ્ટિનું ભાન જાગી જાય છે તે આખા જગતનો બાદશાહ થઈ જાય છે. જેનો દષ્ટિકોણ મિથ્યા રહ્યા કરે છે. તે બધુંય મળ્યા પછી પણ ફકીર રહ્યા કરે છે. જ્યાં સુધી આત્મદર્શન થતું નથી ત્યાં સુધી મિથ્યા દષ્ટિકોણ બદલાતો નથી, અને આ મિથ્યા દષ્ટિકોણે જ સમ્યગ્ દર્શનની દષ્ટિને બાંધી રાખી છે. આ જ આપણા વિકાસમાં વિઘ્નરૂપ છે. આપણી દષ્ટિને વિપરીત (ઊલટી) બનાવી રાખે છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ દેખાય છે અને જ્યાં સુખ ભર્યું પડ્યું છે ત્યાં સુખ દેખાતું નથી. માણસમાં એવી તો મૂર્ચ્છા ઉત્પન્ન થઈ જાય છે કે કશી ખબર જ પડતી નથી. જે પોતાનો છે એને એ પારકો માનતો જાય છે અને જે પારકો છે એને પોતાનો માનતો જાય છે. આ ભ્રમ કોણ જાણે કેટલાંય દુ:ખ ઉત્પન્ન

કરી રહ્યો છે. આ સમસ્યાનો અને દુઃખથી છુટકારો પામવાનો પહેલો નિયમ છે- સમ્યગ્ દષ્ટિકોણ જાગે અને મિથ્યા દષ્ટિકોણ બદલાય. જે જેવો હોય એને આપણે એવો જ સમજીએ. આપણું જ્ઞાન વિપરીત ન થાય. જો આવું બને તો દુઃખમુક્તિની દિશામાં આપણું પ્રસ્થાન થઈ જાય છે.

અજ્ઞાનને લીધે જ્ઞાન પ્રતિબંધિત છે

આ સમસ્યાનું એક કારણ છે-અજ્ઞાન. આપણને પોતાને ઓળખવામાં આપણું અજ્ઞાન વિઘ્નરૂપ રહ્યું છે. એટલું તો ગાઢ છે અજ્ઞાન કે આપણો પોતાનો પ્રકાશ આપણને દેખાતો જ નથી. આપણી અંદર કેટલો પ્રકાશ છે એનું આપણને ભાન નથી. જ્યારે પ્રજ્ઞા જાગે ત્યારે એની ખબર પડે કે આપણી અંદર કેટલું જ્ઞાન છે. હજી સુધી એ પુસ્તકોમાં ભરાયેલું પડ્યું છે. માણસને લાગે છે કે વિદ્યાલયમાં જઈશું અને પુસ્તકો વાંચીશું તો જ્ઞાન મળશે. જો વિદ્યાલયમાં ન જઈએ અને પુસ્તકો ન વાંચીએ તો જ્ઞાન નહિ મળે, આપણે અજ્ઞાની જ રહીશું. કોણ જાણે કેટલાય લોક વિદ્યાલયમાં, મહાવિદ્યાલયમાં (કોલેજમાં) અને વિશ્વવિદ્યાલયમાં (યુનિવર્સિટીમાં) ભણીને અજ્ઞાની રહ્યા છે અને એવા લોક આખી દુનિયાને બરબાદ કરી રહ્યા છે. વસ્તુતઃ જ્ઞાન આપણી અંદર છે. દુનિયામાં જેટલા મોટા મોટા વૈજ્ઞાનિકો થયા છે, મોટી મોટી જેટલી શોધો થઈ છે એ બધીય અંતર્જ્ઞાનની સ્ફૂરણાની ક્ષણોમાં સંભવિત બની છે. એમને પૂછ્યું કે 'આપે આ કઈ રીતે કર્યું ? આવો વિચાર ક્યાંથી આવ્યો ?' તો એમનો ઉત્તર હતો- અમે આ વિચાર્યું જ ન હતું. બસ, અકસ્માત જ બની ગયું. કઈ રીતે થયું એની ખબર નથી. આઈન્સ્ટાઈને કહ્યું હતું, 'આ સાપેક્ષવાદનો સિદ્ધાંત ક્યાંથી આવ્યો એની મને ખબર નથી, પણ એ મળી ગયો. આનું કારણ છે- અંતર્જ્ઞાન. આજના મસ્તિષ્કવિજ્ઞાની (માનવ મગજના નિષ્ણાત વિજ્ઞાનીઓ) બતાવે છે કે- મગજમાં જેટલી શક્તિ છે તેના પાંચ કે દસ ટકા ભાગનો જ ઉપયોગ માણસ કરી શકે છે. બાકીની શક્તિનું એને ધ્યાન જ આવતું નથી. જ્યાં સુધી આત્માનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી, અંદરની ચેતના જાગતી નથી ત્યાં સુધી માત્ર બહારના જ્ઞાનના ભરોસે જીવવું પડે છે. આ અજ્ઞાને આપણા જ્ઞાનને અટકાવી રાખ્યું છે. અને એ જ સમસ્યાનું કારણ બનેલું છે.

કષાયથી ચરિત્ર પ્રતિબંધિત છે

સમસ્યાનું એક કારણ કષાય છે. માણસની પાસે ચારિત્રની, સમ્યક્ આચરણની એક શક્તિ છે. સમ્યક્ આચરણ કષાયથી અટકાવાયેલું છે. ક્રોધ

જાગે એટલે સમ્યક્ આચરણ એની નીચે દબાઈ જાય. અહંકાર જાગે તેથી સમ્યક્ આચરણ એની નીચે દબાઈ જાય. માયા અને લોભ જાગે અને એની નીચે સમ્યક્ આચરણ દબાઈ જાય. માણસ અનિશ્ચયોમાં ઘેરાઈ જાય છે. વિકલ્પો ઊભા કરવામાં અહમ્ કષાય ભાગ ભજવે છે. જ્યાં સુધી ક્રોધ અને અહંકાર પ્રબળ હોય, માયા અને લોભ જાગતા હોય ત્યાં સુધી વિચારોની પરંપરા રોકી શકાતી નથી. જે વિચાર આવતા હોય તેમને આવવા દેવા. વિચારો આવે છે એ ચિંતાનો વિષય ન હોઈ શકે. આપણું ચિંતન એવું હોય કે આપણે વિચારોની સાથે વહી જઈએ નહિ. જે માણસ વિચાર કે વિકલ્પનું રેચન (કાઢી નાખવું) કરવું ન જાણતો હોય, એમને પોતાની અંદર ઘર કરવા દે તે વિચારોથી છૂટકારો મેળવી શકતો નથી. માણસ પોતાનું જ ઘર ભાડુઆતને આપી દે તો તેને એની પાસેથી છોડાવવું મુશ્કેલ થઈ જાય છે. કોણ જાણે કેટલાય ભાડુઆતોને આપણે આપણી અંદર રહેવાનું આપી દીધું છે. અને એ બધા આપણા ચારિત્રને રૂંધી રહ્યા છે. જ્યાં સુધી કષાયોને ઓછા ન કરાય, ક્રોધ, માન (અભિમાન), માયા અને લોભને દબાવી દેવાતા નથી (શાંત કરી દેવાતા નથી), ત્યાં સુધી સમ્યક્ આચરણની સંભાવના કરી ન શકાય, નૈતિક અને પ્રામાણિક વ્યવહારની આશા ન કરી શકાય.

પુણ્યની વાંછના પણ પાપ છે

આપણી પ્રગતિમાં ત્રણ વિઘ્નો છે- મિથ્યાત્વ, અજ્ઞાન અને કષાય. એમને જે દૂર કરી શકે તે માણસ જ આત્મજ્ઞાનની વાત કરી શકે છે. જ્યાં સુધી આ ત્રણેય વિઘ્નોનું અસ્તિત્વ હોય ત્યાં સુધી આત્મદર્શનની વાત સાર્થક થતી નથી.

કહ્યું છે- પુણ્યની ઇચ્છા ન કરો. અજ્ઞાની પુણ્યની ઇચ્છા કરે છે. પાપની ઇચ્છા કોઈ નથી કરતું, કે પાપનું ફળ મેળવવા ઇચ્છતું નથી. સૌ પુણ્યની ઇચ્છા કરે છે. આચાર્ય ભિક્ષુએ લખ્યું છે કે, "પુણ્યતણી ઇચ્છા કિયાં લાગૈ પાપ એકાંત - જે પુણ્યની ઇચ્છા કરે છે એને એકાંત (પુષ્કળ) પાપ લાગે છે. એટલે પ્રશ્ન થયો." કોની ઇચ્છા કરવી ? ત્યારે કહેવાયું કે માત્ર નિર્જરાની ઇચ્છા કરો. પરમાર્થની ઇચ્છા કરો, આત્મશુદ્ધિની ઇચ્છા કરો પુણ્યની ઇચ્છા ન કરો. અનેક આચાર્યોએ આ વાત પર ઘણુ જોર આપ્યું છે. આ પરંપરામાં આચાર્ય કુન્દકુન્દનું નામ લઈ શકાય, આચાર્ય ભિક્ષુનું નામ લઈ શકાય. કેટલાક એવા આચાર્યો થયા છે જેમણે શુદ્ધ

આધ્યાત્મિક ચેતનાના વિકાસ પર જોર દીધું છે. એમણે પુણ્ય અને પાપને બંધનના રૂપમાં રજૂ કર્યા છે અને તેમનાથી વેગળા રહેવાની વાત પ્રસ્તુત કરી છે.

सोवण्णियं पि णियलं बन्धदि कालायसं पि जह पुरिसं ।
बन्धदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं ।।
तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व ससग्गं ।
साहीणो हि विणासो कुसीलसंसग्गरागेण ।।

શબ્દોમાં વર્ણવી ન શકાય એવી ચેતનાનો વિકાસ

પુણ્યનું બંધન ઘણું ગૂંચવણભર્યું છે. જે માણસ આ બંધન છે એમ સમજતો નથી તે ધર્મ અને અધ્યાત્મની દિશામાં વિકાસ કરી શકતો નથી. આપણે જો વર્તમાન જીવનમાં અધ્યાત્મ ઉતારવું હોય (લાવવું હોય), સમસ્યાઓને ઉકેલવી હોય તો એક અભ્યાસ કરવો પડે- જીવનની યાત્રામાં પુણ્ય અને પાપ એ બન્નેને ભોગવવા છતાં પણ શબ્દાતીત ચેતનાનો વિકાસ કરવો પડશે. આત્માનુભવની દિશામાં પ્રસ્થાન કરવું પડશે. આ જ એક એવો માર્ગ છે જ્યાં હજારો સમસ્યાઓ એક સાથે ઊકલી જાય છે. જે દિવસે નિર્વિકલ્પ ચેતનામાં જીવવાનો માર્ગ આપણી સામે આવશે, તે દિવસે સમસ્યાઓથી છૂટકારો મેળવવાનો માર્ગ આપણા હાથમાં આવી જશે. પુણ્ય અને પાપના ચક્કરમાં ફસાયેલો માણસ આત્મા અને પરમાત્માની વાત સાંભળે એ ઘણું મુશ્કેલ છે. જે માણસ શબ્દો, વિચારો અને વિકલ્પોથી ઉપર ઊઠવાનો મંત્ર શીખી લે છે તે આત્મ-સાક્ષાત્કાર અને આત્માનુભૂતિની દિશામાં પ્રસ્થાન કરી જાય છે.

★ ★ ★

સંકલિકા - ૪

- जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि ।
  अण्णत्तं णाणगुणो तेण दु सो बन्धगो भणिदो ।।
- दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण ।
  णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण ।।
- रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स ।
  तम्हा आसवभावेण विणा हेदू ण पच्चया होंति ।।

  (સમયસાર-૧૭૧, ૧૭૨, ૧૭૭)
- रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः ।
  तत एव न बन्धोस्य ते हि बन्धस्य कारणम् ।।
- બે કક્ષાઓ :
  સરાગ
  વીતરાગ
- ભ્રમપૂર્ણ દષ્ટિકોણ
- 'જઘન્ય' : મહત્ત્વનો શબ્દ
- જરૂરી છે આત્મ-વિશ્વાસ.
- જ્ઞાતાભાવ : દ્રષ્ટાભાવ
- ક્રોધને સફળ ન બનાવશો.
- વિજયનું રહસ્ય.

૪. દિવસ અને રાત્રીનો વિરોધ

સૂર્ય ઊગે છે અને દિવસ થઈ જાય છે. સૂર્ય અસ્ત થાય છે અને રાત્રી થઈ જાય છે. આ દિવસ અને રાત્રીનું થવું એ કંઈ સૂર્યનો ઢોંગ નથી. એ કુદરતનો એક અનિવાર્ય નિયમ છે. જીવનમાં પણ ક્યારેક દિવસ આવે છે અને ક્યારેક રાત આવે છે. ક્યારેક પ્રકાશ આવે છે અને ક્યારેક અંધારું આવે છે. એને આપણે પાખંડ શા માટે માનવો ? આપણે એવી આશા કેમ રાખવી કે એક માણસ હમેશાં એક જેવો જ રહે ? આપણે તો ઇચ્છીએ છીએ કે માણસ એક જેવો રહે, એનું વર્તન પ્રકાશ જેવું રહે, અંધકાર જેવું ન રહે. પણ આ ઇચ્છાની પાછળ કુદરતનો નિયમ નથી. પ્રકૃતિનો નિયમ કંઈ જુદો જ છે. એમાં કશુંય એક જેવું હોતું જ નથી. જે કંઈ એક જેવું હોય છે તે બીજી કક્ષામાં ગયા પછી હોય છે.

બે કક્ષાઓ (શ્રેણીઓ)

અધ્યાત્મના ક્ષેત્રમાં બે કક્ષાઓ (શ્રેણીઓ) છે- સરાગ કક્ષા અને વીતરાગ કક્ષા. જે માણસ વીતરાગ કક્ષામાં પહોંચી જાય છે તે એક-જેવો રહે છે. દિવસ હોય કે રાત, પ્રકાશ હોય કે અંધકાર, માણસ એકલો હોય કે પરિષદ્‌માં તો પણ એમાં કશોય ફેર પડતો નથી. એનું નામ છે યથાખ્યાત ચારિત્ર. 'યથાખ્યાત'નો અર્થ છે કહેવા અને કરવાની સમાનતા. આ સ્થિતિમાં જેવો અંદર હોય છે તેવો જ બહાર રહે છે, અને જેવો બહાર હોય છે તેવો જ અંદર રહે છે. જે બોલે છે તે જ કરે છે અને જે કરે છે તે જ કહે છે. આવી સંપૂર્ણ સમાનતા વીતરાગ માટે જ શક્ય છે. પણ જે પહેલી કક્ષા છે- સરાગની કક્ષા છે એમાં આમ થવું સંભવ નથી. એમાં ઉતાર-ચઢાવ આવ્યા જ કરે છે. જુદાપણું (ફેરફાર) આવતું રહેતું હોય છે.

નવી દિશા

પ્રશ્ન એ થાય કે- જો આમ ફેરફાર થતો રહેતો હોય તો માણસે સાધના શા માટે કરવી ? એક માણસ અડધો કલાક ધ્યાનનો પ્રયોગ કરે. એથી તે શાંતિ અને સમતામાં રહે. વીતરાગ જેવી સ્થિતિમાં રહે. ધ્યાનનો પ્રયોગ પૂરો થાય અને તે ઘરે જાય, દુકાને અને ઓફિસે જાય અને સ્થિતિ બદલાઈ જાય. તો પ્રશ્ન એ છે કે- આ શું પાખંડ નથી ? માણસ અડધો કલાક વીતરાગ થાય, પણ તે પછી બધીય રાગ (આસક્તિ)વાળી સ્થિતિઓ

આવી જાય. આ દ્વિમુખી વ્યક્તિત્વ પાખંડ સિવાય બીજું કંઈ જ નથી. થોડાક સમય માટે એકાગ્રતાની સાધના, બાકી આખો દિવસ વિષમતાની પ્રવૃત્તિઓ! આ પ્રશ્નમાં ઊંડા ઊતરી વિચારતાં એક નવી દિશા સામે આવે છે. એક નવો પ્રકાશ સામે આવે છે. એ દિશા તે- જ્યાં સુધી આપણું જ્ઞાન, દર્શન અને ચારિત્ર નીચી કક્ષામાં છે ત્યાં સુધી આમ થવું સ્વાભાવિક છે. આ એક નિયમ છે.

આચાર્ય કુન્દકુન્દનું કથન

આચાર્ય કુન્દકુન્દે લખ્યું કે - નીચી કક્ષાના જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં કર્મનો દંડ થાય છે.

जम्हा दु जहण्णादो णाणगुणादो पुणो वि परिणमदि ।
अण्णत्तं णाणगुणो तेण दु सो बन्धगो भणिदो ।।
दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण ।
णाणी तेण दु बज्झदि पोग्गलकम्मेण विविहेण ।।

બીજી તરફ એમણે કહ્યું કે- જ્ઞાની અને સમ્યક્-દૃષ્ટિને કર્મનો બંધ થતો નથી.

रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स ।
तम्हा आसवभावेण विणा, हेदू ण पच्चया होंति ।।
रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः ।
तत एव न बन्धोस्य, ते हि बन्धस्य कारणम् ।।

જો માણસ જ્ઞાની થઈ જાય, સમ્યગ્-દૃષ્ટિ થઈ જાય તો તેને કર્મનું બંધન થશે નહિ. એનો અર્થ થાય કે એ ગમે તે કરે. આ એક પ્રશ્ન છે. કેટલાક લોકોએ એક એવો મિથ્યાવાદ ફેલાવ્યો છે. પણ એમ લાગે છે કે એવા લોકોએ આચાર્ય કુન્દકુન્દની ભાષાને એના સમગ્રરૂપે વાંચી નથી. આચાર્ય કુન્દકુન્દની ભાષામાં તેવો માણસ જ સમ્યક્-દૃષ્ટિ અને જ્ઞાની કહેવાય જેનું ચારિત્ર યથાખ્યાત થઈ ગયું હોય. જેને કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય, કેવલ દર્શન પ્રાપ્ત થઈ ગયું હોય એને કર્મનો બંધ થતો નથી, કષાયજનિત કર્મનો બંધ થતો નથી. આ વાત તો સમજાય. પણ માણસ એક શબ્દને પકડીને ગૂંચવાઈ જાય અને વિચારે કે-હું સમ્યક્ દૃષ્ટિ થઈ ગયો છું. હવે હું ગમે તે કરું, કર્મનો બંધ તો મને થવાનો જ નથી. આ મોટો ભ્રમ છે.

વિકાસનો પ્રશ્ન

એક તરફ કહેવાયું કે જ્ઞાની અને સમ્યક્-દૃષ્ટિ મનુષ્યને કર્મનો બંધ થતો નથી. એ નિરાશ્રવ હોય છે. એને આસ્રવ હોતો નથી. પછી બીજી તરફ કહેવાયું કે જેનાં જ્ઞાન, ધ્યાન અને ચારિત્ર જઘન્ય હોય, ઉત્કૃષ્ટ ન હોય તે માણસ કોઈ વખત ધ્યાનની સાધના કરે છે, કોઈ વખત સમતાની સાધના કરે છે, કોઈ વખત તપસ્યા કરે છે અને કોઈ વખત એનાથી ઊલટું જ આચરણ કરવાનું શરૂ કરી દે છે.

એનું કારણ એ છે કે- જ્યાં સુધી જઘન્ય જ્ઞાન હોય ત્યાં સુધી આપણે નિર્વિકલ્પ કે સમતાની સ્થિતિમાં કે ધ્યાનની એક ધારામાં ૪૮ મિનિટ કરતાં વધારે સમય રહી શકતા નથી. ૪૮ મિનિટ પછી આપણાં પરિણામોનો પ્રકાર બદલાઈ જાય છે. ધ્યાનમાં બેઠેલો માણસ ૪૮ મિનિટ સુધી એક પવિત્ર ધારા (પ્રવાહ)માં રહી શકે છે. ત્યાર પછી ધ્યાનની સ્થિતિ બદલાઈ જાય છે. જો એ પહેલાં નિર્વિકલ્પ અવસ્થામાં હોય તો તેમાંથી સવિકલ્પ અવસ્થામાં આવી જાય છે. આપણે વિકાસની યાત્રા કરવાની છે. આપણે એવું ન માની લેવું જોઈએ કે આપણે ક્યાંક (ઠેકાણાસર) પહોંચી ગયા છીએ. જેણે દસ વર્ષથી સાધના શરૂ કરી હોય તે હજીય વિકાસની યાત્રામાં છે. આપણા મગજ પર કોણ જાણે કેટલાય સંસ્કારોનો ભાર પડેલો છે. તેથી એક કૂદકે આપણે સિદ્ધ બની જઈએ, સરાગમાંથી વીતરાગ થઈ જઈએ. એવું થવાનો કોઈ સંભવ નથી.

ધારણા બદલો

જ્યારે કોઈ સાધક ક્યાંક ભૂલ કરે ત્યારે લોકોને આશ્ચર્ય થાય છે. પણ એ લોકો એ વાતને ભૂલી જાય છે એ સાધક હજી સિદ્ધ થયો નથી, વીતરાગ થયો નથી. એ હજી સરાગ છે. એની સાધના રાગ-દ્વેષયુક્ત ચેતનાવાળી સાધના છે. એ સ્થિતિમાં એવું પણ બને કે એ સાધક ચાલતાં ચાલતાં કોઈ વખત લથડી જાય, કોઈ વખત પડી જાય, કોઈ વખત ઊભો થઈ જાય અને ફરીથી સાવચેત થઈ જાય. જીવનમાં કોણ જાણે કેટલીય વખત આવું બને છે અને કોણ જાણે કેટલાય જન્મોથી આ ક્રમ ચાલતો રહ્યો છે. આમ કરતાં કરતાં જ એક દિવસ તે વીતરાગની કક્ષામાં પહોંચે છે, જ્યાં પહોંચતાં બધી સ્થિતિઓ પૂરી થઈ જાય છે, બધી વિષમતાઓ પૂરી થઈ જાય છે. જો કોઈ માણસ પહેલે દિવસે જ એમ ધારીને બેસી જાય કે- હું તો એવી સાધના કરીશ કે જેમાં કંઈ તકલીફ ન આવે. અને હું

સીધો જ વીતરાગ થઈ જાઉં. તો એવો માણસ કદી સાધના કરી શકશે નહિ. સાધનાના આરંભમાં વિઘ્નો આવે અને માણસ એ વિઘ્નોને પાર કરતો આગળ ચાલે તો એ વિઘ્નોને પાર કરતાં કરતાં એક દિવસ એવી સ્થિતિ આવે કે બધાં વિઘ્નો પૂરાં થઈ જાય અને માણસ સરાગ સ્થિતિને પાર કરી વીતરાગ બની જાય.

ધારણાનું પરિણામ

મને લાગે છે કે સાધના વિશેની આપણી ધારણાઓ બરાબર નથી. જ્યારે દષ્ટિકોણ સાચો હોતો નથી ત્યારે ઘણી ભ્રાંતિઓ જન્મે છે. અને ધારણામાં ભ્રાંતિ હોય ત્યારે આખી સ્થિતિ બદલાઈ જાય છે.

એક માણસે સેંકડો માણસોને જમણવારમાં આમંત્રિત કર્યા. તેમાં એક માણસનું પેટ ખરાબ હતું. આંતરડાં ખરાબ હતાં. એ જમણવારમાં જતો હતો ત્યાં રસ્તામાં વૈદ્યરાજજી મળી ગયા. પેલા માણસે કહ્યું, 'વૈદ્યજી મહારાજ ! હું જમણવારમાં જાઉં છું.'

'શું ખાશો ?'

'લાડુ.'

'લાડુ તો ઝેર છે !'

બીજાઓ જે ત્યાં જઈ રહ્યા હતા તેમણે સાંભળ્યું કે- 'લાડુ તો ઝેર છે.' એક માણસે બીજાને કહ્યું, 'જે માણસ જમણવાર કરી રહ્યો છે એના લાડુમાં તો ઝેર છે !' આ વાત એવી તો ફેલાઈ કે જમણવાર આપનાર તો રાહ જ જોતો રહ્યો ! કોઈ પણ માણસ જમવા આવ્યો નહિ !

ધારણામાં કેટલો ફેર પડી ગયો ! રોગીને માટે લાડુ ઝેર હોઈ શકે પણ બધા માટે નહિ. ખોટી ધારણાઓ રાખનાર માણસ આગળ વધી શકે જ નહિ. લોકો ઘણીવાર વિચારે છે કે- આ વાત પતી જાય તો અમે જઈએ, નહિ તો નહિ જઈએ. પણ એ લોકો એમ વિચારતા નથી કે કોઈ કામ શરૂ જ ન થાય તો એના પૂરા થવાનો પ્રશ્ન જ કઈ રીતે આવે ?

અસફળતાનું કારણ

આચાર્ય કુન્દકુન્દે જઘન્ય શબ્દ વાપરીને એક મોટી સમસ્યા ઉકેલી છે. જ્ઞાનનો વિકાસ, દર્શનનો વિકાસ અને ચારિત્રનો વિકાસ એક કૂદકે ન થાય, એકસાથે ન થાય. કોઈ અલ્પજ્ઞાની એકસાથે કેવલી ન થઈ શકે. એક રાગી માણસ એકસાથે યથાખ્યાત ચારિત્રવાળો વીતરાગ નહિ બને. સાધના કરતાં કરતાં જ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો વિકાસ થાય છે. જેમ જેમ

કષાય ઓછા થતા જાય તેમ તેમ આપણું ચારિત્ર આગળ વધશે, પણ એ ક્રમેક્રમે થશે. પુરુષાર્થની સાધના દ્વારા થશે. સાધનાના ક્ષેત્રમાં જો કોઈ માણસ એમ વિચારે કે, હું આ કામ તો કરું છું પણ એનું શું થશે ? આવો માણસ કદી સફળ ન થઈ શકે. રાજનીતિના આચાર્ય ચાણક્ય અને સોમદેવસૂરિએ આવા સંદેહને અસફળતાનું બહુ મોટું કારણ માન્યો છે. એક માણસે ખેડૂતને પૂછ્યું- 'ખેતી નથી કરતા ?' ખેડૂતે કહ્યું- 'શું કરું ? ખેતી કરું તો હરણાં બગાડી નાખે અને વરસાદ થશે કે નહિ એ કોણ જાણે છે?'

સફળતાનો નિયમ

જે ખેતી ન કરે તે કદીય અનાજ પેદા કરી શકે નહિ. જે માણસ ભયને સ્વીકારી લે છે, આત્મવિશ્વાસપૂર્વક પોતાનું કામ કરે છે, નિષ્ઠા અને દઢ વિશ્વાસ સાથે આગળ વધે છે તે ક્યાંક વિઘ્ન આવે તો પણ સફળ થઈ જાય છે. જેનામાં નિશ્ચય શક્તિ હોય, નિષ્ઠા હોય તે બધાં વિઘ્નોને પાર કરી આગળ વધી જાય છે. જે માણસ વિઘ્નોના ભયથી પડ્યો રહે તે સૂતેલો ને સૂતેલો જ રહી જાય છે.

આપણે જઘન્ય જ્ઞાનમાંથી ઉત્તમ જ્ઞાન સુધી, મતિ-શ્રુતથી કેવલજ્ઞાન સુધી, જઘન્ય દર્શનથી ઉત્કૃષ્ટ જ્ઞાન સુધી, ચક્ષુ અને અચક્ષુ દર્શનથી કેવલ દર્શન સુધી પહોંચવાનું છે. આપણે પહોંચવું છે ઉત્કૃષ્ટ ચારિત્ર સુધી, જે સામાયિકની સામાન્ય સાધના છે ત્યાંથી વીતરાગ ચારિત્ર સુધી, સરાગ ચારિત્રથી વીતરાગ ચારિત્ર સુધી. ત્યાં સુધી પહોંચવા માટે એક નિશ્ચય, સાતત્ય અને આશા હોવાં જરૂરી છે. જે માણસો નિરાશ થઈ જાય છે તે જીવનમાં સફળ થતા નથી. જેમણે સાધના શરૂ કરી હોય અને તેમાં સફળ તા ન મળે અને નિરાશ થઈ જાય તેઓ કદીય સાધનામાં સફળ થયા નથી. જેનામાં દઢ શ્રદ્ધા હોય તે જ સફળ થઈ શકે છે.

આશાવાદીપણું : વિધાયક દષ્ટિકોણ

એક વૃદ્ધ સાધક સાધના કરી રહ્યો હતો, નારદજી ત્યાંથી નીકળ્યા. સાધકે પૂછ્યું, 'આપ ક્યાં જઈ રહ્યા છો ?' નારદજીએ કહ્યું, હું ભગવાન પાસે જાઉં છું. કંઈ કામ હોય તો કહો.' સાધકે કહ્યું- 'ભગવાનને પૂછજો કે કેટલા જન્મો પછી મને મુક્તિ મળવાની છે ? મારી સાધના જોતાં વિચાર કરતાં મને લાગે છે કે આ જન્મમાં જ હું મુક્ત થઈ જઈશ.' નારદે કહ્યું, 'ભલે.' એ આગળ ચાલ્યા. રસ્તે એક નવા સંન્યાસીએ પણ નમસ્કાર કરતાં પોતાનો પ્રશ્ન રજૂ કર્યો, 'મેં મુક્તિ માટે સાધના શરૂ કરી છે. હવે

મારે એ જાણવું છે કે મારી મુક્તિ ક્યારે થશે ?' નારદજી ચાલ્યા ગયા. બીજે દિવસે પાછા આવ્યા અને વૃદ્ધ સાધકને મળ્યા. સાધકે કહ્યું, 'મારું કામ કરી દીધું ?'

'હા.'

'કહો ત્યારે, મારી મુક્તિ ક્યારે થશે ?'

'ભગવાને કહ્યું છે, ત્રણ જન્મ પછી તારી મુક્તિ થવાની છે.'

'ત્રણ જન્મ !!' સાધક ગુસ્સામાં બોલ્યો- 'ભગવાન જૂઠો છે.'

નારદ આગળ વધ્યા. નવા સંન્યાસી પાસે ગયા. એના પ્રશ્નનું સમાધાન રજૂ કર્યું- ભગવાને કહ્યું છે કે જે વડની નીચે તમે સાધના કરો છો એનાં જેટલાં પાંદડાં છે એટલા જન્મો પછી તમારી મુક્તિ થશે.' આ સાંભળતાં જ સંન્યાસી નાચવા લાગ્યો, ખુશીથી ડોલી ઊઠ્યો. એણે કહ્યું, 'કેવી સરસ વાત ભગવાને કહી છે ! આપ કેટલા સારા સમાચાર લાવ્યા ! હું તો ધન્ય થઈ ગયો.'

નારદજી આશ્ચર્યમાં પડી ગયા. પેલો વૃદ્ધ સંન્યાસી રોવા લાગ્યો હતો અને આ યુવાન સંન્યાસી ખુશીથી ડોલી ઊઠ્યો- નારદજીએ નવા સંન્યાસીને પૂછ્યું- 'તમે નાચી રહ્યા છો ? કંઈ ગાંડા તો નથી થઈ ગયા ને ?'

'ના. પ્રભુની મોટી કૃપા છે. દુનિયામાં હજારો વડનાં વૃક્ષ છે. આ એક વૃક્ષનું જ ભગવાને કહ્યું એ સારી વાત થઈ. જો આખી દુનિયાનાં વૃક્ષોની વાત હોત તો હું મરી જાત.'

આશાનો ભાવ

મનોવિજ્ઞાનની ભાષામાં આ એક વિધાયક દષ્ટિકોણ છે અને અધ્યાત્મની ભાષામાં આશાવાદિતા છે. આશાનો ભાવ એક એવો ભાવ છે જેને કારણે માણસ દરેક વસ્તુસ્થિતિને વિધાયક દષ્ટિના રૂપે સ્વીકારે છે.

શ્રેણિકને ખબર પડી કે એણે મર્યા પછી નરકમાં જવાનું છે. એ ઘણો નિરાશ થયો. પછી એને બીજી વાત જાણવા મળી કે- નરક પછી શ્રેણિક તીર્થંકર થશે. શ્રેણિકે કહ્યું, 'કંઈ વાંધો નહિ. જો કે આ નરકમાં જવાનું એ થોડી તકલીફ છે, પણ હું એને પાર કરી જઈશ.' આવનાર દુઃખ અને કઠણાઈને એ ભૂલી ગયો અને હર્ષથી નાચી ઊઠ્યો.

જે માણસમાં આશા હોય, વિધાયક ભાવ હોય તે જ સાધનાના ક્ષેત્રમાં સફળ થાય છે. જે નિરાશ થાય છે તે કદીય સફળ થતો જ નથી.

આત્મવિશ્વાસ જાગવો જોઈએ

પહેલી વાત એ છે કે સરાગમાંથી વીતરાગની ભૂમિકા સુધી પહોંચવા માટે આપણા મનમાં એક પ્રકારનો આત્મવિશ્વાસ હોવો જોઈએ. એક સંકલ્પ જાગવો જોઈએ કે મારે ક્યાં જવાનું છે. દુનિયામાં વિઘ્નરહિત માણસ તો કોઈ નથી. સરાગમાંથી વીતરાગ બનવા માટે, સવિચારમાંથી નિર્વિચાર બનવા માટે, સવિકલ્પમાંથી નિર્વિકલ્પ બનવા માટે સૌથી પહેલાં આસ્થા ઉત્પન્ન કરવી જોઈએ, આશાવાદી વિચારસરણી ઉત્પન્ન કરવી જોઈએ, અને વચ્ચે જે વિઘ્નો આવે તેમને પાર કરવાં જોઈએ. જે કોઈ માણસ આજે સરાગ છે તે પોતાની સાધના અને આરાધના દ્વારા વીતરાગ થઈ શકે છે, કેવલજ્ઞાની થઈ શકે છે, મુક્ત થઈ શકે છે. આ સ્થિતિ વિશે જો આપણે વિચારીએ તો આ દિવસ અને રાત્રીનું દ્વન્દ્વ આપણા માટે વિઘ્નરૂપ થતું નથી. કોઈ વખત દિવસ આવી શકે કોઈ વખત રાત આવી શકે. આપણે ધ્યાનમાં બેસીએ છીએ. તેમાં ક્યારેક પગ સૂઈ શકે છે, કોઈ વખત હાથ સૂતેલો હોઈ શકે અને કોઈ વખત કમરમાં દુઃખાવો પણ આવી શકે, કોઈ વખત કોઈ વિચાર પણ આવી શકે, સારો વિચાર પણ આવે અને ખરાબ વિચાર પણ આવે. પણ એ બધા આપણે માટે કોઈ તકલીફરૂપ નથી બનતા.

જ્ઞાતા-દ્દષ્ટા બનીએ

આપણને એક જ સૂત્ર મળ્યું છે- જે કોઈ વિચાર આવે તેને જાણવો અને દેખવો. કહેવાયું છે કે- જો કેવળજ્ઞાની થવું હોય તો જ્ઞાતા થાઓ, કેવલદર્શની થવું હોય તો દ્દષ્ટા થાઓ. જ્ઞાતા અને દ્દષ્ટા થયા વિના કોઈ કેવલજ્ઞાની નહિ થઈ શકે, કેવલદર્શની નહિ થઈ શકે. જો રોગ હોય તો રોગને જાણો (ઓળખો), એનો પ્રતિકાર ન કરો, માત્ર જ્ઞાતા થયેલા રહો. જે માણસ જ્ઞાતા થયેલો રહે છે તે ચોક્કસ એક દિવસ કેવલજ્ઞાનની ભૂમિકામાં પહોંચી જશે.

આપણી અંદર બધાય સંસ્કારો ભર્યા પડ્યા છે. તે ઉભરાતા રહે છે. આપણે એમને દેખતા રહીએ, જાણતા રહીએ. કહેવાયું છે કે- 'જો ક્રોધ આવે તો ક્રોધને જુઓ. અધ્યાત્મનું એક બહુ જ અટપટું સૂત્ર છે કે- ક્રોધ આવે તો ક્રોધ ન કરો, ક્રોધને જુઓ, જાણો. ત્યારે એવો પ્રશ્ન પણ થઈ શકે કે- ક્રોધને કઈ રીતે જોવો ? એ કંઈ પૂછીને આવે છે ? આ જ્ઞાતાભાવ અભ્યાસ દ્વારા સિદ્ધ થાય છે. જે માણસે જ્ઞાતા અને દ્દષ્ટા થવાની સાધના

કરી છે તે ક્રોધને જોઈ શકે છે, રાગને જોઈ શકે છે, મગજમાં ઉદ્ભવતા પ્રત્યેક તરંગને જોઈ શકે છે, પણ એને સક્રિય કરતો નથી.

ક્રોધને સફળ ન કરશો

સાધનાના સાહિત્યમાં બે શબ્દ આવે છે- ક્રોધને સફળ બનાવવો, અને ક્રોધને નિષ્ફળ બનાવવો. ક્રોધ આવવો એ એક વાત છે, અને ક્રોધને સફળ બનાવવો એ જુદી વાત છે. ક્રોધના સંસ્કારો જાગ્યા ત્યારે માણસે સંકલ્પ કર્યો કે- હું દસ મિનિટ સુધી બોલીશ નહિ તો ક્રોધ સફળ થશે નહિ. બીજા કોઈ માણસને ક્રોધ આવ્યો અને એ ગાળો બકવા લાગ્યો, ત્યાં ક્રોધ સફળ થયો. ક્રોધ આવે ત્યારે માણસ મૌન ધારણ કરી લે, એકાંતમાં જતો રહે, ખેચરી મુદ્રાનો પ્રયોગ કરી લે તો ક્રોધ સફળ ન બને. આપણા મનમાં કેટલાય વિચારોના તરંગો ઊઠે છે. આપણે જો એમને સફળ થવા દઈએ તો આપણે અમુક ભૂમિકા પર પહોંચી જઈએ છીએ. જે વ્યક્તિ જ્ઞાતા અને દૃષ્ટા થઈ જાય છે તે લાગણીઓને સફળ થવા દેતી નથી. ચિત્તમાં જેટલા ભાવો જાગે તેમને તે જાણી લેશે પણ તેને અમલમાં નહિ મૂકે. કોઈ વિચાર આવે- ક્રોધનો વિચાર આવે, કામનો વિચાર આવ્યો, વાસનાનો વિચાર આવ્યો. જો એ વિચારને જોઈ લીધો, જાણી લીધો તો વાત પૂરી થઈ જાય. વિચાર આવે અને તેની સાથે તણાઈ જઈએ તો તેને ફળ આવી જશે.

યોગ્ય સાધનાની પસંદગી

પરંપરા શાથી બને છે ? કોઈ વિચાર આવે અને આપણે એને અમલમાં મૂકી દઈએ તો પરંપરા આગળ વધે. વિચારને જોઈ લઈએ અને એનો અમલ ન કરીએ તો એનો તંતુ તૂટી જશે. ફરીથી વિચાર આવે ત્યારે વિચારને પણ થશે કે- આ નકામો માણસ છે. મને એ અમલમાં મૂકશે નહિ. પાંચ-દસ વાર આમ થશે તો વિચાર આવવો જ બંધ થઈ જશે.

એક યોગ્ય સાધનાની પસંદગી કરી લેવી એ જીવનમાં સફળ થવાનું બહુ મોટું સૂત્ર છે. એક બહુ મોટા સેનાપતિને લોકોએ પૂછ્યું- આપની સફળતાનું રહસ્ય શું છે ? આપ હંમેશ જીતો છો એનું રહસ્ય શું છે ? એણે કહ્યું, હું નવ ગુપ્તદૂત અને એક રસોઈઓ રાખું છું, અને મારો જે શત્રુ છે તે નવ રસોઈયા અને એક ગુપ્તચર રાખે છે.

મહત્ત્વનો શબ્દ

સાધનો જ્યાં ખોટાં હોય ત્યારે માણસ હારી જાય છે. સાધનસામગ્રી

જો બરાબર હોય તો વિજય મળવામાં કશી શંકા રહેતી નથી. જે માણસે વીતરાગની સ્થિતિએ પહોંચવું હોય એણે જ્ઞાતાભાવની, દૃષ્ટાભાવની, પસંદગી કરવી જોઈએ. જ્ઞાતા અને દૃષ્ટા એ બે શબ્દો અધ્યાત્મમાં ઘણા મહત્ત્વના છે. જ્ઞાતા અને દૃષ્ટા થવું એ ચિકિત્સાશાસ્ત્રનો પણ મહત્ત્વનો નિયમ છે, મનની શાંતિનો પણ બહુ મોટો નિયમ છે. જે માણસ આ નિયમની બરાબર સાધના કરે છે અને પછી... એક દિવસ એવો આવે છે કે રાત્રી અને અંધકાર મટી જાય છે. માત્ર દિવસ, માત્ર પ્રકાશ જ રહે છે. રાત અને દિવસનો વિરોધ મટી જાય છે.

★ ★ ★

સંકલિકા - ૫

- उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो ।
  कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो ।।
- अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो ।
  उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि ।।
- सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो ।
  जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि ।।

(સમયસાર - ૧૮૧, ૧૮૨, ૧૮૬)

- સમસ્યાઓ શાથી છે ?
- લોભનો સાક્ષાત્કાર : મૃત્યુનો સાક્ષાત્કાર.
- અશુદ્ધ ચેતનાનાં પરિણામ
- ચિંતનના બે દૃષ્ટિકોણ
- શુદ્ધ ચેતનાનું નિદર્શન
- શુદ્ધ ચેતના : અન્વેષણની ઉપયોગિતા
- વર્તમાન પેઢી : અસંયમનું પરિણામ.
- સમાધાન - સૂત્ર

૫. જાગૃતિ અને નિદ્રાનો સંઘર્ષ

માણસ દિવસે જાગે છે અને રાત્રે નિદ્રા કરે છે. જાગરણ અને નિદ્રાની સાથે દિન-રાતનો સંબંધ જોડાયેલો છે. દરેક ક્ષેત્રમાં જાગરણ ફાયદાકારક મનાય છે. જાગતા રહેવું એ સફળતા માટે અનિવાર્ય છે. અધ્યાત્મમાં જાગરણનો એક વિશેષ અર્થ છે- શુદ્ધ ચેતનામાં હોવું તે. અને નિદ્રાનો અર્થ છે અશુદ્ધ ચેતનામાં હોવું તે. જે માણસ અશુદ્ધ ચેતનામાં જીવે છે તે નિદ્રામાં છે. જે માણસ શુદ્ધ ચેતનામાં જીવે છે તે જાગૃતિની અવસ્થામાં છે.

સમસ્યાનું મૂળ

ખરેખર, જાગરણ ઘણું કીમતી છે. જાગરણના અભાવે જ ઘણી બધી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. માણસ જાગૃત થાય તો અનેક ગૂંચવણો ઉકલી જાય. આખા સમાજનું આપણે અધ્યયન કરીએ તો આપણે એ નિર્ણય પર આવીશું કે સમાજ સમસ્યાઓથી ઘેરાયેલો છે. અનૈતિકતાની સમસ્યા છે, અપ્રામાણિકતા અને ભ્રષ્ટાચારની સમસ્યા છે, કજિયાની સમસ્યા છે. કૌટુંબિક, સામાજિક અને સંસ્થાકીય જીવનમાં એવી અનેક સમસ્યાઓ આવે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જીવન પણ સમસ્યાઓથી અસ્પૃશ્ય રહ્યું નથી. પ્રશ્ન એ થાય છે કે આ સમસ્યાઓ ઉત્પન્ન કેમ થતી હોય છે ? આપણે સમસ્યાનું મૂળ જ પકડીએ. આ સમસ્યાઓ અશુદ્ધ ચેતનામાંથી ઉપજેલી સમસ્યાઓ છે. અશુદ્ધ ચેતના આ સમસ્યાઓને ઉત્પન્ન કરી રહી છે. ચેતના જો શુદ્ધ હોત તો આ સસ્યાઓ પેદા ન થઈ હોત.

ઉપયોગ અને ક્રોધ

આચાર્ય કુન્દકુન્દે લખ્યું છે કે- ઉપયોગમાં માત્ર ચેતનાનો જ ઉપયોગ થાય છે. ઉપયોગમાં ક્રોધ નથી હોતો અને ક્રોધમાં ઉપયોગ હોતો નથી. ક્રોધની ચેતના હોય ત્યારે શુદ્ધ જ્ઞાનની ચેતના હોતી નથી. જ્યારે શુદ્ધ જ્ઞાન-ચેતના હોય ત્યારે ક્રોધ-ચેતના ન હોય. શુદ્ધ જ્ઞાન-ચેતના અને ક્રોધ-ચેતના એ બે એકસાથે ન હોઈ શકે. શુદ્ધ ચેતનાની ક્ષણમાં નથી હોતો ક્રોધ કે નથી હોતાં માન કે કપટ, લોભ કે કામવાસના. ઉપયોગની અવસ્થામાં આઠેય કર્મ હોતાં નથી.

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो ।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो ।।
अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो ।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि ।।

સમસ્યામાંથી મુક્તિ મેળવવાનો આરંભ

શુદ્ધ ચેતનામાં માત્ર ચેતના જ હોય છે. માત્ર જ્ઞાન જ હોય છે. જ્યારે ચેતના અશુદ્ધ થાય છે ત્યારે બધી વિકૃતિઓ પેદા થાય છે. શુદ્ધ ચેતનામાં રહેવાનો અભ્યાસ એ સમસ્યામાંથી મુક્તિ મેળવવાનો આરંભ છે. કેવલજ્ઞાનનું કાર્ય છે માત્ર જાણવું, માત્ર અનુભવ કરવો તે. એ સ્થિતિમાં જો આપણે રહીએ તો માનસિક સ્થિતિ બદલાઈ શકે અને સામાજિક પ્રશ્નોમાં પણ સુધારો થઈ શકે. જે માણસ કેવલજ્ઞાનની સ્થિતિમાં રહેતો હોય તે કોઈનું અનિષ્ટ કરી શકતો નથી. કોઈને અન્યાય કરી શકતો નથી. જ્યારે જ્યારે આપણે જ્ઞાન-ચેતનામાંથી ખસીને ભય, ક્રોધ, લોભ અને કામની ચેતનામાં પ્રવેશ કરીએ છીએ ત્યારે ત્યારે આપણી માનસિક સ્થિતિ વિકૃત થઈ જાય છે અને આપણા વિચારો દૂષિત થઈ જાય છે.

વ્યક્તિની જિજ્ઞાસા અને તપસ્વીએ કરેલું તેનું સમાધાન

ત્રણ માણસો વનમાં જઈ રહ્યા હતા. તપ કરતા એક તપસ્વી એમના જોવામાં આવ્યા. ત્રણેએ તપસ્વીને પ્રણામ કર્યા અને તેમની સમીપ બેસી ગયા. તપસ્વીનું ધ્યાન પૂરું થયું. પછી એક માણસ બોલ્યો, 'મહારાજ, આજે મારા મનમાં એક પ્રશ્ન ઊઠ્યો છે. આપ એનું સમાધાન બતાવશો?'

તપસ્વી - 'હા, તમારો પ્રશ્ન શો છે ?'

'મોત શું છે ? અમારે એને પ્રત્યક્ષ કરવું છે.'

'શું ખરેખર મોત પ્રત્યક્ષ કરવા ઇચ્છો છો ?'

'હા.'

એ માણસોની ચેતનામાં કોઈ વિકાર ન હતો, માત્ર મનમાં એક જિજ્ઞાસા હતી. એ સત્ય જાણવા ઇચ્છતા હતા. મૃત્યુને પ્રત્યક્ષ જોવા ઇચ્છતા હતા.

તપસ્વીએ સામેના ડુંગર તરફ આંગળી ચીંધીને કહ્યું, 'પેલા ડુંગરમાં જે ગુફા દેખાય છે એમાં જાઓ, ત્યાં મોત બેઠું છે. એ પ્રત્યક્ષ દેખાશે.'

ક્યાં છે મૃત્યુ ?

તપસ્વીના એ ઉત્તરથી તે ખુશ થઈ ગયા. મૃત્યુનો સાક્ષાત્કાર કરવાનો

ઉપાય જાણીને તે ગુફા તરફ ચાલી નીકળ્યા. એમના મનમાં અદમ્ય ઉત્સાહ હતો. એમની ચેતના નિર્મળ અને શુદ્ધ હતી. થોડાક જ વખતમાં એ ગુફાના બારણે પહોંચી ગયા. ગુફાની અંદર પેઠા. ત્યાં એમણે જોયું તો ગુફાની અંદર ઢગલાબંધ સોનું પડેલું. એનો કોઈ રખવાળ નથી. માલિક નથી. એમનું મન આશ્ચર્યથી અવાક્ થઈ ગયું. એમનો અવાજ રુંધાઈ ગયો. વિચાર રોકાઈ ગયા. તેઓ એકનજરે સોનાના ઢગલાને જોઈ રહ્યા. એમની આંખો અંજાઈ ગઈ. એમને થયું.' 'આટલું બધું સોનું આવ્યું ક્યાંથી ? આ સ્વપ્નું તો નથી ? આ પ્રશ્નોનું કોઈ સમાધાન ન મળ્યું. તપસ્વીએ કહ્યું હતું કે મોત પ્રત્યક્ષ દેખાશે. ત્યારે અહીં તો મોત નહિ પણ સોનું પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે ! એમણે આગળ વિચાર કર્યો. 'મૃત્યુને પછીથી જોઈ લઈશું. સોનું જ્યારે મળી ગયું છે તો પછી મોતને શા માટે જોવું ?' એ બધા તો મોતની વાત ભૂલી ગયા અને સોનાના આકર્ષણમાં ડૂબી ગયા. ત્રણેયના મનમાં લોભની ચેતના જાગી ગઈ અને જિજ્ઞાસાની ચેતના, જ્ઞાનની ચેતના તેની નીચે દબાઈ ગઈ. અને લોભ પૂર્ણ ચેતના ઉભરાઈ આવી. ત્રણે માણસોના મનમાં એક વિચાર આવ્યો કે આ બધું સોનું મને કઈ રીતે મળે ? દરેક વ્યક્તિ આ વિચારમાં ડૂબી ગઈ. ત્રણેમાં જે સૌથી મોટો હતો તેણે કહ્યું, 'ભાઈ, આપણને વગર મહેનતે અપાર ધન મળ્યું છે. ધન આપણે લઈ જવું છે. પણ આપણે ભૂખ્યા છીએ. આટલો ભાર ઉઠાવી શકીશું નહિ.' અને પછી એક માણસને કહ્યું, 'તું આજુબાજુના કોઈ ગામે જઈને થોડા રોટલા લઈ આવ.' પછી બીજાને કહ્યું, 'તું પણ બહાર કોઈ જળાશયમાંથી પાણી લઈ આવ. ત્યાં સુધી હું અહીં ચોકી કરીશ.

મોતનો સાક્ષાત્કાર

જ્યારે ચેતના વિકૃત થાય છે ત્યારે બધુંય વિકૃત થઈ જાય છે. વિચારના દૂષિત પરમાણુ એટલા તો ચેપી હોય છે કે તે કોઈપણ માણસના મસ્તિષ્કને અસર કરી દે છે. ત્રણે માણસોની ચેતના વિકૃત થઈ ગઈ.

પહેલો માણસ નજીકના ગામમાં ગયો અને થોડાક વખતમાં રોટલા લઈ આવ્યો. જેવો તે ગુફાની અંદર પેસવા ગયો તેવો જ અંદર બેઠેલા માણસે તેના ઉપર તલવારનો ઘા કર્યો. તલવારના જોરદાર પ્રહારથી તેનું ગળું કપાઈ ગયું અને માથું ધડથી જુદું થઈ ગયું. થોડાક વખત પછી બીજો માણસ પાણી લઈ આવ્યો. તેના ઉપર પણ આમ જ બન્યું. તલવાર ચાલી અને મોત દેખાઈ ગયું.

બન્ને જણા મરી ગયા. ત્રીજાએ વિચાર્યું, 'ચાલો, ઘણું સારું થયું. ખાવાનુંય મળ્યું, પાણીય મળ્યું અને ધન પણ મળ્યું. એણે પેટ ભરીને ખાધું, પાણી પીધું અને સોનું ભેગું કરવાની તૈયારી કરતો હતો, પણ એમ કરતાં તે પણ ઢળી પડ્યો. ખાવામાં અને પાણીમાં બન્નેયમાં ઝેર હતું. એકે ધાર્યું હતું કે 'ખાવામાં ઝેર ભેળવી દઉં. પેલા બન્નેય જણ ખાશે અને મરી જશે. જો મને ખાવાનું કહેશે તો કહીશ કે હું ખાઈને આવ્યો છું. મને ભૂખ નથી. તમે ખાઈ લો.' બીજાએ ધાર્યું હતું કે- 'હું પાણીમાં ઝેર ભેળવી લઈ જાઉં. પેલા બન્ને પાણી પીશે અને બેય મરી જશે. બધુંય ધન મને મળી જશે.' આવો એક જ વિચાર ત્રણેયમાં પેસી ગયો. ધન કોઈને ય ન મળ્યું પણ બધાને મૃત્યુ દેખાઈ ગયું.

માર્મિક ભાષા

જ્યારે જ્યારે ચેતના અશુદ્ધ બને છે ત્યારે આવી જ સ્થિતિ થાય છે. એક માણસ બીજાનું ધન પચાવી પાડવા ઇચ્છે છે, કોઈ વ્યક્તિ બીજાના ધન પર કબજો કરવા ઇચ્છે છે, કોઈ માણસ બીજાને નીચો પાડવા ઇચ્છે છે, મારવા ઇચ્છે છે. આવી હિંસાની ઘટનાઓ, અપહરણ અને અપરાધની ઘટનાઓ ચેતનાની વિકૃત અવસ્થામાં બનતી હોય છે. શુદ્ધ ચેતનાની સ્થિતિમાં આવી ઘટનાઓની સંભાવના ન કરી શકાય. આચાર્ય કુન્દકુન્દે બહુ જ માર્મિક ભાષામાં કહ્યું છે કે- શુદ્ધ ચેતનાને જાણનાર શુદ્ધ ચેતનામાં પહોંચે છે, અને અશુદ્ધ ચેતનાને જાણનાર અશુદ્ધ ચેતનામાં પહોંચે છે-

सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो ।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि ।।

આત્માનાં બે રૂપ

આપણા આત્માનાં બે રૂપ થયાં- અશુદ્ધ આત્મા, અને શુદ્ધ આત્મા. ખરેખર તો શુદ્ધ ચેતનાનો અનુભવ હોતો નથી તેથી બધા અનર્થો થયા કરે છે. શુદ્ધ ચેતનાનો અનુભવ કરવો એ માત્ર અધ્યાત્મનો જ નિયમ નથી પણ સમાજનોયે મહત્ત્વનો નિયમ છે, નૈતિકતાનો પણ મહાન નિયમ છે- આજે નૈતિકતાની સમસ્યા ઘણી વિકટ બની છે. અનૈતિકતાની એક જાળ, જાણે, પથરાઈ છે. એક માણસે કહ્યું, "મહારાજ, મેં દિલ્હીમાં મકાન બનાવડાવ્યું. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એને પ્રમાણિત કરાવવું હતું. ક્લાર્કે કહ્યું, હું તમારી ફાઈલ બરાબર કરી દઈશ, પણ એક લાખ રૂપિયા લાગશે. મેં એક લાખ રૂપિયા આપી દીધા. મકાનનો નકશો પ્રમાણિત થઈ ગયો.

મેં પૂછ્યું, 'આટલા નાના કામ માટે એક લાખ રૂપિયા કેમ આપ્યા ?' તેણે કહ્યું, 'જો હું એક લાખ ન આપત તો તે મારી ફાઈલ ખરાબ કરી નાખત. મકાન બરાબર નથી. એને તોડાવવું પડશે.' એમાં તો કેટલાય લાખ થઈ જાત. આ તો એક લાખમાં જ કામ થઈ ગયું. આવી સમસ્યાઓ કેમ પેદા થાય છે ? એક માણસ હોસ્પિટલમાં પડ્યો છે. મરવા જેવી સ્થિતિ છે. પણ જ્યાં સુધી પ્રવેશની પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી એનો ઈલાજ કરવો સંભવ બનતો નથી. આ બધી પ્રક્રિયાની વચ્ચે રુશ્વત અને અનૈતિકતાનું ચક્ર ચાલતું રહે છે.

અધ્યાત્મનો પહેલો નિયમ

પ્રશ્ન થાય છે કે- આવું કેમ બને છે ? ચેતના અશુદ્ધ ન હોય તો આવું થવાનો સંભવ નથી. જો માણસ દિવસમાં અડધો કલાક પણ શુદ્ધ ચેતનાની અવસ્થામાં રહેવાનું શીખી જાય તો આ સ્થિતિમાં ફેરફાર થઈ શકે. જેણે અડધો કલાક શુદ્ધ ચેતનામાં રહેવાનો અભ્યાસ કર્યો હોય તે કદીય મોટો અન્યાય ન કરી શકે. એ સામાન્ય ભૂલો કરી શકે, પણ ગંભીર ગુના ન કરી શકે. કોઈનું ગળું ન કાપી શકે. કોઈનું શોષણ ન કરી શકે. શુદ્ધ ચેતનાનો અનુભવ થાય ત્યારે અન્યાય, અપરાધ, શોષણ જેવી સ્થિતિઓનો અંત આવી જાય છે.

અધ્યાત્મનો પહેલો નિયમ છે- શુદ્ધ ચેતનાનો અનુભવ. જે માણસે શુદ્ધ ચેતનાને જાણવા અને જીવવાનો પ્રયત્ન (અભ્યાસ) કર્યો નથી, તેને ન તો ધાર્મિક કહી શકાય કે ન તો આધ્યાત્મિક કહી શકાય. અધ્યાત્મનો અર્થ થાય- રાગ-દ્વેષ રહિત ચેતનામાં જીવવું, શુદ્ધ ચેતનામાં જીવવું. આને જ ધ્યાન કહેવાય, અહિંસા-સમતા અને ધર્મ કહેવાય. ભગવાન મહાવીરે અધ્યાત્મના આ વિચારને ખૂબ બળપૂર્વક રજૂ કર્યો છે. આચાર્ય કુન્દકુન્દે પણ આ જ વાત પર જોર દીધું- 'આપણે શુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ, જ્ઞાનમાં જીવવું જોઈએ, જ્ઞાન અનુભવવું જોઈએ. જ્ઞાનના સ્વભાવને ન ભૂલવો જોઈએ.

ચેતના અશુદ્ધ છે

ચેતનાનું નિર્મળ જળ વિકારના મળને લીધે ગંદું થઈ જાય છે. વર્તમાનપત્રમાં વાંચવામાં આવ્યું કે- 'દિલ્હીનું પાણી દૂષિત થઈ ગયું છે. દૂષિત થવાનું કારણ બતાવ્યું હતું કે- પાણીનો નળ (પાઈપ) અને મળનો નળ (ગટર) સાથે સાથે ચાલે છે. જ્યારે કોઈ વખત એ નળીઓમાં ખરાબી

આવી જાય કે કોઈ પાઈપ તૂટી જાય ત્યારે મળના પાઈપનો મેલ પાણીના નળમાં ભળી જાય છે. એથી દૂષિત થયેલું પાણી લોકોનાં ઘરોમાં પહોંચે છે.

એમ લાગે છે કે આપણી ચેતનાનો પ્રવાહ શુદ્ધ રહ્યો નથી. એમાં અશુદ્ધિનો પ્રવાહ ભળી ગયો છે. એમાં રાગ અને દ્વેષ, પ્રિયતા અને અપ્રિયતાની ગંદી નળીઓ ભળી ગઈ છે. આ બન્નેએ ચેતનાના શુદ્ધ પ્રવાહને અશુદ્ધ બનાવ્યો છે. એથી જ એ (ચેતના) કોઈ વખત ક્રોધભરી થઈ જાય છે, કોઈ વખત અભિમાન, માયા અને લોભભરી થઈ જાય છે. રાગ અને દ્વેષના ચક્કરમાં ફસાયેલી ચેતના અશુદ્ધ ચેતના છે. મોટે ભાગે માણસને આ સમસ્યાઓ ગમે છે તેથી તે અશુદ્ધ ચેતનામાં જીવવું પસંદ કરે છે. કામ, ક્રોધ અને ભયથી મુક્ત ચેતના એને પસંદ નથી. અનેક લોકો એ વાત પર વિશ્વાસ કરે છે કે- એ તે કેવો સામાજિક પ્રાણી કહેવાય કે જેમાં ગુસ્સોય ન હોય ? એવો માણસ શું કરશે ? ઘર પણ ચલાવી શકશે નહિ. એક ભાઈએ મને કહ્યું, 'તંત્ર ચલાવવું હોય તો ક્રોધ કરવો જરૂરી છે.' મેં કહ્યું, 'મોટેથી બોલવું તો જરૂરી હોઈ શકે, પણ ક્રોધ કરવો જરૂરી શા માટે ? ક્યાંક ક્યાંક આવેશ બતાવવો જરૂરી હોઈ શકે પણ ક્રોધ કરવો જરૂરી નથી. પણ એવી માન્યતા જ થઈ ગઈ છે કે ક્રોધ વિના તો ઘરનું કામ પણ ન ચાલી શકે !'

માન્યતા અને પરિણામ

લોભના વિષયમાં પણ આ જ વાત છે. માણસ વિચારે છે કે- લોભ વિના કામ જ ન થઈ શકે. જો લોભ ન હોય તો વિકાસનો વેગ મંદ થઈ જાય, રોકાઈ જાય. આ માન્યતા નક્કી થઈ ગઈ કે લોભ કરવો અત્યંત અનિવાર્ય છે. આપણે એમ માની લઈએ કે- સામાજિક પ્રાણીઓ માટે ક્રોધ પણ જરૂરી છે, લોભ પણ જરૂરી છે, ભય પણ જરૂરી છે ! કોઈ કવિએ આવું લખ્યું પણ છે- 'भय बिनु होई न प्रीत – ભય વિના પ્રીતિ ન થાય.' કામ તો જરૂરી છે જ. આ બધાંય જરૂરી છે. જો આપણે આ બધાંને જરૂરી માની લઈએ તો પછી એમનાં પરિણામોથી શું કામ ગભરાવું ? ક્રોધ કરાય તો ક્રોધથી ઉત્પન્ન થનારી સમસ્યાઓ પણ આવશે. આ સ્થિતિમાં જો એક ભાઈ બીજા ભાઈનું ધન પચાવી પાડવા ઇચ્છે તો એને ખરાબ કઈ રીતે મનાય ? જો લોભ જરૂરી હોય તો એમાં ખરાબ માનવાની વાત જ શી છે ? લોભ જ્યારે પુષ્કળ બળવાન થાય ત્યારે માણસ બધી મર્યાદાઓને

ઓળંગી જાય છે.

લોભનો પ્રશ્ન ગૂંચવાડાભર્યો છે

એ વાત સમજી શકાય તેમ છે કે સાધના વિના ચેતનાને શુદ્ધ બનાવી શકાતી નથી. વિચારવાનાં બે દષ્ટિબિંદુ આપણી સામે છે. એક દષ્ટિબિંદુ છે- સાધના સિવાય ક્રોધથી દબાયેલી ચેતનાને મટાડી શકાય નહિ, લોભથી છુટકારો મેળવી શકાય નહિ. બીજું દષ્ટિબિંદુ છે- ક્રોધ કરવો જરૂરી છે, લોભ જરૂરી છે. આ બે દષ્ટિબિંદુઓમાં ઘણું અંતર છે. પ્રેક્ષાધ્યાન દ્વારા ક્રોધને શાંત કરવાના કેટલાક ઉપાય શોધી કઢાયા. એમના પ્રયોગ પણ સફળ થયા ભયથી મુક્ત થવાના પણ ઉપાય શોધાયા. પ્રેક્ષાધ્યાનની શિબિરોમાં એવા ઘણા માણસો આવ્યા જેને સતત ભય સતાવતો હતો. વગર કારણે જ ભય લાગતો હતો. ધ્યાનના પ્રયોગને લીધે એમનો ભય મટી ગયો. અભિમાન મટાડવાની યુક્તિઓ પણ શોધી કાઢી. પણ લોભ મટાડવાની ચાવી શોધવામાં આજસુધી સફળ થયા નથી. આ સૌથી મોટી સમસ્યા છે. એનાથી મુક્ત થવાની ચાવીની શોધ આજે પણ ચાલુ છે. લોભનો પ્રશ્ન ઘણો ગૂંચવાડાભર્યો છે. લોભ એક એવો ભયંકર રોગ છે જેને માટેનો કોઈ અચૂક ઉપાય મળ્યો નથી. જો કે કેટલાક નિયમો મળ્યા છે પણ એને અમલમાં મૂકનાર પણ મળવા કઠણ છે. રોગી છે, દવા પણ છે પણ માણસ દવા લેવાની ઇચ્છા કરતો નથી. માણસનું માનસિક વલણ જ એવું બનેલું છે કે એ એમ ઇચ્છે છે કે આ દવા ન લઉં એમાં જ મારું ભલું છે.

શુદ્ધ ચેતના

આ સમસ્યા અશુદ્ધ ચેતનાની છે, અને એ બધી સમસ્યાઓને પોષી રહી છે. એના ઉપર વિધેયાત્મક (હકારાત્મક) દષ્ટિથી આપણે વિચારવું જોઈએ. હિંદુસ્તાન અને સમગ્ર વિશ્વમાં સંતોની એક મહાન પરંપરા રહેલી છે. એમાં કેટલાય હજાર એવા માણસો થયા છે, જેમણે પોતાની શુદ્ધ ચેતનાનો અનુભવ કર્યો છે અને શુદ્ધ ચેતનાવાળું જીવન જીવ્યા છે. જેઓ શુદ્ધ ચેતનાના આશ્રયે જીવે છે તેમને માટે કોઈ સમસ્યા પ્રશ્નરૂપ રહેતી નથી.

એક સંત ગામમાં પ્રવેશ કરી રહ્યા હતા. અનેક ભક્તો એમની સાથે હતા. સંતની સામે એક માણસ આવ્યો. એના હાથમાં એક વાસણ હતું. એમાં કોલસા-રાખ ભર્યાં હતાં. સંતની પાસે જઈને તરત એણે એ રાખ

અને કોલસા સંતના શરીર પર ફેંક્યાં. જે ભક્તો સંતની સાથે ચાલી રહ્યા હતા તે બધા આ દૃશ્ય જોઈને ગુસ્સે થઈ ગયા. એ બોલ્યા, 'કેટલો અવિનયી છે આ માણસ !' કેટલાક લોક એને મારવા આગળ વધ્યા. સંતે કહ્યું, 'શાંત રહો.' લોક બોલ્યા, 'મહારાજ આપ રોકશો નહિ. આ મૂર્ખ માણસને મારવો જ યોગ્ય છે.' સંતે શાંત સ્વરમાં કહ્યું, કેટલો સારો માણસ છે આ ? એણે સળગતા કોલસા ન ફેંક્યા. બુઝાયેલા કોલસા નાખ્યા. એમાં આપણું શું બગડ્યું ? એક વખત નાહી લઈશું એટલે બધો મેલ સાફ થઈ જશે.

વિઘ્ન છે વ્યસ્તતા

આ શુદ્ધ ચેતના કહેવાય. જ્યાં શુદ્ધ ચેતના હોય છે ત્યાં કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. બધા પ્રશ્નો મટી જાય છે. એક તરફ આપણે અશુદ્ધ ચેતનાને પાળી રહ્યા છીએ, એને પોષણ અને પ્રોત્સાહન આપી રહ્યા છીએ; તો બીજી તરફ અશુદ્ધ ચેતનાનાં પરિણામોથી ભયભીત રહીએ છીએ. આ બમણી મૂર્ખતા છે. જો ખરેખર આપણે સમસ્યાઓથી છુટકારો ઈચ્છતા હોઈએ તો આપણે ચેતનાને શુદ્ધ બનાવવાનો અભ્યાસ કરવો જોઈએ. આજનો માણસ પ્રશ્નોથી છુટકારો તો ઈચ્છે છે, પણ શુદ્ધ ચેતના જાગૃત કરવા માટે એની પાસે સમય નથી. જો કોઈ માણસને કહીએ કે- તમે ધ્યાન કરતા જાઓ, થોડો વખત આત્મચિંતનમાં પણ કાઢો. તો તેનો ઉત્તર મળશે. હું ઘણો વ્યસ્ત છું. મારી પાસે પાંચ મિનિટનો પણ સમય નથી. હું માનું છું કે અત્યંત વ્યસ્ત રહેવું એટલે મોતને જલદી બોલાવવું. જે માણસ પોતાની જાતને વ્યસ્ત રાખે છે, પોતાના મગજને કદી ખાલી કરતો નથી તે કદાચિત્ મૃત્યુને ઘણો ગમે છે. મૃત્યુ એને જલદી પોતાને ઘરે બોલાવવા ઈચ્છે છે.

સમતોલતાનો નિયમ

ખાલી થવું એ જીવવાની કલા છે. જે માણસ સતત વ્યસ્ત હોય તે સમજદાર ન કહેવાય, એ અણસજભર્યું જીવન જીવી રહ્યો છે. જે માણસ જીવનનું મૂલ્ય સમજતો હોય, જીવનનો અર્થ સમજતો હોય તે પોતાને વ્યસ્ત પણ રાખે છે અને ખાલી પણ રાખે છે. ખાલી રહેવું અને વ્યસ્ત રહેવું એ બેમાં સ્વસ્થ જીવનનું રહસ્ય છુપાયેલું છે. ખાવું અને ન ખાવું એ બન્નેનો મેળ એ સ્વસ્થ (નીરોગી) જીવનનું લક્ષણ છે. જો કોઈ માણસ સૂરજ ઊગવાની સાથે ખાવાનું શરૂ કરે અને પછીના દિવસે સૂર્યોદય સુધી

ખાતો જાય તો તેનું પરિણામ શું આવે ? બીજે દિવસે સૂરજ ઊગશે કે નહિ ? માણસ કંઈ ખાવાથી જ નથી જીવતો. ન ખાવાથી પણ જીવે છે. એમ પણ કહી શકાય કે માણસ ખાવાથી નહિ પણ પચાવવાથી જીવે છે. ખાવાની સાથે સાથે પચાવવા માટે પણ સમય જોઈએ. જો માણસ ખાતો જ જાય, તો પચાવવાનો પ્રશ્ન જ ન રહે. માણસ દિવસમાં બે-ચાર વાર ખાય છે. મોટે ભાગે બે કલાકથી વધારે ખાતો નથી, તેથી જ એ જીવે છે. ભોજન અને અભોજનનું એક સમતોલપણું છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ

માણસ પ્રવૃત્તિ કરે છે. પ્રવૃત્તિની સાથે સાથે તે નિવૃત્તિ કરે છે. જાપાની લોકોને અમે પૂછ્યું- 'આપ સૌ ધ્યાન કરો છો ?' તો જવાબ મળ્યો- અમે કાર્યમગ્ન રહીએ છીએ. જો ધ્યાન ન કરીએ તો જીવવું મુશ્કેલ થઈ જાય. અમે પ્રવૃત્તિની સાથે નિવૃત્તિનો નિયમ શીખ્યા છીએ ! એમણે કહ્યું- જાપાનના લોકો ઘણા સક્રિય (ઉદ્યમી) છે, પણ તેઓ નિષ્ક્રિય રહેવાનું પણ જાણે છે. પંડિત નહેરુને પૂછવામાં આવ્યું- આપ એક દિવસમાં ઘણાં ભાષણ કરી નાખો છો. ક્યારેક અહીં અને ક્યારેક ત્યાં આપનાં ભાષણ ચાલતાં જ રહે છે. આપ આટલું પ્રવૃત્તિશીલ જીવન કઈ રીતે જીવી શકો છો ? નહેરુએ કહ્યું, 'તમે મારી પ્રવૃત્તિશીલતા જ જુઓ છો, પણ હું નિષ્ક્રિય રહેવાનું પણ જાણું છું.'

પ્રવૃત્તિશીલતામાં નિષ્ક્રિયતા શોધવી, વ્યસ્તતામાં ખાલીપણું શોધવું, પ્રવૃત્તિમાં નિવૃત્તિની શોધ, અસ્થિરતામાં સ્થિરતાની શોધ એ બધી શુદ્ધ ચેતનાની શોધ છે. જે માણસ આ ચેતનાને શોધી લે છે તે પોતાની સમસ્યા ઉકેલી લે છે.

ઉપયોગિતાનો પ્રશ્ન

પ્રશ્ન ઉપયોગિતા (જરૂરિયાત)નો પણ છે. શુદ્ધ ચેતના શોધવાની શી જરૂર છે ? આપણે ધ્યાન કરીએ, શુદ્ધ ચેતનાનો અનુભવ કરવાની પ્રવૃત્તિ કરીએ. ત્યારે એમ બને કે આજે એની ઉપયોગિતા આપણને ન સમજાય. પણ એના (શુદ્ધ ચેતના)ના પ્રભાવવાળું જીવન એની ઉપયોગિતા બતાવી દેશે. શુદ્ધ ચેતનાનો જેને સ્પર્શ થયો છે તે માણસના જીવનમાં જે ફરક આવે છે તેની માત્ર તેને જ નહિ પણ બીજાઓને ય ખબર પડી જાય છે. એની અસર માત્ર વર્તમાનમાં જ નહિ, સુદૂર ભવિષ્યમાં પણ જણાતી રહે છે. શુદ્ધ ચેતનાના પ્રભાવવાળો માણસ માત્ર પોતાને માટે જ નહિ,

સમાજ માટે પણ કલ્યાણકારી બને છે.

પહેલાંના સમયની વાત છે. એક રાજા વેશ બદલીને નગરમાં ફરતો હતો. ફરતાં ફરતાં તે એક બગીચામાં પહોંચી ગયો. ત્યાં માળી અખરોટનું વૃક્ષ વાવી રહ્યો હતો. રાજાએ પૂછ્યું- અરે ભાઈ, તમે અખરોટનું ઝાડ તો વાવો છો, પણ એને તો ઘણાં વર્ષો પછી ફળ આવશે. એ ફળ શું તને કામ લાગશે ? આ વૃક્ષ વાવવાનો શો ફાયદો ? માળીએ ઉત્તર આપ્યો,- તમે હોશિયાર લાગો છો, પણ કંઈક ભોળાય છો. જો મારા પૂર્વજો આવી જ વાત વિચારતા હોત તો આજે આ બાગમાં એક પણ છોડ હોત નહિ. પૂર્વજોએ વાવેલાં વૃક્ષોનાં ફળ હું ખાઉં છું. અને મારાં વાવેલાં વૃક્ષો ભવિષ્યની પેઢીના કામમાં આવશે. આને ઉપયોગિતા ન કહેવાય ? આજનાં કામોનાં ફળ ભવિષ્યની પેઢીને મળે એ ઘણી મોટી ઉપયોગિતા છે.

એકવીસમી સદીનું ચિત્ર

વર્તમાન બદલાઈ જાય તો ભવિષ્ય પણ બદલાઈ જાય. આજની પેઢી જો બદલાઈ જાય તો ભાવિ પેઢી પણ બદલાઈ જાય. આજની પેઢીનો સંયમ ભાવિ પેઢી માટે કલ્યાણકારી બને અને તેનો અસંયમ ભાવિ પેઢી માટે અકલ્યાણકારી બને. વર્તમાન પેઢી જો ન સુધરે તો એનું પરિણામ પણ ભાવિ પેઢીએ ભોગવવું પડે છે. સમાચારપત્રમાં પર્યાવરણ વિદ્વાનો એક લેખ વાંચ્યો કે- આજનો માણસ અને વર્તમાન પેઢી જમીન અને પાણીનો અતિશય ઉપયોગ કરી રહ્યાં છે. આગલી પેઢી એનાં પરિણામ ભોગવશે. કદાચ એમ બને કે એકવીસમી સદીમાં કલકત્તા, મુંબઈ, દિલ્હી, મોસ્કો જેવાં મોટા નગરોના લોકોએ ગંદી ગટરોનાં પાણી સાફ કરી પીવાં પડે. વર્તમાન પેઢી પાણીનો જે ખોટો વ્યય કરી રહી છે, એનું પરિણામ એ આવશે કે આગળની પેઢીને પાણીનું ગંભીર સંકટ ભોગવવું પડશે. બોલચાલની ભાષામાં દાદા-પૌત્રને એક ગણવામાં આવે છે. દાદા અને પૌત્ર- વર્તમાન અને ભાવિ પેઢીના પ્રતીકના રૂપમાં પ્રયોજી શકાય. દાદાજીની મૂર્ખતાનું ફળ પૌત્રે ભોગવવું પડે છે અને તેમની સમજદારીનું ફળ પણ તેને જ મળે છે.

જીવનમાં વળાંક આવવો જોઈએ

આપણે વર્તમાનની વાતનો વિચાર કરતા નથી તેથી ગૂંચવાઈ જઈએ છીએ. આપણી શુદ્ધ ચેતનાનો અનુભવ માત્ર આપણા માટે જ નહિ પણ આગળની પેઢી માટે પણ અનેક સમસ્યાઓનું સમાધાન બની શકશે, એ

વાત આપણે ભૂલી જઈએ છીએ. આજ આપણે નૈતિક સમસ્યાનો ભોગ બન્યા છીએ. એ માત્ર વર્તમાન પેઢીનાં જ કરતૂત છે એમ ન કહી શકાય. પહેલાંથી જ કંઈ એવો પ્રભાવ ચાલ્યો આવે છે જેનું પરિણામ આપણે ભોગવવું પડે છે. આ વાત જો આજે પણ આપણા ધ્યાનમાં આવી જાય અને શુદ્ધ ચેતનામાં જીવવાની ટેવ શરૂ થઈ જાય તો જીવનનું વાતાવરણ બદલાઈ જાય અને સમસ્યાઓનો ચક્રવ્યૂહ (કોઠો) તૂટી જાય. જો આપણે દરરોજ એક કલાક શુદ્ધ ચેતનામાં રહીએ, કામ ક્રોધ અને ભયની ચેતનાથી અળગા થઈને આત્માનુભૂતિમાં રહીએ. એવો અભ્યાસ એક વર્ષ સુધી કરતા રહીએ તો અનુભવ થશે કે આપણે ક્યાં હતા અને ક્યાં પહોંચી ગયા છીએ. આપણા જીવનમાં એક નવો વળાંક આવે.

આપણો ભરોસો જ કામ લાગશે

આપણે આખો દિવસ વિચારોના ઘેરામાં કેદ રહીએ છીએ. ક્યારેક ક્રોધનો વિચાર આવે છે તો ક્યારેક અભિમાન, માયા કે લોભનો વિચાર આવે છે. તો કોઈ વખત ઘૃણા અને દ્વેષનો વિચાર આવે છે. જો આ જ વિચારોમાં સતત જીવતા રહીએ તો સ્વાસ્થ્યની ચિંતા કરવાની જરૂર ન રહે કે પ્રસન્નતા કે દીર્ઘાયુષ્યની ચિંતા કરવાની જરૂર રહે. આ સ્થિતિમાં આપણે આપણી જાતને નસીબને ભરોસે, રામભરોસે છોડી દઈએ. એમ જ માની લઈએ કે જે થવાનું ભાગ્યમાં લખ્યું હશે તે જ થવાનું છે. પણ રામભરોસાથી વધારે મહત્ત્વનો છે આપણો ભરોસો. આપણે આપણી જાત પર ભરોસો કરીએ, આપણી આત્માનુભૂતિને જાગૃત કરીએ, શુદ્ધ ચેતનાનો અનુભવ કરીએ. અધ્યાત્મની આ ઘણી ઊંડી વાત લાગે, પણ આ એક સત્ય છે. આચાર્ય કુન્દકુન્દ જેવા અનેક આચાર્યોએ અધ્યાત્મની અનુભૂતિ કરી આ સત્યને સ્પષ્ટ કર્યું છે. આપણે આ દિશામાં આગળ વધવું જોઈએ. શુદ્ધ ચેતનાની શોધ કરવામાં સમર્પિત થઈએ તો આપણું ભવિષ્ય આપણા હાથમાં હશે.

★ ★ ★

સંકલિકા - ૯

- वत्थुं पडुच्च जं पुण, अज्झवसाण तु होदि जीवाणं ।
  ण य वत्थुदो दु बंधो, अज्झवसाणेण बंधोत्थि ।।
- सव्वे करेदि जीवो, अज्झवसाणेण तिरिय णेरइए ।
  देवमणुए य सव्वे, पुण्णं पावं च णेयविहं ।।
  (સમયસાર - ૨૬૫, ૨૬૮)
- सरीरमाहु नावोत्ति, जीवो वुच्चई नाविओ ।
  संसारो अण्णओ वुत्तो जं तरंति महेसिणो ।।
- બે દષ્ટિકોણ -
  નિશ્ચયનય
  વ્યવહારનય
- નિશ્ચયનય - વૃત્તગ્રાહી દષ્ટિ
  વ્યવહારનય - પર્યાયગ્રાહી દષ્ટિ
- નિશ્ચયનય : અભેદગ્રાહી દષ્ટિ
  વ્યવહારનય : ભેદગ્રાહી દષ્ટિ
- સત્યના બે પ્રકાર -
  સૂક્ષ્મ સત્ય
  સ્થૂળ સત્ય
- સ્થૂળ સત્ય : વ્યક્ત સત્ય
  સૂક્ષ્મ સત્ય : અવ્યક્ત સત્ય
- વ્યાવહારિક સત્ય : નૈશ્ચયિક સત્ય
- બંધનું કારણ છે અધ્યવસાય
- અધ્યવસાય છે ચેતનાનું પરિણામ
- દુઃખ મુક્તિનો માર્ગ.

૬. સત્યની શોધના બે દષ્ટિકોણ

સત્ય અને મિથ્યા- એ બે શબ્દોથી આપણે ખૂબ પરિચિત છીએ. એક એવી માન્યતા છે કે સત્યને લીધે સમસ્યા ગૂંચવાય છે. બીજી માન્યતા એવી છે કે સત્યને લીધે સમસ્યા ઉકલે છે.

એક ન્યાયધીશે ગુનેગારને કહ્યું, 'બોલ, સાચેસાચું કહીશ ?' ગુનેગાર ગૂંચવાડામાં પડ્યો.

ન્યાયાધીશે કહ્યું- 'જૂઠું બોલવાનું શું પરિણામ આવશે તે તું જાણે છે?'

તેણે (ગુનેગારે) કહ્યું - 'નરક'

ન્યાયાધીશે પૂછ્યું- 'સાચું બોલવાનું પરિણામ જાણે છે ?'

તેણે કહ્યું, 'સાચું બોલવાનું પરિણામ હશે જેલ.'

સાચું બોલનાર જેલમાં જાય એ (પણ) એક માન્યતા છે. આ વહેવારુ માન્યતાથી બરાબર વિપરીત (ઊલટી) માન્યતા છે કે જેટલો મિથ્યા દષ્ટિકોણ ચાલુ રહે એટલો જ માણસ દુઃખી થાય છે. બધાંય દુઃખો મટાડવાનો એક જ ઉપાય છે- સત્યની શોધ, સત્યની સમક્ષ ચાલ્યા જવું.

સત્યના બે પ્રકાર

સત્યને સમજવું ઘણું કઠણ છે. સત્ય એટલું સૂક્ષ્મ છે કે ત્યાં સુધી પહોંચવું કઠણ છે. ભગવાન મહાવીરે સત્યને શોધવાના બે દષ્ટિકોણ બતાવ્યા. સત્ય બે પ્રકારનું હોય છે- સ્થૂલ સત્ય અને સૂક્ષ્મ સત્ય. કાગડો કાળો હોય છે. એ કાળો છે એ સત્ય છે, પણ સ્થૂલ સત્ય છે. હંસ સફેદ હોય છે, એ સત્ય ખરું પણ સ્થૂલ સત્ય. એ સૂક્ષ્મ સત્ય નથી. સૂક્ષ્મ સત્ય તો છે- કાગડો કાળો ય છે, સફેદ પણ છે, પીળો પણ છે, લાલ પણ છે, ભૂરો પણ છે. એમાં પાંચેય રંગ છે. આ પાંચેય રંગને એકસાથે સમજવા એ સૂક્ષ્મ સત્ય છે અને માત્ર એક જ રંગ પકડવો એ સ્થૂલ સત્ય છે. સ્થૂલ સત્ય ગ્રહણ કરનારી દષ્ટિ વ્યવહારનય કહેવાય અને સૂક્ષ્મ સત્યને સમજનારી દષ્ટિ નિશ્ચયનય કહેવાય.

લીમડો અને ગોળનો સંબંધ

કોઈને પૂછીએ કે ગોળ કેવો છે ? લીમડાનું પાંદડું કેવું છે ? તો જવાબ મળે કે ગોળ મધુર છે અને લીમડાનું પાંદડું કડવું છે. લીમડો કડવો જ હોય છે ? શું ગોળ મધુર જ હોય છે ? સ્થૂલ સત્ય તો છે કે ગોળ

મધુર છે અને લીમડો કડવો છે. પણ સૂક્ષ્મ સત્ય એ છે કે- ગોળ કડવો પણ છે, અને લીમડો મધુર પણ છે. ખાટો, મધુર, કડવો, તીખો અને તૂરો એ જેટલા રસ છે એ બધા ગોળમાં છે અને લીમડામાં પણ છે. માટીમાંથી સાકર કાઢવામાં આવે છે. કોલટાર દ્રવ્યમાંથી સાકર કઢાય છે. એમ કહેવાય છે કે આદિકાળમાં આપણી માટીમાં એટલી મધુરતા હતી કે આજની સાકર કરતાં એ હજારોગણી વધારે હતી. માટીમાં મધુરતા પણ છે અને કડવાપણું ય છે.

સ્થૂલ દષ્ટિ અને સૂક્ષ્મ દષ્ટિ

સ્થૂલ દષ્ટિવાળો માણસમાત્ર વ્યક્ત (દેખાતું) પર્યાયને પકડે છે (સમજે છે). જે કંઈ વ્યક્ત થઈ ગયું, પ્રગટ થઈ ગયું એ જ આપણી નજર સામે આવે છે. જે કંઈ વ્યક્ત હોય, પ્રગટ હોય તેને જ આંખ જુએ છે. અવ્યક્તને આપણી આંખ પકડી શકતી નથી. કાગડાનો કાળો રંગ દેખીતો છે, પણ પીળો, ભૂરો, લાલ અને સફેદ એ બધા રંગો અવ્યક્ત (અદીઠ) છે. સ્થૂલ દષ્ટિ અવ્યક્તને પકડતી નથી. જે કંઈ દેખીતું હોય એને જ પકડે છે. જ્યારે સૂક્ષ્મ દષ્ટિ, પ્રજ્ઞા જાગે, અતીન્દ્રિય ચેતના જાગે ત્યારે જ તે અવ્યક્ત (અદીઠ)ને પણ પકડી શકે. જે કંઈ અંદરમાં છુપાયેલું છે તેને પણ જોઈ શકે છે. સ્થૂલ સત્ય એ વ્યક્ત (દેખીતું) સત્ય છે, સૂક્ષ્મ સત્ય અવ્યક્ત (અદીઠ) સત્ય છે.

પ્રશ્ન છે ક્ષમતાનો

આપણા જ્ઞાનની શક્તિ મર્યાદિત છે. આપણી દષ્ટિ એકાદ અંશને જ ગ્રહણ કરનારી છે. આપણે એક અંશને જ ગ્રહણ કરી શકીએ છીએ સમગ્રને ગ્રહણ કરી શકતા નથી. ધારો કે- એક સંતરું છે. કોઈએ જોયું કે- સંતરું પડ્યું છે. આંખોએ જોયું કે આ સંતરું છે. અહી પ્રશ્ન એ થાય કે આંખે કઈ વાત પકડી ? આંખે એનાં રંગ-રૂપ, આકાર જોયાં અને બતાવી દીધું કે આ સંતરું છે. પણ એ ખાટું છે કે મીઠું ? એ વાતની ખબર આંખથી ન પડે. એ કામ જીભે કર્યું. આમ આંખ અને જીભ બન્નેનો યોગ મળ્યો ત્યારે આપણને ખબર પડી કે આ સંતરું છે, ખાટું છે કે મીઠું છે. કોઈએ અંધારામાં સંતરું રાખ્યું હોય તો આપણે નાકથી સૂંઘ્યું ત્યારે ખબર પડી કે આ સંતરું છે. નાક, આંખ અને જીભ એ બધી ઈન્દ્રિયો પોતપોતાનું કામ કરે છે. એક અંશને ગ્રહણ કરે છે. આંખે તેનું રૂપ અને આકાર બતાવ્યાં, જીભે ચાખીને સ્વાદ બતાવ્યો, નાકે ગંધ બતાવી. આપણે સંતરું

હાથમાં લીધું, હાથ વડે સ્પર્શ કરી બતાવી દીધું કે આ સંતરું છે. સ્પર્શેન્દ્રિયનું પણ પોતાનું એક કામ છે. સ્પર્શ કરીને ઘણી બધી વાતો બતાવી શકાય. જેના કાન વિકસેલા હોય તેઓ સૂક્ષ્મ ધ્વનિ પણ પકડી બતાવે છે.

કુશળતાનું પ્રદર્શન

ભારતમાં એવા એવા ઈન્દ્રિય-કુશળ માણસો થયા છે. આજે આપણે ઈન્દ્રિય-જ્ઞાનને ભૂલી ગયા છીએ. યંત્રો અને અન્ય સાધનોએ આપણી ઈન્દ્રિયોની શક્તિને બહુ જ ઓછી કરી નાખી છે. આજે પદાર્થોના પૃથક્કરણનો પ્રકાર બદલાઈ ગયો છે. વૈજ્ઞાનિક યંત્રો વડે પદાર્થનું પરીક્ષણ કરવાનો, એનું રાસાયણિક પૃથક્કરણ કરવાનો ત્યાર પછી એ કહે કે એમાં અમુક અમુક દ્રવ્યો છે. પ્રાચીનકાળમાં તે (વૈજ્ઞાનિક) આવાં કામ પોતાની ઈન્દ્રિય કુશળતાથી કરી લેતો.

એક વિદેશી સમ્રાટે ભારતના કોઈ રાજાને સુરમો મોકલ્યો. એ સુરમાથી આંધળો માણસ દેખતો થઈ જતો હતો. સુરમાની ડબીમાં બહુ થોડો સુરમો હતો. તે એક માણસની આંખોમાં આંજી શકાય તેટલો જ હતો. રાજાને વિચાર આવ્યો. સુરમો કેવો છે તે જોવું જોઈએ. એનો એક વૃદ્ધ મંત્રી આંધળો હતો. રાજાએ એને બોલાવી કહ્યું- આ સુરમો આંખોમાં આંજી દો. તમારી દૃષ્ટિ ફરીથી આવશે. વૃદ્ધ મંત્રીએ એક આંખમાં સુરમો આંજ્યો. એની દૃષ્ટિ આવી ગઈ. એ તરત જ જોઈ શકવા લાગ્યો. એણે સુરમો બીજી આંખમાં ન નાખ્યો પણ જીભ પર મૂકવા ઇચ્છયું.

રાજાએ કહ્યું, 'શું કરી રહ્યા છો આપ ? આપની એક આંખ સારી થઈ ગઈ, તો હવે બીજી આંખમાં નાખો તો એ પણ જોવા માંડશે. એમાં નહિ નાખો તો કાણા રહી જશો.' મંત્રીએ કહ્યું, 'મહારાજ ! હું કાણો નહિ રહું, પણ હવે હું બધાનો અંધાપો મટાડી દઈશ.'

મંત્રીએ જીભ પર સુરમો મૂકીને એનું પરીક્ષણ કર્યું અને બીજે દિવસે એવો જ સુરમો રાજાની સામે ધરી દીધો. પછી કહ્યું, મહારાજ ! જે સુરમો મેં એક આંખે આંજ્યો હતો તેવો જ આ સુરમો છે. હવે આપ હજાર-હજાર લોકોની દૃષ્ટિ પાછી લાવી શકશો. વિદેશી સમ્રાટનો દૂત તો મંત્રીનું આ કૌશલ જોઈને વિસ્મિત થઈ ગયો.

વ્યવહારનય અને નિશ્ચયનય

આ કેવડો મોટો ચમત્કાર છે ! શું આવું પૃથક્કરણ કરી શકાય ? પ્રયોગશાળા વિના આવો નિર્ણય તારવી શકાય ખરો ? આપણી ઈન્દ્રિયોમાં

ગૃહસ્થ પણ આ જ વાત કહે- મારું શરીર છે. પણ આ ન બની શકે. શરીર મારું છે એ વ્યવહારનું સત્ય છે. એ કંઈ વાસ્તવિક સત્ય નથી. શરીર મારું છે એમ માનવું ઉપયોગી છે કે કે શરીરને પોતાનું માન્યા વિના કોઈ કામ ચાલતું નથી. માણસ શરીરના આધારે બોલે છે. શરીરના આધારે વિચારે છે. શરીરને પોતાનું માનવું એ એક ઉપયોગિતા છે. તેથી ભગવાન મહાવીરે કહ્યું, જ્યાં સુધી સમુદ્રને પાર કરીએ નહિ ત્યાં સુધી નાવને છોડવી નહિ. શરીર એક નાવ છે. એ કિનારે ન પહોંચે ત્યાં સુધી આપણે એને છોડી શકીએ નહિ.

शरीरमाहु नावोत्ति, जीवो वुच्चई नाविओ ।
संसारो अण्णओ वुत्तो, जं तरंति महेसिणो ।।

શરીર નાવ છે, જીવ નાવિક છે, સંસાર સમુદ્ર છે. જ્યાં સુધી સામે કિનારે પહોંચી ન જઈએ ત્યાં સુધી નાવ છોડી શકાય નહિ. શરીર માણસની એક જરૂરિયાત છે તેથી માણસ કહે છે કે શરીર મારું છે. પણ શરીરને પોતાનું માનીને માણસે દુઃખો પણ કેટલાં પેદા કર્યા છે ! જે શરીરને પોતાનું માને છે તે શરીર માટે શું શું નથી કરતો ! માણસ શરીર માટે હિંસા પણ કરે છે, જૂઠુંય બોલે છે, પરિગ્રહ પણ કરે છે, અને તે શરીર માટે બીજાઓને તકલીફમાં પણ મૂકી શકે છે. એ શરીરનું ભરણ-પોષણ પણ કરે છે અને લાલન પાલન પણ કરે છે. શરીર શું દુઃખ આપતું નથી? રોગ પણ શરીર જ ઉત્પન્ન કરે છે. વૃદ્ધત્વ પણ આ જ શરીરમાં આવે છે. એક તરફ જોઈએ તો શરીર ઘણું ઉપયોગી છે તો બીજી તરફ મોટું દુઃખ આપનારું પણ છે. 'શરીર મારું છે' એ એક સ્થૂલ સત્ય છે. આ ધારણાને તોડવી એ સૂક્ષ્મ સત્ય છે.

નિશ્ચયાત્મક સત્ય (નિશ્ચયનું સત્ય)

માણસે એમ અનુભવવું જોઈએ કે- શરીર મારું નથી. હું ચૈતન્યપૂર્ણ છું, ચૈતન્ય સ્વરૂપ છું. અનુભવ એ મારું સ્વરૂપ છે. જ્ઞાન મારું સ્વરૂપ છે. વીતરાગપણું મારું સ્વરૂપ છે. એક અવાજ એવો આવે છે (કોઈ બોલે છે) કે શરીર મારું છે બીજો સ્વર કહે છે કે શરીર અચેતન છે, પ્રાણી ચેતન છે. ચેતન અચેતનને પોતાનું માને એ તો કેવડી મોટી મૂર્ખતા કહેવાય ! આ બેય સ્વરો જુદા જુદા છે પણ બેય સાચા છે. 'શરીર મારું છે' એ વ્યવહારનું સત્ય છે અને 'શરીર મારું નથી' એ નિશ્ચયનું સત્ય છે. જ્યાં સુધી નિશ્ચયનું જ્ઞાન જાગૃત ન થાય ત્યાં સુધી શરીરનું અજ્ઞાન તૂટશે નહિ,

ગૃહસ્થ પણ આ જ વાત કહે- મારું શરીર છે. પણ આ ન બની શકે. શરીર મારું છે એ વ્યવહારનું સત્ય છે. એ કંઈ વાસ્તવિક સત્ય નથી. શરીર મારું છે એમ માનવું ઉપયોગી છે કે કે શરીરને પોતાનું માન્યા વિના કોઈ કામ ચાલતું નથી. માણસ શરીરના આધારે બોલે છે. શરીરના આધારે વિચારે છે. શરીરને પોતાનું માનવું એ એક ઉપયોગિતા છે. તેથી ભગવાન મહાવીરે કહ્યું, જ્યાં સુધી સમુદ્રને પાર કરીએ નહિ ત્યાં સુધી નાવને છોડવી નહિ. શરીર એક નાવ છે. એ કિનારે ન પહોંચે ત્યાં સુધી આપણે એને છોડી શકીએ નહિ.

शरीरमाहु नावेत्ति, जीवो वुच्चई नाविओ ।
संसारो अण्णओ वुत्तो, जं तरंति महेसिणो ।।

શરીર નાવ છે, જીવ નાવિક છે, સંસાર સમુદ્ર છે. જ્યાં સુધી સામે કિનારે પહોંચી ન જઈએ ત્યાં સુધી નાવ છોડી શકાય નહિ. શરીર માણસની એક જરૂરિયાત છે તેથી માણસ કહે છે કે શરીર મારું છે. પણ શરીરને પોતાનું માનીને માણસે દુઃખો પણ કેટલાં પેદા કર્યા છે ! જે શરીરને પોતાનું માને છે તે શરીર માટે શું શું નથી કરતો ! માણસ શરીર માટે હિંસા પણ કરે છે, જૂઠુંય બોલે છે, પરિગ્રહ પણ કરે છે, અને તે શરીર માટે બીજાઓને તકલીફમાં પણ મૂકી શકે છે. એ શરીરનું ભરણ-પોષણ પણ કરે છે અને લાલન પાલન પણ કરે છે. શરીર શું દુઃખ આપતું નથી? રોગ પણ શરીર જ ઉત્પન્ન કરે છે. વૃદ્ધત્વ પણ આ જ શરીરમાં આવે છે. એક તરફ જોઈએ તો શરીર ઘણું ઉપયોગી છે તો બીજી તરફ મોટું દુઃખ આપનારું પણ છે. 'શરીર મારું છે' એ એક સ્થૂલ સત્ય છે. આ ધારણાને તોડવી એ સૂક્ષ્મ સત્ય છે.

નિશ્ચયાત્મક સત્ય (નિશ્ચયનું સત્ય)

માણસે એમ અનુભવવું જોઈએ કે- શરીર મારું નથી. હું ચૈતન્યપૂર્ણ છું, ચૈતન્ય સ્વરૂપ છું. અનુભવ એ મારું સ્વરૂપ છે. જ્ઞાન મારું સ્વરૂપ છે. વીતરાગપણું મારું સ્વરૂપ છે. એક અવાજ એવો આવે છે (કોઈ બોલે છે) કે શરીર મારું છે બીજો સ્વર કહે છે કે શરીર અચેતન છે, પ્રાણી ચેતન છે. ચેતન અચેતનને પોતાનું માને એ તો કેવડી મોટી મૂર્ખતા કહેવાય ! આ બેય સ્વરો જુદા જુદા છે પણ બેય સાચા છે. 'શરીર મારું છે' એ વ્યવહારનું સત્ય છે અને 'શરીર મારું નથી' એ નિશ્ચયનું સત્ય છે. જ્યાં સુધી નિશ્ચયનું જ્ઞાન જાગૃત ન થાય ત્યાં સુધી શરીરનું અજ્ઞાન તૂટશે નહિ,

ધર્મનું જ્ઞાન જાગશે નહિ. અધ્યાત્મમાં પહેલાં શરીર વિશેના અજ્ઞાનને તોડવું છે. 'શરીર મારું નથી' એ અનુભવ કરવો પડે છે. જૈનદર્શનમાં એને ભેદ-વિજ્ઞાન કહેવામાં આવે છે. વેદાંત દર્શનમાં એને દેહાધ્યાસથી મુક્તિ કહેવાઈ છે. દેહાધ્યાસથી છુટકારો પામ્યા સિવાય કોઈ સાધના કરી શકતું નથી. ભેદ-વિજ્ઞાન વિના કોઈ સાધના કરી શકતું નથી. જો આપણે વ્યવહારના સત્યમાં જ અટકી જઈશું તો ધર્મની ચેતના સુધી પહોંચી શકીશું નહિ.

સંબંધ : ઘરનો

આ સત્યને બીજા સંદર્ભમાં જોઈએ. શરીર સાથે માણસનો નજીકનો સંબંધ છે. એનો બીજો સંબંધ ઘર સાથે છે. આત્મા રહે છે શરીરમાં અને શરીર રહે છે ઘરમાં. 'ઘર મારું છે'. એ વ્યવહારનું સત્ય છે. જો એ સત્ય ન હોત તો માણસ ઘર ન બનાવત. પણ નિશ્ચયનું સત્ય છે- 'ઘર મારું નથી.' મુનિ રાજર્ષિ દીક્ષા લઈ રહ્યા હતા. ત્યાં ઈન્દ્ર બ્રાહ્મણ રૂપે આવ્યા. એણે વિનંતી કરી, 'રાજન્, આપ હમણાં જ દીક્ષા લઈ રહ્યા છો ? આપે તો ઘણાં મહાલયો બનાવવાનાં બાકી છે. આપ મોટા મોટા મહેલો બનાવો અને એક પ્રાસાદ બનાવો. ત્યારપછી દીક્ષાની વાત કરો'. રાજર્ષિએ કહ્યું, 'બ્રાહ્મણ' તેં ઘણો વિચિત્ર ઉપદેશ આપ્યો ! તને ખબર નથી કે અહીં મારું ઘર બની શકે તેમ નથી. આજે જે ઘર બનાવાશે તે કાલે તૂટી જશે. હું એવું ઘર બનાવવા ઈચ્છતો નથી. હું તો એવું ઘર બનાવવા ઈચ્છું છું જે બનાવ્યા પછી કદીય તૂટે નહિ, જૂનું ન થાય, ખંડિયેર ન બને. અને એવું ઘર બનાવવા માટે જ હું પ્રસ્થાન કરી રહ્યો છું.

નવો જ દષ્ટિકોણ આવ્યો કે- આ ઘર મારું નથી. મારું ઘર છે મારું ચૈતન્ય, મારું ઘર છે મારો આત્મા- જ્યાં પહોંચ્યા પછી પાછા ફરવું પડતું નથી.

દુઃખનું કારણ

દુઃખી માણસ ઘણીવાર કહે છે કે- મને મારું કર્મ દુઃખ થઈ રહ્યું છે. શનિ દુઃખ દઈ રહ્યો છે, રાહુ દુઃખ દઈ રહ્યો છે, પાડોશી દુઃખ દઈ રહ્યો છે. કર્મ દુઃખ દઈ રહ્યું છે એ વાત પણ સાચી છે. સૂર્યકિરણોની પણ એક અસર હોય છે. એ પણ માણસ પર અસર કરે છે. કોઈ માણસ કહે કે 'અમુક માણસ મને દુઃખ આપે છે.' એને પણ જૂઠું કેમ મનાય ? પાડોશી દરરોજ ગાળો દે છે. એ વાતને આપણે જૂઠી કઈ રીતે માનીએ ? જે

પ્રત્યક્ષ હોય એને જૂઠું કઈ રીતે માની શકાય ? પણ જો આ સત્યમાં આપણે ફસાઈ જઈશું તો દુઃખથી છુટકારો કદીય નહિ મેળવી શકીએ. પણ આ સત્ય પણ સમજવું જરૂરી છે કે- નથી ગ્રહો દુઃખ દેતા, ન તો પાડોશી દુઃખ દે છે કે ન તો કર્મ દુઃખ દે છે. દુઃખ તો દે છે આપણો વિચાર. બીજો દુઃખ દે છે એ વ્યાવહારિક સત્ય છે, પણ નૈશ્ચયિક સત્ય છે આપણો પોતાનો વિચાર દુઃખ દે છે.

અધ્યવસાય (નિશ્ચય-વિચાર) એ ચેતનાનું પરિણામ છે

અધ્યવસાયનો અર્થ છે- ચેતનાનું પરિણામ. અધ્યવસાયે જ કર્મનો દંડ દીધો છે. એ મૂળ (ખરું) કારણ છે. આપણે તો માત્ર નિમિત્ત સુધી જઈને અટકી જઈએ છીએ. મૂળ સુધી પહોંચી શકતા નથી. અધ્યવસાય જ કર્મનું બંધન કરે છે. અધ્યવસાય હોય તો જ કર્મનું બંધન હોય. આ સ્થિતિમાં દુઃખ આપનાર કોણ ગણાય ? અધ્યવસાય કે કર્મ ? દુઃખ અથવા બંધનનું કારણ અધ્યવસાય છે. જીવ પોતાના અધ્યવસાયને લીધે તિર્યંચ, દેવ, મનુષ્ય અને નરક ગતિનું બંધન કરે છે. પુણ્ય અને પાપનું કારણ પણ અધ્યવસાય જ છે.

वत्थुं पडुच्च जं पुण, अज्झवसाणं तु होदि जीवाणं ।
ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि ।।
सव्वे करेदि जीवो, अज्झवसाणेण तिरिय णेरइए ।
देवमणुए य सव्वे, पुण्णं पावं च णेयविहं ।।

અધ્યવસાય કારણ છે (મનમાં કરેલો સંકલ્પ કારણરૂપ છે)

આપણે ઊંડાણથી વિચારીએ. એક પ્રાણી (જીવ) પશુ થયો, ગાય, ઘોડો કે કૂતરો થયો. એને (પશુ) કોણે બનાવ્યો ? નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ (જીવની) છે. એક જીવ નરકમાં ગયો. એક પશુ યોનિમાં ગયો, એક મનુષ્ય થયો અને એક દેવ થઈ ગયો. પેલા એક પ્રાણીને નરકમાં કોણે મોકલ્યો ? કોઈ એક પ્રાણીને મનુષ્ય કોણે બનાવ્યો? અને એક પ્રાણીને દેવ કોણે બનાવ્યો ? એનો ઉત્તર હોય કે- માણસ એના અધ્યવસાય (સંકલ્પ)થી એવો બને છે. કર્મ બિચારું કોણ છે જે એને એવો બનાવે ? જો માણસનો સંકલ્પ નરકમાં જવા જેવો ન હોત તો તે કદીય નરકમાં ન જાત.

ભગવાન્ મહાવીરે પ્રત્યેક ગતિનાં ચાર-ચાર કારણ બતાવ્યાં છે. ઓછાં તોલ-માપ વાપરનારો, વહેપારમાં ગરબડ કરનારો પશુ યોનિમાં

જન્મે છે. આ વાત સારી તો નહિ લાગે પણ આ જ સત્ય છે. એનો સ્વીકાર પણ કરવો પડશે, એવું ભગવાન્ મહાવીરે પોતે કહ્યું છે.

જરૂર છે જાગ્રતપણાની

પશુ થવાનો જે અધ્યવસાય (સંકલ્પ) છે, તે પશુયોનિનું કારણ બને છે. જ્યારે સંકલ્પ છેતરપિંડીનો હોય, તોલ-માપમાં જૂઠ કે કપટ હોય ત્યારે માણસ તિર્યંચ યોનિમાં જવા યોગ્ય કર્મો કરે છે. હવે પ્રશ્ન થાય કે તિર્યંચ કોણે બનાવ્યો ? શું કર્મે બનાવ્યો ? પાડોશીએ બનાવ્યો ? અમે એવી વાર્તાઓ સાંભળી છે જેમાં કોઈ માણસને કબૂતર બનાવી દેવામાં આવે છે. કોઈને ઘેટું-બકરું બનાવી દેવામાં આવે છે. એમ કહેવાય છે કે તાંત્રિક શક્તિથી આમ થાય છે. પણ આ બધી દંતકથાઓ હોઈ શકે. કોઈ માણસને ઘરે ગાય-ભેંસ હોય તે શું એ માણસે તેમને ગાય-ભેંસ બનાવ્યાં ? તો કોણે બનાવ્યાં ? દરેકનો સંકલ્પ જ તેને પશુ બનાવે છે. બનાવનાર છે પોતાનો જ સંકલ્પ. તેથી જાગૃત રહેવાની જરૂર છે. આપણે એટલા જાગૃત રહીએ કે દૂષિત ભાવ, દુષ્ટ પરિણામ અને દુષ્ટ કામોથી બચતા રહીએ.

બીજા ઉપર દોષારોપણ

જો નિશ્ચયનયની આ વાત માણસની સામે ન હોત તો તે હમેશાં બીજા ઉપર દોષ ઢોળતો રહેત. વ્યવહારનય પાસેથી એટલું બધું કામ લીધું અને એથી દષ્ટિકોણ એવો બની ગયો કે- બીજાને જુઓ, પોતાને ન જુઓ. પોતાને બચાવી રાખો. પોતાને ક્યાંય ગરમ હવા ન લાગી જાય, લૂ ન લાગી જાય. કાલૂ ગણિ કહેતા કે- મારા ઢીંચણ નબળા રહી ગયા. બહુ નાની ઉમરમાં એમણે હાથમાં ઘોડી લઈ લીધેલી. એ કહેતા-મારી માતા છોગાજીનો હું એકનો એક લાડકવાયો દીકરો હતો, તેથી માતા મને ક્યાંય ઘર બહાર ન જવા દેતી. એમને બીક રહેતી કે- મારો દીકરો ક્યાંક જશે તો તેને ઠેસ લાગી જશે. વાગી જશે. બાળક જો રમે કરે નહિ, બીજાં બાળકો સાથે ક્યાંય ન જાય, ઘરમાં જ બેઠો રહે તો એના ઢીંચણ નબળા જ રહેશે. આપણે પણ જાતને બચાવી રાખીએ છીએ. રખેને ક્યાંક વાગી જાય ! આપણે આપણી આસપાસ સુરક્ષાનાં એટલાં તો કવચ બનાવી દીધાં છે કે બહારની હવા જ ન લાગે. દરેક વાતમાં માણસ સામી વ્યક્તિ ઉપર દોષ ઢોળીને પોતાનો બચાવ કરી લે છે- અમુક માણસે આમ કર્યું, અમુક માણસે તેમ કર્યું. વ્યવહાર કરવાની આ રીત જ્યાં સુધી આપણે બદલશું નહિ ત્યાં સુધી આપણો દષ્ટિકોણ આધ્યાત્મિક નહિ બને, નિશ્ચયનો

દષ્ટિકોણ નહિ બને.

પુરુષાર્થનો પ્રશ્ન

નિશ્ચયનો દષ્ટિકોણ જાગ્યા વિના પોતાનો પુરુષાર્થ જગાડવાની વાત સંભવિત બનતી નથી. અને જ્યાં સુધી આપણા પુરુષાર્થને જગાડીએ નહિ, આપણી શક્તિને જગાડીએ નહિ ત્યાં સુધી કોઈ પણ આપણને મદદ કરવા આવશે નહિ. વેદોમાં એક મહત્ત્વનું વચન છે- જે અકર્મણ્ય હોય છે તેનો દેવો પણ સહકાર કરતા નથી. દેવતાઓ તેનો જ સહકાર કરે છે જે પુરુષાર્થી હોય. આપણે માત્ર નિમિત્તોના વિશ્વાસે રહી પાંગળા જેવા બની ગયા છીએ. ગતિશૂન્ય બની ગયા છીએ. આપણી પુરુષાર્થ કરવાની ચેતના સૂતેલી છે. જ્યાં સુધી નિશ્ચયનય પર પહોંચીએ નહિ ત્યાં સુધી ગતિ અને પુરુષાર્થની વાત આવે જ નહિ. આપણો આત્મા જ સુખનો કરનાર છે, આપણો આત્મા જ દુઃખનો કરનારો છે. એ સત્ય પર આપણે પહોંચવું જોઈએ.

વ્યવહારમાં આરોપણ

અર્હત્ વંદનામાં એક મહત્ત્વનો પાઠ છે-**अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य ।** આત્મા જ સુખ-દુઃખનો કરનાર છે અને આત્મા જ સુખ-દુઃખનો નાશ કરનાર છે. ગૂંચવાડો એ થયો છે કે આપણે આત્માને ભૂલી ગયા અને બીજાઓને એના સ્થાને બેસાડી દીધા. દરેક વાતમાં આપણે બીજાને જ જોઈએ છીએ. ઘણા લોકો પાસેથી અમે સાંભળીએ છીએ કે- અમુક માણસે એવું કંઈ ટૂચકું કરાવી દીધું કે મારી સ્થિતિ જ પડતી ગઈ, મારો વહેપાર અસ્ત-વ્યસ્ત થઈ ગયો. કેટલાય લોકો કહે છે કે- મારા ઘરના જ માણસે મારા ઉપર આમ કરી દીધું જેથી મારી સ્થિતિ દયાપાત્ર બની ગઈ. આમ દરેક કામમાં માણસ બીજાઓની ભૂમિકા જુએ છે. પોતાની નિર્બળતાઓ પર ધ્યાન આપતો નથી. માણસની પોતાની પણ ઘણી બધી નિર્બળતાઓ હોય છે પણ તે એ જોતો નથી અને પોતાની પરિસ્થિતિ બીજાઓ પર ઢોળી દે છે, આરોપી દે છે. વ્યવહાર નયમાં આવું આરોપણ ચાલે છે. જ્યાં સુધી આ આરોપ કરવાની વૃત્તિથી નહિ છુટાય ત્યાં સુધી આપણે સમસ્યાઓનું સમાધાન કરી શકીશું નહિ, અને દુઃખોથી છુટકારો પણ મેળવી શકીશું નહિ.

દુઃખમુક્તિનો માર્ગ

દુઃખોથી છુટકારો મેળવવાનો રસ્તો છે- વાસ્તવિકતા સુધી પહોંચવું,

આરોપણ ન કરવું. જે સ્થાને જે કંઈ હોય તેને સમજવાનો અને જાણવાનો પ્રયત્ન કરવો. ખરું સત્ય છે- દરેક માણસ પોતાનાં શુભ-અશુભ કર્મોનાં પરિણામથી- પોતાના સંકલ્પથી નરકમાં જાય છે, પશુ બને છે, મનુષ્ય બને છે, દેવ બને છે. માણસે પોતાના સંકલ્પને શુદ્ધ રાખવો જોઈએ. પોતાના ભાવો, પોતાની વિચારધારાને પવિત્ર બનાવી રાખવી, પણ એ તો વ્યવહારની વાતોમાં ફસાઈ ગયો અને તેણે બીજાઓ પર દોષારોપણ કરવાનું શરૂ કરી દીધું. આવી સ્થિતિમાં નિશ્ચયનયનો વિકાસ ન થઈ શકે.

નીતિશાસ્ત્રમાં કહેવાયું છે કે- જે પિતા પોતાના પુત્રને યોગ્ય બનાવી લે છે તે ઘણો સારો પિતા છે. અને જે પિતા પોતાના પુત્ર માટે પુષ્કળ સંપત્તિ મૂકી જાય છે, પણ પુત્રને યોગ્ય બનાવતો નથી તે પોતાના પુત્રનો સૌથી મોટો શત્રુ છે.

વિચારનું મિલનબિંદુ

નીતિશાસ્ત્રનો એક પ્રસિદ્ધ શ્લોક છે- **माता शत्रुः पिता वैरी, येन बालो न पाठितः** । નીતિશાસ્ત્રમાં કહેવાયું છે કે- એ માતા શત્રુ છે, પિતા દુશ્મન છે જેમણે પોતાના પુત્રને ભણાવ્યો ન હોય, યોગ્ય બનાવ્યો ન હોય, તૈયાર ન કર્યો હોય. આ ઘણી સાચી વાત છે. જેઓ પુત્રને તૈયાર કરતાં નથી, અને માત્ર ધન જ આપી દે છે તેઓ વસ્તુતઃ એ (પુત્ર)ની સાથે દુશ્મનપણાના ભાવથી વર્તે છે.

વિદેશોમાં છોકરાની તૈયારી પર બહુ જ ધ્યાન અપાય છે. પોતાની સંપત્તિ પોતાના છોકરાને આપતા નથી. એવો રિવાજ છે કે નોકરના નામે વસિયતનામું કરી દે છે. ડ્રાઈવરના નામે વીલ લખી દે છે. પોતાના પુત્રના નામે વીલ કરવાની પ્રથા કદાચ ઘણી ઓછી હશે. પુત્ર પણ એવી અપેક્ષા રાખતા નથી કે પિતાની સંપત્તિ એમને મળે. હિન્દુસ્તાનમાં ઘણા બધા પુત્રો નકામા થઈ જાય છે. એમના મનમાં હોય છે કે ધન તો મળી જ જવાનું છે. આવો વિચાર અને દૃષ્ટિ આરોપણની પ્રક્રિયામાંથી નીકળે છે.

મહત્ત્વની વાત

વ્યવહારનય અને નિશ્ચયનય સત્યને શોધવાની બે દૃષ્ટિઓ છે અને બન્ને સાચી છે. પણ વ્યવહારના સત્યને આપણે અંતિમ સત્ય ન માની લેવું જોઈએ. આપણે વ્યવહાર ઉપરથી નિશ્ચયનયના સત્ય સુધી જવાનું છે. એ એક મહત્ત્વની વાત છે. આ વાત પર આચાર્ય કુન્દકુન્દે જે ભાર મૂક્યો છે એને હું બહુ મહત્ત્વનો માનું છું. જો નિશ્ચયનય પર આટલો ભાર ન દેવાતો

હોત તો ધર્મના વિષયમાં આપણે સ્થૂલ બની ગયા હોત. માત્ર ઉપરની વાતોમાં જ રોકાઈ ગયા હોત.

કોઈ સામાન્ય માણસ જે ધર્મને માનતો ન હોય તે જો કહે કે- ફલાણાએ મારું કામ બગાડી નાખ્યું તો એ વાત તો સમજાય. પણ એક ધાર્મિક અને આધ્યાત્મિક માણસ આવી વાત કરે તો તે સમજવું કઠણ થઈ પડે છે.

સમતોલપણું બનાવો

આપણે આપણી જાતને તોળવી જોઈએ કે- કઈ દૃષ્ટિ જાગૃત થઈ છે : વ્યવહારની દૃષ્ટિ જાગી છે કે નિશ્ચયની દૃષ્ટિ જાગી છે ? જે કોઈ મહાવીરનો શિષ્ય હોય તેમાં નિશ્ચયનયની દૃષ્ટિ જાગવી જોઈએ. પ્રત્યેક માણસે વિચારવું જોઈએ કે મારો અધ્યવસાય (સંકલ્પ) કેવો રહ્યો છે ? જે માણસ પોતાના અધ્યવસાય સુધી પહોંચી જાય છે તે બીજાઓ પર આરોપણ કરતો નથી. જે પોતાના કાર્યનું બીજ પોતાનામાં જ ખોળવાનો પ્રયત્ન કરે છે તે બચી જાય છે. બીજાઓની ઊણપો જોનાર કદીય બચી શકતો નથી.

આશા છે કે આપણે જીવનમાં સમતોલપણું સ્થાપીએ. એક પગે ન ચાલીએ, એક આંખે ન જોઈએ, એક જ હાથ ઊંચો ન કરીએ. બે હાથ, બે પગ, બે આંખ, બે કાન બરાબર (સાથેસાથે) કામ કરે તો વ્યવહાર અને નિશ્ચયનયના સત્યનું સમતોલપણું થઈ જાય. આ સમતોલપણું જ આપણું રક્ષાકવચ બનશે અને વિકાસની દિશાને સ્પષ્ટ કરશે.

★ ★ ★

સંકલિકા - ૭

- वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा ।
  सो तं पुणो वि बंधदि वीयं दुक्खस्स अट्ठविहं ।।

(સમયસાર - ૩૮૯)

- ધર્મની કળા : કર્મફળ ભોગવવાની કળા
- દુઃખ શાથી આવે છે ?
- દુઃખમાં દુઃખી ન બનીએ
  સુખમાં સુખી ન બનીએ
- પુણ્યનું ફળ : રાગ
- પાપનું ફળ : દ્વેષ
- બંધનની સાંકળ
- ચક્રવર્તી ભરતનું ઉદાહરણ
- સનતકુમારની ઘટના
- ધર્મનો મર્મ
- સમતા પરમ આચરણ છે
- સુખી થવું એટલે દુઃખને આમંત્રણ આપવું.
- વિધાયક દષ્ટિ જાગવી.

૭. કર્મફળ ભોગવવાની કળા

ભારતીય સાહિત્યમાં પુરુષો માટેની ૪૬ કલાઓ અને સ્ત્રીઓ માટેની ૭૨ કલાઓ મનાઈ છે. સ્વસ્થ જીવન જીવવા માટે કલાઓનું મોટું મૂલ્ય છે. જે માણસ કલાનું મૂલ્યાંકન કરવું જાણતો નથી તે સરસ જીવન જીવવાનું મૂલ્યાંકન કરી શકતો નથી. સ્ફુર્તિ, આનંદ, પ્રસન્નતા એ બધા માટે કલા આવશ્યક મનાય છે. એક આચાર્યે એવું વિધાન કર્યું છે કે- જે માણસ સર્વ કલાઓ જાણતો હોય પણ ધર્મની કલાને ન જાણે તેની બધીય કલાઓ નિરર્થક છે. આ ધર્મની કલા એ શું છે જેને જાણ્યા વિના બધી કલાઓ વ્યર્થ અને અર્થહીન બની જાય છે ? આ ધર્મ-કલા ને એક જ વાક્યમાં કહેવી હોય તો તે કહેવાય-કર્મફલ ભોગવવાની કલા.

ધર્મની કલા

જે માણસ કર્મ-ફળ ભોગવવાની કલા જાણે છે તે ધર્મની કલાને જાણે છે. જે કર્મનું ફળ ભોગવવાનું જાણતો નથી તે ધર્મની કલા જાણતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો- જે માણસ બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાની કલા જાણે છે તે ધર્મની કલા જાણે છે. કર્મનું બંધન (સંબંધ) રાગ અને દ્વેષ સાથે હોય છે. જો પુણ્યનું ફળ ઉદયમાં આવે (ઉત્પન્ન થાય) તો રાગ પેદા થવાનો અને જો પાપનું ફળ ઉદયમાં આવે તો દ્વેષ પેદા થવાનો. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ એ શૃંખલા (સાંકળ)નો અંત કદી આવતો નથી. પુણ્યનું ફળ ભોગવતાં માણસ ઉન્મત્ત (અભિમાનમાં ચકચૂર) થઈ જાય છે અને પાપનું ફળ ભોગવે તો ધૃણા કરે છે. પુણ્યનું ફલ ભોગવે ત્યારે રાગ (આસક્તિ)ને બલ મળે છે અને પાપનું ફલ ભોગવતાં દ્વેષને બલ મળે છે. એમ લાગે છે કે રાગ અને દ્વેષનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે કેટલાંક એવાં માધ્યમો મળ્યાં છે. તેથી જ પુણ્ય અને પાપ માણસને બરાબર બંધનમાં બાંધી રાખે છે. જ્યાં સુધી માણસ કર્મ-ફળ ભોગવવાની કલા ન શીખે ત્યાં સુધી એ બંધનની બેડીને તોડી શકાતી નથી.

જીવનનાં બે ઘટક તત્ત્વો

આપણા જીવનના બે મુખ્ય ઘટકો છે. સુખ અને દુઃખ. માણસને સુખ જોઈએ, દુઃખ નહિ. એને સરસ જીવન જોઈએ, નીરસ નહિ. ત્યારે આપણી સામે એ પ્રશ્ન છે કે કોઈ માણસ એવું જીવન જીવ્યો છે જેમાં સુખ

જ સુખ આવ્યું હોય, દુઃખ આવ્યું જ ન હોય ? કદાચ દુનિયામાં એવો માણસ નહિ મળે. એક પણ માણસ એવો નહિ મળે જેણે જીવનમાં માત્ર સુખ જ ભોગવ્યું હોય, દુઃખનો અનુભવ જ ન કર્યો હોય. અને એવો માણસ પણ નહિ મળે જેને દુઃખ જ દુઃખ આવ્યાં હોય, સુખ ન આવ્યું હોય. ત્યારે પ્રશ્ન એ થાય છે કે માણસ સુખ જ ઇચ્છે છે તો પછી દુઃખ કેમ આવે છે ? આ પ્રશ્નનો સીધો-સરળ ઉત્તર છે- જે સુખ ઇચ્છે છે તે દુઃખ પણ ઇચ્છે છે. આ નિશ્ચિત વાત છે. એક વિના બીજું હોઈ જ ન શકે.

બંધનમાંથી મુક્તિ પામવાનો પ્રશ્ન

પ્રશ્ન એ છે કે- બંધનને કઈ રીતે તોડી શકાય ? આચાર્યે ઉત્તર આપ્યો છે. જે માણસ કર્મનું ફળ ભોગવતાં પુણ્યનું ફળ ભોગવવાના સમયે સુખી થતો નથી અને પાપનું ફળ ભોગવવાના સમયે દુઃખી થતો નથી તેને માટે આ બંધનની શૃંખલા તોડવાનો માર્ગ ખુલ્લો થઈ જાય છે. સુખ વખતે સુખી ન થવું અને દુઃખ વખતે દુઃખી ન થવું એ બંધનથી મુક્તિ મેળવવાની કલા છે, અને આ જ ધર્મની કલા છે.

જ્યારે દુઃખનું પરિણામ અને દુઃખનું ફળ મળે ત્યારે માણસે દુઃખી ન થવું એ વાત સારી હોઈ શકે, પણ સુખનું ફળ મળે અને માણસ સુખી ન થાય એ વાત ઠીક લાગતી નથી. દરેક માણસ સુખી થવા ઇચ્છે છે, સુખી જીવન જીવવા ઇચ્છે છે. સુખી જીવન ઇચ્છનાર માણસે દુઃખી જીવન જીવવાની તૈયારી પણ રાખવી જોઈએ.

દુઃખ અને પીડાનો અનુભવ

આપણે ઊંડે ઊતરીને જોઈએ. અસત્ કર્મનું ફલ મળે છે ત્યારે માણસ દુઃખી થઈ જાય છે. શરીરમાં રોગ થાય. અસાતવેદનીય કર્મનો ઉદય થાય અને ત્યારે માણસ દુઃખી થઈ જવાનો. રોગ થતાં મનમાં સંતાપ થાય. દુઃખની રેખાઓ મુખ પર ઉપસી આવે, સમસ્યાઓ નીકળી આવે છે. આ બધું શું છે ? લીવરનો રોગ, કેન્સરનો રોગ, હૃદયરોગ વગેરે કોણ જાણે કેટલાય પ્રકારના ભયંકર રોગો છે. આ રોગોથી પીડાતાં મનને મોટો આઘાત લાગે છે. જ્યારે રોગજનિત પીડા થાય ત્યારે માણસ એકદમ દુઃખી ન થાય એવું બને ખરું ? ઉત્તરમાં કહેવાયું- એવું થઈ શકે. અને આ જ ધર્મની કલા છે. આ એક એવી કલા છે જેને જાણવાથી આવી સ્થિતિ હોઈ શકે કે- કષ્ટ આવે ત્યારે પણ માણસ દુઃખી ન થાય. અસત્ કર્મનું ફલ

ભોગવતાં પણ માણસ દુઃખી ન થાય.

ચક્રવર્તીનું સૌન્દર્ય

ચક્રવર્તી સનતકુમારની વાત જાણીતી છે. એ ઘણી નાટકીય રીતે મુનિ થયા. એમને એમની સુંદરતાનું. મોટું અભિમાન હતું. એ ગર્વપૂર્વક કહેતા કે આ દુનિયામાં મારા કરતાં વધારે સુંદર બીજો કોઈ નથી. સુંદરતાનો પણ અહંકાર હોય છે. ખરેખર તો શરીરની અંદર મળ જ મળ ભર્યો પડ્યો છે. આ જાણવા છતાં પણ માણસ સુંદરતાના અહંકારમાં ડૂબેલો રહે છે. ચક્રવર્તી સનતકુમારની સુંદરતાની કીર્તિ સમસ્ત જગતમાં ફેલાઈ ગઈ. કહેવાય છે કે એક દેવ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ ચક્રવર્તીની સુંદરતા જોવા આવ્યો. એણે ચોકીદારને કહ્યું- હું ચક્રવર્તીનું દર્શન કરવા ઇચ્છું છું.

ચોકીદારે કહ્યું- અત્યારે એમનો ખાનગી સમય છે તેથી ચક્રવર્તીનાં દર્શન નહિ થઈ શકે. કાલે રાજસભામાં એમનાં દર્શન થશે.

બ્રાહ્મણે કહ્યું- મારી ઇચ્છા પૂરી કરવામાં તમે મને મદદ કરો. મારી વાત ચક્રવર્તી સુધી પહોંચાડી દો કે આપનાં દર્શનની અભિલાષાથી એક બ્રાહ્મણ એની યુવાવસ્થામાં દૂર દેશથી નીકળ્યો હતો અને ચાલતાં ચાલતાં હવે તે વૃદ્ધ થઈ ગયો છે. કોને ખબર એ જીવશે કે નહિ !

અહંકારની ભાષા

ચોકીદારનું મન પીગળી ગયું. એણે બ્રાહ્મણની વિનંતી ચક્રવર્તીને પહોંચાડી દીધી. ચક્રવર્તીના મનમાં પણ ઘણી દયા આવી. તરત જ એમણે બ્રાહ્મણને બોલાવી મંગાવ્યો. બ્રાહ્મણે ચક્રવર્તીના ઓરડામાં પ્રવેશ કર્યો. ચક્રવર્તીનું સૌન્દર્ય જોતાંવેંત એ સ્તબ્ધ થઈ ગયો. એ એકી નજરે ચક્રવર્તીને જોઈ રહ્યો. ચક્રવર્તીનો સૂતેલો અહંકાર જાગી ગયો. સનત્કુમારે બ્રાહ્મણને કહ્યું- અરે તમે અત્યારે તો મારું સૌન્દર્ય શું જુઓ છો. કાલે જ્યારે સ્નાન કરી રાજાને યોગ્ય વસ્ત્રો પહેરી, અલંકારો ધારણ કરી રાજ્યસભામાં રત્નજડિત સિંહાસન પર બેસું ત્યારે મારું સૌન્દર્ય જોજો. તમે તૃપ્ત થઈ જશો.

ચક્રવર્તીના કહેવાથી બ્રાહ્મણના રહેવા જમવાની વ્યવસ્થા થઈ ગઈ. બીજે દિવસે ચક્રવર્તીએ વધારે તૈયારી કરી. સાજ સજાવટ પર વિશેષ ધ્યાન આપ્યું. અનેકવાર એ દર્પણમાં પોતાનું સૌન્દર્ય જોતા રહ્યા અને તપાસતા રહ્યા, ગર્વથી ઉન્મત્ત બનતા રહ્યા. માણસ જ્યારે જ્યારે દર્પણની સામે જાય છે ત્યારે ત્યારે તે અડધો ગાંડા જેવો બની જાય છે.

અહંકારનું પરિણામ

પૂરી વેષભૂષા સાથે ચક્રવર્તી રાજસભામાં પહોંચ્યા અને રાજસિંહાસન પર બેઠા. પછી એમણે સન્માન સાથે બ્રાહ્મણને બોલાવ્યો. બ્રાહ્મણે ચક્રવર્તીને જોયો અને એનું મન ઘૃણાથી ભરાઈ ગયું. ચક્રવર્તી બ્રાહ્મણનો ચહેરો જોઈને દંગ થઈ ગયો. એમણે બ્રાહ્મણને પૂછ્યું- આજે મારી સુંદરતા જોવા જેવી છે. શું તમને એ સારું ન લાગ્યું ?

રાજન્ ! કાલવાળું સૌન્દર્ય જતું રહ્યું. કાલ આપ બહુ સુંદર હતા. આજે એ બધું સૌન્દર્ય અદશ્ય થઈ ગયું છે.

ચક્રવર્તીને વિચાર આવ્યો કે વૃદ્ધાવસ્થા સાથે બુદ્ધિ પણ સાઠી બુદ્ધિ નાઠી થઈ જાય છે. કાલે જ્યારે હું સામાન્ય સ્થિતિમાં હતો ત્યારે આને હું સુંદર લાગતો હતો. અને આજે જ્યારે સજી-ધજીને આવ્યો છું ત્યારે આ કહે છે કે રૂપ ચાલ્યું ગયું, સૌન્દર્ય જતું રહ્યું. ચક્રવર્તીએ કહ્યું- બ્રાહ્મણ, થોડા નજીક આવીને જુઓ. ધ્યાનથી જુઓ.

રાજન્ ! શું જોઉં ? હવે એ રૂપ રહ્યું નથી.

કેમ નથી રહ્યું ?

આપ થૂંકદાની મંગાવો અને એમાં થૂંકી જુઓ.

સનતકુમાર થૂંકદાનીમાં થૂંક્યા. ત્યાં એમણે જોયું તો આંતરડાંના કીડા અને બીજા બીડા એમાં ખદબદી રહ્યા છે.

સનતકુમારે કહ્યું- આ શું થયું ?

મહારાજ ! જે સોળ ભયંકર રોગો મનાય છે, તે બધાય એકસાથે આપના શરીરમાં પેદા થઈ ગયા છે. આપનું સૌન્દર્ય નષ્ટ થઈ ગયું છે.

શ્રેષ્ઠ આચરણ છે સમતા

ચક્રવર્તી સ્તબ્ધ થઈ ગયા. એમનો અહંકાર ચૂરેચૂરા થઈ ગયો. મનમાં વૈરાગ્ય ઉભરાઈ આવ્યો. રાજપાટ છોડીને એ મુનિ થઈ ગયા. કઠોર સાધના કરીને પોતાની જાતને શુદ્ધ કરી લીધી. (પોતે શુદ્ધ થઈ ગયા.)

કોઈ માણસ પચાસ દિવસ ભૂખ્યો રહી શકે છે, પણ સમતાની સાધના ન કરી શકે. સમતાની સાધના સૌથી કઠોર સાધના છે. આચાર્ય સોમદેવે નીતિવાકયામૃતમાં લખ્યું છે- 'समता परमं आचरणं —' સમતા પરમ ઉચ્ચ આચરણ છે. સુખ-દુઃખ વગેરે સર્વ સ્થિતિઓમાં સમ રહેવાની સાધના સહેલી નથી. સનતકુમાર સમતાની સાધનામાં મગ્ન થઈ ગયા. એક બાજુ રૂપનો ગર્વ નષ્ટ થઈ ગયો અને બીજી તરફ સમતાની સાધનામાં વૃદ્ધિ

થઈ.

ધર્મની કલા

કહેવાય છે કે પેલો એ જ વૃદ્ધ બ્રાહ્મણ વૈદ્યનું રૂપ લઈને મુનિની સામે આવ્યો અને એણે મુનિને નિવેદન કર્યું, મુનિવર હું કુશળ વૈદ્ય છું. દૂરથી જ આપને જોઈને હું જાણી ગયો છું કે આપ રોગગ્રસ્ત છો. આપને કુષ્ઠ જેવો ભયંકર રોગ થયો છે. આપ આજ્ઞા કરો તો હું આપની દવા કરીને આપની કાયાને કંચન જેવી બનાવી દઈશ.

મુનિ સનતકુમાર બોલ્યા, - વૈદ્યરાજ, મને દવાની જરૂર નથી.

વૈદ્યે ફરી દવાનો આગ્રહ કર્યો.

મુનિએ એના આગ્રહનો અસ્વીકાર કર્યો અને કહ્યું, 'વૈદ્યરાજ આપ શું ચિકિત્સા કરવાના હતા ?

મુનિએ પોતાના મુખમાં આંગળી નાખી અને જ્યાં કુષ્ઠ ઝરી રહ્યો હતો એના ઉપર થુંકનાં થોડાંક ટીપાં નાખ્યાં, જોતજોતામાં ત્યાંનું રૂપ કંચન જેવું થઈ ગયું. મુનિ કષ્ટ સહન કરતા જતા હતા. એમનાં અશુભ કર્મો પાક્યાં પણ એ દુ:ખી ન થયા. આ છે ધર્મની કલા.

સમસ્યાનું કારણ

અશુભ કર્મોનો વિપાક થતાં અને દુ:ખ આવી પડતાં દુ:ખી ન થવું અને સમતાપૂર્વક કર્મફલ ભોગવવું એ ધર્મની કલા જાણ્યા વિના સંભવિત બનતું નથી. આજનો મનુષ્ય એ કલાથી પરિચિત નથી તેથી જ સમસ્યાઓ વધારે ભયાનક બની જાય છે. થોડુંક માથું દુખે તો માણસ માત્ર ઘરનાંઓની જ નહિ પણ પાડોશીઓની ઊંઘ પણ ઉડાડી દે છે.

રેલ ગાડીને લીધે એક માણસનો અંગૂઠો કપાઈ ગયો. એ બૂમો પાડવા લાગ્યો, રોયો. પાસે બેઠેલા એક અધિકારીએ કહ્યું, કેટલો અધીરિયો અને નબળો છે તું ? કાલે એક માણસનું માથું ફૂટી ગયું, પણ એણે ઉહકારો પણ ન કર્યો. અને તું સ્હેજ અંગૂઠો કપાયો તેમાં તો બૂમાબૂમ કરીને બધાને હેરાન કરી રહ્યો છે ?

માણસની મનોદશા

કેટલાક માણસો એવા હોય છે જેમને કર્મફળ ભોગવતાં આવડતું નથી. જે માણસ અશુભ કર્મ-વિપાકને ભોગવવાની કળા જાણી લે છે, તે ધર્મની કલાને જાણી લે છે. જે માણસ એ સમજી લે કે કર્મનું ફળ કેમ ભોગવવું તેની મહત્તા અને ઉદારતા–બન્નેય અદ્‌ભુત થઈ જાય છે. પ્રશ્ન

તો એ છે કે કર્મ-ફળ ભોગવતી વખતે માણસ પોતાના વિવેકનો ઉપયોગ કરતો નથી. પુણ્યનો ઉદય આવે ત્યારે માણસ અહંકારથી છલકાઈ જાય છે. માણસને પણ તે માણસ સમજતો નથી. આ કેટલી તુચ્છતા કહેવાય ! પુણ્યનું ફલ ભોગવવામાં જે અવિવેક છે તેને લીધે માણસના મનની સ્થિતિ આવી થાય છે.

આચાર્ય કુન્દકુન્દનો દૃષ્ટિકોણ

આ સંબંધમાં આચાર્ય કુન્દકુન્દે જે નિયમ બતાવ્યો છે તે બહુ મહત્ત્વનો છે-

वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा ।
सो तम पुणो वि बंधदि वीयं दुक्खस्स अट्ठविहं ।।

જે માણસ કર્મફળને ભોગવતાં સુખી અને દુઃખી બને છે તે આગળ ઉપર આઠ પ્રકારનાં કર્મ બાંધી લે છે.

ધર્મનો મર્મ એવો માણસ જ જાણી શકે છે જે સુખ અને દુઃખની સ્થિતિમાં પણ સુખી કે દુઃખી ન બને. જ્યારે પુણ્યનું ફળ આવે છે ત્યારે માણસને સગવડ અને સામગ્રી મળી જાય છે. પણ એમાં સુખી હોવાનો ગર્વ ન કરવો એ સૌથી મોટી કલા છે.

ભરત ચક્રવર્તીનું ઉદાહરણ

ભરત ચક્રવર્તી બહુ મોટા રાજ્યનો વહીવટ કરતા હતા. એમની પાસે અપાર વૈભવ અને શક્તિ હતાં. એની પાસે અલભ્ય એવાં ચૌદ રત્ન હતાં. એક રત્ન એવું હતું જેમાં સવારે બીજ વવાતાં અને સાંજે પાક લણી લેવાતો. એક દિવસમાં પાક તૈયાર થઈ જતો. સહેલાઈથી અનાજ મળી જતું. એક રત્ન ચર્મરત્ન હતું. નદીને પાર કરવી હોય તો નાવની જરૂર ન પડતી. ચર્મરત્ન પાથરતાં જ નદી પર પુલ જેવું થઈ જતું. સૈનિકો એના ઉપર બેસીને નદી પાર કરી લેતા. એક હતું ચેજાર રત્ન. મકાન બનાવવાની જરૂર પડતી ત્યારે ચેજારા રત્નનો ઉપયોગ કરાતો. જોતજોતામાં તે મોટાં મોટાં મકાન તૈયાર કરી દેતું અને હજારો સૈનિકો એ મકાનોમાં રહેતા. એવાં ચૌદ રત્નો ભરત ચક્રવર્તીની પાસે હતાં. વૈભવ અને વિલાસની પુષ્કળ સગવડોના સ્વામી હોવા છતાં ચક્રવર્તી ભરત મોક્ષ પામ્યા.

મોક્ષ કોણ પામશે ?

એક માણસે ભગવાન્ ઋષભને પૂછ્યું- ભગવન્, આ પરિષદમાં મોક્ષમાં જનારા કોણ કોણ છે ?

ભગવાને તરત જ ઉત્તર આપ્યો- 'ચક્રવર્તી ભરત'.

પેલો માણસ તો એ ઉત્તરથી ખળભળી ઊઠ્યો. એણે કહ્યું, ભગવાનને ઘરે પણ પક્ષપાત ચાલે છે. આટલા મોટા તપસ્વીઓ અને ત્યાગીઓ બેઠા છે, તો પણ ભરતને જ મોક્ષના અધિકારી બતાવ્યા છે. એ માણસે પરિષદની વચ્ચે જ ભગવાન પર આક્ષેપ કરી દીધો. એ માણસને ભરતની આજ્ઞાથી અધિકારીઓએ પકડી લીધો. બીજે દિવસે એને રાજ્યસભામાં હાજર કરવામાં આવ્યો. ભરતે પૂછ્યું, તેં ભગવાનનું અપમાન કર્યું છે ?

ભરતના આ પ્રશ્નથી એ ગભરાઈ ગયો. એણે કોઈ ઉત્તર ન આપ્યો.

જ્યાં દંડશક્તિ હોય ત્યાં માણસ મૂગો થઈ જાય છે.

ચક્રવર્તીએ સજા સંભળાવી- એને ફાંસી આપવી.

એ માણસ ગભરાઈ ગયો.

કઠણ શરત

ચક્રવર્તીએ વાતને વળાંક આપતાં કહ્યું- આ સજાથી બચવાનો એક ઉપાય છે. જો તેલ ભરેલો એક કટોરો લઈ, અયોધ્યાનાં બધાં બજારોમાં ફરો. અને એમાંથી એક ટીપુંય તેલ ન પડે અને આખા નગરમાં ફરી અહી સુધી આવી જાઓ, તો તને મુક્તિ અપાશે, ક્ષમા અપાશે.

બચવા માટે આ કઠણ વિકલ્પ સ્વીકાર્યા વિના તેનો છૂટકો ન હતો. એણે તેલથી ભરેલો એક વાડકો લીધો અને શહેરમાં ફરવાનું શરૂ કર્યું. એની સાથે ખુલ્લી તલવારોવાળા સિપાઈ ચાલી રહ્યા હતા. ચક્રવર્તી ભરતની આજ્ઞા હતી કે એક પણ ટીપું પડે તો તેનું મસ્તક કાપી નાખવું.

એક બાજુ તે માણસ મોતની છાયામાં ચાલી રહ્યો છે. બીજી તરફ ચક્રવર્તીની આજ્ઞાથી નગરમાં ગાન-વાદ્ય અને રંગ-રાગ ચાલી રહ્યાં છે.

એ માણસ આખા નગરમાં ફરીને સહી સલામત પહોંચી ગયો. વાડકામાંથી એક ટીપુંય નીચે ન પડ્યું.

ચક્રવર્તીએ પૂછ્યું- શહેર જોયું ? શું શું જોયું ? શું શું સાંભળ્યું ?

એણે કહ્યું- હું તો માત્ર મોતને જ જોઈ રહ્યો હતો. માત્ર મોતનો જ અવાજ સાંભળ્યો. મેં કંઈ જોયું નથી કે કંઈ સાંભળ્યું નથી. આપની શરત પૂરી કરીને આપની પાસે પહોંચ્યો ત્યારે લાગ્યું કે હું અમર થઈ ગયો.

ચક્રવર્તીએ કહ્યું- આટલાં સરસ નાટક થઈ રહ્યાં હતાં અને તેં નાટક ન જોયાં ?

નાટકને જોઉ કે જીવતરને જોઉ ? મોત જ મોત દેખાઈ રહ્યું હતું.

ચક્રવર્તીએ કહ્યું- જા, તું છુટ્ટો છે. ભરત કોઈને મારવા ઈચ્છતો નથી. તારા પ્રશ્નનો ઉત્તર આપવા માટે જ મેં આટલી મોટી યોજના કરી હતી. તું શું સમજ્યો ?

હું તો કંઈ જ સમજી શક્યો નહિ.

ભેદ ખોલ્યો

ચક્રવર્તી ભરતે કહ્યું- તારી સામે એક માત્ર મોતનો જ પ્રશ્ન હતો, છતાંય તને ન તો ગાયનમાં રસ હતો કે ન નાચમાં રસ હતો અને નાટકમાંય રસ ન હતો. તારો બધોય રસ મોતમાં જોડાઈ ગયો હતો. એવી જ સ્થિતિ મારી છે. હું આટલો મોટો ચક્રવર્તી છું, આટલું મોટું રાજ્ય ચલાવું છું, પણ મારો રસ નથી તો ભોગમાં કે નથી રાજ્યમાં કે કોઈ બીજા પદાર્થમાં. જે કંઈ પુણ્યનું ફળ ભોગવી રહ્યો છું એમાં મને કંઈ જ રસ નથી. મારો રસ છે માત્ર બંધનમાંથી મુક્ત થવામાં. રાત-દિવસ મારા મગજમાં બંધન અને મુક્તિનો પ્રશ્ન ઘૂમ્યા કરે છે. તેથી બધો જીવનવ્યવહાર ચલાવવા છતાંય હું તેમાં લપટાતો નથી.

આ ઘટના સાથે જોડાયેલું સત્ય

આ ઘટનામાં આ સત્ય અભિવ્યક્ત થયું છે- પુણ્યનું ફળ ભોગવતી વખતે જે માણસનો રસ ભોગો સાથે જોડાતો નથી, અને પાપનું ફળ ભોગવતી વખતે દુઃખો અને કષ્ટો સાથે પીડા, તરફડાટ, ફરિયાદ અને ભયનો ભાવ જોડાતો નથી તે માણસ ધર્મની કલાને જાણે છે, બંધનથી છુટકારો મેળવવાની કલાને જાણે છે.

લોકમાન્યતા છે કે- માણસ માણસનું જીવન જીવતો હોય ત્યારે તેણે સુખનું જીવન જીવવું જોઈએ. બધા પદાર્થોનો ઉપભોગ તેણે કરવો જોઈએ. એ માટે એવી દલીલ કરાય છે કે- ભગવાને બધા પદાર્થો બનાવ્યા શા માટે છે ? કેટલાક લોકો વધારે પડતી દલીલમાં પણ ઊતરી જાય છે. એમને કહીએ કે- માંસ ન ખાવું જોઈએ. તો ઉત્તર મળે કે - ભગવાને માંસ બનાવ્યું શા માટે છે ? સંત પુરુષો ત્યાગનો ઉપદેશ આપે ત્યારે જે લોકો ભોગોમાં ખરડાયેલા છે તે આ ઉપદેશની મશ્કરી કરતાં કહે છે કે- આનો ત્યાગ કરો, તેનો ત્યાગ કરો, ત્યાગ કરો. એ બધો સંતોનો ઉપદેશ માની લઈએ તો આ ભોગવવા જેવા પદાર્થોનું શું થાય ? જો અમારે આ બધા ભોગ ન ભોગવવાના હોય તો આ પદાર્થો બનાવાય છે શા માટે ? આ

દલીલ સાથે આ તથ્ય પણ જાણવું જરૂરી છે- પુણ્યની સાથે સાથે પાપનું ફળ પણ જોડાયેલું છે. જો પુણ્યનું ઘણું ફળ ભોગવવું હોય તો સાથે પાપનું ફળ ભોગવવાની તૈયારી પણ હોવી જોઈએ. ડાબે હાથે ઘોડો હોય તો જમણે હાથે ગધેડો પણ હોઈ શકે. આપણી દુનિયાનો કંઈ એવો નિયમ નથી કે ઘોડો જ હાથમાં આવે અને ગધેડો ન આવે. સુખ ભોગવવા માટે જેટલો તલસાટ છે એટલી તૈયારી દુ:ખ ભોગવવાની પણ રહેવી જોઈએ.

સુખી હોવું એ દુ:ખોને નિમંત્રણ આપવા જેવું છે.

એક સુંદર માર્ગ બતાવ્યો છે- જ્યારે પુણ્યનો વિપાક આવે છે, ઉદય થાય છે ત્યારે સગવડ પણ મળે છે. માણસ એને ભોગવે છે. પણ તેણે એમાં એટલા આસક્ત ન થવું, સુખ ભોગવવામાં લેપાઈ ન જવું જેથી પુણ્યના ફળનો ઉપભોગ ગાઢ પાપનું કારણ ન બને. ઘણા માણસો એવા હોય છે કે માત્ર મોટા સુખને જ નહિ પણ ખાવા-પીવા જેવા નાના સુખને પણ છોડી શકતા નથી. સુખ છોડી શકાતું નથી. પણ સુખનો ઉપભોગ કરતી વખતે જો એવી ચેતના જાગી જાય કે- પુણ્યના સુખને ભોગવી સુખી થવું તે દુ:ખને આમંત્રણ આપવા બરાબર છે. આવો બોધ થવો જરૂરી છે. પુણ્યનો ઉદય થતાં આપણે સુખ ભોગવીએ જ નહિ અને પાપનું પરિણામ આવે તો તેને પણ ન ભોગવીએ.

અશુભ કર્મ કઈ રીતે ભોગવવું ?

માણસને ક્રોધ આવે છે. ક્રોધ એ અશુભ કર્મનો વિપાક (પરિણામ) છે. બહારનું કોઈ નિમિત્ત મળે અને ક્રોધ ચઢી આવે. કોઈ નિમિત્ત બન્યું, કોઈએ ગાળ દીધી, થપ્પડ મારી અને ક્રોધ ચઢી આવ્યો. એનું મૂળ કારણ છે- મોહનીય કર્મનો વિપાક. ક્રોધ ભલે કોઈ નિમિત્તથી થાય કે ઉપાદાનથી થાય. એને ન ભોગવવો એ ધર્મની કલા છે. અશુભ કર્મનો વિપાક આવે અને છતાંય ક્રોધ ન થાય એ ક્રોધને ન ભોગવ્યો કહેવાય, અશુભ કર્મને ન ભોગવ્યું કહેવાય. અશુભ કર્મનું પરિણામ આવે અને ક્રોધ થયો એ અશુભ કર્મને ભોગવ્યું કહેવાય.

હૃદયરોગ : ભાવાત્મક કારણ

આજે અનેક નવા નવા વિષયો પર વિજ્ઞાનનાં સંશોધનો થાય છે, જે જોઈને આશ્ચર્ય થાય છે. હૃદયરોગના વિષયમાં કેટલાંક તથ્યો જાણવા મળ્યાં છે. હૃદયરોગ પણ અશુભ કર્મોના વિપાકને ભોગવવાથી થાય છે. ક્રોધ, આક્રમક, હરીફાઈઓ એ હૃદયરોગનાં મુખ્ય કારણો બને છે. હૃદય

રોગનાં બીજાં અનેક કારણો છે, પણ ભાવનાત્મક કારણોમાં આ મુખ્ય કારણ હોય છે. એનું એક કારણ છે અસહિષ્ણુતા. કોઈએ કશી અપ્રિય વાત કહી દીધી, કે તરત માણસે મનમાં ગાંઠ વાળી લીધી, અને તેણે સામેવાળા માણસને ક્ષમા ન કરી, આજની આ મુખ્ય સમસ્યા છે કે ક્ષમા કરવાનું કોઈ જાણતું જ નથી. પહેલાંના સમયમાં ક્ષમા કરવી એ ધર્મનું તત્ત્વ ગણાતું. આજે એ ચિકિત્સાત્મક તત્ત્વ થઈ પડ્યું છે. જે કોઈ હૃદયરોગ કે કેન્સર જેવા રોગોથી બચવા ઇચ્છતો હોય તેણે ક્ષમા કરતાં શીખવું જોઈએ. જો માણસ ક્ષમા કરતાં ન શીખે અને મનમાં ગાંઠ વાળે તો એનું પરિણામ કોઈને કોઈ રોગના રૂપે ફૂટી નીકળે.

જીવનની કલા

પુણ્યની સ્થિતિમાં કેવું જીવન જીવવું જોઈએ, અને પાપનું પરિણામ આવી પડે ત્યારે કેવું જીવન જીવવું જોઈએ એ બાબતમાં જૈન આચાર્યોએ મહત્ત્વનું માર્ગદર્શન આપ્યું છે. સુખ અને દુઃખ એ બન્ને સ્થિતિઓમાં જે માણસ સમ રહેવાનું જાણતો નથી, આસક્તિ અને પીડાથી મુક્ત રહેવાનું જાણતો નથી તે નથી તો જીવનની કલા જાણતો કે નથી તો ધર્મની કલા જાણતો, અને બંધનમાંથી મુક્ત થવાની કલા પણ જાણતો નથી. કર્મ-ફળ ભોગવવાની કલા એ જ ધર્મની કલા છે. જે આ કલાને શીખી લે છે તે ઘણાં દુઃખોમાંથી બચી શકે છે. જીવનમાં કઠણાઈઓ આવી શકે, રોગ આવી શકે, પણ આ બધીય પરિસ્થિતિઓમાં પણ માણસ પ્રસન્ન રહી શકે છે.

સમયસાર : જીવન જીવવાનો દષ્ટિકોણ

પગે લંગડો એક ભિખારી હમેશ પ્રસન્ન અને ખુશ રહેતો હતો. એક માણસે તેને પૂછ્યું- અરે ભાઈ ! તું ભિખારી છે, લંગડો પણ છે. તારી પાસે કશુંય નથી. છતાંય તું આટલો ખુશ છે, તે શી વાત છે ? ભિખારી બોલ્યો, 'બાબુજી, ભગવાનની એટલી મહેરબાની છે કે હું આંધળો નથી. હું ચાલી શકતો નથી પણ દેખી તો શકું છું ને !'

જેને તકલીફોને ભોગવવાની વિધાયક દૃષ્ટિ મળી જાય છે તે ખરે જ, ધર્મની કલાને જાણી લે છે, કર્મ-ફળ ભોગવવાની કલા જાણી લે છે. સુખની અવસ્થામાં કેવી રીતે અભિમાન રહિત રહેવું અને દુઃખની સ્થિતિમાં કેવી રીતે પ્રસન્ન રહેવું, દીન-હીન ન બનવું એ નાની શી વાત સમજણમાં આવી જાય તો સમજી લેવું કે જીવન જીવવાની સૌથી મોટી કલા આવડી ગઈ. જીવન જીવવાનો આ દષ્ટિકોણ આચાર્ય કુન્દકુન્દના રચેલા 'સમયસાર'માંથી સહજ રીતે ફલિત થાય છે. ★ ★ ★

સંકલિકા - ૮

- अहमेक्को खलु सुद्धो, णाणदंसणसमग्गो ।
  तम्हि ठिदो तच्चित्तो, सव्वे एदेखयं णेमि ।।
  '(સમયસાર - ૭૩)
- एगो मे सासओ अप्पा णाणदंसणलक्खणो ।
  सेसा में बाहिरा भावा सव्वे संजोगलक्खणा ।।
- પ્રશ્ન શાંત સહવાસનો
- ચેતનાનો પરિષ્કાર
- ચેતનાનાં બે રૂપ
  વ્યક્તિ ચેતના
  સામુદાયિક ચેતના
- વ્યક્તિ ચેતનાના બે અર્થ -
  અધ્યાત્મ ચેતના : પરમાર્થી ચેતના
  સ્વાર્થ ચેતના
- સામાજિક ચેતનાની મર્યાદા
- અધ્યાત્મ ચેતનાની મર્યાદા
- સંયુક્ત કુટુંબ : જુદા થવાનું કારણ
- શાંતિપૂર્ણ સહવાસનું સૂત્ર : અધ્યાત્મ ચેતનાનો વિકાસ

૮. કુટુંબની સાથે કેમ રહેવું ?

શાંત સહવાસનો પ્રશ્ન

મનુષ્ય સામાજિક પ્રાણી છે. તે સમાજની સાથે જીવે છે. સમાજનો સૌથી નાનો એકમ છે કુટુંબ. પરિવાર એ સુમેળનો એક પ્રયોગ છે. જો માણસ બે-ચાર વ્યક્તિઓ સાથે શાંતિપૂર્ણ જીવન વિતાવી શકતો હોય તો મોટા સમૂહની સાથે પણ તે શાંતિપૂર્ણ જીવન વિતાવી શકે. જો કુટુંબમાં લડાઈ-ઝઘડા, રોવું-રોવડાવવું એ બધું ચાલતું હોય તો તેનું જીવન નરકસમું થઈ જાય છે. શાંતિપૂર્ણ જીવન જીવવું હોય તો માણસે કુટુંબ સાથે શાંતિપૂર્ણ રીતે રહેવું જરૂરી છે. એટલા માટે જ શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનો નિયમ કરાયો કે એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર સાથે શાંતિપૂર્ણ રીતે રહે, અને સહઅસ્તિત્વનો સ્વીકાર કરે. જો કુટુંબમાં જ શાંતિમય સહ-અસ્તિત્વ ન હોય તો પછી સમાજમાં કે રાષ્ટ્રીય કે અન્તરાષ્ટ્રીય ક્ષેત્રમાં એ ક્યાંથી સંભવે ? એટલે પ્રશિક્ષણ (ટ્રેઈનિંગ)નો પહેલો પાઠ એ છે કે- માણસે કુટુંબ સાથે શાંતિપૂર્ણ રીતે રહેવું. દરેક માણસ આવું ઇચ્છે છે, પણ ઇચ્છવા છતાંય તે આવો થઈ શકતોનથી. ત્યારે પ્રશ્ન થાય કે- આવું કેમ થતું નથી ?' જીવન શાંતિપૂર્ણ કેમ થતું નથી ? એનું શું કારણ છે ?

અશાંતિનું કારણ

આપણે કારણો પર વિચાર કરીએ. કારણની પરીક્ષા કર્યા વિના આ સમસ્યાને મટાડી શકાય નહિ. અશાંતિનું કારણ છે. ચેતનાનું અણઘડ હોવું. માણસ શરીર, વાણી અને મનને લઈને જીવે છે. આ બધામાં સૌથી પહેલી છે આપણી ચેતના. જ્યાં સુધી ચેતનામાં સુધારો થતો નથી ત્યાં સુધી શરીર પણ ગંદા-ગંદા જેવું રહે છે. વાણી પણ અપવિત્ર અને ગંદી જેવી રહે છે. મન પણ નિર્મળ થતું નથી. આ બધાનું સંચાલન ચેતનાથી થતું હોય છે. ચેતના જો સુધરેલી હોય તો આ સૌ નિર્મળ થઈ જાય છે. જો ચેતના સારી ન હોય તો આ સૌ પણ સારાં થતાં નથી. ચેતનાનો પરિષ્કાર ન થયો હોય તો વિવેક જાગૃત ન થાય, બુદ્ધિ એટલી બધી વિકસિત નથી કે જેથી આપણે સત્યને સારી રીતે સમજી ન શકીએ. અને તેથી જ કુટુંબમાં સંબંધોનો સુમેળ-કુમેળ ચાલતો રહે છે.

ચેતનાનાં બે સ્વરૂપ

ચેતનાનાં બે રૂપ છે- વ્યક્તિ ચેતના અને સામુદાયિક ચેતના. વ્યક્તિ-ચેતનાના પણ બે અર્થ છે. એનો એક અર્થ છે- અધ્યાત્મ-ચેતના, પરમાર્થની ચેતના અને તેનો બીજો અર્થ છે- સ્વાર્થ-ચેતના. પરમાર્થ-ચેતના છે હું એકલો છું, એકલો જન્મ્યો છું, એકલો સુખ-દુઃખ ભોગવું છું, એકલો જ આવ્યો છું, એકલાએ જ જવાનું છે, મારો આત્મા એકલો જ છે, કોઈ સાથીદાર કે સંગાથી નથી. આ સઘળું ચિંતન વ્યક્તિચેતનામાંથી જન્મે છે. વસ્તુતઃ સત્ય પણ આ જ છે કે- કોઈ કોઈના સુખ-દુઃખમાં ભાગ પડાવી શકતું નથી. માણસ કોઈના માટે સમભાવ પ્રગટ કરી શકે છે, પણ તે કોઈના દુઃખમાં ભાગ પડાવી શકતો નથી. પીડા એ વ્યક્તિ-ચેતના સાથે જોડાયેલું સત્ય છે. તે વ્યક્તિગત હોય છે. વ્યક્તિચેતનાને એક અર્થમાં આપણે અધ્યાત્મ-ચેતના કહી શકીએ છીએ. સુખ, દુઃખ, જન્મ-મરણ એ બધી વાતો આત્મા સાથે સંબંધ રાખનારી છે.

વ્યક્તિ-ચેતના

આચાર્ય કુન્દકુન્દે વ્યક્તિચેતનાનું બહુ સુંદર વર્ણન કર્યું છે.

अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ।

तम्हि ठिदो तच्चित्तो, सव्वे एदे खयं णेमि ।।

હું એકલો છું, શુદ્ધ આત્મા છું, મમત્વરહિત છું, જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું, મારા આ સ્વરૂપમાં સ્થિત રહી, લીન રહીને જ આત્મા આશ્રવ-ક્ષયને પ્રાપ્ત કરે છે.

હું એકલો છું, બિલકુલ શુદ્ધ આત્મા છું. કશુંય મારું નથી. ધન, ઘર, કુટુંબ, સગાં-સંબંધી, મિત્ર-એમાંનું કશુંય મારું નથી. એનો અર્થ થાય- બાહ્ય જગતનો અસ્વીકાર. વ્યવહારના જગતમાં આ મોટી અટપટી હોય એવી વાત લાગે છે. કેમ કે બધીય જાતના સંબંધો વ્યવહાર-જગતમાં બંધાય છે. માણસના મનમાં થાય કે- આ મારું ઘર છે, મારાં મા-બાપ છે. કુટુંબ, ધન, મકાન, ખેતી-જમીન એ બધુંય મારું છે. સમાજનો અર્થ છે- મારાપણાની ભાવના. મારાપણાની ભાવનાથી જ સમાજ બને છે. મારાપણાની ભાવના જ્યાં પૂરી થાય છે ત્યાંથી વ્યક્તિગત ચેતના, અધ્યાત્મ ચેતનાની હદ શરૂ થાય છે.

વ્યક્તિ-ચેતનાનું બીજું સ્વરૂપ

સામુદાયિક ચેતના અને વ્યક્તિગત ચેતના- એ બે વિરોધી વાતો છે.

એક છે મારાપણામાં ખરડાયેલું જીવન અને બીજું છે મારાપણાથી મુક્ત જીવન. જ્યાં ન તો હું કોઈનો છું અને ન તો કોઈ મારું છે. બધાય સંબંધો પૂરા થઈ જાય છે. અધ્યાત્મ-ચેતના અથવા પરમાર્થ-ચેતનાને લીધે જીવનનો વ્યવહાર ચાલતો નથી. પણ એની સાથે આ સત્ય પણ સંકળાયેલું છે કે જો આ ચેતના ન હોય તો જીવનનો વ્યવહાર સારો ચાલતો નથી. વ્યક્તિ-ચેતનાનું બીજું રૂપ જે સમાજમાં વિકસેલું હોય છે તે છે સ્વાર્થ-ચેતના. આમ વ્યક્તિ-ચેતનાનાં બે રૂપ થઈ ગયાં. અધ્યાત્મ-ચેતના પણ વ્યક્તિ-ચેતના છે, અને સ્વાર્થ-ચેતના પણ વ્યક્તિ-ચેતના છે. સ્વાર્થ-ચેતનાવાળો માણસ માત્ર પોતાનો જ વિચાર કરે છે- હું સુખી રહું, મારું ભલું થાય, મારું કલ્યાણ થાય, મારું આ થાય, મારું તે થાય, મને બધુંય મળે- મારી સગવડ, મારું સુખ, મારો સ્વાર્થ. આવી સ્વાર્થ-ચેતનાની ભાવના કુટુંબમાં સમસ્યાઓ પેદા કરી રહી છે. પરિવારમાં જેટલો કલહ થાય છે તેમાં આ વ્યક્તિ પરક સ્વાર્થ-ચેતના મુખ્ય ભાગ ભજવે છે. કુટુંબનું જુદા પડવું અને કુટુંબ-કલહ સ્વાર્થને કારણે જ થાય છે.

વર્તમાન સમસ્યા

આજની સમસ્યા કઈ છે ? કુટુંબની સમસ્યા શી છે ? (ઉત્તર છે કે) માતા-પિતા શરૂઆતથી જ બાળકોને સ્વાર્થ-ચેતનાની દિશામાં લઈ જાય છે. એવો જ ઉપદેશ અપાય છે કે- કમાઓ અને ઘર ભરો. આથી પરિગ્રહ, સંગ્રહ અને લોભની મનોવૃત્તિ પેદા થાય છે, અને એનું પરિણામ આવે છે સ્વાર્થ-ચેતનાની પ્રબળતાનું. વ્યક્તિ-ચેતનાનું જે પ્રશંસનીય રૂપ અધ્યાત્મ-ચેતનાનો વિકાસ છે એ દિશામાં કોઈ પ્રયત્ન કરતું નથી. આ તથ્ય તરફ તે ધ્યાન આપતા નથી કે આપણે કુટુંબ ચલાવવું છે, કુટુંબમાં રહેવું છે, તો બાળકમાં અધ્યાત્મના સંસ્કારો પણ હોવા જોઈએ. તેનામાં આધ્યાત્મિક વિકાસ પણ હોવો જોઈએ. પણ આ પરિસ્થિતિમાં આધ્યાત્મિક ચેતના જાગતી નથી, માત્ર સ્વાર્થ-ચેતના જાગે છે. અને તે એવી તો જાગે છે કે માણસ બધુંય ગળી જનારો, સર્વભક્ષી થઈ જાય છે. પોતે જ બધું પચાવી પાડવા લાગી જાય છે.

સંયુક્ત કુટુંબનો સંદર્ભ

સંયુક્ત કુટુંબનું આપણે પૃથક્કરણ કરીએ તો અસત્ય આપણી સમક્ષ વધારે સ્પષ્ટ થશે. સંયુક્ત કુટુંબમાં ઘણા ભાઈઓ એકસાથે રહે છે. કેટલાંક વર્ષ સુધી તો તેમનું ઠીક ચાલે છે, પણ પછી સ્વાર્થની ચેતના એટલી ઊંડી

થઈ જાય છે કે દરેક ભાઈના મનમાં થાય છે કે આ બધોય ધન-વૈભવ મારા હાથમાં આવી જાય તો ઠીક થાય. અમે જોયું છે કે જે ભાઈઓમાં રામ-લક્ષ્મણ જેવો પ્રેમ હતો તે પણ સ્વાર્થ-ચેતનામાં એવા તો ખરડાઈ ગયા કે જેની કલ્પના પણ ન થઈ શકે. આવું કેમ થાય છે ? જ્યારે સ્વાર્થ-ચેતના પુષ્કળ પ્રબળ થઈ જાય છે ત્યારે આવી સ્થિતિ ઉત્પન્ન થાય છે.

મગજ સામુદાયિક (વિચારવાળું) બનવું જોઈએ

સામુદાયિક જીવન જીવવું હોય તો સામુદાયિક ચેતનાનો વિકાસ જરૂરી છે. અને સામુદાયિક ચેતનાનું જાગવું ત્યારે જ સંભવે જ્યારે આપણું મગજ સામુદાયિક (વિચારવાળું) થાય. જો મગજ આવું ન હોય તો સામુદાયિક ચેતના કદી જાગી શકે નહિ. સામુદાયિક ચેતના જગવવી હોય તો વ્યક્તિ-ચેતનામાં સુધારો કરવો પડે. વ્યક્તિ-ચેતનાને આધ્યાત્મિક-ચેતના દ્વારા જ સુધારી શકાય. જ્યારે 'મારું કશુંય નથી' એવી ચેતના જાગી ઊઠે તો સ્વાર્થ ચેતના પ્રબળ નહિ થાય. દરેક બાળકમાં આ પ્રકારની ચેતના જગાવી દેવી જોઈએ કે- હું એકલો છું, મારો આત્મા એકલો છે. મારો આત્મા જ્ઞાનમય, દર્શનમય છે, મારો આત્મા ચેતનામય છે. એના સિવાય મારું કશુંય નથી. હું કશુંય સાથે લાવ્યો નથી. કશુંય મારી સાથે આવવાનું નથી. જે કંઈ મળ્યું છે એ માત્ર સંયોગ જ છે.

एगो मे सासओ अप्पा, नाणदंसणलक्खणो ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ।।

જ્યારે અધ્યાત્મની ચેતના જાગે છે ત્યારે સ્વાર્થ પરમાર્થમાં બદલાઈ જાય છે. અધ્યાત્મ-ચેતનાની જાગૃતિ એટલે - 'હું એકલો છું' એ સત્યનો અનુભવ થઈ જવો. આ સ્થિતિમાં સ્વાર્થ-ચેતના મંદ થતી જાય છે. વ્યક્તિના મનમાં-બીજાનો હક્ક લૂંટી લેવો, બીજાનો ભાગ પચાવી પાડવો. એવી ભાવના જાગતી નથી.

શાંતિપૂર્ણ જીવનનું રહસ્ય

જો આપણે બીજાઓની સાથે રહેવા માગતા હોઈએ તો આપણી સૌથી પહેલી જરૂર હોવી જોઈએ- અધ્યાત્મી ચેતનાનો વિકાસ. 'આપણે એકલા છીએ', 'એકલા આવ્યા છીએ', 'એકલા જવાનું છે'. આ સંસ્કાર, આ ભાવના આપણી અંદર જેટલાં પરિપક્વ હશે એટલા આપણે કુટુંબ કે સમૂહની સાથે શાંતિપૂર્ણ જીવન જીવી શકીશું. સમયસારનો આ નિયમ શાંતિપૂર્ણ સહવાસનો પણ મહત્ત્વનો નિયમ છે. અધ્યાત્મની ઉપેક્ષા કરીને

કે ધર્મની ઉપેક્ષા કરીને કોઈ પણ માણસ શાંતિપૂર્ણ જીવન જીવી શકે નહિ. સામુદાયિક જીવનનો પ્રયોગ સામ્યવાદીઓએ કર્યો, પણ તે નિષ્ફળ ગયા. જો એમણે અધ્યાત્મને સાથે રાખ્યું હોત તો તે નિષ્ફળ ન જાત. આ સત્યના પ્રકાશમાં આપણે અધ્યાત્મનું મૂલ્યાંકન કરીએ, અધ્યાત્મમય જીવન જીવવાનો પ્રયોગ કરીએ તો શાંતિપૂર્ણ કૌટુંબિક અને સામુદાયિક જીવન જીવવાનું રહસ્ય આપણા હાથમાં આવે.

★ ★ ★

સંકલિકા - ૯

- कोहुवजुत्तो कोहो, माणवजुत्तो माणमेवादा ।
  माउवजुत्तो माया, लोहुवजुत्तो हवदि लोहो ।।

  (સમયસાર-૧૨૫)

- મૂલ્યવાન શબ્દ : શાંતિ
- ક્રોધ અને ક્રોધી
- ક્રોધની સમસ્યા વ્યાપક છે
- વિઘટન થવાનાં ઘટક તત્ત્વો
  ક્રોધનો આવેશ
  અહંકારનો આવેશ
  લોભનો આવેશ
- સમસ્યા છે અમર્યાદ લોભ
- આવેશ શાંત કરવાનો ઉપાય
- સંશ્લેષણ નહિ પણ વિશ્લેષણ કરો.
- વિશ્લેષણની પ્રક્રિયા
- દીર્ઘશ્વાસની કિંમત
- શાંત સહવાસ : મનની શાંતિ

૯. શાંતિમય સહવાસ કઈ રીતે થાય ?

આપણા જીવનના શબ્દકોષમાંનો સૌથી મૂલ્યવાન શબ્દ છે- શાંતિ. જો એ શબ્દ કાઢી નાંખવામાં આવે તો આપણું જીવન પણ બચશે નહિ. અને જો બચે તો એવું બચે કે જેને જીવવાનું કોઈ પસંદ ન કરે. પૈસા અને ભોજનનું, ઘર અને કપડાંનું કે બીજા પદાર્થોનું મૂલ્ય ત્યારે જ હોય જ્યારે મનમાં શાંતિ હોય. શાંતિ ન હોય તો બધાંય મૂલ્યો નિરર્થક થઈ જાય. થોડાક દિવસો પહેલાં હું એક પરિવાર સાથે વાતચીત કરી રહ્યો હતો. માતાએ પુત્ર તરફ આંગળી કરીને કહ્યું- મહારાજ ! મારા દીકરાને ગુસ્સો ખૂબ આવે છે. એ ઓછો કઈ રીતે થાય ? જ્યારે ક્રોધનો આવેગ આવે છે ત્યારે તે કાબૂ બહાર જતો રહે છે. બેહાલ થઈ જાય છે. જ્યારે જ્યારે આને ગુસ્સો આવે છે ત્યારે આખા કુટુંબનું વાતાવરણ અશાંત થઈ જાય છે. માણસને જ્યારે આવેગ આવે ત્યારે એને પોતાને કદાચ સારુંય લાગતું હોય, પણ બીજાઓને એ બિલકુલ સારું લાગતું નથી. ખરે જ, શાંતિ ન હોય તો કુટુંબની સ્થિતિ ગરબડમાં પડી જાય છે.

ક્રોધ અને ક્રોધી

આ બે શબ્દો જુઓ- ક્રોધ અને ક્રોધી. ક્રોધ એક આવેશ છે, અને ક્રોધી એટલે ક્રોધ કરનાર. જ્યારે ક્રોધ ભયજનક સ્થિતિએ પહોંચે તે સમયે માણસ ક્રોધી નહિ બલ્કે પોતે ક્રોધ જ બની જાય છે.

સમયસારનું એક સૂત્ર છે-

कोहुवजुत्तो कोहो, माणवजुत्तो माणमेवादा ।

माउवजुत्तो माया, लोहुवजुत्तो हवदि लोहो ।।

ક્રોધમાં આવેલો આત્મા ક્રોધ છે. અભિમાનમાં આવેલો આત્મા અભિમાન છે. માયામાં રહેલો આત્મા માયા છે અને લોભમાં પડેલો આત્મા લોભ છે.

જ્યારે આત્મા ક્રોધમાં આવી જાય ત્યારે તે પોતે જ ક્રોધ બની જાય છે. કોઈ કોઈ વખત ક્રોધનું એવું ભયાનક રૂપ આવે છે કે માણસનું આખું શરીર ક્રોધમય (ક્રોધભર્યું) બની જાય છે. રાજસ્થાન પોલીસ એકેડેમીમાં પ્રેક્ષાધ્યાન શિબિર ચાલી રહી હતી. તેમાં પોલીસ ખાતાના અનેક ઉચ્ચ અધિકારીઓ ભાગ લઈ રહ્યા હતા. તેમાં એક સબ-ઈન્સ્પેક્ટર હતા. તે ક્રોધની સમસ્યાથી હેરાન થઈ રહ્યા હતા. એમને જોતાં લાગતું કે જો કોઈએ

તાણ જોવી હોય તો આ અધિકારીનો ચહેરો જોવો. તાણ (તનાવ)ની વ્યાખ્યા કરવાની જરૂર નહિ હોય. આ ક્રોધનો પ્રશ્ન ઘણો વ્યાપક છે. હું માનું છું કે આ એક જન્મજાત- જન્મગત (અસ્તિત્વ)માં રહેલી સમસ્યા જ છે.

અહંકાર તોડે છે

જેમ કૌટુંબિક જુદાઈમાં ક્રોધનો આવેશ મુખ્ય કારક તત્ત્વ બને છે. તે જ પ્રમાણે અહંકારનો પણ પારિવારિક વિઘટનમાં ઓછો હિસ્સો નથી. એક વ્યક્તિનો અહંકાર આખા કુટુંબની સ્થિતિને અસ્થિર બનાવી દે છે. અહંકારી માણસ બીજાઓની વાત સાંભળતોય નથી કે માનતોય નથી. એ પોતાની અહંકારી મનોવૃત્તિને જ પોષતો રહે છે. અને પોતાના મનમાં જે ફાવે તે જ તે કરે છે. સાંભળવા પ્રમાણે માણસ અહંકારમાં બીજા લોકોને ત્યાં સુધી કહે છે કે- તેં જેટલું અનાજ ખાધું છે એટલું તો મેં મીઠું (લૂણ) ખાધું છે. મને શું સમજે છે તું ? અહંકારનો આ આવેશ ઘણો ભયંકર હોય છે. અહંકારી માણસમાં પુરુષાર્થનું પ્રમાણ ઓછું હોય છે અને અકર્મણ્યતા વધારે હોય છે. બેકારપણું વધારે હોય છે. જ્યારે અહંકાર જાગે છે ત્યારે માણસનું ઉદ્યમીપણું સૂઈ જાય છે. ક્રોધ અને અહંકાર એ બેય પ્રકારના આવેશ માણસને ઘણો નીચો પાડે છે. આવેશ કદીય સાંધતો નથી પણ તોડે છે. અહંકારી માણસ પોતાને જ શ્રેષ્ઠ માની વ્યવહાર કરે છે. એ શી રીતે જોડે ? જ્યાં હું જ શ્રેષ્ઠ છું અને બીજાઓ નીચા છે, હીન છે એવું હોય ત્યાં બીજા લોકો શી રીતે જોડાય ?

અકડુપણું અને પકડ (હઠ)

આ આવેશો કૌટુંબિક અને સામુદાયિક જીવન જીવવામાં ઘણી ખલેલ પાડે છે. સામુદાયિક તેમજ સારુ કૌટુંબિક જીવન એવો માણસ જ જીવી શકે જેનામાં નમ્રતા હોય, અને અહંકારનો આવેશ ન હોય. જે માણસ મોટો હોવા છતાંય નમ્ર હોય એનું જીવન જ શાંતિમય હોય છે. રાજસ્થાન અકડુપણામાં જાણીતું રહ્યું છે. મારવાડ પણ અકડુપણામાં પ્રસિદ્ધ છે. અકડ અને પકડ બન્ને અહીંના લોકોના સ્વભાવનાં અંગ બનેલાં છે. એ લોકો જે વાતને પકડી લે છે તેને છોડતા નથી.

રાજસ્થાની ભાષાનો એક પ્રસિદ્ધ દુહો છે-

तुम आवो डग एक तो हम आएं अट्ठ ।
तुम हमसे करड़े रहो तो हम हैं करड़े लट्ठ ।।

લોભનો આવેશ

ત્રીજો છે લોભનો આવેશ. સામુદાયિક ચેતના ન જાગવામાં અને કૌટુંબિક ભાગલામાં લોભનો હાથ પણ ઓછો નથી. એક વ્યક્તિના મનમાં લોભ જાગે એટલે પછી બધુંય તૂટવા-વિખરાવા માંડે છે. લોભને કારણે માણસ બધી સફળતાઓથી પણ વંચિત રહી જાય છે. બીજા કોઈનું આગળ આવવું તેને ગમતું નથી. એ પોતે જ બધું મેળવી લેવા ઇચ્છે છે. લોભની આ વૃત્તિ પોતાનો સેહરો બધાયથી ઊંચો રાખવા માગે છે. સામુદાયિક ચેતનાના જાગવામાં આ લોભનો આવેશ એક બહુ જ મોટું વિઘ્ન છે. કુટુંબના ભાગલામાં પણ એ ઘણું મોટું કારણ બને છે.

પાંચ-દસ માણસો સાથે કામ કરી રહ્યા હોય. કામ ઠીક ચાલતું હોય, કમાણી સારી હોય. પણ એક માણસના મનમાં એક ધૂન આવી જાય છે. અને એ છાનોમાનો પોતાનું ઘર ભરવું શરૂ કરી દે છે, અને અહીંથી જ વિસરાવાનું શરૂ થઈ જાય છે, લડાઈ-ઝઘડા શરૂ થઈ જાય છે. કોઈ ફાયદામાં રહેતું નથી. આ લોભ લાભને પણ ગુમાવે છે. જ્યાં લોભ વધે ત્યાં લાભનું નુકસાન શરૂ થઈ જાય છે. સ્વામી વિવેકાનંદે ખરું કહ્યું હતું કે અમેરિકન લોકોને કંપની બનાવીને કામ કરવાનું આવડે છે. હિન્દુસ્તાની લોકોને કંપની બનાવી કામ કરવાનું આવડતું નથી. આ જ કારણે હિન્દુસ્તાનનાં મોટાં મોટાં કુટુંબો જે ઔદ્યોગિક પરિવાર કહેવાતાં હતાં એમનામાં ઝઘડા થવા લાગ્યા. ભાગલા અને વેરવિખેર શરૂ થઈ ગયાં. આનું કારણ છે લોભનો આવેશ, અમર્યાદ લોભ.

એનું સમાધાન છે અધ્યાત્મ-ચેતના

જ્યાં સુધી આપણે આ ત્રણ પ્રકારના આવેશ-ક્રોધનો આવેશ, અહંકારનો આવેશ અને લોભના આવેશને ઓછા કરવાનું ન જાણીએ ત્યાં સુધી સામુદાયિક જીવનની વાતનો વિચાર ન કરી શકાય. ક્રોધની સામે ક્રોધ કરીએ તેથી શું ક્રોધ ઓછો થઈ જાય ? દૂધમાં ઉભરો આવે ત્યારે ચૂલામાં એક લાકડું વધારે નાખીએ તો ઉભરો મટે ખરો ? એ જ પ્રમાણે જો અહંકારની સામે અહંકાર આવી જાય તો તે કદી શાંત ન થાય. એ વધારે ફૂંફાડા મારવા માંડે. એક માણસ લોભ કરે તે જ પ્રમાણે બીજો પણ લોભ કરવા લાગે તો તેથી લોભ શાંત થશે ખરો ? એમ બનવું સંભવિત જ નથી. એના શાંત થવાનો માત્ર એક જ ઉપાય છે. આધ્યાત્મિક ચેતના વિકસાવવી તે. જેમ જેમ અધ્યાત્મ-ચેતના જાગતી જાય તેમ તેમ આવેશો

શાંત થતા જશે. એક બાજુ છે આવેશની ચેતના અને બીજી બાજુ છે શાંતિની ચેતના, ઉપશમનની ચેતના. એટલે કે ક્રોધનું ઉપશમન, અહંકારનું ઉપશમન અને લોભનું ઉપશમન. ઉભરાતા દૂધમાં પાણીનો છાંટો નાખ્યો કે ઉપશમન થઈ જાય. પાણીનો આ છાંટો અધ્યાત્મની ચેતના છે, ધર્મની ચેતના છે.

સમસ્યાનું કારણ

મુશ્કેલી એ છે કે આજે બાળકોમાં ધર્મ અને અધ્યાત્મની ચેતના જાગૃત કરવાનો કોઈ પ્રયત્ન જ કરાતો નથી. અને મોટા માણસોમાં પણ એને જાગૃત કરવાનો પ્રયત્ન થતો નથી. આ આવેશોનું શમન કઈ રીતે થાય એની આપણને ખબર પણ નથી. આવેગોના શમનની પદ્ધતિની આપણને ખબર નથી. ધર્મ પણ જો ચાલતો હોય તો તે માત્ર રૂઢિના રૂપે જ ચાલે છે. મંદિર, મસ્જિદ, સ્થાનક વગેરે બનેલાં છે તેમાં જાઓ અને રૂઢિ પ્રમાણે ક્રિયાકાંડ કરો, પણ પોતાની વૃત્તિઓ કઈ રીતે બદલાય ? આ આવેશને કેમ કરી ઓછા કરાય ? એ માટે શો ઉપાય છે ? એ વાત નથી તો બતાવાતી કે નથી તો એને જાણવાનો પ્રયત્ન થતો. કોઈ માણસ ધર્મ કરતાં કરતાં ૫૦-૬૦ વર્ષનો થઈ જાય, પણ જ્યારે એને પૂછીએ કે, ભાઈ! તમારામાં શો ફેર પડ્યો ? તો એનો ઉત્તર હોય છે- પહેલાં હું જવાન હતો ત્યારે ગુસ્સો ઓછો આવતો હતો. હવે ઘરડો થઈ ગયો છું તેથી સંયમ કરવાની શક્તિ પણ રહી નથી તેથી વધારે ગુસ્સો આવે છે. મેં એ પણ જોયું છે કે ઘરડા માણસોમાં લાલચ અને લોભની વૃત્તિ પણ ઘણી હોય છે. એ માનતા હોય છે કે જેટલું ભેગું થાય એટલું કરી લો. પછી મરવાનું તો છે જ. તેમ જે નાડીઓનું તંત્ર શિથિલ થતું જાય છે તેમ તેમ સંયમની શક્તિ પણ ઓછી થતી જાય છે. આવેશો વધારે જોરથી વધતા જાય છે.

દીર્ઘ શ્વાસનો પ્રયોગ એ આનો ઉપાય છે

આ આવેશોને ઓછા કરવાનો રસ્તો કરવો જોઈએ. જો આપણી પાસે ચાવીઓ હોય તો આપણે તાળું ખોલી શકીએ. દીર્ઘ શ્વાસનો પ્રયોગ આનો ઉપાય છે. લાંબો શ્વાસ લઈએ તો આવેશ શાંત થઈ જશે. ક્રોધ, અહંકાર અને લોભના આ આવેશો દીર્ઘશ્વાસના પ્રયોગથી શાંત થાય છે. માણસ ટૂંકા શ્વાસ લે ત્યારે જ ક્રોધ આવે છે, અથવા જ્યારે ક્રોધ આવે છે ત્યારે તે શ્વાસ ટૂંકા કરી નાખે છે. સાધારણ સંયોગોમાં શ્વાસની જે સંખ્યા ૧૫/૧૬ હોવી જોઈએ તે ક્રોધની સ્થિતિમાં વધતી જઈને એક સેકંડમાં

૩૦/૫૦ સુધી પહોંચી જાય છે. આવેશ આવે કે શ્વાસની સંખ્યા વધી જાય. આવેશ શાંત થાય એટલે શ્વાસની સંખ્યા ઘટી જાય છે. જ્યારે આપણે લાંબા શ્વાસ લઈએ ત્યારે આપણી ચેતના શ્વાસની સાથે મળી જાય છે, એનો અર્થ એ કે ચેતના ક્રોધની સાથે નહિ જોડાય, અને ક્રોધનું ઉપશમન થઈ જશે. એ રીતે ચેતના અહંકારની સાથે નહિ જોડાય અને અહંકારનું ઉપશમન થઈ જશે, ચેતના લોભની સાથે નહિ જોડાય અને લોભનું ઉપશમન થઈ જશે. જ્યારે જ્યારે આપણી ચેતના આ આવેશોની સાથે જોડાય છે ત્યારે આપણી ચેતનાં પોતે જ ક્રોધ બની જાય છે, અહંકાર બની જાય છે, લોભ બની જાય છે.

પૃથક્કરણ કરવું જોઈએ

એનો એક ઉપાય છે- પૃથક્કરણ. સંશ્લેષણ નહિ પણ વિશ્લેષણ કરવું. ક્રોધ અને ચેતનાને જુદાં જુદાં કરી દેવાં. માટીને જુદી પાડવી, અને સોનું અલગ પાડવું. છાસને જુદી પાડવી અને માખણને જુદું તારવી લેવું. જો આપણે આવું પૃથક્કરણ સતત કરતા રહીએ તો આવેશો શાંત થઈ શકે. આ પ્રક્રિયામાં દીર્ઘશ્વાસનું કામ વલોણું કરવાના કામ જેવું જ છે. જો છાશને જુદી પાડવી હોય અને માખણને જુદું તારવવું હોય તો વલોણાની ક્રિયા કરવી જ પડે. જેમ જેમ રવૈયો ફરતો જાય તેમ તેમ માખણ ઉપર આવતું જશે અને છાશ નીચે બેસતી જશે. આ જ કામ દીર્ઘશ્વાસની પ્રક્રિયાનું છે જેમ જેમ દીર્ઘશ્વાસનો પ્રયોગ થતો જશે તેમ તેમ આવેશો નીચે બેસતા જશે અને ચેતના ઉપર આવતી જશે. દીર્ઘશ્વાસનો પ્રયોગ નાનો લાગે ખરો, પણ ચેતનાના રૂપાન્તરનો એ મહત્ત્વનો પ્રયોગ છે, ચેતનાના સંસ્કારનો એક શક્તિશાળી પ્રયોગ છે. જે માણસ દીર્ઘશ્વાસનો આધાર લે છે તે મોટે ભાગે અનેક સમસ્યાઓનો પાર પામી જાય છે.

મહત્ત્વની છે મનની શક્તિ

મુશ્કેલી એ છે કે માણસો શ્વાસ લેવાનું જાણતા જ નથી. શ્વાસ કેમ લેવો એ શિખવાડાતું જ નથી. આ પરિસ્થિતિમાં શાંતિપૂર્ણ સહવાસ શી રીતે સંભવે ? આ માટે, બાળકોને આરંભથી શિખવાડવાની પ્રવૃત્તિ ચાલે એ જરૂરી છે. આ સત્ય આપણે સમજી લેવું જોઈએ. જેમ જેમ આ સત્ય જીવનમાં આવતું જશે તેમ તેમ જીવનનો માર્ગ સરળ અને સ્વચ્છ બનતો જશે, અને શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વની વાત એની મેળે ફલિત થશે. આપણા જીવનની સૌથી મહત્ત્વની વાત છે- મનની શાંતિ. શાંતિ ન હોય તો આખું જીવન લૂખું-સૂકું અને નિષ્ફળ જેવું લાગે. જીવનને આપણે માત્ર પૈસા સાથે જ ન જોડીએ. જો આપણી સામે શાંતિનું ધ્યેય હશે તો શાંતિપૂર્ણ સહવાસનો મંત્ર પ્રાપ્ત થઈ જાય છે.

★ ★ ★

સંકલિકા - ૧૦

- तम्हा ण कोवि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे ।
  जम्हा कम्मं चेव हि कम्मं, धादेदि इदि भणिदं ।।
- एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा ।
  तेसिं पयडि कुव्वदि अप्पा य अकारगा सव्वे ।।
- अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणदि ।
  एसो मिच्छसहावो, तुम्ह एयं मुणंतस्स ।।
- जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता ।
  तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा ।।
- उवओगस्स अण्णाई परिणामा तिण्णि मोहजुत्तस्स ।
  मिच्छत्तं अण्णाणं अविरदि भावो य णादव्वो ।।
- एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो ।
  जं सो करेहि भावं उवओगो तस्स सो कत्ता ।।

(સમયસાર - ૩૩૯ - ૩૪૧, ૧૦૨, ૮૯)

- વિઘ્ન છે આગ્રહ ચેતના
- મિથ્યા દષ્ટિકોણ : બે પ્રકાર
- જરૂરી છે વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વિકાસ
- રૂઢિવાદનું કારણ
- સામંજસ્યનું સૂત્ર : અનાગ્રહ

૧૦. સામંજસ્ય કઈ રીતે વધારવું ?

કૌટુંબિક જીવનનો એક મહત્ત્વનો નિયમ છે- સામંજસ્ય (એકરૂપતા, સમતા). સમતા વિના સાથમાં રહી પણ ન શકાય અને સાથમાં રહેવાનો કોઈ ખાસ અર્થ પણ રહેતો નથી. જો સમતા ન હોય તો નવો ચૂલો પણ સળગાવવો પડે, ઘરમાં ભીંતો પણ ચણી લેવી પડે છે. આ બધું પરસ્પરપણાના અભાવમાં થતું હોય છે.

સામંજસ્ય : વિઘ્ન

સામંજસ્યનું બહુ જ મોટું વિઘ્ન છે- આગ્રહ-ચેતના. વ્યક્તિ જે વાત પકડી લે તેને છોડવા માગતી નથી. અણસમજ અને આગ્રહ બન્નેય સાથે સાથે ચાલે છે. આગ્રહનો અર્થ છે છોકરવાદ. બાળકમાં જિદ ઘણી હોય છે. બાલહઠ અને સ્ત્રીહઠ જાણીતાં છે. બાળકને એ ખબર નથી હોતી કે આ વાતમાં લાભ છે કે હાનિ છે. પણ એ જે વાતને પકડી લે છે એને દઢપણે પકડી લે છે, છોડતો નથી. આગ્રહની આવી વૃત્તિ સામંજસ્ય (સમતા)માં ઘણાં વિઘ્નો નાખે છે. એક કુટુંબમાં દસ-વીસ માણસો સાથે રહેતા હોય છે. એમાં કેટલાક એવા પણ હોય જેમનામાં પકડ મજબૂત હોય છે. તે પોતાની પકડેલી વાત છોડવા માગતા નથી. આવી આગ્રહી મનોવૃત્તિને લીધે સામંજસ્યમાં વિઘ્ન ઊભું થઈ જાય છે.

બાધા છે- મિથ્યા દષ્ટિકોણ

સાધનાના ક્ષેત્રમાં સૌથી પહેલું વિઘ્ન છે- મિથ્યા દષ્ટિકોણ. એના બે પ્રકાર હોય છે- આભિગ્રાહિક અને અનાભિગ્રાહિક. કોઈ માણસ જાણતો હોય કે અમુક એક વાત બરાબર નથી. પણ એ તેને આગ્રહપૂર્વક પકડી લે છે, છોડતો નથી. આ આભિગ્રાહિકી મનોવૃત્તિ છે. બીજી એક પકડ અજ્ઞાનને કારણે થાય છે. આમ કરવું સારું નથી એમ કોઈ એક માણસ જાણતો ન હોય તેથી તે એમ કરતો જાય છે. આ આગ્રહ અજ્ઞાનજનિત છે, અનાભિગ્રાહિકી મનોવૃત્તિ છે, ઘણા લોકોને એ ખબર હોતી નથી કે ખાંડ ખાવાથી શું નુકસાન થાય છે. તેથી તે ખાંડ ખાતા જ હોય છે. ખાંડ ખાવાનાં પરિણામોની ખબર હોય એવા લોકો પણ છે છતાં તે ખાંડ ખાતા જ હોય છે. ખાંડ ખાવાથી પિત્ત (એસીડીટી) વધશે અને અનેક તકલીફો થશે એ વાતની એમને ખબર હોય છે. આમ છતાં તે ખાંડ છોડવા માગતા

નથી. આ આગ્રહ-ચેતના છે. સૌ જાણે છે કે જર્દા કે તમ્બાકુ ખાવી એ તંદુરસ્તી માટે ફાયદાકારક નથી. એ શરીર અને મન માટે નુકસાનકારક છે. છતાંય ઘણા લોકો જર્દા કે તમાકુનું વ્યસન પોષતા હોય છે.

આગ્રહ અને સમજણ

આ આગ્રહ-ચેતના ઘણી ભયંકર હોય છે. માણસ એમાં ગૂંચવાઈ જાય છે. આ એક હકીકત છે કે સૌમાં સમજણ સરખી હોતી નથી. બધાનું જ્ઞાન સરખું હોતું નથી. બધામાં સમાન વિચારધારા વિકસતી નથી. કેટલાક એવા માણસ પણ હોય છે જેમનું મગજ અવિકસિત હોય છે, કે બહુ જ થોડું વિકસિત હોય છે. આવી સ્થિતિમાં જીદ હોય કે જિદ્દી સ્વભાવ હોય એ સ્વાભાવિક છે. મોટે ભાગે એવું જોવા મળે છે કે જે માણસ જેટલો વધારે અણસમજુ હોય, જેટલો વધારે વિચાર-શૂન્ય હોય, જેટલો વધારે અજ્ઞાની હોય તેમાં એટલો જ વધારે આગ્રહ હોય છે, પકડ અને જિદ હોય છે. જેમ જેમ માણસ સમજુ થતો જાય તેમ તેમ તેનામાં બુદ્ધિ અને ચિંતનનો વિકાસ થાય છે, સમજવાની શક્તિ વધે છે તેમ તેમ આગ્રહની વૃત્તિ છૂટતી જાય છે અને અનાગ્રહનો ભાવ વિકસતો જાય છે.

અનાગ્રહ : વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વિકાસ

સત્યની શોધ કરવાનું સૌથી મોટું સાધન છે- અનાગ્રહ. જેનામાં અનાગ્રહની વૃત્તિ ન હોય તે સત્યની શોધમાં કદીય આગળ વધી શકતો નથી. કોઈપણ વૈજ્ઞાનિક કદીય કોઈ એક વાતને પકડી રાખીને કે માની લઈને બેસી જતો નથી. તે એ વાતનો આધાર જરૂર લે પણ તે પછી સંશોધન કરે, પરીક્ષણ કરે અને એનું જે પરિણામ આવે એ વિના સંકોચે સ્વીકારી લે છે.

કોઈ વૈજ્ઞાનિક એમ નહિ કહે કે હું આમ માનું છું, હું મારી માન્યતા કદીય છોડીશ નહિ. વૈજ્ઞાનિકમાં પોતાની વાત પકડી રાખવાની વૃત્તિ હોતી નથી, કે આગ્રહ હોતો નથી. એનું કારણ છે એનામાં વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વિકાસ. આજે તો ધાર્મિક માણસોમાં પણ વૈજ્ઞાનિક દષ્ટિકોણના વિકાસની ઘણી જરૂર છે. પોતાને ધાર્મિક કહેવડાવનાર લોકો પણ એવા હોય છે કે જો તેઓ એક વાત પકડી લે તો પછી પકડી જ રાખે છે. એને છોડવા માગતા નથી. તેઓ નવી વાતનો સ્વીકાર કરવા તૈયાર જ હોતા નથી.

આગ્રહની સમસ્યા

સત્ય કેટલું અનંત અને કેટલું વિરાટ હોય છે ! જૈન દર્શનની દષ્ટિએ

વિચારીએ તો એક પરમાણુના અનંત પર્યાયો હોય છે. વર્ણમાલાનો પ્રથમ અક્ષર 'અ' છે. જો કોઈ પૂછે કે 'અ'ના કેટલા પર્યાય હોય છે ? તો જૈન દર્શન અનુસાર એનો ઉત્તર છે એક 'અ'ના અનંત પર્યાય હોય છે, અનંત અવસ્થાઓ હોય છે. એમાંના આપણે કેટલા પર્યાય જાણીએ છીએ ? આપણે બે-ચાર દસ-વીસ પર્યાય જાણી લઈએ છીએ. અને સૂંઠનો ગાંગડો પાસે રાખીને જ ગાંધી થવાનો આગ્રહ રાખીએ છીએ.

થોડીક વાતોને જાણીને આપણે ધર્મનો દાવો કરનાર કે ઈજારદાર થઈ બેસીએ છીએ. એમ માની લઈએ છીએ કે આ જ સત્ય છે. બીજું બધું જૂઠ છે. આપણું આ અજ્ઞાન અને આગ્રહ સૌથી મોટું તોડફોડ કરનારું તત્ત્વ છે. સામાજિક વેરવિખેરનું પણ આ ઘણું મોટું કારણ છે. કુટુંબમાં અને સમાજમાં આવો આગ્રહ બહુ ચાલતો હોય છે. જે વાત પકડી લેવાય છે એના સંબંધમાં બીજી કોઈ વાત સાંભળવાને લોકો તૈયાર હોતા નથી. આ છે આગ્રહની સમસ્યા.

અર્થ વિનાનો રૂઢિવાદ શા માટે ?

આ વૈજ્ઞાનિક યુગમાં પણ અનેક રૂઢિઓ ચાલી રહી છે. આ બધી રૂઢિઓના ચાલવાનું કારણ શું છે ? રૂઢિનો પોતાનો એક અર્થ હોય છે. તેના પોતાના સમયમાં એનો ઉપયોગ હોય છે. પણ દેશ-કાળનું પરિવર્તન થઈ ગયા પછી પણ એ જ એનું એ જ કર્યે રાખવું એ ક્યાં સુધી તર્કસંગત ગણાય ? જે પરંપરા કે પ્રણાલીનો ઉપયોગ રહ્યો ન હોય એને પકડી રાખવી ઉચિત ગણાય ખરી ? અર્થ વિનાની પરંપરાઓને વળગી રહેવું એ જ રૂઢિ. આ અર્થહીન રૂઢિવાદને લીધે ઘણી સમસ્યાઓ ઊભી થતી હોય છે. માણસ રૂઢિઓથી એટલો તો બંધાઈ ગયો છે કે એના વિચારો સ્પષ્ટ રહેતા નથી. એ કદીય એમ વિચારતો નથી કે દેશ-કાળ બદલાય એટલે પરંપરાઓ પણ બદલવી જોઈએ. આનું કારણ છે આગ્રહ. એવી તો ઘણી સ્થિતિઓ આપણી પાસે છે. મરણ પાછળની ઉજાણીઓની પરંપરા, દહેજ વગેરેનો રિવાજ કોઈ વખતે ચાલતો હશે. કોઈ વખતે એની ઉપયોગિતા સ્વીકારાઈ હશે. પણ આજે તો એમને માત્ર રૂઢિ જ માનવામાં આવે છે. છતાં એમની પકડ એટલી બધી છે કે સમાજના અગ્રણી લોકો પણ એને બદલવા માગતા નથી, છોડવા માગતા નથી.

આત્માનો સંદર્ભ

ધર્મના ક્ષેત્રમાં પણ ઘણા બધા આગ્રહો ચાલી રહ્યા છે. એક વિચારને

પકડી લીધો, પછી એને બદલવા જ માગતા નથી. આપણે આત્માની જ વાત કરીએ. દરેક આસ્તિક માણસ આત્માનો સ્વીકાર કરે છે, પણ એને વિશે આપણી માન્યતાઓ સરખી નથી હોતી. એક દર્શન કહે છે કે આત્મા સુખ-દુઃખનો કર્તા છે. બીજા એક દર્શનનો મત છે કે આત્મા બિલકુલ અલિપ્ત છે, શુદ્ધ બુદ્ધ અને અકર્તા છે. સમયસારમાં એવા ઘણા મતો જણાવ્યા છે, જે ઉપરથી જણાય છે કે આત્માના વિષયમાં અનેક પ્રકારના વિચારો અને દષ્ટિબિંદુઓ અસ્તિત્વમાં છે. આ આગ્રહ-ચેતના તરફ ઈશારો કરનારી કેટલીક ગાથાઓ છે-

तम्हा ण को वि जीवो वधादओ अत्थि अम्ह उवदेसे ।
जम्हा कम्मं चेव हि कम्मं धादेदि इदि भणिदं ।।
एवं संखुवएसं जे दु परूवेंति एरिसं समणा ।
तेसिं पयडि कुव्वदि, अप्पा य अकारगा सव्वे ।।
अहवा मण्णसि मज्झं, अप्पा अप्पाण मप्पणो कुणदि ।
एसो मिच्छसहावो, तुम्ह एयं मुणंतस्स ।।

કોઈ પણ જીવ ઉપઘાતક નથી, કેમ કે કર્મ જ કર્મને મારે છે. આ પ્રકારનો સાંખ્ય મતનો ઉપદેશ જે શ્રમણો કરે છે એમના મતમાં પ્રકૃતિ જ કર્તા છે, આત્મા અકર્તા છે.

જો તમે માનતા હો કે- મારો આત્મા મારા આત્માનો કર્તા (ઉત્પાદક) છે તો આમ સમજનાર માણસનો એ મિથ્યા સ્વભાવ છે.

સામંજસ્યનો નિયમ

એક તરફ આત્મા અકર્તા છે એમ મનાય છે તો બીજી તરફ એને સુખ-દુઃખનો કર્તા માનવામાં આવે છે. આ છે દરેકની પોતપોતાની પકડ અને પોતપોતાના મતનો આગ્રહ. જો મેળ બેસાડવો હોય તો આગ્રહ છોડવો પડે.

આત્મા કર્તા પણ છે અને અકર્તા પણ છે.

તે પોતાના ભાવોનો કર્તા છે, પણ ભાવનો કર્તા નથી.

जं भावं सहुमसुहं करेदि आदा स तस्स खलु कत्ता ।
तं तस्सा होदि कम्मं, सो तस्स दु वेदगो अप्पा ।।

આત્મા કર્તા છે એ વાત એ દષ્ટિએ સાચી છે કે આત્મા પોતાના શુભ-અશુભ ભાવોનો કર્તા છે. આત્મા અકર્તા છે એ પણ બરાબર છે કેમ કે તે પર-ભાવ (બીજાના ભાવ)નો કર્તા નથી. તે કોઈ બાહ્ય વસ્તુનું સર્જન

નથી કરતો. જો આ પ્રમાણે કર્તા-અકર્તા એ બે વાતોનો મેળ બેસાડી લઈએ તો આ પ્રશ્ન ઉકલી જાય, અને આગ્રહની વાત પૂરી થઈ જાય.

આત્મા શુદ્ધ છે કે અશુદ્ધ ?

પ્રશ્ન એ છે કે- આત્મા શુદ્ધ છે કે અશુદ્ધ ? બદ્ધ છે કે મુક્ત ? આ પ્રશ્ન અંગે એક જ પ્રકારનો દૃષ્ટિકોણ નથી. કેટલાક માને છે કે આત્મા શુદ્ધ બુદ્ધ અને અલિપ્ત છે. અને કેટલાક માને છે કે આત્મા શુદ્ધ નથી. તે બંધાયેલો છે. આ બે વચ્ચે મેળનું સૂત્ર શોધીએ.

આત્મા શુદ્ધ બુદ્ધ અને અલિપ્ત છે, સુખ-દુઃખનાં બંધનોથી મુક્ત છે. પણ આ તો ત્યારે જ હોય જ્યારે આત્મા પરમાત્મા બની જાય. આત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિએ શુદ્ધ હોઈ શકે પણ હજી તે શુદ્ધ નથી, બંધનમાં બંધાયેલો છે. કર્મનું બંધન, મોહનું બંધન, મિથ્યાપણાનું બંધન- આ બધાં બંધનોથી બંધાયેલો આત્મા શુદ્ધ નથી-

अण्णाई परिणामा तिण्णि मोहजुत्तस्स ।
मिच्छत्तं अन्नाणं अविरदिभावो य णादव्वो ।।
एदेसु य उवओगो तिविहो सुद्धो णिरंजणो भावो ।
जं सो करेहि भावं उवओगो तस्स सो कत्ता ।।

ગંગાનું પાણી નિર્મળ અને પવિત્ર છે. પણ એમાં ફેક્ટરીઓનો ગંદો કચરો મળી ગયો. એ પાણી શું નિર્મળ હોય ? જ્યાં સુધી એ પાણી શુદ્ધ ન કરાય ત્યાં સુધી એ નિર્મળ ન થઈ શકે. આપણે માની લેવું જોઈએ કે આપણો આત્મા તેના સ્વરૂપે જ શુદ્ધ છે, પણ અત્યારે તે શુદ્ધ નથી. એમાં મોહ અને અજ્ઞાનનું ગંદું પાણી મળેલું છે.

અનાગ્રહ ચેતના

સામંજસ્ય (મેળ)નું સૂત્ર (નિયમ) છે અનાગ્રહ (આગ્રહને પકડી ન રાખવો તે). પકડ ન હોય તો મેળ થવાનો સંભવ રહે. આપણે આમ વિચારવું જોઈએ કે- નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા નિર્મળ છે, પણ વ્યવહારનયની દૃષ્ટિએ આત્મા નિર્મળ નથી. જો આત્મા નિર્મળ હોય તો માણસનો બધોય નિર્ણય જ જુદો હોય. પવિત્ર આત્મામાંથી વિકૃત દૃષ્ટિ, વિકૃત ચિંતન અને વિકૃત નિર્ણય ન આવે. અપવિત્ર આત્મામાંથી જ એ આવે. જ્યાં અપવિત્રતા કે મલિનતા હોય ત્યાં જુદો જ નિર્ણય હોય. જ્યાં લોભ હોય, ક્રોધ હોય ત્યાં ચેતના મલિન થઈ જાય છે. જ્યાં ચેતના મલિન થાય ત્યાં નિર્ણય અને નિષ્કર્ષ બદલાઈ જાય. પ્રશ્ન આ છે કે ક્રોધ-ચેતના,

લોભ-ચેતના વગેરે વગેરે ચેતનાઓ જાગતી રહે તેથી આત્માનું ચિંતન, નિર્ણય, નિષ્કર્ષ બધુંય ખોટું અને વિકૃત થતું જાય છે. આત્મા શુદ્ધ જ છે કે આત્મા અશુદ્ધ જ છે એવા એકપક્ષીય આગ્રહથી આપણે આ વાતને ન સ્વીકારવી જોઈએ. એકપક્ષીય આગ્રહને છોડીએ તો જ સમતા સ્થાપિત કરી શકાય. આ છે અનાગ્રહની ચેતના, સામંજસ્યની ચેતના કે સ્વરૂપની દૃષ્ટિએ આત્મા શુદ્ધ છે પણ વર્તમાન અવસ્થાની દૃષ્ટિએ એને શુદ્ધ ન માની શકાય.

જીવન વ્યવહારઃ સુમેળ

જો આપણે આપણા જીવન વ્યવહારમાં સુમેળની વાતને મહત્ત્વ નહિ આપીએ તો શાંતિપૂર્ણ સહવાસની વાત સંભવિત બની શકશે નહિ. જો આપણે સાથે રહેવું હોય, સહ-ચિંતન, સહ-ચિત્ત, સહ-વાસ કે સહ-અસ્તિત્વ ઈચ્છતા હોઈએ તો સુમેળનું સૂત્ર અપનાવવું જ પડશે. આગ્રહને છોડ્યા સિવાય સુમેળ થવો સંભવ નથી. આગ્રહ-ચેતના સુમેળ ઊભો કરવામાં બહુ મોટું વિઘ્ન છે. આપણાં જ્ઞાન, વિચાર અને સમજણની શક્તિને વધારીએ, બીજાની વાત સમજવાનો પ્રયત્ન કરીએ અને એમ માનીને ચાલીએ કે- સત્ય અનંત છે. હું જાણું છું એટલું જ એ નથી, એની વ્યાપકતાનો આપણે સ્વીકાર કરવો જોઈએ. એને મર્યાદિત કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ.

આગ્રહ ચેતના નિર્મળ બનવી જોઈએ :

સત્યને કોઈ સીમા નથી. એને સીમિત કરવાના પ્રયત્નમાંથી આગ્રહ જન્મે છે. આ સિદ્ધાંતને સમજીને પકડની દોરીને થોડી ઢીલી કરવી જોઈએ. આગ્રહની ગ્રંથિ એકદમ જ ખૂલશે એમ તો ન માની શકાય, પણ આને લીધે આગ્રહ-ચેતના કંઈક નિર્બળ બની જશે, અને આગ્રહની ગ્રંથિ ધીરે-ધીરે ખૂલવા માંડશે. જ્યાં આગ્રહ નથી ત્યાં સમસ્યા નથી. જ્યાં આગ્રહમાંથી છુટકારો થયો કે સમસ્યાનું સમાધાન થઈ જાય. આગ્રહ છોડવો જોઈએ, જીવનમાં અનાગ્રહ-વૃત્તિ વિકસાવીએ તો સુમેળનું સૂત્ર મળી જાય. આચાર્ય કુન્દકુન્દે અધ્યાત્મના ક્ષેત્રમાં જે સામંજસ્ય (સુમેળ)નો નિયમ રજૂ કર્યો છે, તે જીવન-વ્યવહારના સંબંધમાં પણ ઘણો મૂલ્યવાન છે.

★ ★ ★

સંકલિકા - ૧૧

- सुदपरिचिदाणुभूदा, सव्वस्स वि कामभारोबंधकहा ।
  एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ।।
  (સમયસાર - ૪)
- સમસ્યાના હેતુઓ-
  રુચિભેદ
  વિચારભેદ
  ચિંતનભેદ
- જરૂરી છે નિયમન અને પરિષ્કાર
- બીજાને સહેવાનું શીખો.
- જીવતા સમાજનું લક્ષણ
  વિચારભેદ પ્રત્યે સહિષ્ણુ થવું
- મૃત સમાજનું લક્ષણ
  વિચારોને ટૂંપવા, કચડવા કે દબાવવા
- જીવન નિર્માણ અને આજીવિકા
- વિકાસનું લક્ષણ
- સહિષ્ણુતાનો વિકાસ : કાર્યસિદ્ધિ
- જીવનનિર્માણનું સૂત્ર : ધ્યાન

૧૧. સુધારો; લડો નહિ

મનુષ્ય કંઈ ઈંટ નથી, કોઈ નોંધવહી કે પેન નથી જેને એક યંત્રમાં ઢાળીને હજારો એક સરખા માણસ બનાવી શકાય. જડ વસ્તુનું નિર્માણ યંત્ર દ્વારા થાય. મનુષ્ય તો ચેતનાવાન પ્રાણી છે. એનું ઉત્પાદન યંત્ર વડે ન થઈ શકે. જ્યાં ચેતના હોય ત્યાં ચિંતન હોય સ્મૃતિ હોય અને કલ્પના હોય, કંઈ નવું કરવાની ભાવના હોય. જ્યાં આ બધાં હોય ત્યાં એકરૂપતા હોવી કઠિન છે એટલું જ નહિ, અસંભવિત પણ છે. સામૂહિક જીવન માટે આ એક મોટો પ્રશ્ન છે.

પ્રશ્ન છે રુચિનો

સૌથી પહેલો પ્રશ્ન છે રુચિના ભેદનો. એક કુટુંબમાં દસ માણસો એકસાથે રહે છે. એ દરેકની પોતપોતાની રુચિ હોય છે. બધાયની રુચિ એક સરખી હોતી નથી. એક વ્યક્તિને કંઈ જોઈએ અને બીજી વ્યક્તિને કંઈક જુદું જ જોઈએ. આમ થાય છે રુચિભેદના કારણે. મનુષ્યમાં રુચિ હોય છે, પ્રીતિ હોય છે, આકર્ષણ હોય છે. રુચિનો પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. મોટા ભાગના માણસોની રુચિનો સંબંધ એક દિશા સાથે જ જોડાયેલો હોય છે. આ સંસારમાં જીવનાર વ્યક્તિની રુચિ મોટેભાગે કામ-ભોગમાં વધારે હોય છે. એના બધા ગમાઓનું કેન્દ્રબિંદુ આ જ છે. આ સત્ય તરફ નિર્દેશ કરતાં આચાર્ય કુન્દકુન્દે કહ્યું,- કામ-ભોગને લગતી બંધનની વાતથી બધાય પરિચિત છે. એના તરફ દરેકની રુચિ છે, પણ કામ-ભોગની વાતની પેલે પારની વાત કરનારા વિરલા હોય છે. એવા બહુ જ ઓછા માણસો છે જે કામ-ભોગથી આગળની ચેતનામાં જીવવાની વાત કરતા હોય છે-

सुदपरिचिदाणुभूदा, सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुल हो विहत्तस्स ।।

રુચિભેદની સમસ્યા :

કૌટુંબિક જીવન જોઈએ તો તેમાં જેટલા રુચિભેદ નજરે પડે છે એની પાછળ કામ કે વાસનાનો ભાવ બલવાન હોય છે. રુચિ-ભેદને લઈને કૌટુંબિક જીવનમાં ઘણી વાર ઝઘડા થઈ જાય છે. ભોજનની વાત જ લ્યો. બધાની ભોજન અંગેની રુચિ પણ એક જાતની હોતી નથી. કોઈને મિઠાઈ

ખાવી ગમે કોઈને નમકીન ખાવું ગમે, તો કોઈને ખાટું ખાવું ગમતું હોય છે. આ ગમવાના ભેદની વાત ઘણી વિચિત્ર હોય છે. કોઈ માણસને ખૂબ ઘરેણાં-વસ્ત્રાભૂષણો પહેરવાની અને પ્રદર્શન કરવાની રુચિ હોય. એ માણસ પોતાની જાતનું પ્રદર્શન કરવા ઇચ્છતો હોય છે. ઘણીવાર આ પ્રદર્શનની રુચિ મોટી સમસ્યા ઊભી કરી દે છે. આજે સામાજિક જીવનમાં જે કેટલીક રૂઢિઓ ચાલે છે એની પાછળ પ્રદર્શનની રુચિ જ છે. માણસની પાસે બધુંય કંઈ હોતું નથી. તો પણ તે પોતાને ઘણું બધું બતાવવા ઇચ્છે છે. તર્કશાસ્ત્રમાં એક ન્યાય યાચિતમંડનકમ્ કહેવાયો છે. કોઈ માણસ પાસે ઘરેણાં નથી. તો એ બીજા પાસેથી માગીને પહેરશે અને એમ બતાવવા પ્રયત્ન કરશે કે- મારી પાસે આટલું ઘરેણું છે.

સમાધાનનું સૂત્ર

આ રુચિભેદની પરિસ્થિતિ છે. આ સ્થિતિમાં જે સુમેળ કરવાનું જાણતો નથી તે સામૂહિક જીવનમાં કલહ, લડાઈ-ઝઘડાથી બચી ન શકે. રુચિને વ્યવસ્થિત કરવી એ બહુ મોટી કલા છે. આજે ટી.વી. તરફ ઘણી રુચિ વધતી જાય છે. આજકાલનાં બાળકોને ટી.વી. તરફ જેટલું આકર્ષણ છે એટલું બીજા કશાય તરફ નથી. જો આ સમસ્યા તરફ ધ્યાન આપવામાં નહિ આવે તો એક એવી પેઢી થશે કે જેમાં જવાબદારીની ભાવના નહિ હોય, કર્તવ્યની ચેતના નહિ હોય, સમયને અનુકૂળ સમજણ નહિ રહે. બાળકોને પરાણે રોકવાં મુશ્કેલ છે. એ પણ એક હકીકત છે. આનો એક જ ઉપાય છે કે બાળકોની રુચિને સુધારવી.

જરૂરી છે પરિષ્કાર (સુધારો)

આજે બ્રિટન, જર્મની, અમેરિકા વગેરે સમૃદ્ધ દેશોમાં ટી.વી.ના વિરોધમાં આંદોલન ચાલી રહ્યું છે. કહેવાય છે કે- બ્રિટનમાં આ બે વર્ષો દરમિયાન એટલાં તો ચશ્માં વેચાયાં જેટલાં પાછલાં કેટલાંય વર્ષોમાં વેચાયાં ન હતાં. બાળકોની આંખો નબળી પડવાની ટકાવારી વધી ગઈ અને તેથી ચળવળ શરૂ થઈ ગઈ. લોકો કહે છે કે- આને બંધ કરો. એનાથી આંખો ખરાબ થાય છે. સાથે સાથે એમાંથી (ટી.વી.માંથી) જે કિરણો નીકળે છે તે આસપાસ ફેલાઈ જાય છે. એ કિરણોની આરોગ્ય પર પણ ખરાબ અસર પડે છે.

રુચિ મર્યાદિત થાય અને સુધરે એ જરૂરી છે. જ્યાં સામાજિક કે કૌટુંબિક સહવાસનો પ્રશ્ન છે ત્યાં લડી ઝઘડીને રુચિ બદલાવી શકાય નહિ.

એને માટે એવો કોઈ નિયમ શોધી કાઢવો જોઈએ કે જેથી રુચિ સુધરે પણ ખરી અને લડાઈનો પ્રશ્ન પણ ન રહે.

વિચાર-ભેદની સમસ્યા

બીજી સમસ્યા છે વિચાર-ભેદની. બધાયના વિચાર સરખા હોતા નથી. જે રીતે સહવાસમાં રુચિભેદની સમસ્યા હોય છે તે જ રીતે વિચારભેદની સમસ્યા પણ સહવાસમાં એક મોટી સમસ્યા છે. સૌની વિચારવાની રીત જુદી જુદી હોય છે. માણસને થાય કે જેમની સાથે આપણા વિચારો મળતા નથી એની સાથે કઈ રીતે રહેવું ? આના સમાધાન માટે પ્રશિક્ષણની જરૂર છે. આ સત્ય આપણે સમજી લેવું જોઈએ કે વિચારભેદ હોવો અને વિરોધ હોવો એ બે એક નથી. થોડોક વિચારભેદ હોય એટલે વ્યક્તિ એમ માની લે કે અમુક માણસ મારો દુશ્મન છે. ખરેખર તો આમ માનવાની જરૂર નથી. વિચાર-ભેદ એ શત્રુતાનું લક્ષણ નથી પણ સ્વતંત્રતાનું લક્ષણ છે.

વિચાર-ભેદ : સમાજ-વિકાસનું એક ઘટક તત્ત્વ

વિચારોની ભિન્નતા એ મનુષ્યની સ્વતંત્રતાનું સૌથી મોટું લક્ષણ છે. જો બધાય એક રીતે જ વિચારતા હોત તો સમાજ બહુ વામણો થઈ જાત. જુદી જુદી રીતે વિચારવું એ જ સમાજના વિકાસનું સાધન છે. ચિંતનની ભિન્નતા એ સમાજના વિકાસનું એક મુખ્ય ઘટક તત્ત્વ રહ્યું છે. બધાય જો એક જ પ્રકારે વિચારતા હોત તો આ વૈવિધ્ય ન હોત. અને જ્યાં વૈવિધ્ય ન હોય, અનેકપણું ન હોય ત્યાં સૌન્દર્ય ન હોય. વિચાર-ભેદ સામાજિક સૌન્દર્યને વધારવામાં ઘણું કામ કરે છે. સત્યં શિવં સુન્દરમ્‌ની વાત કહેવાય છે. એટલે કે માત્ર સત્ય હોય એ જ પૂરતું નથી. એ કલ્યાણકારી પણ હોવું જોઈએ. આમ થાય ત્યારે જ સૌન્દર્ય પ્રગટ થાય છે.

જીવતા સમાજનું લક્ષણ

એક બાજુ જ્યાં વિચારભેદને લીધે સૌન્દર્ય અભિવ્યક્ત થાય છે, તો બીજી બાજુ વિચારભેદને લીધે લડાઈઓ પણ ઓછી નથી થતી. માણસ પોતાનાથી જુદા વિચાર રાખનારને સહી શકતો નથી. આ શતાબ્દીમાં એવા પણ નેતાઓ થયા છે, એવા આપખુદ માણસો થયા છે જેમણે પોતાનાથી જુદા વિચાર રાખનારાઓને કદીય સહન કર્યા નહિ. જે માણસ તેમનાથી જુદા વિચાર ધરાવતો એનું જીવન જ સમાપ્ત કરી દેવાતું. વિચાર-ભેદને સહન ન કરવો એ કૌટુંબિક અને સામાજિક જીવનનો મુખ્ય પ્રશ્ન છે.

ખરેખર તો વિચારોમાં ભેદ હોય એ સ્વાભાવિક છે. વિચારની સ્વતંત્રતા હોવી ઘણી જરૂરી છે. વિચારોને ચગદી નાખવા, દબાવવા કે કચડવા એ મુડદાલ સમાજનું લક્ષણ છે. વિચાર-ભેદ પ્રત્યે સહિષ્ણુ હોવું એ જીવન્ત સમાજનું લક્ષણ છે, અધ્યાત્મ ચેતનાની જાગૃતિ છે. જ્યાં સુધી અધ્યાત્મ-ચેતના ન જાગે ત્યાં સુધી માણસ પોતાનાથી ભિન્ન વિચારને સહી શકતો નથી. ભિન્ન વિચાર રાખનાર માણસને તે વિરોધી માની લઈ એને શત્રુ સમજી બેસે છે. જે માણસમાં થોડી પણ નૈતિક કે આધ્યાત્મિક ચેતના જાગતી હોય તે વિચારભેદને કારણે કોઈને વિરોધી ન માને.

અસહનશીલતાનો યુગ

સામાજિક અને કૌટુંબિક જીવન માટેનો મહત્ત્વનો નિયમ છે-સહિષ્ણુતા. જો સહિષ્ણુતા હશે તો રુચિભેદ સહી શકાશે અને સુધારી શકાશે, પણ એને કારણે શત્રુતાનો ભાવ નહિ જન્મે. જો સહિષ્ણુતાની ચેતના જાગૃત હોય તો વિચારભેદને પણ સહન કરી લેવાશે. શાંત સહવાસનું સફળ સૂત્ર છે-સહિષ્ણુતા. વર્તમાન યુગની સૌથી મોટી સમસ્યા છે- અસહિષ્ણુતા. આજના યુગને એક શબ્દમાં સમજાવવો હોય તો કહેવાય કે આ અસહિષ્ણુતાનો યુગ છે. માણસ સહી લેવાનું જ જાણતો નથી. ભૂતકાળમાં એવું ક્યારેય બન્યું છે જેમાં એક વિદ્યાર્થી અધ્યાપકને મારે ? આચાર્ય કે પ્રિન્સિપાલને ઘેરાવ કરી એને ઓરડામાં પૂરી દે ? ઇતિહાસમાં ક્યાં એવો પ્રસંગ આવ્યો છે ? ભૂતકાળમાં આવું કંઈ થતું ન હતું, પણ અત્યારે બધુંય થઈ રહ્યું છે. એ વખતે એવા સંસ્કાર હતા કે- ગુરુને સહી લેશો તો વિદ્યા વધશે. 'વિદ્યા દદાતિ વિનયમ્' એ પ્રકારની માન્યતા હતી. આજે એવી સ્થિતિ છે કે જો પ્રશ્નપત્ર પણ મનમાં ધાર્યા કરતાં ઊલટું આવી જાય તો વિદ્યાર્થીઓ શિક્ષકને પીટે છે.

જીવનપદ્ધતિ જ બદલાઈ ગઈ છે

જમાનો કેટલો બદલાઈ ગયો છે ! જો આ બદલાયેલા યુગમાં આપણે માત્ર લડવાની જ વાત કરશું તો સમાજનું કલ્યાણ નહિ થાય. સુધારાનું સૂત્ર આપણે સ્વીકારવું પડશે, અથવા કોઈ નવો રસ્તો શોધવો પડશે. અમે એમ નથી કહેતા કે આજનો વિદ્યાર્થી ખરાબ થઈ ગયો છે. પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે આજના વિદ્યાર્થીને શરૂઆતથી જ સારા સંસ્કારો આપવામાં આવતા નથી. જીવવાની આખી પદ્ધતિ જ બદલાઈ ગઈ છે. એમ લાગે છે કે વિદ્યાર્થીને શરૂઆતથી જ ઉદ્ધતાઈના સંસ્કારો પાડવામાં

આવે છે. વિદ્યાર્થીને વારંવાર ઉદ્ધતાઈ અને ઉચ્છૃંખલતાના સ્વરો જ સંભળાય છે. અને તેથી જ પ્રસંગ પડ્યે તેઓ એમનો જ ઉપયોગ કરી લે છે. જો આરંભથી જ રુચિને સુધારવાની વાત- મગજને કેળવવાની વાત શરૂ કરાય તો માણસ આટલો અસહનશીલ ન બને, એનામાં સહિષ્ણુતાની ચેતના જાગી જાય.

પ્રશ્ન છે ઉદ્દેશ્યનો

સહિષ્ણુતા વિકસાવવાનો સંભવ છે પણ તે કેળવણી દ્વારા જ સંભવિત બને. સહિષ્ણુતાના વિકાસનું એક સાધન છે- કાયસિદ્ધિ. જો આપણે આસન વગેરેથી શરીરને સાધવાની કેળવણી લઈએ તો અસહિષ્ણુતાની સમસ્યામાંથી બચી શકીએ. એક બાળક અસહનશીલ હોય એનું કારણ બાળક એકલો જ નથી, પણ એના પાલકો પણ છે. જો શરૂઆતથી જ બાળકને સહિષ્ણુતાનું શિક્ષણ આપવામાં આવે, શરીરને સિદ્ધ કરવાનું (તૈયાર કરવાનું) શિખવાડાય તો તે કદીય અસહિષ્ણુ ન બને. પાલકો તો એટલું જ વિચારે છે કે છોકરાને સારી રીતે ભાણવી દઈએ જેથી તે સારી કમાણી કરી શકે. પણ એમને એ વિચાર નથી આવતો કે- શું પૈસા કમાવા એ જ જીવનનો ઉદ્દેશ્ય છે ? એ તો વરદાન જ નહિ પણ મોટો શાપ પણ બની જઈ શકે ! બાળકનું જીવન ન ઘડ્યું કે જીવન જીવવાની કલા ન શીખવી તો સમજવું કે- વાંદરાના હાથમાં તલવાર પકડાવી દીધી છે ! જે માણસ પોતાના બાળકના જીવન-ઘડતર પર ધ્યાન આપતો નથી અને એને આજીવિકા કમાઈની તલવાર જ પકડાવી દે છે તો એ તલવાર કોઈ કોઈ વખત એના જ ગળા ઉપર પણ ફરી વળે છે.

જીવન-નિર્માણનું સૂત્ર

આપણે જીવન ઘડતર પર ધ્યાન આપવું જોઈએ. જીવન-ઘડતરનો નિયમ છે-ધ્યાન. ધ્યાનનો પ્રયોગ આજીવિકા માટે નથી પણ જીવન-ઘડતર માટે છે. જીવનનું ઘડતર થાય ત્યારે આજીવિકાની વાત પણ પાછળ રહી જતી નથી. ધ્યાન કરવાથી દક્ષતા વધે છે, શક્તિ વધે છે, સ્મૃતિ વધે છે, ચતુરાઈ આવે છે, પણ આ બધાય કરતાં વધારે મહત્ત્વનો જે ફાયદો ધ્યાનને લીધે થાય છે તે છે- જીવન-નિર્માણ. જો જીવન-નિર્માણ થાય તો શાંત સહવાસના પ્રશ્નો, આગ્રહ અને રુચિ-ભેદના પ્રશ્નો, વિચાર-ભેદ અને વિરોધાભાસના પ્રશ્નો, નિષેધાત્મક ભાવના પ્રશ્નો ઉકલી જાય છે. ધ્યાનથી વિધાયક વિચારો જાગે છે, મૈત્રીભાવનાના, સૌ પ્રત્યે સંમાનની

ભાવનાના અને સુમેળ પૂર્ણ ચેતનાના વિચારો જાગે છે. જ્યારે ચેતનાની આવી સ્થિતિ થાય ત્યારે કૌટુંબિક અને સામાજિક જીવન ઘણું સુખદ બની જાય છે. આ બધુંય પ્રાપ્ત કરવા માટે ધ્યાન કેળવવું જરૂરી છે. ધ્યાન માત્ર આધ્યાત્મિક જીવન માટે જ નહિ, પણ કૌટુંબિક અને સામાજિક જીવન માટે પણ અનિવાર્ય છે. આ એક સત્ય છે. આ સત્યને સમજનાર દરેક માણસ સુધારાનાં સૂત્રો શોધી કાઢશે. અને પોતાના જીવન-નિર્માણ તરફ ધ્યાન આપશે. જે સુધારાની વાત વિચારે છે તે અભયનો મંત્ર શીખી જાય છે. રુચિ-સુધારનો નિયમ છે કામનાઓને સુધારવી. કામ-પરિષ્કાર થયા પછી જ રુચિ-પરિષ્કારનું સૂત્ર હાથમાં આવે, અને રુચિ-ભેદને લીધે થતા વિગ્રહને અટકાવી શકાય.

★ ★ ★

સંકલિકા - ૧૨

- संजोगाविप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो ।
- जण णाम को वि पुरिसो, णेहब्भत्तो दु रेणुबहुलम्मि ।
  ठाणम्मि ठाइ दूण य करेदि सत्थेहिं वायामं ।।
- जो सो दु णेहभावो, तम्हि णरे तेण तस्स रयबंधो ।
  णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं ।।
- एवं मिच्छादिट्ठी, वट्टंतो बहुविहासु चिट्ठासु ।
  रायादि उवओगे कुव्वंतो लिप्पदि रयेण ।।

(સમયસાર - ૨૩૭, ૨૪૦, ૨૪૧)

- સામાન્ય વ્યક્તિત્વની ત્રણ કસોટીઓ-
  આત્મિક આનંદ
  માનસિક કાર્યક્ષમતા
  સંબંધોનું સફળ આયોજન
- સામાન્ય વ્યક્તિત્વ : આત્મવિજ્ઞાનની કસોટી-
  અતીતના ભારથી મુક્ત થવું
  અતીતના સંગ્રહથી મુક્ત થવું
  નિર્ગ્રંથ થવું
- સામાન્ય અને અસામાન્યની વ્યાખ્યા
- ધાર્મિકની કસોટી : સંવેદનશીલતા
- માનવીય સંબંધ : ધ્યાન

૧૨. ધ્યાન શા માટે કરવું ?

સામાજિક પ્રાણી સમૂહમાં જીવે છે. સમૂહનો સૌથી નાનો એકમ છે આપણું પોતાનું કુટુંબ. પહેલાં આપણે આપણી જાતની તપાસ કરીએ કે કુટુંબ સાથે આપણા સંબંધો કેવા છે ? આપણે એવું આત્મનિરીક્ષણ પણ કરીએ કે આપણી પોતાની સાથે આપણા સંબંધો કેવા છે ? આ બહુ મોટો ગૂંચવણભર્યો પ્રશ્ન છે. માણસ પોતાની સાથે પણ સારો સંબંધ રાખી શકતો નથી. તેથી જ તે ખંડિત વ્યક્તિત્વ જીવે છે. અખંડ વ્યક્તિત્વમાં જીવવું એટલું સહેલું નથી. માણસ કુટુંબ સાથે કેવો સંબંધ રાખે છે એ વાતમાં ધર્મ, ધ્યાન અને અધ્યાત્મની કસોટી થાય છે. દર્શનનું જ્ઞાન હોવું, સિદ્ધાંતને સમજવો એ એક વાત છે. અને તેને જીવનમાં ઉતારવો એ બિલકુલ જુદી વાત છે. જ્યાં સુધી દર્શન અને સિદ્ધાંત પ્રમાણે જિવાય નહિ ત્યાં સુધી તે માત્ર કલ્પનાના રૂપે જ રહે છે. વાસ્તવિકતાની ભૂમિ પર એની બહુ કિંમત થતી નથી. જો વાસ્તવિકતાનું જીવન જીવવું હોય તો આ સંબંધો ઉપર આપણે વિચાર કરવો પડશે.

સંબંધોનું જીવન

સામાજિક જીવનનો અર્થ છે- સંબંધોનું જીવન. મુનિ-જીવનનો અર્થ છે સંબંધોની પારનું જીવન. જ્યાં સંયોગ અને સંબંધનો સ્વીકાર થાય છે તે છે સામાજિક જીવન. જ્યાં માત્ર એકલાપણાનો સ્વીકાર થાય છે તે છે ત્યાગી, સંન્યાસી અને મુનિનું જીવન. તેથી કહેવાયું છે કે-

संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो ।

મુનિ સંયોગોથી મુક્ત હોય છે અને ગૃહસ્થ સંયોગોનું જીવન જીવે છે. માણસ એકલો જન્મે છે. માતા-પિતાનો એક સંયોગ થયો, એક સંબંધ થઈ ગયો. ભાઈ-બહેન, કાકા-બાપા એવા સંબંધો બંધાતા ગયા. વ્યક્તિના મોટા થયા પછી સાસરા પક્ષનો એક બીજો સંબંધ જોડાય છે. આમ એ સંબંધોની અગણિત શૃંખલાઓથી એ જોડાય છે.

કેવા છે સંબંધો ?

સંબંધોનું જીવન કેવું જિવાય છે એ એક મોટો પ્રશ્ન છે. દરેક વ્યક્તિ આ પૃથક્કરણ કરી શકે કે- "મારે મારાં માતા-પિતા, ભાઈ કે પત્નીની સાથે કેવો સંબંધ છે, એ મીઠો છે કે કટુતાભર્યો છે ? બીજા

આશ્રિત સંબંધીઓ સાથેનો સંબંધ કેવો છે ? ધ્યાનથી જોતાં ખબર પડે છે કે- જેવો હોવો જોઈએ એવો સંબંધ તો ઘણો ઓછો છે. શરૂશરૂમાં થોડો મીઠો સંબંધ હોય છે. પછી ધીમે ધીમે સંબંધોમાં કટુતા આવતી જાય છે. જેમ જેમ સ્વાર્થવૃત્તિ વિસ્તરતી જાય છે તેમ તેમ સંબંધો કડવા થતા જાય છે અને એક વખત એવો આવે છે કે આ સંબંધ એક જોખમ બની જાય છે, ભય બની જાય છે. માનસિક તાણનું કારણ બની જાય છે.

સામાન્ય વ્યક્તિત્વની કસોટી

અર્નેસ્ટ જોન્સે સામાન્ય વ્યક્તિત્વની ત્રણ કસોટીઓ બતાવી છે-

★ આત્મિક આનંદ

★ મનની કાર્યક્ષમતા

★ સામાજિક સંબંધોનું સફળ આયોજન- સામાજિક સંબંધોમાં સારી રીતે સુમેળ બેસાડી લેવો.

જે કોઈ આવું જીવન નથી જીવતો તે અસામાન્ય (Abnormal) જીવન જીવતો હોય છે. સામાન્ય (Normal) વ્યક્તિત્વ આ ત્રણ કસોટીઓના આધારે જાણી શકાય.

આત્મ-વિજ્ઞાન અનુસાર જોઈએ તો સામાન્ય વ્યક્તિત્વની પહેલી કસોટી છે- ભૂતકાળના ભારથી મુક્ત હોવું તે. જે વ્યક્તિ ભૂતકાળના ભારથી વધુ પડતી લદાયેલી નથી તે સામાન્ય વ્યક્તિ છે. પોતે કરેલાં કાર્યોના ભારની ગાંઠડી એવી તો ભારે હોય છે કે માણસ એનાથી દબાતો જાય છે, અસામાન્ય થતો જાય છે. જેને માથે ભૂતકાળનો ભાર ઓછો હોય છે તે સામાન્ય વ્યક્તિ હોય છે. દરેક વ્યક્તિમાં સંસ્કારો હોય છે. કોઈ પણ માણસ એવો નથી કે જે સંસ્કારોથી પર જીવન જીવતો હોય. માત્ર વીતરાગ જ એવો માણસ હોઈ શકે. વીતરાગ એક એવી ઊંચાઈએ પહોંચેલી ચેતના છે, જ્યાં પહોંચ્યા પછી બધા સંસ્કારો પૂરા થઈ જાય છે (ધોવાઈ જાય છે). આવી અવસ્થામાં ભૂતકાળનો કોઈ સંસ્કાર રહેતો નથી અને વર્તમાનમાં કોઈ નવો સંસ્કાર બનતો નથી. જે કંઈ બહારથી આવે છે તે ચાલ્યું જાય છે. પારિભાષિક શબ્દોમાં આપણે એને ઈર્યાપથિકી ક્રિયા કહી શકીએ. એનો અર્થ થાય- રેત આવી અને નીચે પડી ગઈ. વળગી શકી નહિ. એ તો ત્યારે વળગે, જો ચીકણાશ હોય કે માટી ભીની હોય તો તે ચોંટી જાય છે.

બંધનું કારણ

આચાર્ય કુન્દકુન્દે લખ્યું છે : એક માણસ શારીરિક ચેષ્ટા કરતો હોય. પહેલાં તે શરીર પર ખૂબ તેલ લગાવે છે. પછી અખાડામાં જઈને વ્યાયામ કરે છે, એટલે ધૂળ વળગી જાય છે.

जण णाम को वि पुरिसो णेहब्भत्तो दु रेणुबहुलम्मि ।
ठाणम्मि ठाइदूण य करेदि सत्थेहिं वायामं ।।
जो सो दु णेहभावो तम्हि णरे तेण तस्स रयबंधो ।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं ।।
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु ।
रायादि उवओगे कुव्वंतो लिप्पदि रएण ।।

ધૂળ કેમ વળગી ? એ પ્રશ્ન થાય તો સ્પષ્ટ વાત છે કે જો તેલ ચોપડેલું ન હોત તો ધૂળ ન વળગત. ધૂળ આવત અને ખરી પડત. આત્મવિજ્ઞાન પ્રમાણે દરેક માણસે તેલ લગાડેલું છે. એ તેલ છે રાગ અને દ્વેષનું. કષાયની એવી તો માલીસ કરી છે કે માણસ કાષાયિક બની ગયો છે. અને એણે ખુલ્લું નિમંત્રણ આપ્યું છે. 'ધૂળ આવ, ચોંટી જા.' જ્યારે આટલા થર ચોંટ્યા હોય અને મસ્તક પર આટલો ભાર હોય ત્યારે માણસ સામાન્ય કઈ રીતે રહી શકે ?

મનોવિજ્ઞાનની ભાષાઃ આત્મવિજ્ઞાનની ભાષા

મનોવિજ્ઞાનમાં સામાન્ય અને અસામાન્યની એક નિશ્ચિત વ્યાખ્યા છે. આત્મવિજ્ઞાનની દષ્ટિએ વિચાર કરીએ તો કદાચ કોઈનેય સામાન્ય કહેવો કઠણ પડે. જેનામાં પૂરેપૂરું સમ્યગ્ દર્શન જાગી ગયું હોય, વીતરાગ-ચેતનાની પૂરતી ઝલક આવી ગઈ હોય તે સામાન્ય વ્યક્તિ છે. મનોવિજ્ઞાન અનુસારની સામાન્ય વ્યક્તિ આત્મવિજ્ઞાનની ભાષામાં બિલકુલ અસામાન્ય થઈ જશે. કોઈએ એક પણ અણગમતી વાત કહી હોય તો માણસ તેની સાથે કજિયો કરવા તૈયાર થઈ જશે. કોઈએ ગમતી વાત કહી તો રાગનું ઉદ્દીપન થઈ જશે. પત્નીએ જો ભોજન સારું બનાવ્યું હોય તો માણસ એને રસપૂર્વક ખાવાનો, અને ભૂખ કરતાં વધારે ખાવાનો. આ રાગનું ઉદ્દીપન કહેવાય. જો રસોઈ સ્વાદ વિનાની થઈ તો ક્રોધનું ઉદ્દીપન થાય. માણસ થાળીને ઠોકર મારે. આવું કેમ થતું હશે ? એનું કારણ છે- એ વ્યક્તિ સામાન્ય નથી. મીઠું વધારે હોય તો ગુસ્સો આવે, અને મીઠું ઓછું હોય તો પણ ગુસ્સો આવી જાય. બન્ને તરફ ક્રોધનો સંભવ હોય છે. આવા માણસને

આપણે સામાન્ય કઈ રીતે માની શકીએ ? આ એક મોટી સમસ્યા છે. જ્યાં કષાયનું આટલું બધું ઉદ્દીપન હોય ત્યાં સામાન્યની વાત કઈ રીતે કરવી ? સંબંધોમાં સામંજસ્ય સાધીને એમને મીઠા રાખવા એ કઠણ વાત છે. કષાયોનો ચૂલો જ્યાં સતત સળગતો રહેતો હોય એ સ્થિતિમાં સંબંધોની મીઠાશ કઈ રીતે સચવાઈ રહે ? મોટો પ્રશ્ન એ છે કે આપણું વ્યક્તિત્વ સામાન્ય કઈ રીતે બનેલું રહી શકે ? જો ભૂતકાળનો ભાર ઓછો હોય તો કંઈ ફેર પડી શકે.

રૂઢ માન્યતાઓ શા માટે ?

સામાન્ય વ્યક્તિત્વની બીજી કસોટી છે- ભૂતકાળનો સંગ્રહ ઓછો હોય તે. આપણે મગજને કેટલું ભરી રાખ્યું છે ! ધારણાઓ, માન્યતાઓ અને કલ્પનાઓનો મોટો ઢગલો થઈ ગયો છે. સમાજમાં કેટલી બધી રૂઢ માન્યતાઓ ચાલી રહી છે ! પતિનું મૃત્યું થાય અને પત્ની ન રુએ તો લોકો શું કહેશે ? સમાજ કહેશે કે- આ તો મારવા જ માગતી હતી. એને કશુંય દુઃખ જ નથી. સમાજની આ માન્યતાથી ડરીને પણ લોકો રોતા હોય છે. એ રોવું કંઈ દુઃખનું રોવું નથી. એ તો છે ધારણાઓનું રુદન, સામાજિક માન્યતાઓનું રુદન. જો ન રોવાય તો ઠીક ન લાગે ! આવી અનેક સામાજિક રૂઢિઓ આપણે બનાવી રાખી છે.

પ્રદર્શન કરવાની ભાવના શા માટે ?

પ્રદર્શન કરવાની ભાવના કેમ ચાલે છે ? સમાજમાં મોટાઈના કેટલાક માપદંડ બનેલા છે. એ માપદંડો અનુસાર બધું થતું હોય તો વ્યક્તિ મોટો માણસ ગણાય છે. આ ન થતું હોય તો માણસ સાધારણ ગણાય. આ મોટાઈના માપદંડ અને એને આધારે પ્રદર્શન અને સામાજિક કુચેતનાઓ બરાબર ચાલી રહી છે. એક ભાઈએ એમના થનાર વેવાઈને કહ્યું- 'હું દહેજ લેવાના પક્ષમાં નથી. પણ જો આપ કંઈ નહિ આપો તો એમાં હલકાઈ આપની જ જણાશે. આ કારણે જ એક સામાજિક માન્યતા થઈ ગઈ છે, અને એની સાથે સાથે વ્યક્તિની અંદરનો લોભ પણ બોલતો હોય છે. આ બધો ભૂતકાળનો સંગ્રહ, વિચારોનો સંગ્રહ, ધારણાઓનો સંગ્રહ એટલો ભારે થઈ ગયો છે કે માણસ એની નીચે દબાતો જાય છે. આ સ્થિતિમાં આપણું વ્યક્તિત્વ સામાન્ય છે એમ આપણે કઈ રીતે માનીએ ? ભૂતકાળનાં સંગ્રહને ઓછો કર્યા વિના સામાંન્ય વ્યક્તિત્વની કલ્પના સંભવતી નથી.

નિર્ગ્રંથતા

સામાન્ય વ્યક્તિની ત્રીજી કસોટી છે- નિર્ગ્રંથ થવું તે. જો સામાન્ય વ્યક્તિત્વનું નિર્માણ કરવું હોય તો નિર્ગ્રંથ થવું જ પડે. જૈન આગમોમાં મહાવીર માટેનું એક વિશેષણ આવે છે. નિગ્ગંથે ણાયપુત્તે - નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર મહાવીર. નિર્ગ્રંથનો કોન્સેપ્ટ (વિચાર, કલ્પના) બહુ મહત્ત્વનો છે. માણસ જે દિવસે નિર્ગ્રંથ થવાની દિશામાં પગલાં માંડશે તે જ દિવસે સામાન્ય જીવન જીવવાનો, સામાન્ય વ્યક્તિત્વના વિકાસનો ક્રમ શરૂ થઈ જશે. જ્યાં સુધી એકલી ગાંઠો જ ભરેલી પડી હોય ત્યાં સુધી સુંદરતા ક્યાંથી આવે ? નિર્ગ્રંથનો અર્થ છે- ન તો ક્રોધની ગ્રંથિ, ન અહંકારની ગ્રંથિ કે ન તો લોભની ગ્રંથિ. નિર્ગ્રંથપણાનું રહસ્ય છે- મોહ-મૂર્ચ્છાથી જન્મનારી જેટલી ગ્રંથિઓ હોય તે બધી છૂટી જાય. જે વ્યક્તિ નિર્ગ્રંથ જીવન જીવવું શરૂ કરે છે તે સામાન્ય બની શકે છે.

ગ્રંથિ અને વ્યવહાર

એક મહત્ત્વનો પ્રશ્ન છે કે- માનવીય સંબંધોમાં સુધારો શી રીતે આવે ? ભયંકર ગુના, હત્યાઓ, ચોરીઓ, લૂંટ-ફાટ અને બળાત્કારની ઘટનાઓ વર્તમાન સમાજમાં ચાલી રહી છે. આ બધું કેમ થાય છે ? જેટલી જાતના ગુનાઓ છે એટલા જ પ્રકારની ગ્રંથિઓ છે. ગણિતની ભાષામાં આપણે કહી શકીએ કે આપણા હજારો વ્યવહારો છે તો આપણામાં હજારો ગ્રંથિઓ છે. જ્યાં સુધી આ ગાંઠો ઉકલે નહિ ત્યાં સુધી માણસ સામાન્ય ભૂમિકા પર આવી શકતો નથી. દરેક વિચાર અને આચરણ સાથે આપણી અંદર એક ગાંઠ બંધાઈ જાય છે. આપણો કોઈ પણ વિચાર એવો નથી જે એક ગાંઠ પાછળ ન મૂકતો જાય. નિર્ગ્રંથ થવું એ સામાન્ય વ્યક્તિત્વ તરફ જવાની દિશા છે.

સંબંધોનું સફળ આયોજન

ભૂતકાળના ભારને ઓછો કરવો, ભૂતકાળના સંગ્રહને ઓછો કરવો, અને ગાંઠોને છોડવી આ ત્રણ પરીક્ષાઓમાંથી ખરું ઊતરે તે વ્યક્તિત્વ સામાન્ય વ્યક્તિત્વ બને છે. જો ભૂતકાળનો ભાર વધારે હોય તો આત્મિક આનંદના સ્થાને વિષાદ પ્રાપ્ત થાય, અવસાદ થાય- કંકાસ થાય. મનની કાર્યક્ષમતા વધારવી હોય તો મનને વિરામ આપવો પડે. ભૂતકાળના ભારને હલકો કરવો પડે.

સામાન્ય વ્યક્તિત્વની ચોથી પરીક્ષા છે- સંબંધોનું સફળ આયોજન.

જ્યાં સુધી અંદર ભયંકર ક્રોધ ભર્યો હોય ત્યાં સુધી આમ બનવાનો સંભવ નથી. જો ક્રોધ પ્રબળ હોય, કષાય પ્રબળ હોય તો ઘર નરક બની જાય છે. જ્યારે આ બધા ઉપશાંત થાય ત્યારે ઘર સ્વર્ગ બને છે. જ્યાં સુધી અંદરની આ ગાંઠો ઉકલે નહિ ત્યાં સુધી સામાજિક સંબંધોને સામાન્ય બનાવવા અને સફળ રીતે તેમનું આયોજન કરવું સંભવિત ન બને. તેથી મનોવિજ્ઞાનને સમજવાની સાથે સાથે આત્મવિજ્ઞાનની ભૂમિકા સુધી પહોંચવું જરૂરી છે.

ધાર્મિકની પરીક્ષા

ગાંઠો કેમ ઉકલે ? એ પ્રશ્ન છે. એનો શો ઉપાય છે ? માર્ક્સે કહ્યું છે કે- જ્યાં વર્ગો થયેલા છે ત્યાં સંઘર્ષ જરૂર થવાના. કેમકે બધાયનાં પોતપોતાનાં હિત હોય છે. અને એમાં સુમેળ સાધવો એ ઘણું કઠણ છે. જેટલો સ્વાર્થ હોય એટલી જ ક્રૂરતા હોવાની. જેટલો લોભ હશે તેટલી જ ક્રૂરતા હોવાની. કરુણાની ભાવના જ્યારે મરી જાય છે ત્યારે ક્રૂરતા પાંગરે છે. જેનામાં કરુણા ન હોય એ ધાર્મિક હોઈ શકે ખરો ? સંવેદના હોવી એ ધાર્મિકની પહેલી કસોટી છે. સંવેદનાને જગાડવાની વાત આવે ત્યાં આપણી સામે ધ્યાનની વાત આવે છે.

ધ્યાન શા માટે ?

ભૂતકાળનો બોજ હલકો કરવા માટે, ભૂતકાળના સંગ્રહને ઓછો કરવા માટે અને ગાંઠોને ઉકેલવા માટે ધ્યાન જરૂરી છે. જો આપણને ભૂતકાળનો બોજ ન લાગતો હોય, અતીતના સંગ્રહનો અનુભવ ન થતો હોય તો ધ્યાનનો ઉપયોગ આપણને સમજાશે નહિ. આપણે ત્રણ ગુપ્તિઓની સાધના કરવી જોઈએ. આપણે જો મનોગુપ્તિ, કાયગુપ્તિ અને વાક્ગુપ્તિ કરીએ તો ભૂતકાળના સંઘરાનો ભાર આપણા મસ્તક પર ટકી શકશે નહિ. ધ્યાન કરનાર વ્યક્તિના મનમાં મૈત્રી અને કરુણા જાગે છે. આ બધી વાતો અપ્રવૃત્તિમાંથી નીકળેલી પ્રવૃત્તિ છે, અને તે સમાજ માટે ઘણી કલ્યાણકારી હોય છે. આ બધાના સંદર્ભમાં આપણે વિચારીએ કે ધ્યાન શા માટે કરવું? આનું સમાધાન એની મેળે જ મળશે અને એ સમાધાન હશે- અંદર જે મેલ ભેગો થયો છે તેના રેચન માટે ધ્યાન છે, ગાંઠોને ઉકેલવા માટે છે ધ્યાન, ભૂતકાળનો ભાર હલકો કરવા માટે છે ધ્યાન.

★ ★ ★

સંકલિકા - ૧૩

- भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो ।
  रागादि विप्पमुक्को, अबंधगो जाणगो णवरि ।।
- रागम्हि दोसम्हि य कसाय कम्मेसु चेव जे भावा ।
  तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा ।।

(સમયસાર - ૧૬૭, ૨૮૨)

- વૉટ્સનનું કથન
- પરિસ્થિતિનું મૂલ્ય
- આનુવંશિકી વિજ્ઞાન અને કર્મવાદ
- બે મૂળ પ્રવૃત્તિઓ-
  જીવનમૂલ પ્રવૃત્તિ : મૃત્યુમૂળ પ્રવૃત્તિ
  રાગની વૃત્તિ : દ્વેષની વૃત્તિ
- વૃત્તિ અને બંધ
- પ્રવૃત્તિની પ્રેરણા છે વૃત્તિ
- રાગ, દ્વેષ અને મોહ સાથે સંકળાયેલું અજ્ઞાન : મિથ્યા આચરણ
  રાગ, દ્વેષ અને મોહથી મુક્ત જ્ઞાન : સમ્યગ્ આચરણ
- જ્ઞાન : બંધન
- ચૈતસિક પરિણતિનાં ત્રણ સ્વરૂપ
  વર્ધમાન
  હીયમાન
  અવસ્થિત
- પરિષ્કારનો માર્ગ

૧૩. મૂળભૂત મનોવૃત્તિઓ

માનસિક ચિકિત્સાની એકસો પચાસ પદ્ધતિઓ છે. એમાંની એક છે- વ્યવહારવાદી પદ્ધતિ. આ પદ્ધતિ અનુસાર કોઈ પણ માણસ સારો પણ હોતો નથી અને ખરાબ પણ હોતો નથી. બાળક જન્મે ત્યારે એ સારુંય હોતું નથી કે ખરાબ પણ હોતું નથી. એને જેવું વાતાવરણ મળે, જેવી પરિસ્થિતિ મળે એને અનુરૂપ તે સારું કે ખરાબ થઈ જાય છે.

વ્યવહારવાદી પદ્ધતિનો મત

વૉટ્સને કહ્યું છે કે- જો મને વાતાવરણ ઉપર પૂરો કાબૂ મળી જાય તો હું ધારું તેવું વ્યક્તિત્વ નિર્માણ કરી શકું. આ મત વ્યવહારવાદી પદ્ધતિનો છે. જો આપણે આત્મવિજ્ઞાનની દૃષ્ટિએ વિચારીએ તો કોઈ નવી જ વાતો આપણને જણાશે. જો માણસ જન્મથી સારો કે ખરાબ ન હોય તો ભૂતકાળના ભાર અને સંગ્રહની આખી વાત વ્યર્થ થઈ જશે. ભૂતકાળ સાથે આપણો કોઈ સંબંધ જ નહિ રહે. જેવું વર્તમાનનું વાતાવરણ હશે, જેવી વર્તમાનની પરિસ્થિતિ હશે એવું આપણું નિર્માણ થશે. જો એવું વ્યક્તિત્વ અસ્તિત્વમાં આવી જાય કે જે સારું કે ખોટું કશુંય ન હોય તો એ દુનિયાનું એક મોટું આશ્ચર્ય થઈ જાય. પણ એવું બનતું નથી. પરિસ્થિતિઓ ઉદ્દીપન કરી શકે, વાતાવરણ નિમિત્ત બની શકે પણ મૂળકારણ ન હોય તો એનો કોઈ પ્રભાવ પડે નહિ.

નિમિત્ત અને મૂળ કારણ

ઉદ્દીપન અને નિમિત્ત હોય એ એક વાત છે, અને મૂળ કારણ હોવું એ બિલકુલ ભિન્ન વાત છે. જો મૂળ કારણ જ ન હોય તો ઉદ્દીપન કોનું થાય ? કોનું વાતાવરણ હોય ? આ પરિસ્થિતિમાં આત્માના અસ્તિત્વનો પ્રશ્ન પણ ઊભો થશે. આત્માનું પોતાનું કર્તાપણું પણ કંઈ નહિ રહી શકે. વ્યક્તિના હાથમાં કશુંય નહિ હોય. નહિ આત્મા હોય કે આત્માનું કર્તૃત્વ હોય. બધુંય પરિસ્થિતિના હાથમાં હશે.

સાંખ્ય દર્શન આત્માને માને છે પણ એમ મનાય છે કે બંધ અને મોક્ષ બધુંય પ્રકૃતિમાં થાય છે. આત્મા તો બિલકુલ શુદ્ધ, બુદ્ધ અને મુક્ત રહે છે. જો સાંખ્ય દર્શનની આ વાત સ્વીકારીએ તો વૉટ્સનની વાત માત્ર ભૌતિક જગતને જ લાગુ પડશે. આત્માને લાગુ પડશે નહિ. જો આપણે

આત્માને પરિણામી માનીએ તો વૉટ્સનની વાત નહિ સમજાય. જો આપણું કંઈ પણ ન હોય તો આપણે પરિસ્થિતિના હાથનું પૂતળું જ રહ્યા ! જેવી પરિસ્થિતિ મળી હોય એવા જ આપણે બની જઈએ, એટલે આપણું કોઈ અસ્તિત્વ જ નહિ. આ વાત ન સમજાય એવી છે.

આનુવંશિકી વિજ્ઞાનનું અનુમોદન (સ્વીકાર)

કોઈપણ માણસ વૃત્તિ વિનાનો હોતો નથી. પ્રત્યેક વ્યક્તિમાં જન્મથી જ સારી કે ખોટી કોઈ ને કોઈ વૃત્તિ અવશ્ય હોય. દરેક માણસ પોતાની વૃત્તિઓ સાથે જ જન્મે છે. આજના આનુવંશિકી વિજ્ઞાન (જેનેટિક સાયન્સ)માં આ જ વાત કહેવાઈ છે કે- દરેક માણસ પોતાના પૈતૃક સંસ્કારો લઈને જન્મે છે, ગુણસૂત્ર અને જીન સાથે જન્મે છે. વર્તમાન વિજ્ઞાને પૈતૃક ગુણોની વાતને સ્વીકૃતિ આપી છે. જો આપણે કર્મ-સિદ્ધાંતને આધારે ચાલીએ તો આનાથી આગળની વાતને સ્વીકૃતિ મળશે. ભૂતકાળની વાતને સ્વીકૃતિ મળશે.

જે કોઈ વ્યક્તિ જન્મ લે છે તે સારાપણાની કે બૂરાઈનાં બીજોની સાથે જન્મે છે એ વાત પ્રમાણસિદ્ધ લાગે છે. પોતાની થાતી, પોતાની પરંપરા, પોતાની વિરાસત, પોતાની પૈતૃક સંપત્તિ સાથે લઈ આવે છે અને એની સાથે પોતાના જીવનનો આરંભ કરે છે.

જીવનમૂલક પ્રવૃત્તિ : મૃત્યુમૂલક પ્રવૃત્તિ

ભલાઈ અને બૂરાઈ એ બેય પ્રકારની વૃત્તિઓ દરેક વ્યક્તિની પાસે રહે છે એ વાત સાચી છે. વૃત્તિઓ બે જ છે- એક ભલાઈની અને એક બૂરાઈની. આ વાતને આ ભાષામાં પણ કહી શકાય- એક છે રાગની વૃત્તિ અને એક છે દ્વેષની વૃત્તિ. મનોવિજ્ઞાનમાં જે વૃત્તિઓ વિસ્તૃત રૂપે બતાવી છે તે સાપેક્ષ વાત છે. અપેક્ષા અનુસાર વૃત્તિઓના ગમે તેટલા પ્રકાર કરી શકાય છે. ફ્રોઈડે ખૂબ પૃથક્કરણ કર્યા પછી પોતાની પૃથક્કરણવાદી પદ્ધતિમાં બતાવ્યું છે કે વાસ્તવમાં બે જ વૃત્તિઓ છે- જીવનમૂલક પ્રવૃત્તિ અને મૃત્યુમૂલક પ્રવૃત્તિ. બાકીની બધી પ્રવૃત્તિઓ આ બેના વિસ્તાર રૂપે જ છે. ભૂખ, કામવૃત્તિ, તૃષા વગેરે વગેરે જીવન-મૂલક પ્રવૃત્તિઓ છે. વિરોધ, ઝઘડો, કજિયો વગેરે વગેરેનો મૃત્યુ-મૂલક પ્રવૃત્તિઓમાં સમાવેશ થઈ જાય છે.

રાગ ભાવને લીધે બંધ થાય છે

મૂળભૂત પ્રવૃત્તિઓ છે- જીવિતાશંસા અને મરણાશંસા. કર્મશાસ્ત્રની

દૃષ્ટિએ આપણે જોઈએ તો વૃત્તિઓ બે જ છે- રાગવૃત્તિ અને દ્વેષવૃત્તિ. આનો ગમે તેટલો વિસ્તાર કરી શકાય આના કરતાં વધારે ભેદ પણ થઈ શકે. આ બધું વર્ગીકરણ અમુક અપેક્ષાને આધારે થાય છે. બીજી ભાષામાં કહીએ તો મૂળ મનોવૃત્તિઓ બે જ છે- પ્રિયતા અને અપ્રિયતાની મનોવૃત્તિ. સમયસારમાં કહેવાયું છે કે- જે ભાવો રાગને લીધે થાય છે તેમને લીધે જીવ બંધ કરે છે. જે ભાવ રાગ વગેરેથી મુક્ત છે તે બંધનકારક નથી.

भावो रागादिजुदो, जीवेण कदो दु बंधगो भणिदो ।
रागादि विप्पमुक्को, अबंधगो जाणगो णवरि ।।

વૃત્તિ એ જ છે બંધ

વૃત્તિઓ કઈ રીતે બને છે ?- આ એક પ્રશ્ન છે. એક છે આસ્રવ અને એક છે બંધ. રાગ અને દ્વેષની વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. એની સાથે મોહનીય કર્મ જોડાયેલું હોય છે, આસ્રવથી એને પોષણ બનતું રહે છે અને તેથી માણસ બંધાતો ચાલ્યો જાય છે. વસ્તુતઃ વૃત્તિ એ બંધન છે અને એ છે રાગાત્મક પરિણતિ અને દ્વેષાત્મક પરિણતિ. બંધ બે પ્રકારનો હોય છેઃ રાગને લીધે થતો બંધ અને દ્વેષને લીધે થતો બંધ. આસ્રવને લીધે એમને નિરંતર પોષણ મળતું રહે છે, સંચય થતો જાય છે, વૃત્તિઓ બનતી જાય છે. આપણા જેટલા પ્રભાવિત વ્યવહારો છે તે બધાય આ વૃત્તિઓને લીધે થાય છે.

रागम्हि दोसम्हि य कसाय कम्मेसु चेव जे भावा ।
तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा ।।

પ્રવૃત્તિની પ્રેરણા

વૃત્તિને લીધે થાય છે પ્રવૃત્તિ. જો રાગ અને દ્વેષ ન હોય તો આપણી પ્રવૃત્તિઓ કેટલી મર્યાદિત થઈ જાય ! કોઈ માણસ ઘણી પ્રવૃત્તિ કરે છે. પ્રશ્ન એ થાય કે- એની પ્રેરણા ક્યાંથી આવે છે ? (તો ઉત્તર છે કે) વૃત્તિઓ જ પ્રેરણા છે. એમને આધારે રાગાત્મક અને દ્વેષાત્મક પ્રવૃત્તિઓ થાય છે. જ્યારે જ્યારે રાગ અને દ્વેષ તીવ્ર બને છે ત્યારે માણસની બુદ્ધિ ફરી જાય છે. મગજ ખરાબ થઈ જાય છે. ભાવ જ્યારે રાગ, દ્વેષ અને મોહના સંપર્કમાં અજ્ઞાનમય થાય છે ત્યારે માણસ મિથ્યા આચરણ કરે છે. જ્યારે તેનો ભાવ રાગ, દ્વેષ અને મોહથી છૂટો પડે છે ત્યારે આચરણ સમ્યક્ થાય છે.

સમ્યક્ ચારિત્ર અને મિથ્યા ચારિત્ર એ બન્નેની પાછળ મૂળ કારણરૂપે

છે જ્ઞાન અને અજ્ઞાન. જે અજ્ઞાન રાગ, દ્વેષ અને મોહ સાથે સંકળાયેલું હોય તે આપણું મિથ્યા આચરણ બને છે. અને જે જ્ઞાન રાગ, દ્વેષ અને મોહથી જુદું પડેલું હોય છે તે આપણું સમ્યક્ આચરણ બને છે. સમ્યક્ આચરણ માટે જ્ઞાન તેમજ સમ્યક્ દૃષ્ટિકોણનું હોવું અત્યંત અનિવાર્ય છે. એનું સમ્યક્ હોવું ત્યારે જ સંભવે જ્યારે રાગ, દ્વેષ અને મોહ ઓછા હોય.

જ્ઞાન પણ બંધનનું કારણ છે

દરેક માણસ ઇચ્છે કે તે કંઈ પણ ખરાબ આચરણ ન કરે, પણ તેનાથી ખરાબ આચરણ થઈ જાય છે. એટલે પ્રશ્ન થાય કે આવું કેમ બને છે ? આ મોટો પ્રશ્ન છે. આચાર્ય કુન્દકુન્દે એનો સારો ઉત્તર આપ્યો છે એમણે કહ્યું છે કે- અતિહીન જ્ઞાન હોય તો તે સ્થિતિમાં જ્ઞાન પણ બંધનકારક થઈ જાય છે. તો પ્રશ્ન થાય કે- અજ્ઞાન બંધનનો હેતુ થઈ શકે, પણ જ્ઞાન બંધનનો હેતુ કઈ રીતે બની શકે? જો આપણે ઊંડાણમાં જઈ તપાસીએ તો આ વાત બરાબર લાગશે. જઘન્ય (હીન) જ્ઞાન અને જઘન્ય ચારિત્રનો અર્થ છે ક્ષાયોપશમિક જ્ઞાન અને ક્ષાયોપશમિક ચારિત્ર. જ્યાં સુધી ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક ચારિત્ર ન હોય, વીતરાગનું ચારિત્ર ન હોય ત્યાં સુધી ક્ષાયોપશમિક જ્ઞાન અને ચારિત્રનું અસ્તિત્વ રહે છે. આ સ્થિતિમાં માણસનો ભાવપ્રવાહ એકસરખો રહેતો નથી. તેનું વિપરિણમન થઈ જાય છે.જ્યારે ક્ષાયિક ભાવ આવે, ક્ષાયિક જ્ઞાન અને ચારિત્ર આવે ત્યારે એકસરખી પરિણામ-ધારા વહેવા માંડે છે.

ચૈતસિક પરિણતિનાં ત્રણ રૂપ

આપણા ચૈતસિક પરિણામનાં ત્રણ રૂપ બને છે- વર્ધમાન, હીયમાન અને અવસ્થિત. જ્યાં સુધી જ્ઞાન જઘન્ય હોય, ચારિત્ર જઘન્ય હોય ત્યાં સુધી હીયમાન અને વર્ધમાનનું અસ્તિત્વ નિરંતર રહ્યા કરે છે. એને ટાળી શકાતી નથી. આ સ્થિતિમાં ઓગણપચાસ મિનિટ સુધી જ એક જેવી પરિણામધારામાં રહી શકાય છે.ત્યાર પછી સ્થિતિ બદલાવા માંડે છે. કદાચ આને લીધે સામાયિકનો સમય ઓગણપચાસ મિનિટનો રખાયો છે. ખરું જોતાં ધ્યાન અને સામાયિક બે જુદાં નથી. સામાયિકને કર્મકાંડનું સ્વરૂપ આપી દેવાયું છે તેથી ધ્યાનની વાત જુદી વિચારવી પડે છે. ધ્યાનમાં પણ ઓગણ પચાસ મિનિટ પછી પરિણામ-પ્રવાહ બદલાઈ જાય છે. આ કારણે જ રાગ-દ્વેષના વિકલ્પો વારંવાર આવતા રહે છે, બંધ થતો રહે છે. આને લીધે જઘન્ય જ્ઞાન અને ચારિત્રને બંધનું કારણ માન્યું છે. જ્યારે જ્યારે બંધ

થાય છે ત્યારે ત્યારે આપણી વૃત્તિઓને પોષણ મળે છે.

આપણે કર્મસિદ્ધાંતની દૃષ્ટિએ વિચારીએ તો કર્મના જેટલા બંધ, કર્મનું જેટલું અસ્તિત્વ આપણી અંદર હોય એટલી જ વૃત્તિઓ અને સંસ્કારોનાં કેન્દ્રો આપણા મગજમાં હોય છે. કર્મનું જે સ્પંદન આવે છે તે આપણા મગજને અસર કરે છે, અને વૃત્તિઓ ઉત્પન્ન થતી જાય છે. આ વૃત્તિઓને બે મૂળ વૃત્તિઓમાં પણ સમાવિષ્ટ કરી શકાય અને જરૂર પડે તો વિસ્તાર પણ કરી શકાય છે.

પરિષ્કારનો માર્ગ

આપણે રાગ અને દ્વેષના પરિષ્કાર (સાફ કરવા-દૂર કરવા) માટે ધ્યાન કરીએ છીએ. પણ એકસાથે એમનો પરિષ્કાર કરવો કઠણ છે. પરિષ્કારની ક્રિયા સતત ચાલતી રહે એ જરૂરી છે. આપણે જાણીએ છીએ કે વૃત્તિઓ છે, આસ્રવ છે, એમને પોષણ મળી રહ્યું છે, અને ઓછું કેમ કરવું ? કઈ રીતે બંધ કરવું ? એનો રસ્તો છે સંવર. શરીર, મન અને વાણી પોષણ મળવાનાં માધ્યમો છે. આપણે એ ત્રણેયને બંધ કરવાં જોઈએ. કાયોત્સર્ગ કરીએ. એથી શરીરની સ્થિરતા વધશે અને બંધ ઓછો થવા માંડશે. વૃત્તિઓને પોષણ મળવું બંધ થશે. મૌનનો અભ્યાસ કરીએ. તેથી વાણીનો સંયમ થશે. વૃત્તિઓને પોષણ પૂરું પાડનાર બીજો રસ્તો બંધ થશે. મનોગુપ્તિ કરીએ, જ્યોતિ કેન્દ્ર પર ધ્યાન કરીએ. એથી મન એકાગ્ર થશે. મનનું સંવરણ થઈ જશે. વૃત્તિનું પોષણ કરનાર ત્રીજો માર્ગ પણ બંધ થઈ જશે. શરીર, વાણી અને મન એ ત્રણેય માર્ગ બંધ થઈ જવાથી વૃત્તિઓને પોષણ મળવું બંધ થઈ જાય છે. વૃત્તિઓના પ્રવાહ સૂકાવા માંડે છે અને એમનો પરિષ્કાર થઈ જાય છે.

★ ★ ★

સંકલિકા - ૧૪

- आऊदएण जीवदि जीवो, एवं भणन्ति सव्वण्हू ।
  आउं च ण देसि तुमं कहं तए जीविदं कदं तेसिं ।।
- आऊदएण जीवदि जीवो एवं भणन्ति सव्वण्हू ।
  आउं च ण दिंति तुहं कहं णु ते जीविदं कदं तेहिं
- जो मण्णदि हिंसामि हिंसिज्जामि य परेहिं सत्तेहिं ।
  सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ।।
- जो मण्णदि जीवेमि य, जिविज्जामि य परेहिं सत्तहिं ।
  सो मूढो अण्णाणी, णाणी एत्तो दु विवरीदो ।।
- आउक्खएण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
  आउं ण हरेसि तुमं कह ते मरणं कदं तेसिं ।।
- आउक्खएण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
  आउं ण हरति तुहं कह ते मरणं कदं तेहिं ।।

(સમયસાર ૨૪૭-૨૫૨)

- જીવ જીવે તે દયા નહીં મરે તે હિંસા મત જાણ ।
  મારણવાળાને હિંસા કહી, નહીં મારે તે દયા ગુણ ખાણ ।।
- બે દ્રષ્ટિકોણ -
  આધ્યાત્મિક
  ભૌતિક
- જીવન-મરણનો સંબંધ
  લૌકિક દ્રષ્ટિકોણ-તેણે મને મારી નાખ્યો.
  આધ્યાત્મિક દ્રષ્ટિકોણ - આયુષ્યકર્મનો ક્ષય થવાથી મૃત્યુ.
- વૃત્તિ પરિવર્તન : આશંસા (આશા)નું ચક્ર

૧૪. વૃત્તિ સુધારનો દ્રષ્ટિકોણ

પરિવર્તનનો નિયમ

પરિવર્તનનો પહેલો નિયમ છે - દષ્ટિકોણ બદલવો તે. જ્યાં સુધી દષ્ટિકોણ ન બદલાય ત્યાં સુધી કંઈ જ બદલાય નહીં. જ્યાં સુધી દ્રષ્ટિકોણ આધ્યાત્મિક નથી હોતો ત્યાં સુધી અમુક એક પ્રકારનું ચિંતન, એક પ્રકારનો વ્યવહાર અને એક પ્રકારની ક્રિયા ચાલે છે અને જ્યારે દષ્ટિકોણ આધ્યાત્મિક થાય છે ત્યારે ચિંતન, ક્રિયા, વ્યવહાર જુદા પ્રકારનાં થઈ જાય છે. એક છે આધ્યાત્મિક દષ્ટિકોણ અને એક છે મૂર્ચ્છાનો દ્રષ્ટિકોણ, ભૌતિક અથવા પદાર્થવાદી દષ્ટિકોણ. ભૌતિક દ્રષ્ટિકોણના પ્રભાવવાળું ચિંતન અને નિષ્કર્ષ બિલકુલ ભિન્ન હોય છે.

આપણે રાગ અને દ્વેષ એ બે વૃત્તિઓનો વિચાર કરીએ. ફ્રૉઈડની ભાષામાં જીવનમૂલકવૃત્તિ અને મૃત્યુમૂલકદ્રષ્ટિની વાત કરીએ. જ્યાં સુધી જીવન અને મરણ તરફનો આપણો દષ્ટિકોણ આધ્યાત્મિક ન હોય ત્યાં સુધી કંઈ જ બદલાઈ શકે નહીં. પહેલાં તો આપણે જીવન અમે મરણ વિશેનો આપણો દષ્ટિકોણ આધ્યાત્મિક બનાવવો જોઈએ. જીવન રાગને પેદા કરે છે અને મૃત્યુ દ્વેષને પેદા કરે છે. જીવનને આધારે રાગના છોડને પાણી મળે છે. મૃત્યુના આધારે દ્વેષના છોડને પાણી મળે છે. જ્યાં સુધી આ પાણી મળતું રહે ત્યાં સુધી વૃત્તિઓ ઉછરતી રહે અને આપણે મૂર્ચ્છાભર્યું જીવન જીવતા રહીએ.

કુન્દકુન્દની ભાષા

દ્રષ્ટિકોણને આધ્યાત્મિક બનાવ્યા વિના આધ્યાત્મિક જીવન જીવી શકાય નહીં. સામાન્યપણે સૌ વિચારે છે કે- દરેક માણસ જીવન જીવવા ચાહે છે, અને બીજાઓને પણ જીવાડવા ઇચ્છે છે. પણ આ આધ્યાત્મિક દષ્ટિકોણ નથી. દષ્ટિકોણ જ્યારે આધ્યાત્મિક બને છે ત્યારે એક નવું સત્ય સમજાય છે કે હું બીજાઓને જીવાડતો નથી કે બીજા મને જીવાડતા નથી. આચાર્ય કુન્દકુન્દના શબ્દોમાં-જે આમ વિચારતો નથી તે મૂઢ છે, અજ્ઞાની છે. કુન્દકુન્દે તર્કની ભાષામાં સમજાવ્યું કે - માણસ પોતાના આયુષ્યના આધારે જીવે છે. તમે બીજાઓને જીવાડો છો એનો અર્થ એ થયો કે તમે તમારું પોતાનું આયુષ્ય તેને આપો છો. જો માણસ પોતાનું કર્મ બીજાને

આપવા માંડે, અથવા પોતાનું કર્મ બીજાને આપી શકાતું હોય તો એનું પોતાનું જ રહેવા ન પામે. કોઈ પણ માણસ બીજા કોઈ માણસને પોતાનું આયુષ્ય-કર્મ આપતો નથી. માણસ પોતાના આયુષ્યકર્મના ઉદયથી જીવે છે. તેથી બીજાઓ એને જીવાડે છે કે એ બીજાઓને જીવાડે છે એ વાત કઈ રીતે સંભવે ?

आऊदएण जीवदि जीवो, एवं भणन्ति सव्वण्हू ।
आउं च णं देसि तुमं कहं तए जीविदं कदं तेसिं ।।
आऊदएण जीवदि जीवो, एवं भणन्ति सव्वण्हू ।
आउं च ण दिति तुहं, कहं णु ते जीविंद कदं तेहिं

જીવનનો હેતુ

રૂપિયા-પૈસાનો વિનિયમ થઈ શકે, વસ્ત્રોનો વિનિયમ થઈ શકે, પણ શું કર્મનો વિનિયમ થઈ શકે ખરો ? આપણે જો આપણું આયુષ્ય કોઈને આપીએ તો કહી શકીએ કે અમે અમુક માણસને જીવડ્યો છે. સત્ય એ છે કે દરેક માણસ પોતાના આયુષ્યબળે જીવે છે. બીજાઓના આયુષ્યના આધારે તે કદી જીવતો નથી. આ દષ્ટિકોણ આધ્યાત્મિક કહેવાય. જ્યારે આ સત્ય સમજાય ત્યારે જીવન પ્રત્યેનો આપણો દષ્ટિકોણ બદલાઈ જાય છે. આચાર્ય કુન્દકુન્દે લખ્યું છે કે - જે કોઈ એમ માને કે હું બીજાઓને જીવાડું છું કે બીજા મને જીવાડે છે; હું બીજાઓને મારું છું કે બીજા મને મારે છે, તે મૂઢ અને અજ્ઞાની છે. જે માણસ એમ માને કે હું મારા આયુષ્યના બળે જીવું છું તે સમ્યગ્દર્શી અને જ્ઞાની છે. -

जो मण्णदि हिंसयामि य हिंसिज्जामि य परेहिं ।
से मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ।।
जो मण्णदि जीवेमि य, जिविज्जामि य परेहिं सत्तेहिं ।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ।।

વ્યક્તિ પોતે જ જવાબદાર છે

આ વાત સામાન્ય માણસની સમજણ બહારની છે, પણ જ્યારે આપણે આધ્યાત્મિક નિર્ણયો પર પહોંચીએ છીએ ત્યારે લૌકિક દષ્ટિકોણથી બિલકુલ જુદી વાત હોય છે. આધ્યાત્મિક દષ્ટિકોણ એટલે - માણસ પોતાનું કર્મ કરે છે અને પોતાના કર્મને ભોગવે છે. બીજો કોઈ માણસ એમાં ભાગ પડાવતો નથી. **अत्तकडे दुःखे** - દુઃખ પોતાનું કરેલું છે. એ બીજાનું કરેલું કે ઉભયકૃત (આપણે અને બીજાએ - બન્નેએ કરેલું) નથી. આપણે આ

સત્ય સમજી લેવું જોઈએ કે- હું જે કર્મ કરું છે એનો જવાબદાર હું જ છું. મારું કરેલું કર્મ મારે જ ભોગવવું પડશે. જો આ સત્ય સમજમાં ઊતરી જાય તો આપણો દષ્ટિકોણ આખોય બદલાઈ જાય છે. જીવન પ્રત્યેનો આ અધ્યાત્મનો દષ્ટિકોણ નિશ્ચિત થઈ જાય તો નિર્ણય જ બદલાઈ જશે. માણસ બીજા ઉપર કોઈ આરોપ જ નહીં કરે.

અધ્યાત્મની ભાષા

જીવનની બાબતમાં આ વાત મુશ્કેલીથી સમજાય. મૃત્યુની બાબતમાં પણ માણસ આ જ વિચારે છે કે - અમુકે મને માર્યો. આ લૌકિક દષ્ટિકોણ છે. જ્યારે આપણે અધ્યાત્મની ભાષામાં વિચારીએ ત્યારે આખો દષ્ટિકોણ જ બદલાઈ જાય. અધ્યાત્મની ભાષા એટલે - કોઈ પણ માણસ મરે તો તે પોતાનું આયુષ્ય પૂરું થવાથી મરે છે. કોણ કોઈને મારનાર છે ? શું કોઈના મારવાથી શું કોઈ મરે છે ? જેનું આયુષ્ય ક્ષીણ ન થયું હોય તે કોઈના મારવાથી નહીં મરે. જ્યારે ભૂકંપ થાય છે ત્યારે માણસો દટાઈ જાય છે. હજારો માણસો મરે છે, પણ કેટલાક માણસો જે નીચે દટાઈ ગયા હોય છે તે પાંચ સાત દિવસો પછી પણ જીવતા બચી જાય છે. આવું કેમ થતું હશે ? તો તર્કની ભાષામાં આપણે કહીશું કે એમનું આયુષ્ય લાંબું હતું તેથી તે બચી ગયા. આ આખોય આયુષ્યનો ખેલ છે. આયુષ્ય જ્યાં સુધી ખૂટ્યું ન હોય ત્યાં સુધી કોઈ કોઈને મારી શકતું નથી. 'હું કોઈને મારું છું', કે 'મને કોઈ મારે છે' એવો વિચાર મૂઢતાભર્યો વિચાર છે. 'હું કોઈને મારી શકતો નથી અને બીજો કોઈ મને મારી શકતો નથી. માત્ર નિમિત્ત બની શકે' એ જ સાચું છે. સમયસારમાં કહ્યું છે કે - જીવ આયુષ્યનો ક્ષય થવાથી મરણ પામે છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. બીજો કોઈ તમારું આયુષ્ય કઈ રીતે હરી શકે ? અને તમે બીજાનું આયુષ્ય કઈ રીતે હરી શકો ?

आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
आउं ण हरेसि तुमं कहं ते मरणं कदं तेसिं ।।
आउ क्खयेण महणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
आउं ण हरति तुहं कहं ते मरणं कदं तेहिं ।।

મૂલ કારણ કયું છે ?

જીવન અને મરણ તરફનો આ આધ્યાત્મિક દષ્ટિકોણ છે. જ્યાં સુધી દષ્ટિકોણ રાગ-દ્વેષથી પ્રભાવિત રહે છે, અહંકાર અને લોભથી પ્રભાવિત રહે છે, ત્યાં સુધી આપણા વિચારો અને નિર્ણયો અમુક પ્રકારના હોય છે.

જ્યારે આપણો દૃષ્ટિકોણ એમના પ્રભાવમાં નથી હોતો ત્યારે વિચારોનો આખો પ્રવાહ બદલાઈ જાય છે. જ્યાં સુધી જીવન તરફની આકાંક્ષાનો દૃષ્ટિકોણ રહે અને નિમિત્ત કારણને મૂળ કારણ માનવાનો દૃષ્ટિકોણ હોય ત્યાં સુધી આપણે સત્યને ન્યાય આપી શકીએ નહીં.

તો આપણે જીવીએ છીએ એનું ઉપાદાન (મૂળ કારણ) શું છે ? એ પ્રશ્ન થાય. નિમિત્તો ઘણાં હોઈ શકે. આપણે રોટલા ખાઈએ છીએ તેથી જીવીએ છીએ. હવા-પાણી લઈએ છીએ તેથી જીવીએ છીએ. આ બધાં નિમિત્ત છે. મૂળ ઉપાદાન નથી. ઉપાદાન તો આયુષ્યકર્મ જ છે. જો માણસનું આયુષ્ય પૂરું થઈ જાય તો એને કોણ જીવાડી શકે ? વિશ્વના મોટા મોટા ડૉક્ટરો કે અને ભારે કિંમતની દવાઓ એને જીવાડી દેશે ? આ રીતે જો માણસ બચી શકે તો ધનવાન માણસ કદી મરત જ નહીં. ગરીબ આદમીઓ જરૂર મરતા હોત પણ કરોડપતિ અને લખપતિ માણસો અમર થઈ જાત. સત્ય તો એ છે કે જ્યારે પ્રાણશક્તિ પૂરી થઈ જાય છે ત્યારે કોઈ પણ શક્તિ જીવાડી શકતી નથી.

ઉપાદાનને બદલવું જોઈએ

જીવન અને મરણના મૂળ કારણને આપણે સમજવું જોઈએ. આપણે બધા નિમિત્તોમાં ગૂંચવાઈ જઈએ છીએ. નિમિત્ત કારણોનું કંઈક મૂલ્ય હોય છે જ. પણ બધુંય નિમિત્ત કારણો છે એમ માની લેવું એ આપણું અજ્ઞાનીપણું છે. પહેલાં આપણે ઉપાદાનને જોઈએ. આપણે જો વૃત્તિઓને બદલવા માગીએ અને મૂળ કારણને સ્પર્શ ન કરીએ તો વૃત્તિઓમાં પરિવર્તન થવાનું કદીય સંભવિત બને. આજકાલ વૈજ્ઞાનિકો એવી દવાની શોધ કરવામાં પડ્યા છે જેને લીધે માણસની વૃત્તિઓ બદલી શકાય. પણ જ્યાં સુધી દવાની અસર રહે ત્યાં સુધી પરિવર્તન ટકી શકે. જેવી દવાની અસર પૂરી થાય કે એની એ જ હાલત થઈ જાય. જ્યાં સુધી આપણે મૂળ કારણને હલાવીએ નહીં મૂળ કારણમાં સુધારો ન કરીએ ત્યાં સુધી પરિવર્તનની વાત સંભવિત નહીં થઈ શકે.

આચાર્ય ભિક્ષુનું વચન

આચાર્ય ભિક્ષુએ ઘણી સુંદર વાત લખી છે -

जीव जीवै ते दया नहीं, मरै तो हिंसा मत जाण ।
मारणवालाने हिंसा कही, नहीं मारे ते दयागुण खाण ।।

કોઈ જીવ જીવે એ કંઈ દયા નથી. કોઈ જીવ મરે એ કંઈ હિંસા

નથી. મારવું એ હિંસા છે. નહીં મારવું એ દયા છે.

કોઈ વ્યક્તિ જીવાડવામાં નિમિત્ત બની શકે તો કોઈ મારવામાં નિમિત્ત બની શકે છે, પણ કોઈનું જીવવું કે મરવું એ તેના આયુષ્ય પર આધાર રાખે છે. મૂળ પ્રશ્ન ઉપાદાનનો છે. ઉપાદાન બદલ્યું કે ન બદલ્યું ? જો ઉપાદાન ન બદલ્યું તો જીવાડવાથી શું થાય ? મારવાથી શું થાય ? નિમિત્તોને આધારે જ આપણે બધાં પરિણામો ન મેળવીએ. જો આપણે ઉપાદાન પર ધ્યાન ન આપીએ તો વૃત્તિઓને સુધારવાની વાત કદીય સમજાશે નહીં. વૃત્તિઓને બદલવા માટે ઉપાદાનને બદલવું જરૂરી છે. જ્યાં મૂર્ચ્છા થતી હોય; રાગ, દ્વેષ, મોહ અને લોભ પેદા થતા હોય ત્યાં ધ્યાન કેન્દ્રિત કરવું પડે. મહાવીરે મુનિને માટે વિધાન કર્યું કે- તેણે જીવવાની આશા ન કરવી જોઈએ કે મરવાની આશા ન કરવી, કે મોતથી ન ડરવું. જ્યાં સુધી જીવવાની આશા મટશે નહીં, મૃત્યુનો ભય મટશે નહીં ત્યાં સુધી વૃત્તિ પરિવર્તનની વાત મૂર્ત નહીં થાય.

વૃત્તિપરિષ્કારનો નિયમ

વૃત્તિપરિવર્તન માટે આશાના ચક્રને તોડવું જરૂરી છે. ધ્યાન કરવાનો અર્થ શો છે ? શું માત્ર શ્વાસને જ જોવાનો છે ? શરીરને જ જોવાનું છે? શ્વાસ અને શરીર એ તો એક આલંબન (આધાર) જ છે. ધ્યાનમાં આપણે જોવાનું એ છે કે આપણી સમગ્ર ચેતના શ્વાસમાં જ લાગેલી રહે. તેમાં ન તો રાગનો વિક્રય આવવો જોઈએ કે ન તો દ્વેષનો વિકલ્પ. રાગ અને દ્વેષના વિકલ્પોથી બચવા માટે શ્વાસનો આધાર લેવાય છે. જ્યાં લગી રાગ અને દ્વેષનો વિકલ્પ બદલાય નહીં ત્યાં સુધી વૃત્તિઓ બદલાશે નહીં. પ્રેક્ષાનો અર્થ આ જ છે કે - આપણી ચેતના માત્ર શુદ્ધ આલંબન પર ટકી રહે, એની સાથે રાગ-દ્વેષનો કોઈ વિકલ્પ ન જન્મે. પ્રેક્ષા કરવાનો અર્થ છે - આપણે વૃત્તિઓના મૂળ પર આઘાત કરવાનું શરૂ કરી દીધું છે. જ્યારે એમને પોષણ મળવું બંધ થઈ જાય છે ત્યારે એ ક્યાં સુધી ટકી શકે ? વૃત્તિઓના પરિવર્તન અને સુધારનો નિયમ છે કે - રાગ અને દ્વેષના ઉપાદાન કારણથી મુક્ત રહી જીવવું. આટલી જ વાત જો સમજાઈ જાય તો વૃત્તિ-પરિષ્કારનો નિયમ આપણા હાથમાં આવી જાય.

★ ★ ★

સંકલિકા - ૧૫

- अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं ।
  अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा ।।
- आसि मम पुव्वमेदं एदस्स अहं पि आसि पुव्वं हि ।
  होहिदि पुणो ममेदं एदस्स अहपि होस्सामि ।।
- एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो ।
  भूदत्थं जाणन्तो ण करेदि दु तं असंमूढो ।।

(સમયસાર - ૨૦, ૨૨)

- કારણઃ પ્રત્યેક કાર્યની પૃષ્ઠભૂમિમાં.
- અર્થપર્યાય : સહજ પરિણમન
- હિંસા એક કાર્ય છે.
- કારણ છે રાગ.
- હિંસા શાથી થાય છે ?
- રાગની ઉપજ છે દ્વેષ.
- લડાઈની પ્રેરણા છે - રાગ.
- ધર્મને માટે પણ રાગ.
- રાગના હેતુ
  શરીર, કુટુંબ, ધન વગેરે.
- મિથ્યા અવધારણા
- ઘા ક્યાં કરવો ?
- પહેલો ઘા રાગના મૂળમાં
- ભેદ વિજ્ઞાનની ભૂમિકાનો સ્પર્શ કરીએ.

૧૫ હિંસાનું મૂળ કારણ શું છે ?

હું પ્રવચન કરવા માટે પ્રવચનખંડમાં આવ્યો. ત્યાં મેં ઘણા લોકોને જોયા, તેમની હિલચાલ જોઈ. કોઈ રૂમાલ ખોળી રહ્યું હતું. કોઈ નૉટ-પેન સંભાળી રહ્યું હતું. મારા મનમાં પ્રશ્ન ઊઠ્યો કે - આનું શું કારણ છે ? આમ કરનારાઓએ તો કારણ પર ધ્યાન નહીં દીધેલું. કેમકે આ બધી એટલી તો સ્વાભાવિક પ્રવૃત્તિઓ છે કે તેમના કારણ પર ધ્યાન આપવાની જરૂર જ લાગતી નથી. પણ એની પાછળ કોઈ કારણ નથી હોતું એમ તો ન કહી શકાય. જો આપણે વિશ્લેષણ કરીએ તો પ્રત્યેક પ્રવૃત્તિ પાછળ કોઈનું કોઈ કારણ જરૂર મળે. એ માણસ મોઢું લૂછવા માટે રૂમાલ ખોળી રહ્યો હતો અને નોટબુક તથા પૅન સંભારી રહ્યો હતો- પ્રવચનમાં આવનારી નવી વાતોની નોંધ કરવા માટે. આમ દરેક પ્રવૃત્તિનું કોઈ ને કોઈ કારણ, જરૂર હતું. જેટલા માણસો છે, જેટલી પ્રવૃત્તિઓ છે એમની પાછળ એટલાં જ કારણો છે.

કારણનો સંબંધ

આપણી સ્થૂલ પ્રવૃત્તિઓની સાથે કારણ જોડાયેલું હોય છે. કેટલાંક કામ એવાં પણ હોય છે જેમની પાછળ કોઈ કારણ હોતું નથી. જે સ્વાભાવિક પરિણામ હોય છે એની પાછળ કોઈ કારણ હોતું નથી. અર્થપર્યાયની પાછળ કોઈ કારણ હોતું નથી. જેટલા વ્યક્ત થનાર પર્યાયો છે, સ્થૂલ પર્યાયો છે એમની પાછળ કારણ હોય છે. આપણે હંમેશાં કારણ તરફ ધ્યાન દેતા નથી પણ કારણ અવશ્ય હોય છે. અભ્યાસ એટલો થઈ જાય છે કે સહજ રીતે જ બધું કામ થઈ જાય છે. આપણું કંડીશનિંગ માઈન્ડ હોય છે. એક ટેવ પડી જાય છે અને એની મેળે કામ થતું જાય છે. પણ જો આપણે એના કારણનો વિચાર કરીએ તો કારણ મળી શકે.

હિંસાનું કારણ

આ કાર્ય-કારણ સિદ્ધાન્તને આધારે જ્યારે આપણે હિંસા, અનૈતિકતા, અપ્રામાણિકતા, અસત્ય વગેરે-વગેરે આચરણો અને વ્યવહારો પર વિચાર કરીએ તો થોડી નવી વાતો જણાઈ આવે છે. હિંસા કરનાર કદી કારણ તરફ ધ્યાન આપતો નથી. પણ હિંસા એક કાર્ય છે એટલે એની પાછળ કારણ પણ છે. હિંસાથી દૂર તો એવો માણસ જ રહી શકે જે હિંસાના કારણ પ્રત્યે જાગૃત હોય. હિંસાનું કારણ શું ? એ પ્રશ્ન છે. જો આપણે સ્થૂળ દષ્ટિએ, લૌકિકભાવનાથી વિચારીએ તો હિંસાનાં ઘણાં બધાં કારણો આવી મળશે. પ્રશ્નવ્યાકરણ અને આચારાંગ સૂત્રમાં એમનું વર્ગીકરણ પણ મળે છે. માણસ રોજી-રોટી માટે હિંસા કરે છે. પૈસા કમાવાનાં સાધનો માટે હિંસા કરે છે. શરીરને સુંદર બનાવવા માટે હિંસા કરે છે. એવાં અનેક કારણો છે. કસ્તૂરી મેળવવા માટે માણસ કસ્તૂરી મૃગોને

મારી નાખે છે. સરસ ચામડું મેળવવા માટે વાઘને મારી નાખે છે. અનેક પશુઓને મારી નાખે છે. દાંત માટે હાથીઓને મારી નાખે છે. પણ આ બધાં હિંસાનાં મૂળ કારણ નથી.

મૂળ કારણ છે રાગ

હિંસાનું મૂળ કારણ રાગ છે. માણસ રાગને લીધે હિંસા કરે છે. દ્વેષ હિંસાનું મૂળ કારણ નથી. એક ચોર હિંસા કરે, એક આતંકકારી હિંસા કરે, એક ડાકુ હિંસા કરે એ બધા દ્વેષને કારણે હિંસા નથી કરતા. એક સૈનિક હિંસા કરે છે તે કંઈ દ્વેષને કારણે હિંસા કરતો નથી, કેમકે એને પોતાને કોઈ શત્રુતા હોતી નથી. આ વાત સમજવા માટે આપણે ઊંડાણમાં ઊતરવું પડે. આ એક સંસ્કાર થઈ ગયો છે કે મનમાં દ્વેષ અને ઘૃણા હોય તો માણસ હિંસા કરે. પણ એ મૂળ કારણ નથી. કોઈ એક માણસ ભેળસેળ કરે અને તેને લીધે હજારો માણસો પક્ષાઘાતનો શિકાર થઈ જાય છે. આ બધાની સાથે શું એ માણસનો દ્વેષ હતો ? કશોય દ્વેષ ન હતો. ભેળસેળ કરવાનું કારણ છે - રાગ. હું ધનવાન થઈ જાઉં, મોટો માણસ બની જાઉં, ધનનો ઢગલો થઈ જાય. મરજીમાં આવે તેમ કરી શકું. આવો અંદર રહેલો રાગ છે તે ભેળસેળ કરાવી રહ્યો છે, મનુષ્યને અનૈતિક બનાવે છે, હિંસા કરાવે છે.

રાગમાંથી જન્મે છે દ્વેષ

મૂળમાં દ્વેષ હોતો નથી. દ્વેષ રાગમાંથી ઉપજે છે. જો આપણા શરીર તરફ કે પરિવાર તરફ રાગનો ભાવ ના હોય તો દ્વેષ પેદા ન થાય. એકને બચાવવો હોય તો બીજા ઉપર દ્વેષ કરવો પડે. પોતાના રાષ્ટ્ર પર પ્રેમ હોય તો બીજા રાષ્ટ્ર પર દ્વેષ કરવો પડે છે. વ્યક્તિગત કોઈ દ્વેષ હોતો નથી.

જો આ મૂળ કારણ આપણી સમજમાં આવે તો વાત ઘણી સ્પષ્ટ થઈ જાય છે. આજે સમગ્ર સંસારમાં આતંકવાદનું ચક્ર ચાલ્યું છે. શું કારણ છે ? એનું કારણ ઘૃણા નથી. ઘૃણાને આધારે હિંસા ન ચાલી શકે. દ્વેષને આધારે કોઈ યુદ્ધ નથી લડાતું. જ્યાં સુધી સૈનિકોના મનમાં રાષ્ટ્રપ્રેમ પેદા ન કરીએ ત્યાં સુધી યુદ્ધ લડાશે નહીં. 'રાષ્ટ્ર માટે બલિદાન આપવું એ સૌથી મોટો ધર્મ છે' - એવી કેળવણી અપાય છે.

जिते च लभ्यते लक्ष्मीः मृते चापि सुरांगना ।
क्षणभंगुरको देहः, का चिन्ता मरणे रणे ।।

અનૈતિકતાનું કારણ

જ્યારે આ પ્રકારનો પ્રેમ પેદા કરાય ત્યારે માણસ કોઈ વખત જીવ પણ આપી દે. કોઈપણ કામ કરવા માટે મોટામાં મોટી પ્રેરણા છે - તેના પ્રત્યે પ્રેમ પેદા કરવો. ધર્મને ચલાવવા માટે પણ દેવ અને ગુરુપ્રત્યે પ્રેમ પેદા કરવો પડે છે.

આ બધાના અનુસંધાનમાં આપણે વિચારીએ કે હિંસાનું મૂળ કારણ શું છે? ભેળસેળ અને અનીતિનું મૂળ કારણ શું છે ? આચાર્યશ્રીએ અણુવ્રત આન્દોલન શરૂ કર્યું. એને શરૂ થયે ૪૦ વર્ષ થઈ ગયાં. ઘણો પ્રયત્ન કરાયો કે આપણા દેશમાંથી ભ્રષ્ટાચાર, અનૈતિકતા, અપ્રામાણિકતા, ભેળસેળ વગેરે મટી જાય. પણ એમ લાગે છે કે એ મટી રહ્યાં નથી. એનું કારણ સ્પષ્ટ છે કે જ્યાં સુધી આ રાગની વાત સમજાવશે નહીં, ત્યાં સુધી આ બધાંનું મટવું શક્ય નહીં બને.

રાગનો હેતુ

રાગને વધારવાનો સૌથી મોટો હેતુ છે પોતાનું શરીર. અહીંથી રાગની શરૂઆત થાય છે. બીજો હેતુ છે પરિવાર. જો પોતાના કે કુટુંબના પ્રત્યે રાગ ન હોય તો માણસ બીજાઓને છેતરશે નહીં. જ્યારે આ વાત સમજાય છે ત્યારે એક પ્રશ્ન ઊઠે છે. રાગને પકડવો કઈ રીતે ? એવી કઈ સાધના કરીએ કે રાગ ઓછો થાય ? કાયોત્સર્ગનો જે પ્રયોગ છે તે માત્ર શિથિલીકરણનો જ પ્રયોગ નથી. રાગના મૂળ પર પ્રહાર કરવાનો એ પ્રયોગ છે. જ્યાં સધી ભેદવિજ્ઞાનનો અનુભવ ન થાય ત્યાં સુધી આપણો રાગ ઓછો નહીં થાય. 'આત્મા જુદો છે, શરીર જુદું છું.' આ વાત સમજાય ત્યારે જ રાગના મૂળ પર પ્રહાર થઈ શકે. શરીર અને આત્માને એક માની લેવાથી જ બધો રાગ ઉત્પન્ન થાય છે.

ભેદવિજ્ઞાનનો પ્રયોગ

આચાર્ય કુન્દકુન્દે લખ્યું છે કે - જે કોઈ પર દ્રવ્યને પોતાનું સ્વરૂપ માને છે, અને વિચારે છે કે - હું આ (દ્રવ્ય) છું, આ દ્રવ્ય મારું સ્વરૂપ છે, હું એનો છું, આ મારું છે. આ પહેલાં પણ મારું હતું, ભવિષ્યમાં પણ આ મારું થશે - આવો આત્મવિકલ્પ કરનાર વ્યક્તિ મૂઢ અને અજ્ઞાની છે.

अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं ।
अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा ।।
आसि मम पुव्वमेदं एदस्स अहपि आसि पुव्वं हि ।
होहिदि पुणो ममेदं एदस्स अहपि होस्सामि ।।
एयं तु असब्भूदं आदवियप्पं करेदि संमूढो ।
भूदत्थं जाणंतो ण करेदि तु असंमूढो ।।

શરીર અને આત્માને એક માની લેવાં મૂઢતા છે, અજ્ઞાન છે. આ બિન્દુ પર પ્રેક્ષાધ્યાન અને વિપશ્યનાનો ભેદ સમજી શકાય છે. પ્રેક્ષાધ્યાનની આધારભૂમિ છે આત્મવાદ. જે લોકો આત્માના અસ્તિત્વનો સ્વીકાર નથી કરતા તેમના માટે પ્રેક્ષાધ્યાન નથી. (પ્રેક્ષાધ્યાન એવા લોકોના કામનું નથી જેઓ આત્માના અસ્તિત્ત્વને ન સ્વીકારતા હોય.) કાયોત્સર્ગ મૂળમાં ભેદવિજ્ઞાનનો પ્રયોગ છે. જે દિવસે આપણે સ્પષ્ટપણે સમજીશું કે આત્મા જુદો છે અને શરીર જુદું છે. તે જ દિવસે રાગના મૂળમાં પહેલો ઘા થશે.

મહત્ત્વનો પ્રશ્ન

અનેક વાર એમ પૂછવામાં આવે છે કે પહેલો પ્રહાર ક્યાં કરવો ? આ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. એક ધનવાન માણસ મોટરકારમાં જઈ રહ્યો હતો. રસ્તામાં કાર બગડી. તે એક મિસ્ત્રીની પાસે ગયો અને એને બોલાવી લાવ્યો. મિસ્ત્રીએ કારને જોઈ અને કહ્યું - સો રૂપિયા લઈશ. ગાડી ઠીક કરી દઈશ. માલિકે તેને સો રૂપિયા આપ્યા. મિસ્ત્રીએ એક ઠેકાણે હથોડી ઠોકી અને ગાડી ચાલુ થઈ ગઈ. કારના માલિકે કહ્યું - તેં ન્યાય ન કર્યો. હથોડીના એક ફટકાના સો રૂપિયા ? મિસ્ત્રીએ કહ્યું - મહાશય, ફટકો મારવાનો ફક્ત એક રૂપિયો જ છે. ફટકો ક્યાં મારવાનો છે એની જાણકારીના નવાણુ રૂપિયા છે.

મહાવીરનો સંકલ્પ

રાગનો વિકટ પ્રશ્ન આપણી સામે છે. એને કારણે જ હિંસા, ચોરી, સંગ્રહ, અસત્ય, ક્રોધ વગેરે વગેરે પેદા થઈ રહ્યાં છે. અહીં પ્રશ્ન એ છે કે એ મૂળ સમસ્યાને પકડવા માટે પહેલો ફટકો કયે સ્થાને કરવો ? મહાવીરે આ પ્રશ્નનો ઉકેલ બતાવ્યો. શરીરનો વ્યુત્સર્ગ કરો. શરીરનો ત્યાગ કરો. સાધનાનો આ જ પહેલો નિયમ છે. મહાવીરે જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમણે સંકલ્પ લીધો - હું સિદ્ધોને નમસ્કાર કરીને આજથી સર્વ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરું છું. મહાવીરે સંકલ્પ લીધો. હું શરીરનો વ્યુત્સર્ગ કરીને, ત્યાગ કરીને વિહાર કરીશ. એમની સાધના કાયોત્સર્ગથી શરૂ થઈ અને કાયોત્સર્ગમાં જ પૂરી થઈ. જ્યાં કાયોત્સર્ગ હોય ત્યાં રાગનું મૂળ ઢીલું પડી જશે. જ્યાં લગી આપણે આ વાત ન સમજીએ ત્યાં સુધી વ્રતની વાત સમજાશે નહીં, કે અધ્યાત્મ અને ધર્મની વાત પણ સમજમાં આવી શકશે નહીં. જ્યાં સુધી શરીરનો મોહ, કુટુંબનો મોહ અને રાગાત્મક ભાવ હોય ત્યાં સુધી અનૈતિકતા, ભ્રષ્ટાચાર વગેરે પ્રવૃત્તિઓ કદી અટકશે નહીં.

રાગ પર પ્રહાર કરવો જોઈએ

આ સત્ય આપણે બરાબર ગ્રહણ કરવું જોઈએ કે કાયોત્સર્ગ કર્યા વિના મુખ્ય મૂળ પર ઘા થઈ શકશે નહીં. કાયોત્સર્ગ કરનારે અને કરાવનારે એ ધ્યાન રાખવું જોઈએ કે - કાયોત્સર્ગ માત્ર શિથિલતા સુધીમાં ન અટકે પણ તે ભેદવિજ્ઞાનની ભૂમિકા સુધી જાય. કેમકે એ સ્થિતિએ જ રાગ પર પ્રહાર થાય. જ્યારે રાગ પર પ્રહાર થવા શરૂ થાય ત્યારે કાયોત્સર્ગ આગળ વધશે. એનું પરિણામ એ આવે કે આપણે પોતાના પોષણ માટે બીજાનું શોષણ કરી શકીશું નહીં, કોઈનું ગળું દબાવી શકીશું નહીં.

પ્રેક્ષાધ્યાન જીવનનું દર્શન છે, આધ્યાત્મિક સાધનાની પ્રક્રિયા છે. કાયોત્સર્ગથી અધ્યાત્મ શરૂ થાય છે. કાયોત્સર્ગ પર ખાસ ધ્યાન આપવાથી જ આપણે મૂળ કારણને પકડી શકીએ. કાયામાંથી ઉત્પન્ન થનારો રાગ ઓછો થવા લાગશે ત્યારે પ્રશ્નોનું સમાધાન એની મેળે મળી જશે. જેમ જેમ આ રાગભાવ ઓછો થશે તેમ તેમ ચેતનાનું રૂપાંતર થતું જશે અને આ બધા દોષોની ઉત્પત્તિ થવી અસંભવિત થઈ જશે.

★ ★ ★

સંકલિકા - ૧૬

- अरसमरूवमगंधं, अव्वत्तं चेदणागुणमसदं ।
  जाण अलिंगग्गहणं, जीवमणिद्दिट्ठसंठाणं ।।
- जीवस्स णत्थि वण्णो, ण वि गंधो ण रसो ण वि य फासो ।
  ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं ।।

(સમયસાર ૪૯, ૫૦)

- આત્માનું સ્વરૂપ : ઈન્દ્રિયોની મર્યાદા.
- ચેતનાની દિશા બદલાવી જોઈએ.
- તર્કશાસ્ત્રની ભાષા.
- ઈન્દ્રિયો સાથે ચેતના ન જોડાવી જોઈએ.
- જુઓ પણ રાગદ્વેષ ન કરો.
- જ્ઞાતા-દ્રષ્ટાભાવનો અર્થ.
- અંતર્મુખતાનો માર્ગ
- આકર્ષણ ઓછું કઈ રીતે થાય.
- મૂર્છા-કેન્દ્ર નિષ્ક્રિય થવું જોઈએ.
- અંતર્યાત્રા : આત્મદર્શનનો પ્રયોગ.

૧૬. આત્માને કઈ રીતે જોવો ?

પ્રેક્ષાધ્યાનનો ધ્યેયમંત્ર છે - આત્મા દ્વારા આત્માને જોવો જોઈએ. આ મોટી વિરોધીભાસ વાત લાગે છે. આત્મા અમૂર્ત છે અને આપણી પાસે શક્તિ છે ઇન્દ્રિયોની. આ સ્થિતિમાં આપણે જોઈએ કઈ રીતે ? આ એક પ્રશ્ન છે. વળી આ બીજો પ્રશ્ન છે કે આપણે ધ્યાન કરીએ છીએ કે વિરોધાભાસને પોષી રહ્યા છીએ ? અમે જે કંઈ કહીએ છીએ એ માત્ર પોપટિયાવાણી છે કે એનામાં કોઈ સાર્થકપણું છે ? શું આપણી પાસે એવો કોઈ વિધિ છે જેના દ્વારા આપણે આત્માને જોઈ શકીએ ?

આત્માનું સ્વરૂપ

આત્માનું સ્વરૂપ છે અશબ્દ, અગંધ, અરસ અને અરૂપ, જેમાં નથી કોઈ શબ્દ, નથી કોઈ ગંધ, નથી કોઈ રસ અને નથી કોઈ સ્પર્શ, એ માત્ર જ્ઞાન અને ચેતનમય સત્તા છે.

अरसमरूवमगंधं, अव्वत्तं चेदणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं, जीवमणिद्दिट्ठसंठाणं ।।
जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण रसो ण वि य फासो ।
ण वि रूवं ण सरहिं ण वि संठाणं ण संहणणं ।।

આપણી ઈન્દ્રિયો જાણે છે શબ્દને, રૂપને, ગંધ, રસ અને સ્પર્શને. અને આપણો આત્મા તો છે અશબ્દાત્મક, અરૂપાત્મક. એને આપણે કઈ કઈ રીતે જોઈ શકીએ ? આ પ્રશ્નનો ઉત્તર પણ મળે છે - આપણે એવી ક્ષણોનો અનુભવ કરવો જે ક્ષણોમાં આપણે અરૂપ થઈ જઈએ. આંખ ખુલ્લી છે, રૂપને જોઈ રહ્યા છીએ, પણ આંખ બંધ કરી કે રૂપ દેખાવું બંધ થઈ ગયું. કાન પણ બંધ કર્યો કે તરત તે અશબ્દ થઈ ગયો. નાકને બંધ કર્યું કે તે અગંધ થઈ ગયું. જીભ પર કંઈ જ મૂક્યું નહીં એથી અરસ સ્થિતિ થઈ ગઈ. કોઈને અડક્યા નહીં, એકાન્તમાં રહ્યા, અસ્પર્શયોગ થઈ ગયો.

ચેતનાની દિશા બદલી જોઈએ

પ્રશ્ન ઉદ્ભવે છે કે - શું કોઈને માટે આવી સ્થિતિ આવવી સંભવિત છે ? માણસ પાંચેય ઇન્દ્રિયોનાં દ્વાર બંધ કરી દે અને બાહ્ય જગત સાથેનો સંબંધ કાપી નાખીને જીવી શકે એ કઈ રીતે સંભવે ? થોડીક ક્ષણો માટે

આમ સંભવી શકે પણ આખા જીવનમાં એ સંભવિત નથી. અધ્યાત્મના આચાર્યોએ આ સમસ્યાનો પણ ઉપાય શોધ્યો છે. પહેલો ઉપાય આ છે. ઈન્દ્રિયોનાં દ્વાર થોડાક સમય માટે બંધ રાખવાં. થોડા સમય માટે આંખો બંધ રહે, એક કલાક ધ્યાનમાં ગાળવો. તેથી અરૂપની સ્થિતિનો અનુભવ થાય અને બધાં રૂપ મટી જશે. આ અરૂપની અનુભૂતિ તે આત્માની અનુભૂતિ છે. એની સાથે ચેતના જોડાયેલી છે અને ચેતનાની અનુભૂતિ પણ.

પ્રશ્ન થાય કે - એક કલાક આ સ્થિતિમાં રહેવાથી શું વળે ? છેવટે એ જ દુનિયામાં પાછા જવાનું છે જેમાં દશ્ય અને રૂપ જ ભર્યાં છે. તો તેનો ઉપાય શોધી કાઢ્યો. આંખ બંધ કરવી જ એ જરૂરી નથી. આંખ ખુલ્લી રાખો અને અરૂપ રહો. પછી તો કાન ખુલ્લા રહેશે અને છતાંય અશબ્દ રહેશો. ખાવાનું જીભ પર આવશે છતાં તમે અરસ રહેશો. સ્પર્શ થશે છતાંય અસ્પર્શ રહેશો. આ બધું કઈ રીતે સંભવે ? આ બધુંય ચેતનાની દિશાને બદલવાથી સંભવ બને છે. ધ્યાન એક એવી પ્રક્રિયા છે જે ચેતનાની દિશાને બદલી નાખે છે.

ચેતના ન જોડાવી જોઈએ

ચેતનાને ઈન્દ્રિયો સાથે ન જોડાવા દેવી. જો આ વાત સમજાઈ જાય તો દિશાપરિવર્તનનું રહસ્ય મળી જાય. જો ચેતના ઈન્દ્રિયો સાથે નહીં જોડાય તો ઈન્દ્રિય-વિષયોનું ગ્રહણ નહીં થાય. તર્કશાસ્ત્રની ભાષામાં આ અનધ્યવસાય કહેવાય. એક માણસ બજારમાં ગયો. એને સોનું ખરીદવું છે. બજારમાં હજારો દુકાનો છે. એમાં હજારો પ્રકારની વસ્તુઓ મળે છે. પેલો માણસ એ બધું જોતો ચાલ્યો જાય છે. છેવટે તે સોનાની દુકાને સોનું જુએ છે અને તેને ખરીદી લે છે. સોના સિવાય પણ એણે અનેક વસ્તુઓ જોઈ, પણ એ જોવું ન જોવા બરાબર રહ્યું. જેની સાથે એનો અધ્યવસાય જોડાયો હતો તે જોયું અને બાકીનું વણજોયું રહી ગયું.

અંતર્મુખપણું

કોઈ એક વસ્તુને જાણવા માટે જરૂરી હોય એટલી જ ચેતના આપણે તે પદાર્થ સાથે જોડવી જોઈએ. એની સાથે મૂર્ચ્છાની ચેતના ન જોડવી જોઈએ. આમ થશે તો આંખની સામે કોઈ સુંદર રૂપ આવી જાય કે જીભ પર કોઈ સ્વાદિષ્ટ મિષ્ટાન્ન આવી જાય તેનું આપણે માટે કોઈ મહત્ત્વ રહેશે નહીં. આપણે અરૂપ અને અરસની સ્થિતિમાં રહ્યા કરીશું. આચારાંગ

સૂત્રમાં કહેવાય છે કે - રૂપ ન દેખીએ કે શબ્દ ન સાંભળીએ એ સંભવ નથી. સંભવ એ છે કે રૂપ જોઈએ પણ એના તરફ રાગ-દ્વેષ ન કરીએ, ખાવું નહીં એ આપણે માટે સંભવ નથી. પણ આ સંભવ છે કે - જે ખાઈએ એના તરફ રાગ-દ્વેષ ન કરીએ. આપણે એવી સાધના કરવી જોઈએ જેથી જ્ઞાન જ્ઞાન રહે અને એની સાથે જે મોહ જોડાય છે એને જુદો પાડી દેવો, એનું પૃથક્કરણ કરી દેવું. આનું જ નામ છે અંતર્મુખતા. આનું તાત્પર્ય છે - ઇન્દ્રિયો પોતપોતાનું કામ કરવાની પણ તેની સાથે મૂર્છા નહીં હોય. મોટાં શહેરોમાં સીવરેજની વ્યવસ્થા હોય છે. પાણીનું નાળું અને મળનું નાળું બન્નેય સાથે સાથે જાય છે. કોઈ કોઈ વખત સીવરેજની વ્યવસ્થામાં ગડબડ થઈ જાય છે. પાણી અને મળનું મિશ્રણ થઈ જાય છે. આ ગડબડ લોકોના સ્વાસ્થ્ય માટે ભયજનક થઈ જાય છે. આવું જળ અને મળનું મિશ્રણ ન થવા દેવું જોઈએ. પાણીનું નાળું જુદું વહે અને મળનું નાળું જુદું વહે. એનું જ નામ છે સાધના, ધ્યાન અને અધ્યાત્મ. એને આધારે જ આપણે આત્મદર્શનની સ્થિતિએ પહોંચીએ છીએ.

ઉપભોગ કરવો, રાગ-દ્વેષ ન કરવા

આપણે જ્ઞાતાભાવ-દષ્ટાભાવની વાત કરીએ છીએ પણ એનો અર્થ શો છે ? એનો અર્થ એટલો જ કે આપણે ઇન્દ્રિયો સાથે ચેતનાને ન જોડવી. હું ખાઉં છું છતાં અરસ બનેલો રહ્યો છું, હું જોઉં છું છતાં હું અરૂપ થયેલો રહ્યો છું. આનું નામ કહેવાય જ્ઞાતા-દ્રષ્ટાભાવ. આપણી આ ચેતના જાગવી જોઈએ. અભ્યાસ દ્વારા આ ચેતનાને જગાડવી સંભવ છે. ઇન્દ્રિયોને ચોવીસેય કલાક બંધ રાખવી સંભવ નથી. જો બારીઓ અને બારણાં ચોવીસેય કલાક બંધ રાખીએ તો પ્રકાશ ક્યાંથી આવશે ? ઇન્દ્રિયોની ઉપલબ્ધિ કર્મના ક્ષયોપશમથી થાય છે. એને આપણે બંધ શું કામ રાખવી ? આપણે એવો અભ્યાસ કરવો જોઈએ જેથી આપણે ઇન્દ્રિયોનો માત્ર ઉપભોગ જ કરીએ. એની સાથે રાગ-દ્વેષ ન જોડાય. હવે પ્રશ્ન છે કે અભ્યાસ કઈ રીતે કરવો ? ખાઈએ અને રસ ન આવે એ શી રીતે સંભવે ? આમ કરવામાં શું છલના (ઠગાઈ) અને પ્રવચંના (છેતરપિંડી) નથી ? અંતુર્મુખતાની આ દિશામાં પ્રયાણ કરનાર માણસ આ સ્થિતિને પહોંચી શકે છે. એને માટે આ સ્થિતિ સ્વાભાવિક રીતે જ સંભવ બની જાય છે.

અંતર્યાત્રા એ જ માર્ગ છે

જે માણસ અંતર્મુખ થવા ઇચ્છે છે તેને માટે સૌથી પહેલો પ્રયોગ છે

અંતર્યાત્રાનો. ચેતનાને આપણે નીચેથી ઉપર તરફ લઈ જવી જોઈએ. જ્યાં સુધી ચેતના નાભિની આસપાસ ફર્યા કરશે ત્યાં સુધી આપણે જ્ઞાતા-દ્રષ્ટા બની શકીશું નહીં, અરૂપ અને અરસની સ્થિતિનો અનુભવ કરી શકીશું નહીં. ઘણા લોકો પૂછે છે - હું કોણ છું ? એમને હું કહું છું - આ પ્રશ્ન પૂછો કે હું ક્યાં છું ? મારી ચેતના ક્યાં છે ? જો આપણી ચેતના નાભિની નીચે હોય તો એ વધારે જોખમકારક છે. અંતર્મુખતાનો અર્થ છે - ચેતનાને નીચેથી ઉપર લઈ જવી. બહારથી અંદર લઈ જવી, પદાર્થોમાંથી છોડાવીને પોતાના સ્વરૂપમાં સ્થિર કરી દેવી. આ સ્થિતિ પ્રાપ્ત કરવાનો માર્ગ છે અંતર્યાત્રા, સુષુમ્ણાની યાત્રા. આ અંદર જવાનો માર્ગ છે. જ્યાં સુધી આપણી ચેતના આ મધ્ય માર્ગથી ઉપર નહીં જાય ત્યાં સુધી આપણું બહારનું આકર્ષણ ઓછું નહીં થાય.

સંવેદનાકેન્દ્રને નિષ્ક્રિય બનાવો

પ્રશ્ન છે સંવેદનાકેન્દ્રને નિષ્ક્રિય બનાવવાનો. પગમાં કાંટો વાગે ત્યારે પીડા કોને થાય ? શું પગને દર્દ થયું ? પગમાં કાંટો વાગ્યો એનો સંદેશો જ્યાં સુધી મગજ સુધી ન પહોંચે ત્યાં સુધી પીડાનો અનુભવ ન થઈ શકે. જ્યારે સંવેદનકેન્દ્ર સુધી સૂચના પહોંચી જાય ત્યારે પીડાનો અનુભવ થાય છે. એનેસ્થેશિયાનો પ્રયોગ એ શું છે ? કોઈ વ્યક્તિનું ઑપરેશન કરવું છે ત્યારે એને મૂર્ચ્છિત કરી દેવાય છે. તેથી એને પીડાની ખબર પડતી નથી. આ જ વાત મૂર્ચ્છાની છે. જ્યારે મૂર્ચ્છાકેન્દ્ર નિષ્ક્રિય બની જાય છે ત્યારે માત્ર જ્ઞાન જ રહે છે. પદાર્થ કે ઘટનાની સાથે ચેતના જોડાતી નથી.

અંદરના સુખનો અનુભવ કરો

અંતર્યાત્રા એ ચેતનાને ઉપર લઈ જવાનો પ્રયોગ છે, જ્ઞાતા-દ્રષ્ટા થવાનો પ્રયોગ છે. તેમાં અભ્યાસનું સાતત્ય જરૂરી છે. જ્યારે આપણી ચેતના ઉપર જાય છે, વાઈટલ એનર્જી ઉપર જાય છે ત્યારે એટલાં બધાં સુખદ પ્રકંપનો પેદા થાય છે જેની કલ્પના પણ ન કરી શકાય. એ વાત ચોક્કસ છે કે જ્યાં સુધી અંદરનું સુખ ન પ્રગટે ત્યાં સુધી બાહ્ય સુખ છૂટી શકશે નહીં. આપણે એવા સુખનો અનુભવ કરવો છે જેને લીધે બાહ્યસુખને તજનારી ચેતના પ્રગટ થઈ જાય. એનો માર્ગ છે - અંતર્યાત્રા. જો આપણે આ પ્રયોગમાર્ગને અપનાવી શકીએ તો 'આત્મા દ્વારા આત્માને જુઓ' એ સૂત્ર વિરોધાભાસી રહેશે નહીં, વાસ્તવિક બની જશે.

★ ★ ★

સંકલિકા - १७

- जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेदि सत्ते ति ।
  सो मूढो अण्णाणी, णाणी एत्तो दु विवरीदो ।।
- एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेदि सत्ते ति ।
  एसा दे मूढमदी, सुहासुहं बंधदे कम्मं ।।

(સમયસાર ૨૫૩, ૨૬૦)

- સુખદુઃખનો સંદર્ભ
- સમ્યગ્ આચરણનો આધાર.
- મિથ્યા દષ્ટિકોણ -
  અન્ય સુખી કે દુઃખી બનાવે છે.
- સમ્યગ્ દષ્ટિકોણ -
  સુખ-દુઃખનો કર્તા હું પોતે છું.
- દુઃખનું મૂલ છે ચંચળતા
- ચંચળતા સાથે જોડાયેલી સ્થિતિઓ
  દુઃખ
  દૌર્મનસ્ય
  અંગમેજયત્વ
  શ્વાસ-પ્રશ્વાસ
- દુઃખની સ્થિતિઃ દુઃખનો અનુભવ
- ધ્યાનનો પ્રયોગ શા માટે ?
- સ્વદર્શનનો અર્થ : પોતાના ભાગ્યની લગામ પોતાના હાથમાં પકડી લેવી.

૧૭. પોતાના ભાગ્યનો દોર પોતાના હાથમાં

જૂના સમયની વાત છે. બિરદાવલી ગાનાર એક ચારણ. કોઈ શેઠને ઘરે એણે શેઠની બિરદાવલી (પ્રશંસા ગીત) ગાઈ. શેઠ ઘણો ખુશ થયો. ચારણને લાગ્યું, આજે ઘણું ધન મળશે. શેઠે ચારણને પુરસ્કારમાં એક રૂપિયો આપ્યો. ચારણે કહ્યું. આ શું ? આટલી બધી કંજૂસાઈ ? શેઠે જવાબ આપ્યો - મારો નિયમ છે કે જ્યારે કોઈને દાન દેવાનું હોય ત્યારે દાઢી પર હાથ ફેરવું છું, અને જેટલા વાળ હાથમાં આવી જાય એટલા રૂપિયા આપી દઉં છું. ચારણે કહ્યું - શેઠજી, મારા ભાગ્યનો નિર્ણય મને જ કરવા દો. આપ હાથ ફેરવશો નહીં.

મિથ્યા ધારણા એ જ વિઘ્ન છે

આપણે પણ આપણા પોતાના ભાગ્યનો નિર્ણય બીજાઓ ઉપર છોડી દઈએ છીએ. આપણે પોતે પોતાના ભાગ્યનો નિર્ણય કરતા નથી. આપણે આપણા ભાગ્યની લગામ પોતાના હાથમાં પકડી રાખતા નથી. એને બીજાઓના વિશ્વાસે છોડી દઈએ છીએ. સુખ અને દુઃખની જ વાત લ્યો. વસ્તુતઃ સુખી કે દુઃખી થવું વ્યક્તિના પોતાના હાથમાં છે. બીજો માણસ નિમિત્ત બની શકે. એક ડૉક્ટર પણ નિમિત્ત બની શકે. એક ધનવાન પણ નિમિત્ત બની શકે. પણ તે કોઈને સુખી કે દુઃખી બનાવી ન શકે. નિમિત્ત એ નિમિત્ત છે. એનાથી વધારે કોઈ શક્તિ તેના હાથમાં નથી. પોતાના ભાગ્યની લગામ પોતાના હાથમાં ત્યારે જ રહી શકે જ્યારે આપણી મિથ્યા ધારણાઓ બદલાઈ જાય. માણસ જ્યાં સુધી મિથ્યા ધારણાઓને પંપાળતો રહે ત્યાં સુધી તે પોતાના ભાગ્યની લગામને પોતાના હાથમાં પકડી શકતો નથી.

સુખદુઃખની વાત

એક મિથ્યા ધારણા માણસમાં હોય છે કે - હું કોઈને સુખી કરું છું. હું કોઈને દુઃખી કરું છું. આચાર્ય કુન્દકુન્દે લખ્યું છે કે - જે કોઈ એમ માને કે હું જીવોને સુખી કે દુઃખી કરું છું તે મૂઢ છે, અજ્ઞાની છે.

जो अप्पणा दु मण्णदि दुक्खिदसुहिदे करेदि सत्ते ति ।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ।।

આચાર્ય કુન્દકુન્દે કહ્યું છે કે - હું જીવોને સુખી કે દુઃખી કરું છું - એવી જે તમારી મતિ છે એ મૂઢ મતિ છે. આનાથી શુભ અશુભ કર્મનો બોધ થાય છે.

एसा दु जा मदी दे दुक्खिदसुहिदे करेमि सत्तेति ।
एसा दे मूढमदी सुहासुहं बन्धदे कम्मं ।।

બીજો માણસ માત્ર નિમિત્ત છે

સુખ અને દુઃખની બાબતમાં આ એક મિથ્યા અવધારણા છે. જ્યારે આ મિથ્યા ધારણા મટી જાય છે ત્યારે માણસ, ખરેખર પોતાના ભાગ્યની લગામ

પોતાના હાથમાં પકડી લે છે. અને જ્યાં સુધી આ ધારણા ટકી રહે છે ત્યાં સુધી પોતાનું ભાગ્ય બીજાઓના વિશ્વાસે રહે છે. આ સ્થિતિમાં આત્મવિશ્વાસ કે આત્મ-કર્તવ્યની વાત પૂરી થઈ જાય છે (વાત થતી નથી.) બીજાના વિશ્વાસે બેસી રહેવા જેવું જોખમી કોઈ કામ આ દુનિયામાં નથી. માણસ ત્યારે જ સારું આચરણ કરે જ્યારે એ જાણે કે-મારા આચરણનું ફળ મને મળવાનું છે. રોગી પોતે સાવધ હોય તો તેને ડૉક્ટરની મદદ મળી શકે. જો એ પોતે જ સાવધ ન હોય તો ડૉક્ટર શું કરે ? જ્યાં સુધી આવો દષ્ટિકોણ નહીં થાય કે - ખરેખર તો સુખ-દુઃખનો કર્તા હું પોતે છું બીજો માણસ માત્ર નિમિત્ત જ બની શકે. ત્યાં સુધી પોતાના ભાગ્યની લગામ પોતાના હાથમાં ન આવી શકે.

આપણે પોતે જ ઉપાદાન છીએ

આ વાતનો આપણે વિચાર કરીએ કે - સુખદુઃખનું ઉપાદાન (મૂળ કારણ) કોણ છે ? શું વ્યક્તિ પોતે જ મૂળ કારણ નથી ? જ્યારે ઉપાદાનથી દૂર નિમિત્તો પર આપણી ધારણા અટકી જાય છે ત્યારે આપણો દષ્ટિકોણ મિથ્યા બને છે. જે માણસનો દષ્ટિકોણ મિથ્યા હોય એના દુઃખને ભગવાન પણ મટાડી શકે નહીં. ધ્યાનનો અર્થ એ છે કે - સામાન્ય માણસ જે સત્ય સુધી પહોંચી શકતો નથી એ સત્યો સુધી આપણે પહોંચીએ. ત્યાં સુધી પહોંચવામાં ઘણાં આવરણો છે, અનેક અવરોધો છે. સામાન્ય માણસ એમને પાર કરી શકતો નથી. સામાન્ય માણસ સુખ-દુઃખનું આરોપણ બીજા ઉપર કરે છે. પણ એક સાધકનો દષ્ટિકોણ એનાથી ભિન્ન હોવો જોઈએ.

દુઃખનું મૂળ

આ પ્રશ્ન પર અધ્યાત્મના આચાર્યોએ પણ ગંભીર વિચાર કર્યો છે. અધ્યાત્મવિદોએ કહ્યું છે - દુઃખનું મૂળ છે ચંચળતા. મહર્ષિ પતંજલિએ પણ આ જ સત્ય વ્યક્ત કર્યું છે- दुःखदौर्मनस्यअंगमेजयत्व श्वास-प्रश्वासाः विक्षेपसहभुवः । મનની ચંચળતાની સાથે આટલી બધી સ્થિતિઓ જોડાયેલી છે. જો ચંચળતા ન હોય તો દુઃખનો અનુભવ નહીં થાય. માણસ દુઃખની સ્થિતિથી દુઃખી થતો નથી પણ એને દુઃખની ખબર પડે ત્યારે દુઃખી થાય છે. જેનું મન શાંત થઈ ગયું હોય, જેની ચંચળતા ઘણી ઓછી થઈ ગઈ હોય તે દુઃખની ખબર પડે તોયે દુઃખી થતો નથી. આવી સ્થિતિમાં માણસ ઘટનાને સમજી જાય છે. તેને ભોગવતો નથી. એ દુઃખની અનુભૂતિથી દૂર ચાલ્યો જાય છે.

અસાધારણ બનાવ : અસાધારણ સહિષ્ણુતા

સરદાર શહેરના એક વિખ્યાત નાગરિક શ્રી સુમેરમલજી દુગડ થઈ ગયા છે. એમના યુવાન પુત્રનું આકસ્મિક અવસાન થયું. એ પુત્ર પણ એવો હતો જે કોઈ ભાગ્યવાનને જ મળે. એના મૃત્યુ પર આખું શહેર રોયું, હજારો લોકોની આંખો ભીની થઈ ગઈ. સમગ્ર સમાજના ઉત્થાનની વાતનો વિચાર કરનાર વ્યક્તિનું ચાલ્યા જવું એ કોઈ સાધારણ ઘટના ન હતી. પોતાના આવા યુવાન પુત્રના

મૃત્યુની ક્ષણોમાં પણ પિતાની આંખમાં આંસુ ન હતાં. લોકોએ કહ્યું, શેઠ સાહેબ આપનો હોનહાર પુત્ર ચાલ્યો ગયો. શ્રી સુમેરમલજી દુગડ કહે - ભાઈ ! એટલો જ યોગ (મેળો) હતો. આવવાનો નિયમ છે તો જવાનો પણ નિયમ છે. એ આવ્યો ત્યારે મને પૂછીને નહોતો આવ્યો, અને ગયો ત્યારે પણ મને કહ્યા વિના જ ચાલ્યો ગયો. સામાન્ય માણસ કહી શકે કે - એ પિતા કેવો કે પુત્રનું મૃત્યુ થઈ જવા છતાંય જેની આંખોમાં આંસુ ન હોય ! આનું કારણ આપણે શોધીએ કે દુઃખની ભયંકર સ્થિતિ હોવા છતાંય દુઃખનો અનુભવ કેમ ન થયો ? એનું કારણ આ જ છે. મનની ચંચળતા એટલી તો ઓછી થઈ ગઈ, મન એટલું તો શાંત થઈ ગયું કે ઘટના, નિયમ અને સત્યને જાણી લીધાં પણ એને ભોગવ્યાં નહીં.

જેટલો વિક્ષેપ એટલું દુઃખ

આ વાત નક્કી છે કે - મનનો વિક્ષેપ જેટલો જેટલો વધારે થાય તેટલું તેટલું દુઃખ વધારે થાય. જેટલો જેટલો મનનો વિક્ષેપ ઓછો થાય તેટલું તેટલું દુઃખ ઓછું થાય. પ્રતિકૂળતા કે દુઃખની સ્થિતિ હોવા માત્રથી દુઃખ થાય છે એ આપણી ધારણાને આપણે બદલવી જોઈએ. વાસ્તવમાં દુઃખ થાય છે મનની ચંચળતાને લીધે. જેટલી ચંચળતા હોય એટલું દુઃખ હોય. જો ચંચળતા ન હોય તો દુઃખ પણ ન હોઈ શકે.

તેરાપંથના આદ્યપ્રવર્તક આચાર્ય ભિક્ષુનું જીવન કઠિનાઈઓથી ભર્યુંભર્યું જીવન હતું. પાંચ વર્ષ સુધી એમને પૂરું ખાવાનું પણ ન મળ્યું. કોઈ માણસે આચાર્ય ભિક્ષુને પૂછ્યું, 'મહારાજ, ગોચરીમાં કોઈ વખત ઘી, ગોળ આવે છે ? આચાર્ય ભિક્ષુએ ઉત્તરમાં કહ્યું, 'પાલીનગરના બજારમાં વેચાતાં જોઉં છું.' જે માણસે મનને આટલું સાધી લીધું પછી એને દુઃખ ક્યાંથી આવે ? શ્રીમજ્જયાચાર્યે એ સ્થિતિનું મર્મસ્પર્શી ચિત્રણ કર્યું છે -

पांच वर्ष लग पेख, अन्न पिण पूरो ना मिल्यो ।
बहुलपणै सपेख, घी चौपड़ तौ किहां रह्यो ।।

કેટલાય હજારો સાધકોને આવાં કેટલાંય દુઃખ ખમવાં પડ્યાં છે. પણ કોઈ સાધકને કોઈ દુઃખી બનાવી શક્યું ? સાધનાશીલ સાધક દુઃખ આવવા છતાંય દુઃખી થતો નથી. દુઃખી થવું આપણી ચંચળતા પર આધાર રાખે છે એ વાતનો આપણે ગાઢ અનુભવ કરવો જોઈએ. ધ્યાનનો પ્રયોગ એ માટે કરાવાય છે કે તેથી મનની ચંચળતા ઓછી કરી શકાય. મનની ચંચળતા જેટલી ઓછી હશે એટલું જ શાંતિમય જીવન જીવી શકાશે. આજની ભાષામાં કહી શકાય કે મનની તાણ જેટલી હોય એટલું જ દુઃખ છે. ઘણા બધા લોકો વગર કારણે દુઃખી થાય છે. આ ડિપ્રેશન એ શું છે ? માનસિક ઉદાસી શું છે ? કોઈ કારણ સામે આવ્યું ન હોય છતાંય બેઠે બેઠે દુઃખ ઊતરી આવે છે. જ્યારે મનની ચંચળતા વધે છે ત્યારે વગર નિમિત્તે જ દુઃખ ઊતરી આવે છે.

વિક્ષેપનું પરિણામ

દુઃખનું મુખ્ય કારણ છે વિક્ષેપ. જેટલું વૈમનસ્ય દેખાય છે, પરસ્પર અણબનાવ અને ખટપટ ચાલે છે એ બધું વિક્ષેપને કારણે જ ચાલે છે. જો મનનો વિક્ષેપ ન હોય તો કલહો અને ખટપટોનો પ્રશ્ન જ ઊભો થવા ન પામે. કોઈ માણસ કડવી વાત કહી દે, ત્યારે જો મન શાંત હોય તો એ વાતથી કલહ કે ખટપટની સ્થિતિ પેદા નહિ થાય. જો મન ચંચળ હોય તો માણસ મનમાં ગાંઠ વાળી લેશે, અને વિચારશે કે - જ્યાં સુધી હું આનો બદલો નહીં લઉં ત્યાં સુધી સુખે બેસીશ નહીં. આ ન બગડવાનું કારણ છે મનની ચંચળતા.

શરીરની ચંચળતા પણ મનની ચંચળતા સાથે જોડાયેલી છે. મનની ચંચળતા સાથે શરીરની ચંચળતાનો ગાઢ સંબંધ છે, શ્વાસોચ્છ્વાસનો સંબંધ પણ (મનની) ચંચળતા સાથે જોડાયેલો છે, જો મન ચંચળ હોય તો શ્વાસોચ્છ્વાસની સંખ્યા વધતી જશે. આજે એક અમેરિકન અને યુરોપિયન વ્યક્તિ સામાન્ય રીતે પચીસ-ત્રીસ શ્વાસ લે છે. મનની ચંચળતા વધારે હોવી એ તેનું કારણ છે.

સમસ્યામાંથી મુક્ત થવાનું સૂત્ર

સમસ્યામાંથી મુક્તિ મેળવવાનું સૂત્ર છે - ચંચળતામાં કમી લાવવી. (ચંચળતા કમી કરવી). સમસ્યા આ છે - આપણે ચંચળતાને ઓછી કરવાનો પ્રયત્ન કરતા નથી. સમસ્યાના આ અંદરના કારણ પર આપણે ધ્યાન આપતા નથી. આપણું બધુંય ધ્યાન બહારનાં નિમિત્તોને દૂર કરવામાં પરોવાયેલું છે. આપણી શક્તિ એ નિમિત્તોને દૂર કરવામાં લાગેલી છે. જ્યાં સુધી માણસ ધ્યાનની અવસ્થામાં ન જાય, તેની પોતાની અંદર જ્યાં સુધી ડોકિયું ન કરે ત્યાં સુધી એનું ધ્યાન માત્ર બહારનું બહાર જ અટકેલું રહેશે. ધ્યાનને જીવનનું દર્શન કહ્યું છે. ધ્યાન એટલા માટે કરાય છે કે તેથી બધી ધારણાઓ બદલાઈ જાય. કોઈ ઘટના બને તો આપણે વિચારીએ કે - આમાં મારું પોતાનું શું છે ? મારી ભૂલ ક્યાં છે ? હું આમાં શું કરી શકું? જો આપણી વિચારધારા આ દિશામાં વહેવા માંડે તો સમસ્યાની ગંભીરતા એની મેળે જ ઓછી થઈ જાય. મુશ્કેલી એ છે કે આપણો દષ્ટિકોણ બદલાયો નથી. આપણે આપણો પોતાનો દષ્ટિકોણ બદલતા નથી પણ બીજાનો દષ્ટિકોણ બદલવા માગીએ છીએ. આને લીધે આપણી આધ્યાત્મિકદષ્ટિ જાગતી નથી. માત્ર બીજાને જ જોયા કરવો અને પોતાને ન જોવો એ સૌથી મોટો રાગ છે. જ્યાં સુધી સ્વને જોવાનો દષ્ટિકોણ નહીં વિકસે ત્યાં સુધી માનસિક અને ભાવાત્મક સ્વાસ્થ્યનો ઉપાય મળશે નહીં. આચાર્ય કુન્દકુન્દે સ્વદર્શનનું જે મહત્ત્વ બતાવ્યું છે એને તો સ્વદર્શનની સાધના પ્રત્યે સમર્પિત થઈને જ સમજી શકાશે. સ્વદર્શનની સાધનાનો અર્થ છે - પોતાના ભાગ્યની લગામ પોતાના હાથમાં લઈ લેવી, દુઃખ અને સમસ્યાના મુખ્ય મૂળ પર પ્રહાર કરવો.

★ ★ ★

અનેકાંત ભારતી પ્રકાશન દ્વારા
ગુજરાતી ભાષામાં પ્રકાશિત

યોગસંબંધી પૂ. યુવાચાર્ય મહાપ્રજ્ઞજીની મહત્ત્વની કૃતિઓ

૧. પ્રેક્ષાધ્યાન : આધાર અને સ્વરૂપ
૨. પ્રેક્ષાધ્યાન : કાયોત્સર્ગ
૩. પ્રેક્ષાધ્યાન : શ્વાસપ્રેક્ષા
૪. પ્રેક્ષાધ્યાન : શરીરપ્રેક્ષા
૫. પ્રેક્ષાધ્યાન : ચૈતન્ય કેન્દ્ર પ્રેક્ષા
૬. પ્રેક્ષાધ્યાન : લેશ્યાધ્યાન
૭. પ્રેક્ષાધ્યાન : યૌગિક ક્રિયાઓ
૮. પ્રેક્ષાધ્યાન : પ્રાણવિજ્ઞાન
૯. પ્રેક્ષાધ્યાન : શક્તિની સાધના
૧૦. પ્રેક્ષાધ્યાન : અનુપ્રેક્ષા
૧૧. પ્રેક્ષાધ્યાન : આહાર અને વિજ્ઞાન
૧૨. પ્રેક્ષાધ્યાન : એક વિશ્લેષણ
૧૩. જય અનુશાસન
૧૪. અનેકાંત ત્રીજું નેત્ર
૧૫. વિચારવું કેમ
૧૬. એસો પંચ ણમોક્કારો
૧૭. કાયાકલ્પ મનનું
૧૮. કર્મવાદ
૧૯. આભામંડળ
૨૦. સમસ્યા સમાધાન
૨૧. કોણે કહ્યું મન ચંચળ છે
૨૨. મન જીતે જીત
૨૩. સંબોધિ
૨૪. જૈનયોગ
૨૫. ચેતનાનું ઊર્ધ્વારોહણ
૨૬. અમૂર્ત ચિંતન
૨૭. ચિત્ત અને મન
૨૮. સૂર્યકિરણ ચિકિત્સા
૨૯. શ્રમણ મહાવીર
૩૦. સમય-સાર

આવરણ : સુહાસ પ્રિન્ટેક પ્રા.લિ.*

સમય એટલે આત્મા.
તેનો સાર એટલે બહિરાત્માનું
અતિક્રમણ કરીને અંતરાત્મા અને
પરમાત્મા તરફ પ્રસ્થાન કરવું. આ
પ્રસ્થાન એ જ અધ્યાત્મ છે. આચાર્ય કુન્દકુન્દ
અધ્યાત્મના મહાન પ્રવક્તા તેમજ માર્ગદર્શક
હતા. તેમનું માર્ગદર્શન 'સમયસાર'માં
પ્રતિબિમ્બિત અને પ્રતિધ્વનિત થઈ રહ્યું છે.
'સમયસાર' અધ્યાત્મક્ષેત્રે વિશિષ્ટ ગ્રંથ છે.
વિશ્વ સાહિત્યમાં અધ્યાત્મવિષયક જે ગ્રંથો છે,
તે પૈકીના પ્રથમ પંક્તિના ગ્રંથોમાં સ્થાન પામતો
આ ગ્રંથ છે. તેના ઊંડાણ સુધી પહોંચવું સરળ નથી
કઠિનને સરળ બનાવવાનું અપેક્ષિત છે. પ્રાચીન
ભાષા અને પરિભાષાને નવા સંદર્ભો મળે
તો તે સહજ સુગમ અને સુપાચ્ય બની
શકે છે. પ્રસ્તુત ગ્રંથમાં
તેનો એક પ્રયોગ જોવા મળશે.

અનેકાન્ત ભારતી પ્રકાશન